

# કયવન્ના શેઠનું સૌભાગ્ય

ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ સંસ્થાપિત

સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય મંડળ

પ્રથમ શ્રેણી-વર્ષ ત્રીજું : સળંગ પુસ્તક ૧૫ મું

# ક્યવન્નાશેઠનું સૌભાગ્ય

લેખક

ચંદુલાલ મ. શાહ

સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય

રાવપુરા-ભૂતડીઝાંપો-વડોદરા

આવૃત્તિ ૧ લી ]  મૂલ્ય સવાત્રણ રૂપિયા  [ સપ્ટેમ્બર ૧૯૫૦

—: સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન :—

:: પ્રકાશક ::
શશિકાન્ત એન્ડ કું. ચશ્માવાલા
રાવપુરા, વડોદરા

*

:: મુદ્રક ::
શારદ પ્રિન્ટરી લી૦
ભૂતડીઝાંપા,
વડોદરા

# લેખકનું પ્રાક્કથન

પ્રત્યેક વરસે દિવાળીના દિવસે મોટા ભાગના લોકો શારદા પૂજન વખતે ચોપડામાં "કયવન્નાશેઠનું સૌભાગ્ય હજો" એમ લખતા હોય છે. કેટલાક લોકો કયવન્નાશેઠ લખે છે અને કેટલાક લોકો કયવન્તાશેઠ લખે છે.

એ કયવન્નાશેઠનો ઇતિહાસ ઘણા ઓછા લોકો જાણે છે. જુની પ્રથા પ્રમાણે પૂજન વખતે તેમના જેવું સૌભાગ્ય વાંચ્છતા લોકો તેમના જીવનના પ્રસંગોથી અજાણ હોય છે. તે સર્વેના માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડશે.

મહારાજા બિમ્બિસારના સમયમાં ઘણા મહત્ત્વના પ્રસંગો બની ગયા છે. મહાન ગણાતી વ્યક્તિઓ પણ તેમના સમયમાં ઘણી થઇ ગઇ છે.

આ પુસ્તકનાં કેટલાંક પાત્રો ઐતિહાસિક અને કેટલાંક કલ્પિત છે.

માનવીને તેનું ભાગ્ય ક્યાં, ક્યારે અને કેવી રીતે દોરી જાય છે, તેનો તાદૃશ દાખલો આ પુસ્તક આપી જાય છે. લગ્ને લગ્ને નવા વગ્રાજાનું પ્રતિબિમ્બ મહારાજા બિમ્બિસારમાંથી મળી આવે છે. સ્વાર્થી જગતનું સ્વાર્થી માનસ ચેલણા જ્યારે સુજ્યેષ્ઠાને લીધા વિના બિમ્બિસારની સાથે નાસી જાય છે, તે પ્રસંગમાંથી સાંપડી આવે છે. પુત્ર પ્રત્યેનો માતા પિતાનો પ્રેમ ધનેશ્વર અને સુભદ્રાના પાત્રોમાંથી મળી આવે છે. ગમે તેવા સંજોગોમાં સપડાયેલા અને ગમે તેવા રસ્તે પોતાનું જીવન વિતાવતા પતિને પણ ખરા અંતરથી પતિ માનનાર પત્નીનું પવિત્ર હૃદય અને તેનું સતીત્વ ધન્યાના જીવનમાંના પ્રસંગો દર્શાવી આપે છે. નૃતિકા નીતિમાન પણ હોઇ શકે છે અને સંસાર પણ ત્યાગી શકે છે એ વાત અનંગસેના અને મલ્લિકાનાં જીવન પૂરવાર કરી આપે છે. ખોટા કાયદાઓ માનવીને કુકર્મો કરવા પ્રેરે છે, એ વાત ચાર સ્ત્રીઓને લેવો પડેલો માર્ગ સ્પષ્ટ કરી આપે છે.

તે ઉપરાંત શ્રીમંતાઇ, રાજા અને પ્રજાનાં એક બીજા પ્રત્યેનાં માન અને ફરજ તેમજ થયેલી ભૂલોને સુધારી લેવાના પ્રયત્નો અને તેમાં મળેલી સફળતા વાંચકોને ઘણું ઘણું સમજાવી જશે.

આ પુસ્તક વિષે જેટલું લખવા ઇચ્છીએ તેટલું થોડુંજ છે. એ કારણે આખું પુસ્તક શાંતિથી વાંચી જવાની આવશ્યકતા છે.

સંસ્કૃતિ રક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલયે આ પુસ્તક પ્રકટ કરીને મારા પ્રત્યે જે મમતા દર્શાવી છે તે બદલ હું તેમનો આભારી છું.

મારાં અગાઉનાં અનેક પુસ્તકો પેઠે આ પુસ્તકને પણ વાંચક-વર્ગ સહર્ષ વધાવી લેશે એવી આશા રાખું તો અસ્થાને નહિજ ગણાય!

૨૨૦, ફીકાસ્ટ્રીટ,
મુંબઇ નં. ૨

ચંદુલાલ એમ. શાહ

# રા. ચંદુલાલ એમ. શાહ કૃત પુસ્તકો

| | |
|---|---|
| મૃણાલિની | દેશનીમાયા |
| રાસ બત્રીસી | જીત કોની ? |
| આબરૂની ભીતરમાં | મહામંત્રી શકટાળ |
| ડગમગતું સિંહાસન | મોહવિજેતા ઇલાચીકુમાર |
| દાનેશ્વરી જગડૂશાહ | જીવન પ્રવાહ |
| મહાસતી મયણાસુંદરી | કયવન્નાશેઠનું સૌભાગ્ય |
| માનવપૂજા | |

## હવે પછી

ત્યાગવીર શાલિભદ્ર (છપાય છે)
મહારાણી ચેલણા ( ,, )

| | |
|---|---|
| ઝરણાં | રાજપલટો |
| ન્યાયમૂર્તિ | કલ્પના |
| ૧૮૪૨ | કમળ અને કળા |

# કાર્યાલય તરફથી

અત્યારે પુ. ૧૫ મું પહોચે છે. પુ. ૧૬ મું દસેક દિવસમાં આવશે. કાગળ મેળવવાની હાડમારીને લીધે પુ. ૧૭ અને ૧૮ ધાર્યા કરતાં મોડા શરૂ થયાં છે. ૩૧-૧૦-૫૦ ના અરસામાં બહાર પડી જશે.

પુસ્તક સારી હાલતમાં રવાના કરવું તે અમારૂં કામ છે જ. પણ તે બાદ ટપાલ કે રેલ્વે ઉપર અમારો કાબૂ ન ગણાય. એટલે ગુમ થાય કે બગડે તે માટે અમો શું જવાબદાર લેખાઇએ ! નહીંજ. તેમ પહોંચાડવાનું ખર્ચ ગ્રાહક તરફથી ન મળે ત્યાં સુધી તે કોઇ માથે ઉપાડે નહી. એટલે વચલા માણસને પૈસા આપવા અને તે વહેલું મોડું કરે કે વાંધા ઉઠે ઇ. ઇ. કરતાં ટપાલ રસ્તે શું ખોટું !

વર્ષ એકના ૭ પુસ્તકો રજીષ્ટરથી મંગાવતાં ૬×૦।=રૂ.૧॥+૧૧ (૧૦ લવાજમના + ૦॥।≡ ૭ વખતનું સાદું પોસ્ટેજ)= મળી રૂ. ૧૨॥ પડે; અથવા ૭ એ પુસ્તકો એકી વખતે કે ત્રણ ત્રણ મળીને બે કટકે (પહેલી વખતે વી. પી. થી મોકલાય ને બીજી વખતે સાદા રજીષ્ટરથી) મંગાવતા તે પ્રમાણમાં ખર્ચ ઓછું થશે. દરેકને શું અનુકૂળ છે તે જણાવવા કૃપા કરશો. તો તે ઉપર વિચાર કરી, મોટા ભાગને ફાવે તેવી યોજના ઘડી, પુસ્તક નં. ૧૮ માં અમે જાહેર કરીશું.

અમે તો પડતર કિંમતેજ પુસ્તકો આપીએ છીએ. બલકે ઓફીસ ખર્ચ અને સઘળી મહેનત કરીએ છીએ તે વટાવમાં. એટલે વધારે બોજ અમે ઉપાડીએ એમ સુજ્ઞ વાંચકો નહીંજ ઇચ્છે. એજ વિ૦

# અ ર્પ ણ

અનિષ્ટ કાયદાઓનો નાશ

કરીને ઇષ્ટ કાયદાઓના

ઘડવૈયાઓને

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લું | ઉત્સવ | ૧ |
| ૨ જું | ભાગ્યશાળી માતા | ૧૩ |
| ૩ જું | મને મોહ રહ્યો નથી | ૨૦ |
| ૪ થું | કૃતપુણ્ય | ૨૫ |
| ૫ મું | નિષ્ફળતા | ૩૨ |
| ૬ ઠું | ચેલણાનું હરણ | ૪૨ |
| ૭ મું | વર્ધમાન સ્વામી | ૫૩ |
| ૮ મું | નવા પંથે | ૫૯ |
| ૯ મું | મલ્લિકાના આવાસમાં | ૬૪ |
| ૧૦ મું | બે બહેનો | ૭૫ |
| ૧૧ મું | ગાંધર્વ વિવાહ | ૮૧ |
| ૧૨ મું | પુત્રના પાપે | ૮૬ |
| ૧૩ મું | વિલાસખંડમાં | ૯૫ |
| ૧૪ મું | ધનેશ્વરશેઠના કુટુંબમાં | ૧૦૨ |
| ૧૫ મું | બાળમિત્રો | ૧૦૭ |
| ૧૬ મું | ધન્યા અને પરિમલ | ૧૧૭ |
| ૧૭ મું | નવી યુક્તિ | ૧૨૨ |
| ૧૮ મું | આછી રૂપરેખા | ૧૩૨ |
| ૧૯ મું | આમ્રપાલી | ૧૪૩ |
| ૨૦ મું | ધનેશ્વરશેઠનો સ્વર્ગવાસ | ૧૫૨ |
| ૨૧ મું | સ્ત્રી સાસરે શોભે ! | ૧૬૧ |
| ૨૨ મું | અનંતકુમારની જીત થાય છે ! | ૧૬૭ |
| ૨૩ મું | રાધિકા નૃત્ય | ૧૭૯ |
| ૨૪ મું | ધન્ય ઘડી | ૧૮૩ |

૨૫ મું ચરણ કમળની દાસી ... ... ...૧૮૯
૨૬ મું પરાયા કાજે ... ... ... ...૧૯૫
૨૭ મું અનંગસેનાના પત્રો ... ... ...૨૦૩
૨૮ મું પરદેશગમનનો વિચાર ... ... ...૨૦૮
૨૯ મું આશ્ચર્યાવસ્થા ... ... ... ...૨૧૫
૩૦ મું મુનિમજીએ નવો માર્ગ શોધ્યો ... ...૨૨૧
૩૧ મું નવું જ નવું ... ... ... ...૨૨૮
૩૨ મું ધન્યા માતા બની ... ... ...૨૩૫
૩૩ મું ગાઢ પરિચયમાં... ... ... ...૨૪૦
૩૪ મું વીર સાળો બનેવી ... ... ...૨૪૬
૩૫ મું માતા અને પુત્ર... ... ... ...૨૫૩
૩૬ મું બાજી સંકેલવાની શરૂઆત... ... ...૨૫૯
૩૭ મું પિતા પુત્રનો મેળાપ ... ... ...૨૬૬
૩૮ મું તપાસની શરૂઆત ... ... ...૨૭૩
૩૯ મું મહામંત્રી અને કૃતપુણ્ય ... ... ...૨૮૧
૪૦ મું રાજ્યનું ફરમાન... ... ... ...૨૮૮
૪૧ મું યક્ષના મંદિરમાં... ... ... ...૨૯૪
૪૨ મું એકરાર... ... ... ... ...૩૦૧
૪૩ મું કયવન્નાશેઠનું સૌભાગ્ય ... ... ...૩૦૯

## પ્રકરણ ૧ લું

### ઉત્સવ

જગ વિખ્યાત મગધદેશનું પાટનગર રાજગૃહ આજે અનોખી રીતે શોભી રહયું હતું

અજરામર કીર્તિના ભોકતા મહારાજા શ્રેણિકનો જન્મ દિવસ અને રાણી ચેલણાના હરણને એક માસ પૂરો થયાનો છેલ્લો દિવસ એ બંનેના સુમેળનો આજે મંગલોત્સવ ઉજવાઇ રહયો હતો.

મગધદેશના રાજવીના કર્મચારીઓ પણ અસાધારણ હતા. તેમની રાજ્ય પ્રત્યેની ભકિત અગાધ હતી. મહારાજા શ્રેણિકના પ્રત્યેક શબ્દ પર તે પોતાની સર્વ શકિત ખરચી નાંખવાને ખડે પગે તૈયાર રહેતા. તે અનુભવી કર્મચારીઓના પરિશ્રમથી આખું નગર અમરાપુરીની ઉપમાને લાયક બની ગયું હતું.

નગર બહારથી આવનારાંઓએ નગરને અનોખી રીતે નિરખવા માંડયું હતું.

નગરના વિશાળ માર્ગોમાં ઉભાં કરવામાં આવેલાં પુષ્પ દ્વારા, તોરણ દ્વારા અને કૃત્રિમ ઉદ્યાનો જેનારની દ્રષ્ટિને આશ્ચર્ય મુગ્ધ બનાવી મૂકતાં હતાં. ઉચ્ચ અટ્ટલિકાઓના શિરોભાગમાં ચઢાવેલી વિવિધ પ્રકારની પ્રશસ્ત પતકાઓ દેશના કારીગરોની કળાનો સચોટ ખ્યાલ આપતી હતી.

આજના ઉત્સવમાં ભાગ લેવા માટે આમંત્રણથી દેશ પરદેશના આવેલા રાજા મહારાજાઓનાં નિવાસ સ્થાનોમાં સમયોચિત નૃત્ય

અને સંગીતની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં કવિજનોના કાવ્ય વિલાસો અને પંડિતોની ચર્ચાને પણ અગત્યનું સ્થાન આપવામાં આવ્યું હતું.

ત્રણ દિવસથી રાત્રીના સમયમાં સમસ્ત નગરમાં થતી ભવ્ય દીપાવલિ અને નાટ્ય શાળાઓમાં ભજવાતાં ભિન્નભિન્ન નાટકોમાં આજે વધારો કરવામાં આવ્યો હતો.

દેશદેશાવરથી આવેલા મલ્લોનાં વ્યાયામશાળામાં થતાં મલ્લયુદ્ધો અને પશુશાળામાં થતાં પશુયુદ્ધો પણ જનમનોરંજનાર્થે યોજવામાં આવ્યાં હતાં.

રાજમાર્ગોની બંને બાજુએ વિવિધ પુષ્પોનાં રંગ બેરંગી કૂંડાં ગોઠવવામાં આવ્યાં હતાં. માર્ગપર સુગંધિત જળશિંચન કરવામાં આવ્યું હતું. શેરીએ શેરીએ અને ચૌટે ચૌટે કિંમતી તોરણો બાંધવામાં આવ્યાં હતાં. દરેક ચોકમાં રંગોળીઓ પૂરવામાં આવી હતી.

નગરજનોએ પણ પોતાના પ્રજા પ્રિય રાજા પ્રત્યેની વફાદારી દાખવવામાં કચાશ રાખી નહોતી. ઘેર ઘેર દરેક વ્યકિતએ પોત પોતાની શકિત પ્રમાણે કિંમતી તોરણો બાંધ્યાં હતાં. આંગણામાં રંગ બેરંગી રંગોળીઓ પૂરી હતી.

શ્રીમંતોએ પોતાનાં મકાનોને સુંદર પતાકાઓ વડે શણગાર્યાં હતાં. સાચાં મોતીનાં તોરણો અને સુવર્ણ પુષ્પો વડે તેમનાં મકાનો જોનારની દષ્ટિને આંજી નાંખતાં હતાં.

કોટયાધીશની સાક્ષી પૂરતી પતાકાઓ કોટયાધિપતિના મકાનની ટોચે ઉન્નત મસ્તકે પવનની સાથે ગેલ કરી રહી હતી.

આખા નગરમાં ઉત્સાહને અવધિ રહી નહોતી, સુશોભિત વસ્ત્રો પરિધાન કરીને આનંદથી નાચતાં કૂદતાં નિર્દોષ બાળકોની નિર્દોષતા સંસારીઓને તેમનાં હૃદયમાં વસી રહેલી કપટલીલાનું ભાન કરાવતી હતી, ભદ્ર કુમારીકાઓ અને સુલક્ષણી યુવતીઓ ચેલ્લના-રાણીના સૌંદર્યનાં અને રાજરાજેશ્વર મગધપતિ શ્રેણિકના શૌર્યનાં

વખાણુ કરતાં થાકતી નહોતી.

રાજ્યના લાડિલા મહામંત્રી અભયકુમારનું નામ તો કોઇની જીભ પરથી ખસતુંજ નહોતું.

મંદિરોમાં પૂજન અને ઘંટારવો ચાલી રહ્યાં હતાં. ભિક્ષુકોને અન્ન, વસ્ત્ર અને દ્રવ્યનાં દાન આપીને સંતોષવામાં આવતાં હતાં. સંતોષ પામીને સહૃદયના અપાતા આશિર્વાદના પ્રભાવે તપતું રાજગૃહનું તેજસ્વી રાજ્ય આજે હર્ષઘેલું બની ગયું હતું.

સૂર્યોદયને એકાદ ઘટિકા વીતિ હશે !

રાજગૃહી નગરીની રાજસભા ભરાઇ હતી.

મગધદેશની રાજલક્ષ્મીના ગૌરવને સંપૂર્ણ પણે વ્યક્ત કરતા શિલ્પકલાના આદર્શ રૂપ અને અત્યંત સુશોભિત વિશાળ સભાભવનમાં મહારાજા બિમ્બિસાર[1] પોતાનાં બહુ મૂલ્યવાન વસ્ત્રાલંકારો, રાજચિન્હો અને હીરક વલય રૂપ રાજમુગટ ધારણ કરીને રત્નજડિત સુવર્ણમય સિંહાસન પર બિરાજ્યા હતા. તેમની જમણી બાજુએ રાજ્યના સ્તંભ સમા બુદ્ધિપ્રધાન મહામાત્ય અભયકુમાર પોતાનો પ્રભાવ પાડતા પોતાના આસનને શોભાવી રહ્યા હતા.

તે ઉપરાંત અન્ય મંત્રીઓ, દેશાધિપતિઓ,[2] નાયકો[3], સાંધિવિગ્રહકો,[4] મહાસાંધિવિગ્રહક[5] અને અક્ષપટલિકોનાં[6] આસનો પણ ભરાયેલાં હતાં.

---

૧ મહારાજ શ્રેણિકનું બીજું નામ.

૨ આ અધિકારી પ્રાન્તના મંત્રીના હાથ નીચે રહેતો અને પ્રાંતના સ્થળે રહીને વહીવટ ચલાવતો તે મંત્રીનો વિશ્વાસુ માણસ ગણાતો.

૩ દૂરના પ્રાંત કે પ્રદેશમાં જે સૈન્ય રાખવામાં આવતું, તેનો ઉપરી નાયક કહેવાતો. દરજ્જો દેશાધિપતિ જેટલો જ હતો.

૪ પર રાજ્યમાં જે પ્રતિનિધિ ( એલચી ) રહેતો, તે સાંધિવિગ્રહક કહેવાતો. પર રાજ્યો સાથેનો રાજ્ય વ્યવહાર તેનીમારફતે ચાલતો. યુદ્ધના સમયમાં તે સંદેશવાહકનું કામ કરતો.

મહાક્ષપટલિક,[1] દંડનાયકો,[2] મહાદંડનાયક,[3] મુદ્રાધિકારીઓ,[4] મહામુદ્રામાત્ય,[5] કોષાધિપતિ,[6] વ્યયકરણ અમાત્ય,[7] કોષ્ઠાગારિક[8](કોઠારી) મહાપ્રતિહાર[9] અને સત્રાગાર[10] પણ હાજર હતા. મહારાજાની ડાબી બાજુએ અન્ય દેશોમાંથી આવેલા રાજા મહારાજાઓ અને પ્રતિનિધિઓ બેઠા હતા.

---

૫ બધા સાંધિવિગ્રહકોના ઉપરી મહાસાંધિવિગ્રહક કહેવાતો. તે રાજધાનીમાં રહેતો. તેને રાજાની સાથે ફરવાનુ રહેતું. હાલના પરરાષ્ટ્રમંત્રી( foreign minister )ના જેવુ તેનું કામ હતું. ધર્માદાખાતું તેના તાબામાં રહેતું

૬ ગામડાંઓમાં અને નગરોમાં રાજ્યના ખતપત્રો લખવાનું કામ જે અધિકારીઓ કરતા, તે અક્ષપટલિકો કહેવાતા. હાલનો પટેલ ( મરાઠી પાટીલ ) સબ્દ પટલિક પરથી થયો છે.

૧ બધા અક્ષપટલિકોનો ઉપરી મહાક્ષપટલિક કહેવાતો. તે રાજધાનીમાં રહેતો. રાજ્યનો પત્રવ્યવહાર તેની કચેરી દ્વારા થતો. રાજકીય ખતપત્રો પણ તેની કચેરીમાંજ તૈયાર થતા. દાનપત્રોના મુત્સદ્દા પણ તે તૈયાર કરતો, દાનપત્રોના લેખક તરીકે તેનું જ નામ આવતું.

૨ જીતેલો મુલક રાજાને પાછો આપી તેને માંડલિક બનાવે, ત્યારે તેના પર દેખરેખ રાખવા જે અધિકારીને નિમવામાં આવે, તેને દંડનાયક કહેવામાં આવતો. હાલના રેસીડેન્ટ કે પોલિટિકલ એજન્ટ જેવો તે ગણાતો. તે ઉપરાંત તેને કેટલીક લશ્કરી સત્તા પણ સોંપવામાં આવતી.

૩ દંડનાયકોના ઉપરીને મહાદંડનાયક કહેવામાં આવતો. હાલના વાઇસરોયના પોલિટિકલ સેક્રેટરી જેવા તેના અધિકારો રહેતા.

૪ લોકોનાં ખતપત્રો નોંધનાર અધિકારીને મુદ્રાધિકારી કહેવામાં આવતો. તે રાજ્યનાં મોટાં નગરોમાં રહેતો. હાલના નોંધણી કામદાર–સબરજીસ્ટ્રાર જેવો તે ગણાતો.

૫ બધા મુદ્રાધિકારીઓનો તે ઉપરી ગણાતો. તે રાજધાનીમાં રહેતો.

રાજા મહારાજાઓ અને રાજકર્મચારીઓની પાછળ રાજ્યના આગેવાન શ્રેષ્ઠિઓ બેઠા હતા. નગરશેઠની બાજુમાં સાર્થવાહ ધનેશ્વર તેમના પુત્ર કૃતપુણ્ય સાથે બેઠા હતા. ધનસાર શ્રેષ્ઠિ તેમના નાના પુત્ર ધન્યકુમાર સાથે શાન્તિથી સભાની શોભા નિહાળી રહ્યા હતા. સર્વની સાથે બેઠેલા જિનદત્ત શેઠ સૌથી જુદા તરી આવતા હતા. તેમની શ્રીમંતાઇ અઢળક ગણાતી હતી. અપ્સરા જેવી સુંદર ચાર ચાર પત્નિઓના ભોકતા શ્રેષ્ઠિ જિનદત્ત સુંદરતામાં પણ ઓછા નહોતા. ઇન્દ્રના રૂપની સ્પર્ધા કરતા મેતારજ તેમના પિતાની પાસે બેઠા હતા.

પુરૂષ વર્ગની પાછળ સ્ત્રીવૃંદ શોભી રહ્યો હતો.

સૌથી આગળ પડતી હારમાં વચ્ચેવચ મૂકવામાં આવેલા સુવર્ણમય આસનપર મહારાણી ચેલ્લણા બેઠાં હતાં. તેમની બન્ને બાજુએ અન્ય રાણીઓ બેઠી હતી. પાછળની હારમાં શ્રેષ્ઠિ પત્નિઓ બેઠી હતી.

સાર્થવાહ ધનેશ્વરની પત્ની સુભદ્રા, ધનદ શેઠની શેઠાણી રૂપવતી સાથે બહુ ધીમેથી વાતો કરી રહી હતી. શીલવતી અને ભદ્રા શેઠાણી

---

હાલના નોંધણી સર કામદાર—ચીફ રજીસ્ટ્રાર જેવા તેના અધિકારો રહેતા.

૬ રાજ્યના ખજાનાનો તે ઉપરી ગણાતો. હાલના એકાઉન્ટન્ટ જનરલ જેવા તેના અધિકારો રહેતા.

૭ ખરચ ખાતાનો તે ઉપરી હતો.

૮ રાજમહેલનાં વસ્ત્રો અને અલંકારોનો વહિવટ કરનાર અને તેની વ્યવસ્થા જાળવી રાખનાર અધિકારી તરીકે તે ગણાતો.

૯ રાજમહેલ સાચવતા રક્ષકોનો અને રાજાના અંગરક્ષકોનો તે ઉપરી હતો. રાજધાનીનો તે પોલીસ અધિકારી (કોટવાલ) પણ ગણાતો.

૧૦ ધર્મશાળાઓ, અન્નસત્રો, પરબો વગેરેની વ્યવસ્થા તેના હાથે થતી.

મહારાણી ચેલ્લણા વિષે ચર્ચા કરવામાં મશગુલ બની ગયા હતા.

મહારાણી ચેલ્લણા વિષે તે બંનેજ નહિ, પણ કેટલાંય મુખ અને કર્ણપટ તલ્લીન થઇ ગયાં હતાં. તેમનું સુરખાભર્યું સૌંદર્યજ તેમને સ્હેજે મહારાણી તરીકે ઓળખાવી આપતું હતું. તેમના શિર પર મહારાણી પદને શોભાવતો રત્નજડિત મુગટ શોભી રહ્યો હતો.

ચંદ્રને ઝાંખુ પાડે તેવું તેજસ્વી મુખ અને કમળને પણ શરમાવે તેવાં નયનોમાંથી ઝરતું અમૃત જોનારના નજરને શિતળતા અર્પતાં હતાં. તેમના હોઠમાંથી વારેઘડિયે ડોકિયાં કરતું સુમધુર હાસ્ય અને રૂપેરી ઘંટડી જેવો મીષ્ટ સ્વર શ્રોતાઓને ડોલાવી મૂકતાં હતાં.

સામા માણસ પર પ્રથમ નજરે જ પ્રતિભા પાડતાં મહારાણી ચેલ્લણાનો પ્રતાપી ચહેરો તેમના આખા દેહને અનોખી રીતે તેજ કિરણો અર્પી રહયો હતો. કમળદંડ જેવા સુંવાળા હાથ, ગાઢ કેશ-કલાપ અને ખીલતી કળી સમા નાજુક પયોધર નવયૌવનના રસમાં તરબોળ બનેલી દેહલેતાના બગીચામાં શોભી રહયાં હતાં.

તદ્દન શુભ્ર વસ્ત્રોના સહવાસમાં શોભી રહેલી અમૂલ્ય રત્નોની બનેલી સુંદર માળા તેમના કંઠને દેદીપ્યમાન બનાવી રહી હતી. હાથમાં હીરાનાં કંકણો શોભી રહ્યાં હતાં. કાનમાં મૂલ્યવાન એરીંગ અને અંગુલિમાં અંગુઠી નજરે પડતાં હતાં. તે સિવાયનાં અન્ય અલંકારો તેમનાં વસ્ત્રોની પાછળ છૂપાઇ ગયેલાં હોવાથી જોનારની નજરે પડતાં નહોતાં.

મહારાજા બિમ્બિસારની બંને બાજુએ સહેજ પાછળ ઊભા રહીને બે સેવકો મયૂર પીછના પંખા ઢાળી રહ્યા હતા. મહારાજની પાસે, પણ સહેજ પાછળના ભાગમાં નાગ સારથિ પોતાના પ્રચંડ દેહ વડે શોભી રહ્યો હતો.

મહારાણી ચેલ્લણાનું હરણ કરીને મહારાજા બિમ્બિસાર નગરમાં પોતાની નવી રાણી સાથે જયારે પ્રવેશ્યા, ત્યારે નગરજનો તે પ્રસંગ સંપૂર્ણ ધામધૂમથી ઊજવી શકયા નહોતા. તે સમયને

આજે એક માસ પૂરો થતો હતો. જન્મ દિવસ અને તે પ્રસંગને એક માસ પૂરો થવાની અવધિઃ એ બંનેનો સુયોગ પ્રાપ્ત થતાં મહારાજાએ મહોત્સવ ઉજવાવવા માંડયો હતો. આખા દેશમાં જાહેર કરવામાં આવ્યું હતું કે "આજે કોઈએ હળ જોડવા નહિ; મુંગા પ્રાણીઓને સતાવવાં નહિ, કષ્ટ આપવું નહિ; હત્યા કરવી નહિ, એક બીજાએ એક બીજા પર અધિકાર ચલાવવો નહિ. ગરીબોને વસ્ત્રદાન, દ્રવ્યદાન અને અન્નદાન આપવા માટે રાજ્ય તરફથી ભંડાર ખુલ્લા મુકવામાં આવશે. દરેકે દરેક ધર્મનાં દેવમંદિરમાં ઘંટારવ થશે. બંદીજનોને મુકત કરવામાં આવશે."

મહારાજાની આજ્ઞાનો પૂર્ણ અમલ થઇ શકયો હતો.

રાજસભા ચીકાર ભરાઇ હતી.

પ્રથમ રાજ નર્તિકા મલ્લિકાનું નૃત્ય ગોઠવવામાં આવ્યું હતું. મલ્લિકા એટલે રૂપરૂપનો ભંડાર, વૈશાલીની અંબપાલીના રૂપની સ્પર્ધામાં ઉતરે તેવી તેના દેહની કુમાશ હતી. જેમ અંબપાલી દેશ નર્તિકા હતી, તેમ મલ્લિકા રાજનર્તિકા હતી. જો મલ્લિકા વૈશાલીમાં હોત, તો તેના સૌંદર્ય માટે—અંબપાલી માટે જેમ બનતું તેમ—વીર વીર યુવકો અંદરો અંદર શસ્ત્ર ઉપાડતા થયા હોત. પણ આ તો રાજગૃહી નગરી હતી. મગધ દેશમાં હજી વૈશાલી જેવું ગણતંત્ર રચાયું નહતું. એટલે એક સ્ત્રીના સૌંદર્ય માટે અંદરો અંદર શસ્ત્ર ઊડી શકે તેમ નહોતાં.

રાજસભાની વચ્ચે એક સુંદર નૃત્યપીઠ રચવામાં આવી હતી. તેની વચ્ચે એક ભોંયરા જેવો ખાડો રાખવામાં આવ્યો હતો. તે ખાડાપર મજબૂત ઢાંકણું ઢાંકવામાં આવ્યું હતું. અંદરથી તેના માટે એવી ગોઠવણ કરવામાં આવી હતી કે, જયારે અંદરની વ્યકિત ધારે ત્યારે તે ઢાંકણું ખસેડી શકે અગર તો અંદર લઇ શકે અથવા બહાર કાઢી શકે.

રાજનર્તિકા મલ્લિકાના સાજવાળાઓ તે પીઠ નીચેના ભાગમાં

બેઠેલા હતા. એ કોઇ રાજસભાની નજરે પડતું ન હોતું. મહારાજા બિમ્બિસારની મર્યાદા સાચવીને સૌ અંદરો અંદર વાર્તાલાપમાં ગુંથાયા હતા. એટલામાં સૌના કર્ણપર મૃદંગનો ધ્વનિ અથડાયો. ધ્વનિ-શ્રવણની સાથેજ વાર્તાલાપ બંધ થઇ ગયો. સૌની નજર નૃત્ય-પીઠ તરફ વળી. નૃત્ય-પીઠ પર રાખવામાં આવેલું ઢાંકણું ધીમેથી ખસીને ભોંયરામાં જતું રહ્યું. થોડી વારમાં તે ઢાંકણું પાછું ઉપર-પોતાના મૂળ સ્થાને આવી પહોંચ્યું. પણ આવેલા ઢાંકણા પર એક સુંદર કમળ હતું. અતિશય મોટું પણ અણખીલ્યું. દૂરથી જોનારને તે કુદરતી કમળ લાગતું હતું. પણ વાસ્તવિક રીતે તે આરસના પત્થરમાંથી બનાવેલું હતું. તેની પ્રત્યેક પાંખડી કળામય રીતે બનાવવામાં આવી હતી. તે કમળ ખીલેલું અને વણખીલ્યું પણ બને; તેવી તેમાં રચના કરવામાં આવી હતી.

આખી રાજસભાની દૃષ્ટિ તે કમળ પર હતી. ભોંયરામાંથી આવતા સુમધુર સ્વર સાથે તે કમળની નાજુક સુશોભિત પાંખડીઓ ધીમે ધીમે ખૂલવા લાગી. પ્રેક્ષકો કળાકારની પ્રશંસા કરવા લાગ્યા.

પાંખડીઓ જ્યારે સંપૂર્ણપણે ખુલ્લી ગઇ ત્યારે તેમાં એક સુંદર નાજુક સ્ત્રી પોતાના બંને ઢીંચણો જમીન પર-કમળની અંદર ટેકવીને પોતાના બંને હાથ જોડી, જમીન પર માથું અડાડીને નમસ્કાર કરતી હોય, તેવી સ્થિતિમાં સૌની નજરે પડી. તેનું મસ્તક મહારાજા બિમ્બિસાર તરફ નમેલું હતું.

બારીક શુભ્ર વસ્ત્રોમાં તેની સ્ફટિક સમી કાયા કમળના ફૂલસમી જ કુમાશભરી શોભી રહી હતી. જમણા હાથમાં નાના નાજુક કમળના ફૂલની દાંડી શોભી રહી હતી.

ધીમે રહીને તેણે પોતાનુ મસ્તક ઉંચુ કર્યું; તેના નયનો મહારાજાના ચરણો તરફ ઢળ્યાં. ને પાછા તેના હાથમાં રહેલા પુષ્પ તરફ વળ્યાં. મહારાજાએ સમસ્યામાજ તે વંદન ઝીલ્યાં. એકજ વંદન-માંથી તેમણે અનેક વંદનોની ભાવના જાણી લીધી.

મલ્લિકા જ્યારે પોતાના સંકુચિત દેહને વિકસીત કરીને ઊડી ત્યારે તેની બંને બાજુએ સુંદર પાંખો દેખાવા લાગી, ચતુર પ્રેક્ષકોએ તત્કાળ કલ્પના કરી લીધી કે રાજ નર્તિકાએ આજે સ્વર્ગની પરીનો સ્વાંગ ધારણ કર્યો છે.

પરીના બંને હાથે કમળનાં કંકણ હતાં. માથાના કાળા ભમ્મર જેવા વાળની લટોમાં કળામય રીતે કમળનાં નાનાં ફૂલ ગૂંથી લેવામાં અવ્યા હતાં. કંઠમાં નાના નાના પુષ્પોની માળા પહેરી હતી. પગમાં સોનાનાં ઝાંઝરને બદલે તેવાજ રંગના ફૂલોના ગૂંથીને તૈયાર કરરામાં આવેલાં નાજુક ઝાંઝર પહેર્યાં હતાં. આખો દેહ જાણે કમળમાંથી પરિણમ્યો હોય તેમ શોભી રહ્યો હતો.

નર્તિકા પોતાના સ્થાનથી ખસી.

તેનુ નૃત્ય આરંભાયું.

સંગીતના લય વિલય સાથે તેના હાથ પગની અંગૃલિઓ નૃત્યના રંગે રંગાવા લાગી નૃત્ય યુવાનીમાં પ્રવેશી ચૂકયું. પ્રેક્ષકોનાં હૃદય કેવળ નૃત્યની ઘેલછામાં ડોલવા લાગ્યાં.

મહારાજા બિમ્બિસાર પોતાના અંતરચક્ષુઓ વડે મલ્લિકાને અને ગાંધર્વ વિવાહીતા પત્ની અંબપાલાને સરખાવવામાં ગુંથાયા બંનેનાં નૃત્યોની તુલના કરવા લાગ્યા.

એકના નૃત્યમાંથી ઉર્વશીની કુમાશ ઝરતી હતી બીજીના નૃત્યમાંથી મેનકાની કળાનો જન્મ થતો હતો, એકની કળામાંથી આલ્હાદ મળતો હતો બીજીની કળામાંથી ઉલ્હાસની પ્રાપ્તી થતી હતી.

નૃત્ય અને નર્તિકા !

કળા અને કળાકાર !

નૃત્યને વખાણવું કે નર્તિકાની પ્રશંસા કરવી ?

કળાને વખાણવી કે કળાકારનાં ગુણગાન ગાવાં ?

આંખ તો હંમેશાં નવીનતાને જ જોવામાં આનંદ માનતી હોય છે. કળીયે કળીયે ભમતા ભ્રમરને તુલના કરવી મુશ્કેલ થઈ પડે

છે. ઉપભોગ કરનાર તુલના કરવાને અશક્ત હોય છે; તુલના કરવાને લાયકતો નિસ્પૃહિજ હોય છે. તેના મનમાં પક્ષાપક્ષ હોતો નથી. રાગ કે દ્વેષ પણ હોતો નથી. વિશ્વાસ કે અવિશ્વાસ હોતો નથી. તે તો સત્યનોજ પક્ષ લે છે, જેમ ન્યાયાધિકારી ન્યાય માંગવા આવનારાઓને સમદૃષ્ટીએ જોઈને ન્યાયનો પક્ષ લે છે તેમ.

મહારાજા બિમ્બિસાર રૂપગુણના ભોક્તા હતા, લગ્ને લગ્ને નવા વરરાજા કળીયે કળીયે ભમતા ભ્રમરની તેમને ઉપમા અપાતી હતી, અને મોટા ભાગના રાજા મહારાજાઓ તેવાજ હોય છે.

ભર યુવાનીમાં પ્રવેશી ચૂકેલા નૃત્યમાં કવિની કલ્પનાઓ સમાઈ જવા લાગી. રવિના દ્વિતીય દેહ રૂમી અપ્સરાના પ્રત્યેક અંગોપાંગમાંથી સૌંદર્ય કાવ્ય ઝરવા લાગ્યા. શંખાકાર નયનોમાં વિદ્યુતનું તેજ ચમકવા લાગ્યુ. પરીનું રૂપ ધારણ કરનાર નર્તિકા સ્વર્ગની સત્ય પરી સમી ભાસવા લાગી. રાજગૃહીના સ્થાપક રાજરાજેશ્વર મહારાજા બિમ્બિસારની રાજસભા સ્વર્ગના ઇન્દ્રદેવની સભા સમી દીપી ઊઠતી હતી.

મલ્લિકાનુ નૃત્ય ધીમું પડવા લાગ્યું. વાજીંત્રોના સુર પણ ધીમા પડવા લાગ્યા. નૃત્યમાંથી અમૃત પીનાર પ્રેક્ષકોની તૃષા છીપાઈ ન હોવાં છતાં, નર્તિકા અત્યંત પરિશ્રમને અંતે શ્રમિત બનવા પામી હતી.

તેણે છેવટનો પ્રયોગ શરૂ કર્યો. તેની બંને પાંખો પક્ષીની પેઠે ધીમે ધીમે હાલવા લાગી. લોકોને લાગવા માંડયું કે હમણાં પરી ઊડી જશે આ સ્થાન ખાલી પડશે. અને તેના હાવભાવ પણ તેવા જ બનવા લાગ્યા. જાણે પોતે ઊડવા માટે તત્પર થઇ હોય—ઊડવાં પણ લાગી હોય; તેમ અંગુઠા પર ચાલવા લાગી. પ્રેક્ષકોનાં હૃદયમાં પણ ઉડયનનુ વાતાવરણ જામવા લાગ્યું.

પરી પોતાને સ્થાને-કમળમાં આવી પહોંચી બંને હાથ ભેગા કરી મહારાજા પ્રત્યે ધર્યાં હળવે હળવે તે પોતાની કાયા સંકેલવા

લાગી પ્રથમની પેઠે જ—જેવી કમળમાંથી પ્રેક્ષકોની દષ્ટિએ પડી હતી તેવી રીતે તેણે પોતાનાં અને ઢીચણ જમીન ઉપર ટેકવી મહારાજાને નમસ્કાર કર્યા. મહારાજાએ અને મહારાણી ચેલ્લણા દેવીએ હળવા હાથે તાળીયો પાડીને તે વધાવી લીધા. આખી રાજસભાએ તેમનું અનુકરણ કર્યું.

કમળની કોમળ પાંખડીઓ બીડાઇ ગઇ. નર્તિકાને તેણે પોતાના પેટમાં સમાવી દીધી. જેવી રીતે પહેલાં તે ભોંયરામાંથી બહાર આવી હતી, તેવી રીતેજ પાછી પોતાના સ્થળે ચાલી ગઇ.

તેના અદ્રષ્ય થવાની સાથેજ વાજીંત્રોનો સુમધુર ધ્વનિ પણ બંધ થઇ ગયો.

નૃત્યની સમાપ્તિ પછી બંદિજનોને મુક્ત કરવા માટે મહારાજાએ આજ્ઞા કરી. તે પછી મહામંત્રી અભયકુમાર રાજસભાને ઉદ્દેશીને સમયોચિત બે શબ્દો કહેવા લાગ્યા.

" પ્રિય જનો, આજનો ઉત્સવ ઉજવવામાં નગરજનોએ અને તેમાં ભાગ લેવા માટે આવનાર રાજા મહારાજાઓ, તેમના પ્રતિનિધિઓ અને અન્ય મગધ પ્રેમી શ્રેષ્ઠિઓએ જે પ્રેમ મહારાજા પ્રત્યે અને મગધ પ્રત્યે દર્શાવ્યો છે, તે માટે હું મગધપતિ તરફથી યોગ્ય આભાર માનું છું.

મહારાજા પ્રત્યે મારી બેવડી ફરજ હતી,—છે. એક તો તે મારા મહારાજ અને તેથી વિશેષ તે મારા પૂજ્ય પિતાશ્રી થાય. તેમની ઇચ્છાને માન આપવાની મારી પવિત્ર ફરજ છે. તેમની ઇચ્છા પ્રમાણે મેં વૈશાલિપતિ ચેટકરાજની કન્યાને મગધની મહારાણી, અર્થાત મારા માતુશ્રી બનાવવામાં તેમને મદદ કરી હતી. મહારાજા ગયા હતા સુજયેષ્ઠાને લાવવા, પણ કુદરતે તેને બદલે દેવી ચેલ્લણાને પ્રાપ્ત કરાવ્યાં. રૂપમાં તો બંને એક બીજાને ચઢે તેવાં છે. ચેટકરાજે મહારાજાની માગણીનું અપમાન કરવાથી અન્તે આપણા મહારાજને તેમની પુત્રીનું હરણ કરવાની ફરજ પડી હતી. દેવી ચેલ્લણાના

હરણ વખતે મહા પ્રતાપી નાગ સારથિ અને તેમનાં પત્ની સતી સુલસાના બત્રીસ પુત્રો ખપી ગયા હતા. તેમનાં શોકમાં તે સમયે ઉત્સવ બરાબર ઊજવી શકાયો નહોતો. સતી સુલસાએ પોતાના બત્રીસે પુત્રો ખપી જવા છતાં ઉત્સવ ઉજવવાને મહારાજને નમ્ર વિનંતી કરી હતી. પણ મહારાજને પણ માનવીનું કોમળ હૈયું વરેલું છે. એક માતાના બત્રીસ પુત્રો એકી સાથે ખપી જવા છતાં ઉત્સવ ઉજવાય ખરો ? અને જેના નિમિત્તે તે ખપી ગયા, તેનાથી તો તે નજ ઊજવી શકાય. મહારાજાએ પોતાની ફરજ સમજીને તે સમયે ઉત્સવ માંડી વાળ્યો હતો.

આજનો ઉત્સવ તે નિમિત્તે જ ઊજવાઇ રહ્યો છે. દેવી ચેલ્લણાને મહારાણી પદે સ્થાપવામાં આવ્યાં છે. તે પોતે જ્ઞાત પુત્રનાં અનુયાયી છે. તેમની ઇચ્છાને માન આપીને મહારાજા જાહેર કરે છે કે, બને ત્યાં સુધી યુદ્ધના પ્રસંગો ઉપસ્થિત ન થાય અને હિંસાનું પ્રમાણ ઘટે, તેવી રાજ્યવ્યવસ્થા થવી જોઇયે. માણસ માણસને પ્રેમથી જીતે, શસ્ત્રથી નહિ; એવા શિક્ષણ અપાતાં થાય; તે ઉપરાંત મહારાજા જાહેર કરે છે. કે ચેટકરાજ્યને શત્રુ નહી, પણ સમાન મિત્ર તરીકે લેખવા.'

વિશેષમાં પોતાના બત્રીસ પુત્રોનો મહારાજ માટે ભોગ આપનાર પ્રશંસનીય નાગ સારથિને મહારાજ તરફથી મહાસારથિનું મહારથિનું બિરુદ આપવામાં આવે છે."

એટલું બોલીને અભયકુમારે મહારાજાનો જયઘોષ કર્યો, આખી રાજસભાયે તે ઝીલી લીધો.

# પ્રકરણ ૨ જું

## ભાગ્યશાળી માતા

મહારાણી ચેલણા જ્યારથી રાજગૃહીમાં આવ્યાં ત્યારથી મહારાજા બિમ્બિસારને તે પૂછી રહ્યાં હતાં, "મહારાજ, કેટલાય દિવસથી હું આપને પૂછી રહી છું, છતાં આપ બત્રીસ પુત્રોની ભાગ્યશાળી માતા વિષે કાંઇજ કહેતાં નથી. જ્યારે જ્યારે હું પૂછું છું ત્યારે ત્યારે આપ કહો છો કે. 'સમય આવતાં કહીશ.' હવે આજે સમય આવી પહોંચ્યો છે. આપે તેના પતિને મહારથિનું બિરૂદ અર્પ્યું. મારા લગ્નનો અને આપના જન્મ દિવસનો ઉત્સવ ઉજવાયો. આવા સમય કરતાં બીજો કયો સમય યોગ્ય કહેવાય ?"

રાતના સમયે રાજગૃહીના સુવર્ણ મહાલયના સાતમા માળની અગાશીમાં આનંદ ગોષ્ટિ કરી રહેલાં રાજા રાણી પર સોળે કળાએ ખીલેલો આનંદીચંદ્ર પોતાનું અમી વરસાવી રહ્યો હતો. ઉત્સવ પૂરો થઇ ગયો હતો. દેશ પરદેશથી આવેલા અતિથિઓ પોતપોતાને સ્થાને જઇ રહ્યા હતા. મહારાજા બિમ્બિસારની પ્રખર કીર્તિમાં આવા જ્વલંત ઉત્સવથી ઘણો વધારો થવા પામ્યો હતો.

જ્યારે બિમ્બિસાર ચેલણાનું હરણ કરીને રાજગૃહીમાં પ્રવેશ્યા ત્યારે તેમને સમાચાર મળ્યા કે, સતી સુલસાના બત્રીસે પુત્રો મહારાજાનું રક્ષણ કરતાં હણાયા છે, ત્યારે મહારાજાનાં નયનોમાંથી એકાદ બે અશ્રુબિન્દુ ટપકી પડયાં હતાં. તે સમયે ચેલણાએ પ્રશ્ન કર્યો હતો કે, મહારાજ! રક્ષકોના મૃત્યુ માટે શોક કરતા અને અશ્રુબિન્દુ સારતા મેં આપને જોયા.'

ચેલણાની વાત તદ્દન સાચી હતી. રાજા મહારાજાઓ પોતાના રક્ષકોના મૃત્યુ બદલ અશ્રુ સારતા બેસે, તો તેમનો પાર પણ ન આવે. રક્ષકો અને સૈનિકોની સંખ્યા લાખોમાં વહેંચાયલી હોય છે. લાખોમાંથી રોજ કેટલાયે મરતા હોય છે. જો તેમની પાછળ શોક પ્રદર્શિત કરવામાં આવે, તો રાજ ચલાવવાનો કે ન્યાય આપવાનો સમય પણ ન મળે.

પણ જે બત્રીશ યુવકો મરણ પામ્યા હતા, તે તો જુદા જ હતા. તે દેવોએ દીધેલા હતા. પોતાના પિતાના સમયથી સારથિ તરીકે કામ કરતા મહા બલિષ્ટ નાગ સારથિના હતા. ચેલણાના હરણ વખતે જો તે બત્રીસ રક્ષકો ન હોત તો મહારાજાને પોતાના કાર્યમાં યશ મળવો મુશ્કેલ હતો.

ચેલણાના શબ્દો સાંભળીને મહારાજાએ તે સમયે કહ્યું હતું કે, " દેવી, સમય આવતાં તે બત્રીસ પુત્રોની ભાગ્યશાળી માતાનો વૃતાન્ત હું તમને જણાવીશ."

એ પછી બે ચાર વખત ચેલણાએ મહારાજાને તે વિષે પૂછેલુ, પણ મહારાજા તો એક જ જવાબ આપતા કે, 'સમય આવતાં તમને જરૂર કહીશ.'

ઉત્સવ પતી ગયા પછી ફરીથી આજે મહારાણી ચેલણાએ તે વિષે મહારાજાને પ્રશ્ન કર્યો.

"દેવી, આજનો સમય તમને તે હકીકત કહેવાને યોગ્ય છે." બિંબિસાર બોલ્યા. તેમના શબ્દો સાંભળીને મહારાણીના ચહેરા પર આનંદની ઉત્સુકતાભરી છાયા ફરી વળી.

મહારાજા બત્રીસ પુત્રોની ભાગ્યશાળી માતાનો વૃતાન્ત કહેવા લાગ્યા.

"મારા પૂજ્ય પિતાશ્રીના સમયથી નાગ સારથિ રાજ્યની સેવા કરી રહ્યા છે. પિતાશ્રીના મૃત્યુ પછી મારા પણ સારથિ તરીકે તેજ છે. હું તેમને વડિલ તરીકે માનું છું. તેમને નમન કરવામાં હું

ગૌરવ લઉં છું. ખાસ મહત્ત્વના સમયે જ હું તેમને મારો રથ સોંપું છું. આવશ્યકતા વિના હું તેમને શ્રમ આપતો નથી. તેમને બને તેટલો આરામ આપવાની મારી ઇચ્છા હોય છે. તે હવે વૃદ્ધ થયા છે.

જ્યારે હું પહેલ વહેલો વૈશાલિમાં ગયો ત્યારે મારો રથ અને મારૂં જીવન તેમના જ હાથમાં હતું. જ્યાં સુધી તે મારા સારથિનું કામ કરતા હોય ત્યાં સુધી જગતની કોઇપણ શક્તિ એવી નથી કે જે મને હરાવી શકે!

એ મહાસારથિ નાગને એક સુંદર પત્ની છે. જોતાં પ્રણામ કરવાનું મન થઇ જાય, એવી એ સતીનું શુભ નામ છે સુલસા. તેનો પવિત્ર ચહેરો જો સવારમાં જોવામાં આવે, તો આખો દિવસ સફળ થઇ જાય. તેની એક કૃપા દષ્ટિ થાય અને આખા જીવનનું સાર્થક થઇ જાય. તેનાં સૌમ્ય નેત્રોમાંથી હંમેશાં અમી જ વરસતું હોય છે. તેનું સદાય હસતું મુખ પ્રત્યેક શબ્દ કોમળ ફુલવેરતું હોય તેમ લાગે છે. તેના હૃદયમાં ક્રોધ, માન, માયા, કે લોભમાંનો એકેય દુશ્મન વસતો નથી. સત્ય માટે પ્રાણ પાથરતી અને અહિંસાને માટે જીવન અર્પવાને સદાયે તત્પર રહેતી સુલસામાં સતીત્વની પવિત્ર સુવાસ ખૂણેખૂણામાં પ્રસરી ગઇ છે.

જૈન ધર્મમાં તન્મય રહેતી એ સતીની પરીક્ષા કરવાનું એક સમયે દેવોને મન થઇ આવ્યું.

સુલસા એક સમયે રસોઇ તૈયાર કરીને પોતાના પતિની રાહ જોતી બેઠી હતી. તે પતિના પહેલાં કોઇ દિવસ જમતી નહીં. તેનો એ નિયમ કેટલાંયે વરસોથી ચાલ્યો આવતો હતો.

અચાનક એક જૈન મુનિને પોતાના ઘરમાં પ્રવેશતા તેણે જોયા. તરતજ પોતાના સ્થાનેથી ઊઠીને સામે ગઇ. વંદન કરતાં તે દેશીને બોલી:

"દેવ! રસોઇ તૈયાર છે."

સુલસા હંમેશાં મુનિને 'દેવ' અગર 'પ્રભુ' કહીને સંબોધતી.

આવતા મુનિ સતીના શબ્દો સાંભળીને થંભી ગયા.

સુલસા ફરીથી બોલી "પ્રભુ! રસોઇ તૈયાર છે"

મુનિ તો અબોલજ ઊભા રહ્યા. સતીને આશ્ચર્ય થયું.

થોડીવાર વિચાર કરીને મુનિ બોલ્યા "મારે આહારનો ખપ નથી"

ત્યારે? આશ્ચર્યસહ સતીએ પ્રશ્ન કર્યો.

"મારે એક વસ્તુ જોઇએ છે. તમારા સિવાય બીજે કયાંય મળે તેમ નથી."

"આપને શું જોઇએ છે?

"મારે લક્ષપાક તેલ જોઇએ છે. મારી સાથે બીજા કેટલાક મુનિરાજો છે. સર્વ બિમાર છે. કેટલેક સ્થળે તપાસ કરતાં મને જાણવા મળ્યું કે, તમારા સિવાય તે કોઇને ત્યાં નથી.

સુલસાને ત્યાં ત્રણ ઘડા ભરીને લક્ષપાક તેલ હતું. તેના પતિએ મહા મુશીબતે તે પ્રાપ્ત કરીને સાચવી રાખ્યું હતું.

"મારાં એવાં અહોભાગ્ય કયાંથી કે આપ જેવા મુનિરાજના ખપમાં તે આવે! સુલસા બોલી. તેને લક્ષપાક તેલની કિંમત વહોરાવાનાં કાર્ય કરતાં ઓછી લાગી.

"મારી પાસે તે છે. અંદરથી લાવીને આપું છું.

સતી અંદર ગઇ. થોડી જ વારમાં એક ઘડો લઇને તેને પાછી આવતી મુનિરાજે જોઇ. જેવી તે અંદરના ખંડમાંથી બહાર પગ મૂકવા જાય છે કે તરતજ તેના પગને ઠોકર વાગી. અચાનક દેહનુ સમતોલપણું ગુમાવતા તેના હાથમાંથી તેલનો ઘડો પડી ગયો. ઘડો પડી જવા છતાં તેના ચહેરા પરની રેખાઓમાં બીલકુલ ફેરફાર થયો નહિ. મુનિરાજ આશ્ચર્ય પામ્યા.

ફરીથી સતી બીજો ઘડો લાવવા માટે અંદરના ખંડમાં ગઇ બીજો લઇને તે જેવી તે ખંડ બહાર આવી, તેવોજ તેનો પગ પહેલા ફૂટેલા ઘડામાંથી ઢળેલા તેલમાં પડયો, તેલમાં પડવાથી પગ લપસ્યો

બીજો ઘડો પણ અણધાર્યો જમીન પર પડયો અને ફૂટી ગયો. તેલ જમીન પર ઢળી ગયું.

મુનિએ પોતાની દષ્ટી સતીના ચહેરા પર સ્થિર કરી. ચહેરો જોઈને તેમને આશ્ચર્ય થયું.

સુલસા પાછી અંદરના ખંડમાં ગઇ. ફરીથી કોઇ પણ જાતના વિચાર વિના ત્રીજો ઘડો લઇને પાછી ફરી. મુનિએ તેને નિખાલસ દિલે આવતી જોઇ. તે મુનિની પાસે આવી પહોંચી. જેવી મુનિને તેલ વહોરાવવા જાય છે કે તરતજ ઘડો હાથમાંથી પડી ગયો. તેના હાથમાંની શકિત અચાનક હણાઇ ગઇ. ત્રીજો ઘડો ફૂટી જવાથી તેના આત્માને દુઃખ થયું, તેલ ઢળ્યાનું નહિ. પણ આશાએ આવેલા મુનિરાજને તેલ વહોરાવી શકાયું નહિ તેનું. છતાં તેમાંનું કોઇજ ચિન્હ તેના ચહેરા પર દેખાયું નહિ.

મુનિરાજે તે જોયું. તેમણે પોતાનું રૂપ પ્રકટ કરતાં કહ્યું, "બહેન, ધન્ય છે તારા જેવી સંયમી સતી સ્ત્રીને. તારા સંયમનું પારખું કરવાની જે ધૃષ્ટતા મેં કરી છે, તે માટે હું તારી ક્ષમા યાચું છું."

આવનાર મુનિરાજે પોતાના દેહને દેવના રૂપમાં ફેરવી નાંખ્યો. જ્યારે તે મુનિરાજના વેષમાં સતીના ઘરમાં પ્રવેશ્યા હતા અને સુલસાએ તેમને કહ્યું હતું કે, "દેવ, રસોઇ તૈયાર છે." ત્યારે તેમને અચકાવાનું કારણ પણ તે જ હતું. તેમને તે વખતે લાગ્યું હતું કે, 'કદાચ સતી પોતાના સતીત્વના પ્રભાવે પોતાને ઓળખી ગઇ હશે!'

મુનિરાજને દેવના રૂપમાં જોઇને સતીએ તેમને પ્રણામ કર્યા.

"પ્રભુ! આપની માગણીને હું સંતોષી શકી નહિ, તે માટે મારે આપની ક્ષમા યાચવી જોઇએ." સતી બોલી.

"બહેન, તારા ત્રણે ભરેલા ઘડા જેવી સ્થિતિમાં હતા, તેવી જ સ્થિતિમાં અંદરના ખંડમાં પડયા છે. તારા સતીત્વની પરીક્ષા કરીને મેં તને જે તસ્દી આપી છે, તેના બદલામાં તારે જે જોઇએ

તે માગી લે," દેવે સતી પર પ્રસન્ન થતાં કહ્યું.

"પ્રભુ! મારે શાની જરૂર છે, તે આપ કયાં જાણી શકતા નથી? મને તો સંસારનો મોહ નથી, પણ મારા પતિને તે વિષે અત્યંત દુઃખ થતું હોય છે." સતીએ કહ્યું.

સુલસા શું કહેવા માગે છે, તે દેવ સમજી ગયા. સતીને એકેય સંતાન નહોતું, તે કારણે તેના પતિ નાગનું મન સદાયે ઉદાસ રહેતું હતું.

"બહેન, આ બત્રીસ ગોળીઓ છે. દરેક વરસે એક એક ખાજે. દરેક ગોળીએ તને એક એક પુત્ર જન્મશે."

સતીએ તે ગોળીઓ લઇને દેવને નમન કર્યું.

દેવ અદૃષ્ય થયા.

સુલસાએ વિચાર્યું કે, 'દરેક વરસે એક એક ગોળી ખાઇને બત્રીસ સુવાવડોની વેદના સહન કરવી, અને પ્રભુભક્તિમાં ગાળવામાં આવતો બધો જ સમય તેમાં ગાળવો, તેના કરતાં બત્રીસે ગોળીઓ એકી સાથે ખાઇ લઇને એક જ બત્રીસ લક્ષણો પુત્ર પ્રાપ્ત કરવો શો ખોટો?'

અને તે પ્રમાણે તેણે બત્રીસે ગોળીઓ એકી સાથે ખાઇ લીધી.

થોડા દીવસ સુધી તો તેને તેથી કંઇ નુકશાન થવાનું ભાસ્યું નહિ. પણ જ્યારે અચાનક તેને વેદના થવા લાગી, ત્યારે પોતે કરેલી ભૂલનું તેને ભાન થયું. ગર્ભાશયમાં અત્યંત પીડા થવા લગી. નાગ સારથિએ સારા વૈદ્યોને બોલાવીને ઉપચાર કરાવ્યા પણ કંઇ ફરક લાગ્યો નહિ. અંતે તેણે આપણા રાજવૈદ્યને બોલાવ્યા. પણ વૈદ્યેય શું કરે! તેમણે કહ્યું કે 'આમાં મારો ઉપચાર કામ આપે તેમ નથી.'

દીવસે દીવસે તેને વધુ પીડા થવા લાગી. અંતે કંટાળીને, અતિશય વેદના સહન ન થવાથી તેણે દેવનું સ્મરણ કર્યું. દેવ પધાર્યા. તેમણે સતીને તેણે કરેલી ભૂલ સમજાવી. સતીએ પોતાની ભૂલ કબૂલ કરી અને તેમ કરવાનો પોતાનો આશય પણ કહી સંભળાવ્યો. દેવ બોલ્યા;

"બહેન, એક ઉપાય છે."

"શો?" સતીએ પૂછ્યું.

"બત્રીસે પુત્રો સાથે જન્મે અને સાથે મરે"

"મને વાંધો નથી. સતીએ સંતોષ માનતાં કહ્યું.

દેવ આશિષ આપીને ચાલ્યા ગયા.

પૂરા દીવસે સુલસાએ રૂપ રૂપના અંબર જેવા બત્રીસ પુત્રોને જન્મ આપ્યો. નાગે તેમને મહાયોદ્ધા બનાવ્યા. સારથિપણું પણ સુંદર રીતે શીખવ્યું.

એક દીવસે નાગે મને કહ્યું કે, "મહારાજ, આ બત્રીસે પુત્ર તમારા ચરણે ધરૂં છું. જ્યારે જરૂર પડે ત્યારે તેમનો ઉપયોગ કરજો."

દેવિ! બત્રીસે પુત્રો અપણા રક્ષણાર્થે ચેટકરાજનો સામનો કરવામાં ખપી ગયા. એકી સાથે જન્મેલા બત્રીસે પુત્રો એકી સાથે મરણ પામ્યા. એક પુત્ર પણ મરી જતાં તેની માતાથી તે દુઃખ સહન થતું નથી, જ્યારે આ તો એકી સાથે બત્રીસ પુત્રો મરી ગયા. માતાના નામની જય પોકારવા માટે એક પણ પુત્રની હસ્તી ન રહી. છતાં તે દુઃખને વિસરીને ઉત્સવ ઊજવવા માટે તેણે આપણને નમ્ર વિનંતી કરી. કોઇ પણ માતામાં આટલી સહનશીલતા હોય ખરી?

મહારાણી! એવી માતાના પુત્રોના મૃત્યુથી આઘાત ન લાગે? જેના માટે તે ખપી ગયા, તેને કંઇજ ન થાય? આજે તે સર્વ પ્રકારે સુખી હોવા છતાં, તેને માતા કહીને બોલાવનાર એક પણ સંતાન નથી. દેવે બત્રીસ પુત્રો આપ્યા અને લઇ લીધા. હું તો રોજ સવારે ઊઠીને એવી ભાગ્યશાળી માતાનું સ્મરણ કરૂં છું. પરમાત્મા તેને સદાયે સુખી રાખે!"

મહારાજાની આંખના ખૂણા ભીના થયા. તેમણે પોતાનું વક્તૃત્વ પૂરૂં કર્યું. મહારાણીનું હૈયું પણ હચમચી ઊઠ્યું. આવી માતાનું દુઃખ જોઇને હૃદય ન દ્રવે? તેમણે પોતાના બંને હાથ જોડીને મસ્તક નમાવતાં કહ્યું;

" મારા કોટિ વંદન છે એ ભાગ્યશાળી માતાને!"

## પ્રકરણ ૩ જું
## મને મોહ રહ્યો નથી

"માતાજી, મને હવે આ સંસારમાં મોહ રહ્યો નથી. શા માટે તમો ખોટો આગ્રહ કરો છો?

"પણ એવો તે તને શા કારણથી આ સંસાર અસાર લાગ્યો છે, બહેન?

મને પરમ દિવસથી રાત અને દિવસ એમજ થયા કરે છે કે આ સંસારમાં શું છે! જન્મ મરણના ફેરાને વધુ ને વધુ મજબૂત કરવા સિવાય આપણાથી શું બની શકે છે? અસત્ય બોલવું, લોકોને આડા માર્ગે દોરવા, સ્વાર્થ ખાતર લોકોના હાર્દિક નિસાસા લેવા, વિશ્વાસઘાત ભર્યા વિચારો કરવા, નિર્દોષ માતા પિતા અને પત્નિઓના શ્રાપ લેવા અને વિલાસી જીવન જીવ્યા કરવું; એમાં આપણે આપણા જીવનનું—માનવ જીવનનું કયું સાર્થક કરીએ છીએ? કેવળ જીવન જીવવા માટે જ જીવી રહ્યાં છીએ ને?

આપણાથી કોનું ભલું કરી શકાય છે? આપણે કોનો ઉદ્ધાર કરી શકીએ છીએ? કોના જીવનમા આપણે અમી સીંચી શકીએ છીએ?

માતાજી, તમને યાદ છે, કે તમે તમારા આખા જીવનમાં કોઇનું ભલું કર્યું હોય? કેવળ લક્ષ્મીના મોહમાં અંધ બનીને નિર્દોષ યુવાનોને, પુરૂષોને વિલાસી ગર્તામાં ખેંચી લાવવા સિવાય આપણે બીજું શું કરીએ છીએ?

મને હવે આમાંનું કંઇજ ગમતું નથી, કલ્પવૃક્ષ ત્યાગીને આકડાને

બાથ ભીડવાની હવે ઇચ્છા નથી. હું તો મારા જીવનનું સાર્થક કરવા માગું છું. આ લક્ષ્મી, આ સાહેબી, આ વિલાસ ભલે મારી નાની બહેન ભોગવે! મારે આમાંનું હવે કંઇ જ ન ખપે. આજથી મેં આ બધું ત્યાગ્યું છે. સાદાં વસ્ત્રો, સાદું ભોજન, સંયમી ભાષા અને સમભાવ; એજ મારા જીવનના સાથી બન્યા છે."

"પણ મને કારણ તો કહીશ ને ગાંડી!

"કારણ તો હું પણ સમજી શકતી નથી, માતાજી."

એક સુંદર ભુવનના સુશોભિત ખંડમાં ત્રણ વ્યક્તિયો બેઠી હતી. તેમાંની એક હતી મલ્લિકા, બીજી હતી તેની નાની બહેન અનંગસેના અને ત્રીજી હતી તેની માતા.

રાજગૃહીમાં ઉજવાયેલા ઉત્સવ વખતે રાજસભામાં નૃત્ય કરી આવ્યા પછી મલ્લિકાના વિચારોમાં એકાએક પલટો આવી ગયો હતો.

નૃત્ય સમયે તેણે આખા સભાગૃહમાં નજર ફેરવી જોઇ હતી. લગભગ પોણા ભાગનાં નયનોમાં તેણે વિલાસી તત્ત્વો અને કામાગ્નિની બળતી જ્વાળા નિરખી હતી. પ્રેક્ષકો કળાના બહાના નીચે નર્તકીના દેહનું જ અવલોકન કરી રહ્યા હતા. તેમના ચહેરા પરથી એમ લાગતું હતું કે, હમણાં હિંસ્ર પશુની પેઠે નિર્દોષ હરણી સમી નર્તકીને ફાલી ખાશે.

બાલ્યકાળથી મલ્લિકાએ કુમારિકા રહેવાનો નિશ્ચય કર્યો હતો. પોતાના ધંધાર્થે તે નૃત્ય કરતી, ક્વચિત્ ક્વચિત્ નયનોમાં મસ્તી લાવતી. કોઇ કોઇ વખતે મીઠા શબ્દોનો ઉચ્ચાર કરતી. છતાં પણ તેણે આજ સુધીમાં કોઇને પોતાનો દેહ સોંપ્યો નહોતો. કોઇની વાસનાને સંતોષી નહોતી. કોઇના કામને ઉત્તેજન આપ્યું નહોતું.

કેટલાય સમયથી તેને નવા નવા તરંગો ઉદ્ભવતા, નવા નવા વિચારોમાં તે પરિભ્રમણ કરતી. હવાઇ કિલ્લા ચણવામાં તેને આનંદ આવતો.

શાથી? કોને ખબર! પણ નૃત્ય પછી તરતજ તેના વિચારોમાં

પલટો આવી ગયો. તેના જીવનમાં નવીનતા પ્રવેશી, તેના તરંગોને તે અમલમાં મૂકવા લાગી. પરિભ્રમણમાંથી સ્થાયી થવા લાગી.

તેને એકદમ સંસાર પ્રત્યે તિરસ્કાર આવી ગયો. કામાતુર નયનોના ભોગ બનવા કરતાં સાદું જીવન જીવવું તેને યોગ્ય લાગ્યું. વિલાસી જીવન વિતાવવા માટે અશિષ્ટ સમાજ પાસે નૃત્ય કરીને ધન પેદા કરવું, એના કરતાં વિલાસને તિલાંજલિ આપીને કોઇ શાંત જગાએ જઇને આત્માના કલ્યાણ માટે પ્રભુ પાસે નૃત્ય કરવાની તેને ભાવના થઇ આવી.

બે દિવસ સુધી સંપૂર્ણ વિચાર કર્યા પછી તેણે તેની માતાને પોતાના વિચારો કહી સંભળાવ્યા. તે જાણતી હતી કે, પોતાના નૃત્ય પર જ આખા ભુવનનો વિલાસ નભતો હતો, એટલે માતા જલ્દી રજા નહિજ આપે.

તેની માતાનો સુંદર દેહ દેહવિક્રયમાં જ ચુંથાઇ ગયો હતો. માતાને ફક્ત બે પુત્રીઓ હતી. એક મલ્લિકા અને બીજી અનંગસેના. મલ્લિકાને તેણે નૃત્યકળામાં તૈયાર કરી. સારા સારા ઉસ્તાદો રોકીને તેને અન્ય કળાઓમાં પરિપક્વ કરી. બન્ને પુત્રીઓને પોતાના ધંધામાંથી પર રાખવાનો તેણે નિશ્ચય કર્યો હતો.

અનંગસેના મલ્લિકાથી આઠેક વરસ નાની હતી. ધીમે ધીમે મલ્લિકાના જલસા ગોઠવાવા લાગ્યા. મલ્લિકાનો દેહ અત્યંત સુંદર હતો. તેનાં નયનોમાંથી મદ ઝરતો હતો. અંગેઅંગમાંથી યૌવન ઝરતું હતું. શબ્દે શબ્દે ફૂલ વેરાતાં હતાં. પગલે પગલે નૃત્ય ઝરતું હતું.

જલસાઓમાં તેને ખ્યાતિ મળતી ગઇ. નગરમાં થતા જલસાઓમાં તેને આમંત્રણ મળવા લાગ્યું. તેનું મૂલ્ય અંકાવા લાગ્યું. નયનો નચાવીને તે શ્રીમંતોને ખાલી કરવા લાગી.

તેણે રહેવાનું મકાન બદલ્યું. તે મકાન ખરીદીને પોતાની માલિકીનું બનાવ્યું. તેમાં જરૂરી ખંડ બનાવરાવ્યા. વિવિધ રંગ પુરાવ્યા. કળામય બારીઓ મુકાવી. નાના નાના ગોખ કોરાવ્યા.

પોતે સર્વ કળામાં પારંગત બન્યા પછી નાની બ્હેનને તૈયાર કરવા લાગી. અનંગસેના પણ રૂપમાં ઊતરે તેવી નહોતી. તેની નમણી કાયા તરત વળાંક લેતી થઇ ગઇ. તેની મગજ શક્તિ સારી હોવાથી થોડાજ સમયમાં તે તૈયાર થઇ ગઇ.

સર્વ કળામાં તૈયાર થયેલી મલ્લિકા અનેક સ્થળે નૃત્યો માટે જવા લાગી. નયનો વડે નચાવીને શ્રીમંતોને મૂર્ખ બનાવવા લાગી, અને તેમ કરી તેમની લક્ષ્મી પડાવી લેવા લાગી. અને એટલું કરવા છતાં, તેણે હજીસુધી કોઇને પોતાનો દેહ અર્પ્યો નહોતો.

તેના ચરણમાં ધનના ઢગના ઢગ આવી પડવા લાગ્યા હતા. હીરા માણેકની છોળો ઊડવા લાગી હતી. વગર દેહવિક્રયે તે કોટયાધિપતિ બની ગઇ હતી. પુત્રીની આવક જોઇને માતા હર્ષઘેલી બની ગઇ હતી.

માતાની સત્ત્વહીન કાયા જોઇને મલ્લિકાને દેહ સુખ પ્રત્યે તિરસ્કાર આવ્યો હતો. લગ્ન ન કરવાનો અગર એકને પણ પોતાનો દેહ ન અર્પવાનો તેણે દઢ નિર્ણય કર્યો. તેનો તે નિર્ણય કાયમ રહ્યો હતો.

ધીમે ધીમે તેને સંસાર પરથી મોહ ઓછો થતો ચાલ્યો. અચાનક ઉત્સવ વખતે પ્રેક્ષકોની કામાતુર આંખો જોઇને તેણે સંસાર ત્યાગવાનો નિશ્ચય કર્યો. સમય જોઇને તેણે પોતાની માતા આગળ વાત કાઢી. માતા તેને તેમ ન કરવાનું સમજાવી રહી હતી.

"આટલી નાની વયે તને આવી ઘેલછા શી લાગી છે, બહેન!" માતા બોલી.

"માતાજી હવે હું ક્યાં નાની છું! મારૂં પણ વય થયું છે. બહેનને મેં તૈયાર કરી છે. અનંગસેના મારાથી ઊતરે તેમ નથી. તમને મારી ખોટ નહિ સાલવા દે." મલ્લિકા બોલી.

" મોટી બહેન, તને આવી ગાંડી ગાંડી વાતો કરવી કેમ ગમે છે?" અનંગસેનાએ કહ્યું.

" બહેન, હવે મારો બોજો તારે ઉપાડી લેવો જોઇએ ને!

છું હવે તૈયાર થઇ ગઇ છે. લોકોને હવે તારી કળાનો પણ લાભ મળવો જોઇએ. એકજ વ્યક્તિના જલસા જોઇ જોઇને લોકોને પણ કંટાળો આવી જાય. પ્રેક્ષકો તો ભ્રમર જેવા કહેવાય. તેમને હંમેશાં નવિનતાજ જોઇએ." મલ્લિકા અનંગસેનાને સમજાવવા લાગી.

મલ્લિકાના વિચારો જાણીને તેની માતા તો ઠરીજ ગઇ હતી. મલ્લિકાને જવા દેવાને તે બિલકુલ તૈયાર નહોતી. મલ્લિકાની મહેનતથી આટલી બધી સંપત્તિ પ્રાપ્ત થઇ હતી. તેને પુત્રી કરતાં સંપત્તિ વહાલી હતી.

"પણ મોટી બહેન............"

અચાનક અનંગસેનાની નજર પ્રવેશ દ્વાર તરફ જતાં તે આગળ બોલતી અટકી ગઇ.

એક સુંદર યુવાન પ્રવેશ દ્વારમાં આવીને ઊભો હતો.

# પ્રકરણ ૪ થું

## કૃતપુણ્ય

રાજગૃહીમાં ઉજવાયેલા ઉત્સવને દીવસે રાજસભાગૃહમાં જ્યારે મલ્લિકાનું નૃત્ય ચાલી રહ્યું હતું, ત્યારે તેના દેહ પર અનેક આંખો ઠરી હતી. કેટલીક આંખો નૃત્ય નિરખવામાં પરોવાઇ હતી, કેટલીક સ્ત્રી સૌંદર્ય પેખવામાં રોકાઇ હતી, કેટલીક વાસના મય બની હતી, ને કેટલીક વિલાસમય બની હતી.

તેમાંની ફક્ત બેજ આંખો તેના માલિકને કહી રહી હતી કે, 'હું તો તેને પ્રેમથી નિરખી રહી છું, પણ માલિકનું મન તો ચકોર હતું. તે તરત સમજી શક્યું હતું કે, તે જે કરે છે તે સત્ય નથી.

તે આંખોનો માલિક હતો એક ફુટડો યુવાન. ગૌર રંગનો અને ભરેલા બદનનો. નહિ ઊંચો કે નહિં નીચો. બહુ જાડો નહી, તેમજ બહુ પાતળો પણ નહી.

તેનું નામ હતું કૃતપુણ્ય.

લગ્ન થયે ફક્ત આઠજ માસ થયા હતા. ફક્ત પાંચજ માસ પત્નીના સહવાસમાં ગાળ્યા હતા. ધનેશ્વર શેઠનો તે લાડકવાયો પુત્ર હતો. તેની માતા સુભદ્રાનો તે એકનો એક સુકુમાર પુત્ર હતો સતી સમી પવિત્ર ધન્યાનો તે પતિ હતો.

ધનેશ્વરશેઠનો વેપાર સાધરણ રીતે સારો હતો. તેમને બીજું કોઇ સંતાન ન હોવાથી, અને થવાનો સંભવ ન હોવાથી, તેમનો સઘળો આધાર કૃતપુણ્ય પર હતો. કૃતપુણ્યે થોડાજ સમય પહેલાં પોતાનો અભ્યાસ છોડયો હતો. હજી તે પિતાના વેપારમાં ભાગ લેતો થયો

નહોતો. સારા કુટુંબની કન્યા સાથે તેનું લગ્ન કરી આપવામાં તેના પિતાએ ઘણી મહેનત ઉઠાવી હતી. ભણેલી, ચાલાક અને સુસંસ્કારી પુત્રવધૂ મેળવવા માટે સુભદ્રા શેઠાણી અભિમાન લેતાં હતાં.

અને પુત્રવધૂમાં કહેવાપણું પણ કંઇ નહોતું. તેનો સુડોળ દેહ, તેનાં નમણાં નયનો, કાળો ભમ્મર ચોટલો, દાડમની કળી જેવી દંત પંકિત, મૃદુતાભરી વાણી, કોમળ અંગોપાગ અને નાનકડું નાક તેના સતીત્વનો ખ્યાલ આપતાં હતાં.

સાસરે આવ્યા પછી તે સાસુ સાસરાને માતા પિતા સમાન માનવા લાગી હતી. પતિને દેવ માનીને તેની આજ્ઞામાં રહેતી હતી. સવારે અને સાંજે પતિનું શુભ ઇચ્છવામાં કેટલોક સમય પસાર કરતી હતી. સતી સીતા અને સાવિત્રીના જીવન પ્રત્યે તેને અડગ શ્રદ્ધા હતી. જ્યારે જ્યારે તેને સમય મળતો, ત્યારે ત્યારે તે બંને સ્ત્રીઓના જીવનમાં, ધ્યેયમાં, કર્તવ્યમાં મન પરોવતી.

કૃતપુણ્ય ધન્યાને અત્યંત મીઠી નજરથી જોતો હતો, ઘણી વખત તે તેની પત્નીને કહેતો કે "તુ સીતા અને હું રામ." "જેમ શ્રીરામને એકજ સીતાજી તેમ કૃતપુણ્યને એકજ ધન્યા." અને ધન્યા એવા પતિની પત્ની બનવા માટે પોતાને ભાગ્યશાળી માનતી.

કૃતપુણ્ય ઘણી વખત તેના મિત્રોને કહેતો કે "શ્રી રામને ભલે જગત ભગવાન તરિકે માને, પણ હુ તો નહિ માનું. જેને સતી સીતા જેવી મહાદેવી પર પણ વિશ્વાસ ન આવ્યો, તેને ભગવાન કહેવાય? તેને કેમ પૂજાય! પોતાની પત્નીમાં જેને વિશ્વાસ ન હોય તેને આખા જગત પર વિશ્વાસ ન હોય અને જેને આખા જગત પર વિશ્વાસ ન હોય તેને પોતાની જાત પર પણ વિશ્વાસ ન હોય. એટલે અવિશ્વાસુ માણસને જગતમાં જીવવાનો કોઇજ અધિકાર ન હોય. અને જો તે સત્ય હોય તો, જેને જગતમાં જીવવાનો અધિકાર નથી, તેને જગત પાસેથી સેવા ભક્તિ કે પૂજન સ્વીકારવાનો કોઇ અધિકારજ નથી. માટે હું તો શ્રીરામને નહિ જ નમું. હા,

તેમનો એક મહાન ગુણ જગતને આદર્શ રૂપ છે. હું તેમના તે ગુણને વંદુ છું. તે ગુણ એટલે તેમનું એક પત્નિવ્રતપણું. તેમનો તે ગુણ મેં મારા જીવનમાં ઉતાર્યો છે ને મરણાંત સુધી હું તેને વળગી રહીશ.

વળી તે વાતને બદલી નવી વાત રજુ કરતાં કહેતો, " મિત્રો જીવન તો ક્ષણ ભંગુર છે, આત્મા ભલે અમર હોય, પણ દેહનો નાશ થતાં આત્મા અલગ પડી જશે. આપણે બધા મળીને કાંઇ નવુંજ કાર્ય આરંભીએ, જગતને કંઇક નવીનતા કરી બતાવીએ. આપણું કાર્ય જોઇને ભલે દેવતાઓ પણ આપણા પર પુષ્પની વૃષ્ટી કરે. અપ્સરાઓ પોતાના હાથમાં તાજાં પુષ્પોની સુંદર માળાઓ લઇને ભલે આપણા સ્વાગતની રાહ જોવાનો લાભ લે.

મારી ઇચ્છા છે કે, જગતમાંની સત્તાનાં બંધનોને છિન્ન ભિન્ન કરી નાંખીએ. જ્યાં જ્યાં યુદ્ધો થતાં હોય, ત્યાં ત્યાં જઇને તે અટકાવીએ. જ્યાં જ્યાં યજ્ઞમાં પશુઓને બલિ તરિકે હોમવામાં આવતાં હોય ત્યાં ત્યાં તેમનું રક્ષણ કરવાને બંડ જગાવીએ. માણસ પણ પ્રાણી છે. અને પશુ પણ પ્રાણી છે. બંનેમાં આત્મા છે. બંનેમાં પ્રાણ છે. અન્યનો પ્રાણ હણવાની કોઇનેજ સત્તા નથી. સ્વતંત્રપણે વિહરવાનો અધિકાર સર્વને છે. કંચન અને કામિની, સત્તા અને જમીન માટેના યુધ્ધો અટકાવવાં જોઇએ. જગતના ખૂણે ખૂણામાં સંસ્કાર વેરવા જોઇએ. જ્ઞાનનો પ્રચાર કરવો જોઇએ. **અહિંસા** નો ઝંડો ફરકાવવો જોઇએ. **સત્ય**નો નાદ જગાવવો જોઇએ.

**અહિંસા જેવો કોઇ ધર્મ નથી અને સત્ય જેવું કોઇ વ્રત નથી**, એ ભાવના ઘેરે ઘેર પ્રગટવી જોઇએ. જ્યાં ન પ્રગટતી હોય, ત્યાં આપણે પ્રગટાવવી જોઇએ. માનવ માનવ પ્રત્યે એકતાની સાંકળે જોડાય, એવી જુંબેશ ઉપાડવી જોઇએ. શસ્ત્રથી નહિ પણ પ્રેમથી એક બીજાને જીતવાની પ્રેરણા લોકોને આપવી જોઇએ.

જો આપણે એટલું કરવાની હિંમત કરીશું, અને તેમાં

યશસ્વી થઇશું, તો જગતને શસ્ત્રોની જરૂર નહિ રહે. રક્ષકોની આવશ્યકત્તા નહિ ભાસે. સૈનિકોની ભરતી કરવી નહિ પડે.

અને જો એટલું બનશે, તો ઈંદ્રનું ઇંદ્રાસન ડોલી ઊઠશે. જગત અમરાપુરી બની જશે. દેવોને અહીંનું સુખ મહાલવા પૃથ્વી પર અવતાર લેવો પડશે. અપ્સરાઓ પતિ મેળવવા માટે પૃથ્વી પર ઊતરી આવશે.

જ્યારે જ્યારે ભગવાન નેમિનાથ મને યાદ આવે છે, ત્યારે ત્યારે પશુઓના પોકાર મારા કાનમાં ગૂંજે છે.

આ યજ્ઞ ને આ શિકાર. આ સંહાર અને આ ભક્ષ. પશુનો શિકાર કરીને તેનો ભક્ષ કરવાનો અધિકાર માણસને કોણે આપ્યો છે? વગર અધિકારે બીજાને હણવાની સત્તા કોઇનેજ ન હોય, ન જ હોવી જોઇએ. તેવી સત્તા આપોઆપ લઇ બેસનારી સત્તાનું ખંડન કરવું જોઇએ.

એકને બીજા પર હુકમ બજાવવાનો અધિકાર પણ શા માટે હોવો જોઇએ? પરમાત્માની નજરે જો સર્વ સરખાં છે, તો એક બીજા પર હુકમ કેવી રીતે બજાવી શકાય? અન્ય પાસેથી સેવા કેમ લઇ શકાય?

ખરેખર, અનાર્ય બની ગયેલા જગતને આર્યત્વનો પાઠ શીખવવો જોઇએ.

અને લગ્ને લગ્ને નવા વરરાજા સમા આપણા આ મહારાજા એકાદ સુંદર સ્ત્રી જોઇ કે, તરતજ તેને રાણી બનાવવાનો પ્રયત્ન શરૂ કરવાનાજ. રાણીવાસ એટલે રાણીઓનો સંગ્રહ કરવાની એક જાતની વખાર. મને કોઇ કોઇ વખતે વિચાર આવે છે કે, આપણા મહારાજાને પોતાની બધી રાણીઓનાં નામ યાદ હશે ખરાં? પોતાને કેટલી રાણીઓ છે, એટલું પણ એ જાણતાં હશે કે?

પુરૂષને આવો અધિકાર કયા દેવે આપ્યો હશે! જ્યારે સ્ત્રી એકજ પતિમાં સંતોષ માને, ત્યારે પતિને એક પછી એક નવી પત્ની મેળવવાની લાલસા જાગે!

ખરેખર, માનવજાતિની વિચિત્રતાને પણ હદ હશે ખરી?

આવું આવું તે ઘણુંયે બોલતો. જ્યારે તે બોલવા લાગતો ત્યારે જેટલું બોલાય તેટલું બોલી લેતો. તેના મિત્રો જાણતા હતા કે તે આવેશવાહી યુવક છે તેનો આવેશ રોકી શકાય તેમ નથી. એ કારણે કોઇ તેને બોલતો અટકાવતું નહિ જ્યારે તે પોતે થાકતો ત્યારેજ પોતાનું ભાષણ પૂરૂં કરતો. છતાં તે પોતે કહેતો કે "મારા જેવો થોડા બોલો માણસ મળવો મુશ્કેલ છે.

પોતાના દોષ ન જોનારા માણસો જગતમાં કેટલા હશે!

અને તેના મિત્રોની માન્યતા પણ ખરી હતી. કૃતપુણ્ય ખરેખરજ આવેશવાહી યુવક હતો. વાત વાતમાં તે આવેશવાહી બની જતો. જેવો તે આવેશવાહી હતો, તેવોજ આનંદી સ્વભાવનો અને મશ્કરો પણ હતો. તેના મશ્કરાપણામાં હંમેશાં નિર્દોષતાજ ઝર્યાં કરતી.

તેના મશ્કરા સ્વભાવથી કોઈ કોઇ વખત તેના ગુરૂજી તેના પર કડક શબ્દોની ઝડી વરસાવતા, જ્યારે કેટલીક વખત તેની પીઠ થાબડતા અને કહેતા કે "શાબાશ, તેં તો ભારે કરી."

તેના મિત્રો તો તેની મુલાકાત વિના અધિરા બની જતા. કેટલીક વખતે મુલાકાતની તૃષ્ણા પણ કેફમય બને છે. તેના મિત્રોને તેની મુલાકાતનો નશો ચઢયો હતો. નશાવાળી વસ્તુ લેવાનો સમય થતાં જો તે લેવામાં ન આવે તો જેમ માણસને અધિરાઇ ઉત્પન્ન થાય છે, તેમ મુલાકાતનો નશો પણ અધિરાઇ ઉત્પન્ન કરાવે છે.

ભગવાન નેમિનાથનો તે અનુયાયી હતો. ભગવાન ઋષભદેવનું જીવન લોકોને સંભળાવવા માટે તે ઉત્સુક રહેતો. ભગવાન પાર્શ્વનાથના જીવનના કેટલાક પ્રસંગોનું તે તેના મિત્રો પાસે સુંદર રીતે વર્ણન કરતો. વર્ણન કરવાની તેની શૈલિ પણ આકર્ષક હતી. સાંભળનારાઓ તેના પર મુગ્ધ થઇ જતા.

કેટલીક વખત તો તે મહારાજા બિમ્બિસારની પણ ટીકાઓ કર્યાં કરતો.

"રાજાઓ એટલે નર્કના અધિકારીઓ. મને કે કમને તેમના હાથે, તેમના અનુમોદનથી હિંસા તો થાયજ અને જ્યાં હિંસા હોય, ત્યાં સ્વર્ગ સંભવે ખરૂં ? મહારાજા તો રહ્યા બૌધ્ધ ધર્મના અનુયાયી પણ તેમને ધર્મ કેવો ! તેમની રાણીવાસ રૂપી વખારમાં કેટલાય ધર્મો પ્રવર્તના હશે ! જેમ અનાજની વખારમાં અનેક પ્રકારના અનાજનો સંગ્રહ કરવામાં આવતો હોય છે, તેમ રાણીવાસ રૂપી વખારમાં પણ અનેક પ્રકારના ધર્મો પાળતી રાણીઓનો સંગ્રહ થતો હોય છે.

મહારાજા બૌધ્ધ ધર્મ પાળે છે અને સુનંદા તેમજ નવી આવનારી આ મહારાણી ચેલણા જૈન ધર્મ પાળે છે. બીજા કેટલાક વળી અન્ય ધર્મ પાળે છે. આવું આ અનેકવિધ ધર્મોનું બનેલું કચુંબર આખરે બધાજ ધર્મો પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન કરાવશે."

અને વળી પાછો તે પોતાના વાણી પ્રવાહને બીજીજ વળાંક પ્રત્યે દોરી જતો.

"તેમાં પણ જ્યારે જ્યારે મને આપણાં આ નવાં આવેલાં મહારાણી ચેલણા યાદ આવે છે, ત્યારે ત્યારે મારાથી હસવુંજ રોકી શકાતું નથી. ન ઓળખાણ કે ન પિછાણ. ન મુલાકાત કે ન સંદેશા. બસ, મોટી બ્હેનના બદલે નાની બ્હેન રથમાં ચઢી બેઠી, ને સૌંદર્યના ભોક્તા મહારાજાએ રાણી તરીકે તેને સ્વીકારી લીધી. આમાં ક્યાં આવ્યો પ્રેમ કે ક્યાં આવ્યું ક્ષત્રિયપણું ! બસ, સુંદર સુવાસિત પુષ્પ જોયું ને નવરસનો ભોક્તા ભ્રમર તેના પર મુગ્ધ બની ગયો. ચેલ્લણાને લાવ્યા રાણીવાસમાં અને પહેલી રાણીનું પટરાણી પદ ઝૂંટવી લઈને આપ્યું એને. જે નવી રાણી રાણીવાસમાં આવે તે બને પટરાણી અને બીજી આવતાં તેનું તે પદ લય પામી જાય. એવાં રાજા રાણીઓ કરતાં તો આપણે સારાં. ન તો જૂનીનું પદ જાય કે ન તો નવી આવનારી પર લુબ્ધ બનાય. પણ, એટલી વાત તો નક્કી છે કે, મહારાની ચેલ્લણા છે તો અત્યંત રૂપવાન.

જાણે સ્વર્ગની અપ્સરા જોઇ લો."

"ભલા, અમને તેમનો ઇતિહાસ તો કહી સંભળાવ." તેના મિત્રોમાંથી કોઇ બોલી ઊઠયું.

"આટલી બધી વખત કહી સંભળાવ્યો, તો પણ હજી ફરીથી સાંભળવાની ઇચ્છા થાય છે ?" તે કહેતો.

"પણ મેં નથી સાંભળ્યો." ચેલણાનું જીવન ચરિત્ર જાણવાને ઉત્સુક બનેલો યુવાન કહેતો.

કેટલાક ચેલણાનો વૃત્તાંત સારી રીતે જાણતા હતા. કેટલાક સાધારણ રીતે જાણતા હતા. કેટલાક અજાણ પણ હતા. કૃતપુણ્યે બે ચાર વખત એ વૃત્તાંત કહી સંભળાવેલો, પણ જે નવા આવતા તે પોતે અજાણ હોવાનો દાવો કરતા. સઘળા મિત્રો ફરીથી તે કહી સંભળાવવાને આગ્રહ કરતા. તેની કહેવાની શૈલિ લોકોને મુગ્ધ બનાવતી. ફરી ફરી તે ને તે વાર્તા સાંભળવાની તેમને ઇચ્છા થઇ આવતી.

લોકોની ઇચ્છાને સંતોષવા માટે અને પોતાના પંકાયેલા સ્વભાવાનુસાર વળી પાછો તે નવાં મહારાણી ચેલણાનો ઇતિહાસ કહેવાની શરૂઆત કરતો.

❀

## પ્રકરણ ૫ મું
## નિષ્ફળતા

"મિત્રો, લોકો તો કહે છે કે, આમ્રપાલીનો સહવાસ તોડાવવાની જે ધૃષ્ટતા લિચ્છવીઓએ કરી, તે ધૃષ્ટતાના કારણે મહારાજાને ચેટકરાજની કન્યા પોતાના રાણીવાસમાં લાવવાની ઇચ્છા થઇ આવી. પણ મારી માન્યતા તો બધાથી જુદીજ છે. એ તો લોકોને ભ્રમમાં નાંખવા માટે આપણા મહારાજાએ વહેતી મૂકેલી એક કથની છે. ખરૂં કારણ તો જુદું જ હોય, એમ હું માનું છું. કૃતપુણ્ય પોતાના મિત્રોના અત્યાગ્રહથી ચેલણાના હરણનો પ્રસંગ વર્ણવવા લાગ્યો હતો.

"આમ્રપાલી........"

"એ આમ્રપાલી કોણ?" એક યુવકે તેને આગળ બોલતો અટકાવીને વચ્ચેજ પ્રશ્ન કર્યો.

"તે એક નર્તિકા છે, ભાઇ."

"ક્યાંની?"

"લિચ્છવીઓના દેશની."

"તે લિચ્છવી કન્યા છે?"

"ના. તે લિચ્છવી કન્યા નથી. તેનો ઇતિહાસ કંઇક જુદોજ છે. હું તેના વિષે બરાબર જાણતો નથી." કૃતપુણ્યે આમ્રપાલી વિષે પોતે અજ્ઞાત હોવાનો એકરાર કરતાં કહ્યું.

"આમ્રપાલીને તેના ઘેર રહેવા દે, કૃતપુણ્ય" વચ્ચેજ બીજો યુવક બૂમ પાડી ઊઠ્યો. "અમને ચેલણાની વાર્તા કહેને. આમ્રપાલીને

વચ્ચે ક્યાંથી લાવ્યો !"

"ભલે, ભલે. આમ્રપાલીને આપણે તેના ઘેરજ રહેવા દઈએ." કૃતપુણ્ય પોતાના મશ્કરા સ્વભાવાનુસાર બોલ્યો.

આમ્રપાલી વિષે પૂછનાર યુવક ચૂપ થઈ ગયો.

ખરી રીતે આમ્રપાલીનો આખો ઇતિહાસ કૃતપુણ્ય પણ બરાબર જાણતો નહોતો.

"એક સમયે આપણા પ્રતાપી મહારાજાએ ઉજ્જયિનીના પ્રદ્યોતનની રાણી શિવાને જોઈ. રૂપરૂપના અંબાર સમી કન્યાઓને રાણીઓ બનાવીને પોતાના રાણીવાસમાં ભરનાર બિમ્બિસારને શિવાનું રૂપ અલૌકિક લાગ્યું.

એ એટલું તો જાણતા હતા કે શિવા વૈશાલીના ગણતંત્રના અધિપતિ ચેટકરાજની કન્યા છે. શિવાનું સુવર્ણના રંગ જેવું રૂપ જોઈને મહારાજાને પોતાનો રાણીવાસ શ્યામ ભાસ્યો. તેમનામાં એટલી તો સમજશક્તિ હતી કે, "કન્યાનું માંગુ તો થઈ શકે, પરણિયતાનું નહિ.

શિવા તો પરણેલી હતી.

મહારાજાએ પોતાના અંગત માણસને વૈશાલીની તરફ ગુપ્ત રીતે રવાના કર્યો. શા માટે એ સમજી શકો છો ? પ્રશ્ન કરીને તે થોડીવાર થોભ્યો. સૌ તેના ચહેરા તરફ નિરખી રહ્યા.

"ચેટકરાજના કુટુંબની તપાસ કરવા." તે આગળ બોલવા લાગ્યો. "મહારાજાને તો રૂપનો મોહ જાગ્યો હતો. જે વસ્તુની આપણે વાંચ્છના કરીએ છીએ, તે વસ્તુ આપણને અત્યંત મહત્વની ભાસે છે. જેની આપણે રાહ જોઈએ છીએ, તેના આગમનનો એક એક દિવસ એક એક વરસ સમો લાગે છે. મહારાજા રોજ સવાર ઊગે ને તપાસ કરવા મોકલેલા માણસની રાહ જુવે પણ એમ તે કંઈ થોડોજ એ આવી જવાનો હતો ! તે બિચારો વૈશાલીમાં પહોંચે, નગરની તપાસ કરે, ચેટકરાજની માહિતી મેળવે, તે પછી તેમના કુટુંબ વિષે માહિતી મેળવે, તે પછી પાછો આવે.

પણ મહારાજા તો અધિરા બનતા ચાલ્યા હતા. જેમ જેમ તપાસ કરવા ગયેલા માણસને વધુ દિવસ લાગતા ગયા તેમ તેમ તેમને ચેટકરાજના કુટુંબના સમાચાર મેળવવાની તીવ્ર ઇચ્છા થતી ગઇ.

ગમે તેમ તો પણ તે મહારાજા. રાજાની અભિલાષા એટલે હુકમજ માની લો.

એક દિવસે તેમને ઇચ્છા થઇ આવી, ને તરતજ એક વ્યકિતની સાથે વૈશાલી તરફ ગમન કરી ગયા. લોકો કહે છે કે સાથે જનાર વ્યકિતનું નામ નાગસારથિ હતું. જો તે વાત ખરી હોય, તો મહારાજા વૈશાલીમાં નિર્ભયપણે હરીફરી શકે. પણ મહારાજા તો કહે છે કે, ' મારી સાથે નાગસારથિ નહોતા.'

નાગસારથિ એટલે સહસ્ર યોદ્ધાઓનો એકજ દેહ. તેણે કેટલાયે યુદ્ધો જોયાં હતાં ને ખેલ્યાં હતાં. તેના દેહ પર કેટલાયે ઘા પડયા હતા. વય થઇ ગયું હોવા છતાં શકિત તો જેવીને તેવીજ હતી. બત્રીસ વીર પુત્રોનો તે શૂર વીર પિતા, સતી સુલસાનો પ્રેમાળ પતિ.

મહારાજા તો વૈશાલીમાં ગુપ્તપણે રહેવા, લાગ્યા, તેમનો જોડીદાર વૈશાલીનો જાણકાર હતો. રસ્તાઓ અને શેરીઓ તો તેના પગ નીચે ઘસાઇ ગઇ હોય એમ લાગતું હતું. ગુપ્ત દરવાજાઓ અને જંગલો તો તે આંખ મીચીને વટાવી જતો, એમ લોકો કહે છે.

એક વખતે શ્રેષ્ઠિના વેશમાં નગરનું નિરીક્ષણ કરવા નિકળેલા મહારાજા પર કોઇ એક લાવણ્યમયીની દષ્ટિ પડી. મહારાજાને તો તે વિષે ખબર પણ નહોતી. મહારાજા તો તેમના જોડીદાર સાથે આગળ ચાલ્યા જતા હતા. અચાનક એક દાસી જેવી દેખાતી સ્ત્રી તે આગળ આવીને નમ્રસ્વરે બોલી. " શ્રેષ્ઠિવર્ય, આપને મારાં બાઇ સાહેબ બોલાવે છે. "

મહારાજા તો આશ્ચર્ય મુગ્ધ બની ગયા. અચાનક આ શું! આ દાસી શું! બાઇ સાહેબ શું! અજાણ્યા શ્રેષ્ઠિવર્યને આમંત્રણ શું! મહારાજાએ પ્રશ્ન કર્યો, "કોણ બાઇ સાહેબ!"

"આમ્રપાલી." દાસી બોલી.

"આમ્રપાલી ?" આશ્ચર્યસહ મહારાજાએ પૂછ્યું.

"હાજી." નમ્રપણે સેવિકાયે ઉત્તર આપ્યો.

આમ્રપાલીનું નામ મહારાજાએ વૈશાલીમાં સાંભળ્યું હતું. સુંદરતામાં તેનો જોટો મળવો મુશ્કેલ હતો. વૈશાલીના જુવાનો તેના માટે અંદરો અંદર કપાઇ મરતા હતા.

કોઇપણ જાતની આનાકાની વિના મહારાજા આમ્રપાલી પાસે ગયા. લોકો કહે છે કે, આમ્રપાલી કોઇપણ યુવકને પસંદ કરતી નહોતી. પણ શા કારણથી કોને ખબર, મહારાજા પર તે જાતે જ મોહી પડી.

હું સમજી શકતો નથી કે, માનવ જાતમાં આવો મોહ અચાનક ક્યાંથી ઉદ્ભવતો હશે! આને તે મોહ કહેવાય કે ઘેલછા !

એક સ્ત્રી કોઇ સુંદર પુરૂષને જુએ, અગર એક પુરૂષ કોઇ સુંદર સ્ત્રીને જુવે અને એક બીજા પર મોહી પડે; એમાં તમને આશ્ચર્ય નથી લાગતું ?"

થોડા સમય વિશ્રાંતિ લેવા કૃતપુણ્ય શ્રોતાઓને પ્રશ્ન કરીને ચોભ્યાં. પણ જવાબ કોણ આપે ? જો કોઇ તેને જવાબ આપે તો તે તરતજ જવાબ આપનારને એવુંજ કંઇક કહે કે, તેણે નીચુંજ જોવું પડે. અને ઉપરથી બીજાઓ મશ્કરી કરે તે જુદી.

"ગમે તેમ હોય, પણ મહારાજાને અને આમ્રપાલીને મેળ જામી ગયો." કૃતપુણ્ય થોડી વારે આગળ બોલવા લાગ્યો. "મને પણ કોઇ કોઇ વખતે એમ થઇ આવે છે કે, હું પણ વૈશાલી જઇને આમ્રપાલીને જોઇ આવું અને તેનું જીવન ચરિત્ર જાણી આવું."

"તારે જ્યારે જવું હોય, ત્યારે જજેને ! અત્યારે એ વાતને ક્યાં વચ્ચે લાવે છે !" એક ઉતાવળીઓ યુવક વચ્ચે બરાડી ઊઠ્યો.

"સારૂં, સારૂં. જ્યારે મને ઇચ્છા થશે ત્યારે હું વૈશાલી જઇશ હો ભાઇ ! અને સાથે ભોમિયા તરીકે તનેજ લઇ જઇશ."

વચ્ચે બોલનાર યુવકને દાબી દેવા માટે કૃતપુણ્ય તેની મશ્કરી કરતો બોલ્યો, ને એકદમ જોરથી હસી પડયો.

તેને હસતો જોઇને સાંભળનારા બધાજ હસી પડયા. વચ્ચે બોલનારને થયું કે, 'મારા કર્યા ભોગ લાગ્યા કે, મેં આ ઉપાધિ વહોરી!'

"હાં, ચાલો. કંઇ વાંધો નહિ. ખોટું લગાડીશ નહિ. હોં ભાઇ! એ તો જરાક મારો સ્વભાવજ એવો છે." તે યુવકને મનાવતો હોય એમ બોલીને કૃતપુણ્ય પોતાની વાર્તા આગળ કહેવા લાગ્યો.

"અને લાગણી એટલે એક જાતનું ઘેન. માદક પેય પીનારને તો હજી કંઇક શુદ્ધિ રહે, પણ લાગણીવશ બનેલો તો જાણે એકદમ મન પરથી કાબૂ ગુમાવી બેઠેલાની પેઠે બોલ્યાજ કરે. બસ, મહારાજાને તો વિલાસનું સાધન જોઇતું હતું, તે પણ અણધાર્યું મળી ગયું. પછી તો પૂછવુંજ શું ?

મહારાજા અને આમ્રપાલી ન જુએ રાત કે ન જુએ દિવસ, બસ, વિલાસ, વિલાસ ને વિલાસ.

પણ એક વાત તો ચોક્કસ છે કે, સ્ત્રીઓનો સ્વભાવ આત્મસમર્પણ જેવોજ હોય છે.

મહારાજા તો રાજપુરુષ હતા. એ તો વિલાસ ભોગવે અને કુશળતાથી ચેટકરાજના કુટુંબનો ઇતિહાસ જાણી લે. એક વખતે મહારાજાએ આમ્રપાલીને ખૂબ ખીલાવી. ખીલતું ફૂલ જેમ પૂર બહારમાં હોય છે, તેમ આમ્રપાલી તે વખતે પૂર બહારમાં હતી. મહારાજાએ તેને વધુ રીઝવી. બિચારી આમ્રપાલી ગમે તેમ તો પણ સ્ત્રી. તેણે મહારાજાના પ્રશ્નના જવાબમાં ચેટકરાજના કુટુંબ વિષે કહેવા માંડયું.

'એશ્વિર્ય, ચેટકરાજ એટલે અમારા, વૈશાલી વાસીઓના મુગટ મણિ. તેમના એક બોલે વૈશાલીનાં સ્ત્રી પુરૂષો પહેર્યાં કપડે હથિયાર સજીને બહાર નીકળી પડે. ચેટકરાજની સિંહ સમી વીર

ગર્જનાની બીકે તો આટલા બધા રાજાઓ તેમના ગણતંત્રમાં–વૈશાલીના ગણતંત્રમાં જોડાયા છે. આટલા બધા રાજાઓમાં પણ તે વડા તરીકે શોભે છે, તેજ બતાવી આપે છે કે, તેમની શક્તિ ગમે તેવા શક્તિશાળીને દબાવી દે તેવી છે. વૈશાલીના યુવકો અને વૃદ્ધો તેમને દેવ સમા માનીને વંદે છે. તેમની શક્તિમાં બે મત છેજ નહિ. ચેટકરાજની શક્તિના પ્રભાવે તો મગધના મહારાજા બિમ્બિસાર પણ ચૂપ થઇ ગયા છે, તેમના મહારથિનો દાવો કરનાર નાગ સારથિ તો તદ્દન ડઘાઇજ ગયો છે. મહામંત્રીનું પદ સંભાળનાર બુધ્ધિશાળી કહેવાતા અભયકુમારની બુધ્ધિ તો કંઇજ કામમાં આવતી નથી.

શ્રેષ્ઠિવર્ય, એ મહાપુરૂષને સાત તો પુત્રીઓ છે. તે પુત્રીઓને જોનાર પણ ભાગ્યશાળી કહેવાય છે, તો તેને પ્રાપ્ત કરવાની, તેની સાથે લગ્ન કરનારની તો ભાગ્યરેખા કેવી હોવી જોઇએ !

સ્વર્ગની અપ્સરાઓને ભુલાવે, તેવું તો તે બાળાઓનું રૂપ છે. જાણે આરસમાંથી કોતરી કાઢવામાં આવી ન હોય! તેમની ગૌર કાયામાંથી કોમળતાના ફુવારા ઊડતા હોય છે. તે બોલે છે, ને મોતી વેરાય છે. ચાલે છે ને પગલે પગલે કુમકુમ છાયા પડે છે. પદ્મિનીને ભુલાવે તેવા તેમના શિરકેશ છે. તેમનુ વર્ણન તો મારા જેવી એક સાધારણ સામાન્ય સ્ત્રી તો કયાંથી કરી શકે, શ્રેષ્ઠિવર્ય!

પણ એટલું તો જરૂર છે, કે એક વખતે પ્રસંગ સાધીને તેમની કન્યાઓના દર્શને જજો. તેમનાં દર્શને તો પાપનો પણ ક્ષય થાય છે. જગતના મહાન પંડિતોને બોલાવીને તેમને શિક્ષણ આપવામાં આવ્યું છે. મહાન યોદ્ધાઓને શોધી શોધીને તેમની પાસેથી શસ્ત્રાસ્ત્ર વાપરવાની વિદ્યા શિખવવામાં આવી છે. પવન વેગે દોડતા અશ્વ પર ફલાંગ મારીને ચઢી જવામાં તેઓ કુશળ છે. અશ્વ પર સવાર બનીને મોટી ખાઇઓની ખાઇઓ વટાવી જાય છે. દોડતા ઘોડે લીંબુડી પરનું ધાર્યું લીંબુ બાણથી વીંધી નાખે છે.

સાત કન્યાઓમાંની બે જ કન્યાઓ અત્યારે અહીં છે, સુજ્યેષ્ઠા

અને ચેલણા. બાકીની મોટી પાંચે તો પોત પોતાની ઇચ્છા પ્રમાણે પતિ ગોતી લઇને લગ્ન કરી લીધાં છે. હમણાં તે પોતપોતાના સાસરે છે. ચેટકરાજે તે દરેકનાં લગ્ન પ્રસંગે અનહદ લક્ષ્મી ખરચી હતી. વૈશાલીવાસીઓએ શુભ ચિંતવ્યું હતું.

સૌથી મોટી પુત્રી પ્રભાવતી વીતભયનગરના રાજાને ત્યાં છે. બીજીનું નામ છે પદ્માવતી. તે છે ચંપાપુરીના રાજા દધિવાહનને ત્યાં. ત્રીજી મૃગાવતી કૌશંબીના શતાનિકનું કુળ શોભાવે છે. ચોથી છે શિવા. શિવા ઉજ્જયિનીના પ્રદ્યોતનને ત્યાં છે. પાંચમી પુત્રી નિગ્રંઠ કુંડગ્રામના સત્તાધિશ રાજા નંદિવર્ધનને ત્યાં છે. તે પાંચે બહેનો આજે દેશોદેશમાં મહાસતીઓ તરીકે પંકાય છે.

બાકીની સુજયેષ્ઠા અને ચેલણા કુંવારી છે. ચેટકરાજ તો પુત્રીઓના લગ્ન માટે ચિંતા જ કરતા નથી. તે તો કહે છે કે, એ બંને આપોઆપ જ પોતાનો માર્ગ મેળવી લેશે.

સુજ્યેષ્ટા અને ચેલણાની કાંતિ વિષે તો પૂછવુંજ શું, શ્રેષ્ઠિવર્ય! શુ તેમની મિષ્ટવાણીમાં માધુર્ય ભર્યું છે! પાણી પીએ છે ને તે ગળામાંથી ઊતરતું દેખાઇ આવે છે. જાણે પાર દર્શક દેહ! અહા! જોઇએ ને અદેખાઇ આવે! બ્રહ્માએ તેમને ઘડવામાં કેટલો સમય ગાળ્યો હશે!

મારા આજ સુધીના જીવનમાં મેં એવું સૌંદર્ય કયાંય જોયું નથી. કદાચ જગતના કોઇ પણ માનવીએ જોયું નહિ હોય!

એ બંને બહેનો વર્ધમાન સ્વામીની અનુયાયી છે. સત્ય અને અહિંસા, એ બે એમના સિદ્ધાંતો છે.

ચેટકરાજની બહેન ત્રિશલાદેવીના પુત્ર અને ચેટકરાજની પુત્રી નિગ્રંઠના દિયર, એવા વર્ધમાન સ્વામી પ્રત્યે તેમને અત્યંત ભાવ છે.

"વર્ધમાન સ્વામી કોણ?—આ બૌદ્ધ ધર્મ વિરૂધ્ધનો ધર્મ પ્રસરાવે છે તે? એક યુવકે વચ્ચેજ પ્રશ્ન કર્યો.

"અરે ભાઇ આમ ઉશ્કેરાઇ શા માટે જાય છે!

કૃતપુણ્ય બોલ્યો. " આ કથનતો આમ્રપાલી તેના શ્રેષ્ઠિવર્ય પ્રેમીને સંભળાવી રહી છે, તમને કે મને નહિ. "

" પણ તમે એને ઓળખતા હશો જ ને ?" તે યુવક ફરીથી બોલ્યો.

" હાસ્તો. તેને ન ઓળખે એ પોતાને પણ ન ઓળખે. એવા મહાપુરૂષને ઓળખવાનું સદભાગ્ય કોણ ગુમાવે ? કૃતપુણ્ય બોલ્યો.

એક વાત પરથી બીજી વાત પર ઊતરી જતાં બીજા કેટલાક યુવકો ઉશ્કેરાઇ ગયા હતા. પણ બીજી વાત વર્ધમાન સ્વામીની હોવાથી તે ક્રોધિષ્ટ ન બન્યા, છતાં તેમાનો એક યુવક બોલ્યો; " અરે ભાઇ ! તારે જો વર્ધમાન સ્વામી વિષે સાંભળવું હશે, તો તને કાલે સાંભળવા મળશે, આપણે અત્યારેજ કૃતપુણ્યને આમંત્રણ આપીએ છીએ કે, કાલે આજ સમયે અહિં આવીને આપણને વર્ધમાન સ્વામીની વાર્તા કહી સંભળાવે બસ ? હવે તેને પોતાની વાર્તા પૂરી કરવા દે.

" હા હા. મારા તરફથી ખાસ આમંત્રણ છે કે, આવતી કાલે આ સમયે બધા અહી આવજો. બને તો બીજાઓને પણ સાથે લેતા આવજો. વર્ધમાન સ્વામીની વાર્તા કહેવાની તો મને બહુજ ઉત્કંઠા છે. બસ પતી ગયું. ?

કૃતપુણ્યે તે યુવકને સંતોષતાં, તેને તેમજ બધાને આમંત્રણ આપ્યું.

ફરી પાછી તેણે પોતાની વાર્તા આગળ ચાલુ કરી.

ઊભા ઊભા લોકો થાકી ગયા હતા. કેટલાક તો જમીન પર બેસી પણ ગયા હતા. તેમને પોતાનાં કપડાં બગડવાની પણ ચિંતા નહોતી. જમવાનો સમય થઇ ગયો હતો, ક્ષુધા સતાવી રહી હતી, સૂર્ય મધ્યાન્હે ચઢીને પોતાનાં પ્રખર કિરણો વડે જગતને સખ્ત રીતે તપાવી રહ્યો હતો, છતાં લોકો વાર્તા સાંભળવાનો મોહ જતો કરતા નહોતા.

" આમ્રપાલીના મુખેથી ચેટકરાજની કન્યાઓનાં વખાણ સાંભ-

ળીને મહારાજા તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. તેમને થયું કે આવી સુંદર સાત કન્યાઓમાંથી એક પણ કન્યા જો મગધપતિના નારીખજાનામાં ન હોય, તો મગધપતિના રાણીવાસની કિંમત શી?

તેમણે હજી પોતાનો ખરો પરિચય આમ્રપાલીને આપ્યો નહોતો. આમ્રપાલી તો માનતી હતી કે, તે શ્રેષ્ઠિ મગધનો કોઇ સાર્થવાહ છે.

મહારાજા, વૈશાલીપતિની કન્યાઓને જોવાનો સુયોગ મેળવવાનો પ્રસંગ શોધી રહ્યા હતા. આમ્રપાલીના મુખેથી વૈશાલીપતિના શૌર્યની ગાથા તેમણે સાંભળી હતી. તેમણે વિચાર્યું કે, જો વૈશાલીપતિ આટલો બધો શક્તિશાળી હોય, તો તેના અને પોતાના માણસોનું રક્ત વહેવડાવ્યા વિના, જો બને તો એમાંથી એકાદ કન્યાનું હરણ કરી જવું. પછી ભલે ચેટકરાજ પોતાનું સૈન્ય લઇને મગધનો મહેમાન બનવા આવે.

પણ જાગતી વૈશાલીમાં એવો પ્રસંગ મળવો મુશ્કેલ ગણાય!

મિત્રો, માણસ ધારે છે શું, ને થાય છે શું! ગમે તેમ તો પણ મહારાજા માણસ તો ખરા જ ને! માણસનું ધાર્યું થોડું જ થાય છે!

આખી વૈશાલીમાં જાણ થઇ ગઇ કે આમ્રપાલી મગધના કોઇ શ્રેષ્ઠિને પોતાનો દેહ સોંપી ચૂકી છે. તેણે પોતાનું કૌમાર્ય મગધના કોઇ માનવીના સહવાસમાં ખંડન કર્યું છે.

બસ, થઇ રહ્યું.

વૈશાલીના શુભેચ્છકોનાં શસ્ત્રો મ્યાનમાંથી બહાર નીકળી ગયાં.

પછી શું થયું, તે તો કોઇને ખબર નથી. પણ આપણા વીર, મુત્સદી ગણાતા, મહારાજા બિમ્બિસાર રાતોરાત પોતાના જોડીદાર સાથે વૈશાલીમાંથી નાઠા. રાત્રિના અંધકારનો તેમને સાથ પણ મળી ગયો. સારા નસીબે જોડીદાર રસ્તાનો, ગુપ્તમાર્ગોનો અને જગંલનો જાણકાર હતો.

વીર કહેવાતા આપણા મહારાજાને આમ્રપાલીને પણ લાવવાનું ન સૂઝયું. ન તો મળી તેમને ચેટકરાજની કન્યા લાવવા કે જોવા, કે ન લાવ્યા તેમને મોહ પમાડનાર આમ્રપાલીને.

આપણે બધા આવા ભાગેડુ રાજાને મહારાજા કહીને સંબોધીએ છીએ.

એ રાજગૃહીમાં પાછા આવ્યા.

તેમને વૈશાલીપતિ દુશ્મન જેવા લાગ્યા. તેમનું નાક કાપવાની તેમને ઇચ્છા થઇ આવી, પણ કોઇ ઉપાય નહોતો. તેમને તો ન આવે ઊંઘ કે ન ભાવે ખાવું. તેમની સતત્ ઉદાસિનતા જોઇને એક સમયે મહામંત્રી અભયકુમારે કારણ પૂછ્યું.

મહારાજા પહેલાં તો અચકાયા. કારણ કે મહામંત્રીને કારણ કહેવામાં વાંધો નહિ, પણ પોતાના પુત્રને આવું કારણ શીરીતે જણાવાય? પણ મહામંત્રીએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. મહારાજા જાણતાં હતા કે, અભયકુમાર સિવાય આ કાર્ય કોઇથી પાર પડે તેમ નથી.

આખરે તેમણે અભયકુમારને વિગતવાર બધી હકીકત કહી સંભળાવી.

# પ્રકરણ ૬ ઠ્ઠું
## ચેલણાનું હરણ

દિવસ તપતો જતો હતો. સૂર્યના તાપથી જમીન તપી ગઇ હતી. ભૂખનું કોઇને ભાન રહ્યું નહોતું. તૃષાની મુંઝવણ પ્રત્યે કોઇને ધ્યાન આપવું પાલવે તેમ નહોતું. સૌ કૃતપુણ્યની વાર્તા સાંભળવામાં લીન બની ગયા હતા. વાર્તાની શૈલિ, ને શબ્દોની ઝમક દરેકને પોતાના તરફ આકર્ષવાને શક્તિમાન હતાં.

કેટલાક ભાઇ, કેટલાકના પિતા તો કેટલાકની માતાઓ બોલાવવા આવી હતી. પણ સૌને એકજ પ્રકારનો ઉત્તર મળતો હતો.

"થોભો ને જરા!"

"આટલી વાર્તા પૂરી થઇ જવા દો."

"જમવાનું તો રોજ છેજ ને!"

"આવી વાર્તા થોડીજ હંમેશાં સાંભળવા મળે છે!"

"તમે પણ સાંભળોને!"

આવા પ્રકારના કેટલાય ઉત્તરો બોલાવવા આવનારને મળતા હતા.

શ્રોતાઓ તો મનમાં વિચારવા લાગી ગયા હતા કે, 'આપણે તો મહારાજાને હિંમતવાન, વીર, ધીર માનતા હતા. પણ હવે ખબર પડી કે, એ તો ભાગેડુ, નાહિંમત, ને બીકણ છે. અરે, મર્દ થઇને નાસી અવાય ખરૂં! જો રાજાઓ એમ નાસી આવે તો સાધારણ માણસમાં અને તેમનામાં ફરક શો!'

શ્રોતાઓની કલ્પનાઓ આગળ વધતી જતી હતી.

કૃતપુણ્ય પોતાની વાર્તા આગળ કહી રહ્યો હતો.

"મહામંત્રીએ મહારાજાને આશ્વાસન આપ્યું. બે ત્રણ દિવસ સુધી ખૂબ વિચાર કરીને તેમણે મહારાજાને કહ્યું. 'મહારાજ, આપણે વૈશાલી પતિ પાસે તેમની બે કુંવારી કન્યાઓમાં જે મોટી છે, તે સુજ્યેષ્ઠાનું માગું કરીએ.'

એટલે આટલું થયેલું મારૂં અપમાન ઓછું છે કે, હજી ઘેર ઘેર દાંડી પીટાવવાનો વિચાર કરો છો, અભયકુમાર? મહારાજ બોલ્યા.

"મહારાજ, દરેક કાર્ય શાંતિથી અને વિચારપૂર્વક કરવું જોઇએ. આવેશમય બનીને એકદમ જે કાર્યની શરૂઆત કરવામાં આવે છે, તે કાર્યમાં કદાપિ પણ યશ પ્રાપ્ત થતો નથી. આપણી માગણીનો બહુ બહુ તો તે અસ્વીકાર કરશે. તેથી વધુ તો તે કંઇ કરી શકે તેમ નથી ને?" અભયકુમાર પોતાની હંમેશની ટેવ પ્રમાણે શાંતિથી કામ કરવાની કુનેહ બતાવતા બોલ્યા.

'એ આપણી માગણીનો અસ્વીકાર કરે, એટલે આપણું નાક કપાવવામાં શું બાકી રહે? અને એક વખત તે આપણું અપમાન કરે, તો દેશે દેશમાં જે આપણું માન સચવાઇ રહ્યું છે, તે જોતજોતા-માં નાશ પામી જાય. અને પછી તો ચેટકરાજ સાથે યુદ્ધજ કરવું પડે. મારી ઇચ્છા છે કે, બને ત્યાં સુધી કોઇ પણ ભૂમિ પર રકતનું સિંચન ન થવા દેવું.' મહારાજાએ પોતાનું દિલ ખોલીને વાત કરી.

'મહારાજ.' અભયકુમાર કહેવા લાગ્યા. 'આપના પ્રત્યે મારી બેવડી ફરજ છે. એક તો આપ મારા માલિક છો, ને તેથી પણ વધુ સંબંધ પિતાજી તરીકેનો છે. કોઇપણ પુત્ર પોતાના પિતાની કીર્તિને કલંક લગાડે ખરો?

'તમને ઠીક લાગે તેમ કરો, અભયકુમાર.' આખરે મહારાજા-એ કંઇક નિરાશાથી અને કંઇક વિશ્વાસથી કહ્યું. તેમને મહામંત્રીમાં તેમના પુત્રમાં, તેમના પુત્રની બુદ્ધિમાં અડગ શ્રદ્ધા હતી.

બે દિવસ પછી અભયકુમારે મહારાજા બિમ્બિસાર વતી રાજ-

પુરોહિત દ્વારા વૈશાલીપતિ ચેટકરાજ પાસે તેમની છઠ્ઠી કન્યા સુજયેષ્ઠાનું માગું કર્યું.

થોડાજ દિવસમાં રાજપુરોહિતે પાછા આવીને કહ્યું કે, 'મહારાજાની ઇચ્છાનો સ્વીકાર થયો નથી.'

અભયકુમારને તો ખાત્રીજ હતી કે, રાજપુરોહિત જેવો જશે, તેવો જ પાછો આવશે.

પણ રાજપુરોહિતનો સંદેશો સાંભળીને મહારાજા તો ફુંફાડા મારવા લાગ્યા.

'શું ચેટકરાજે મારૂં અપમાન કર્યું ?' મહારાજા એકદમ બરાડી ઊઠયા.

'ના, મહારાજ.' અભયકુમાર ઠંડે કલેજે બોલ્યા. 'તેમના પ્રત્યુત્તરદ્વારા આડકતરી રીતે તેમણે એમ કહેવડાવ્યું છે કે, તમારી માગણીનો સ્વીકાર કરવાનો અધિકાર મારો નથી. જો તમારામાં શૌર્ય અને બુદ્ધિ હોય તો તમારી ઇચ્છા તમે જાતે જ પૂરી કરી લો.'

'એ...મ.' મહારાજા મૂછ કરડતા કરડતા કરડાકીથી બોલ્યા. 'હવે ?'

'હવેનું કાર્ય હું કરી લઈશ, મહારાજ.' અભયકુમારે કહ્યું. 'આપ જરા પણ અકળાયા વિના શાંતિથી જોયા કરો. ચેટકરાજના ઉત્તરનું આપણે અક્ષરશઃ પાલન કરીશું. મને મારી રીતે કામ કરવા દો. જરા પણ ઉતાવળ કરશો નહિ. ઉતાવળે આંબા ન પાકે.'

પછી તો અભયકુમારે પોતાની બુદ્ધિને કસોટીએ ચઢાવવા માંડી.

અને વૈશાલીપતિ પણ થોડાજ સામાન્ય માણસ હતા ! તે સખ્ત કુળાભિમાની હતા. સ્વાભિમાન તો તેમનાં હાડેહાડ અને રક્તના બુંદેબુંદમાં ભર્યું હતું. દેશ પ્રત્યેની તેમની સદ્‌ભાવના સતત જાગૃત રહેતી. લિચ્છવીઓ સાભિમાનથી કહેતા કે, 'વૈશાલીની કન્યા મગધમાં ન હોય ! દેશનર્તિકાને પણ જેમણે મગધના પડછાયે જવા ન દીધી, તે વીર પુરૂષો વૈશાલીપતિની કન્યાને મગધરાજના રાણીવાસમાં કેમ જવા દે !

વૈશાલીની કન્યા રાહીકુળમાં જાય તો વૈશાલીના વીરોને ડૂબી મરવું પડે. જળતી આગમાં જીવતા ને જીવતા ઝંપલાવવું પડે!'

પણ અભયકુમાર એટલે અભયકુમાર! જગતમાં તેમનો જોટો મળવો મુશ્કેલ.

અભયકુમાર બન્યા સુગંધીદાર અત્તરોના વહેપારી. સાથે લીધો એક ચાલાક જોડીદાર. લક્ષ્મી પણ સાથે લીધી. કારણ કે પરદેશમાં લક્ષ્મીની જરૂર તો ડગલે ને પગલે પડે. બંને જણા થોડા દિવસે વૈશાલી પહોચ્યા. રાજમહેલની નજીકમાં જ એક સુંદર જગા ભાડે રાખી લીધી. તેમાં અનેક પ્રકારનાં સુવાસિત અત્તરો ગોઠવ્યા, તેમની આજુ-બાજુમાં પચાસ પચાસ વાર સુધી તો સુગંધમયજ હવા હોય. તે જ્યાં જાય ત્યાં સુગંધથી ભરેલું વાતાવરણ બની જાય.

તેમણે એક સુંદર ચિત્ર દુકાનમાં લટકાવી રાખેલું. રોજ સવારે, બપોરે અને સાંજે તે ચિત્રને સુંદર, તાજાં પુષ્પોનો હાર ચઢાવે. ચિત્રની સમીપમાં અખંડ રાત ને દિવસ ઘીનો દીપક જળ્યા કરે.

પુષ્પની માળા આપી જવા માટે તેમણે રાજની માલણ રોકી હતી. માલણ એ ચિત્ર પ્રત્યેની શ્રેષ્ઠિની શ્રદ્ધા જોઇને વિસ્મય પામી હતી. એક સમય તેણે તે વાત એક દાસીને કરી. તે દાસી હતી રાજકન્યા સુજ્યેષ્ઠાની.

દાસી અત્તર લેવાના બહાને અત્તરના વહેપારીની દુકાને જઇ આવી. વેપારીએ તેને એકદમ ઊંચા પ્રકારનું અત્તર થોડી કિંમતે આપ્યું. થોડી કિંમતે આટલું સારૂં અત્તર મળતું જોઈને દાસીને લોભ લાગ્યો. દર બબ્બે દિવસે તે અત્તર લેવા જવા લાગી. થોડા દિવસ પછી તો તે રોજ જવા લાગી. જેમ જેમ તે વધુ લોભી બનતી ગઇ, તેમ તેમ વહેપારી તેને વધુ લાભ આપતો ગયો.

એક દિવસ વહેપારીની પ્રશંસા કરવાના ઇરાદાથી દાસીએ પ્રશ્ન કર્યો, 'શ્રેષ્ઠિવર્ય', આ સુંદર ચિત્ર કોનું છે?

'કેમ જાણે આશ્ચર્ય પામતા હોય એમ શ્રેષ્ઠિવર્ય બોલ્યા.

'આપની તેના તરફ અત્યંત ભક્તિ હોય, એમ લાગે છે.

આવા મહાપુરૂષ પ્રત્યે જો ભક્તિ ન રાખીયે તો કોના પ્રત્યે રાખીએ, બહેન !

પોતાને બહેનના ઉપનામે બોલાવતા શ્રેષ્ઠિ પ્રત્યે તે વધારે આકર્ષાણી. તેણે તે વાત સુજ્યેષ્ઠાને કહી સંભળાવી. સુજયેષ્ઠાએ તે ચિત્ર જોવા માટે મંગાવ્યું.

શ્રેષ્ઠિવર્ય, જો આપને વાંધો ન હોય, તો એ ચિત્ર અમારી કુંવરીબાને જોવા માટે આપો ને ! થોડાજ સમયમાં આપને પાછું આપી જઇશ. દાસીએ શ્રેષ્ઠિવર્યને કહ્યું.

'મને તેમાં શો વાંધો હોય બહેન ! પણ બને તેમ જલદી પાછું લેતાં આવજો. અને એટલુ ધ્યાનમાં રાખજો કે તેને કયાંય પણ ડાઘો ન લાગે ! શ્રેષ્ઠિવર્ય દ્વિઅર્થી બોલ્યા.

"એ શું બોલ્યા, આપ ! આ ચિત્રને ડાઘ લાગે કેમ ! અમારા કુંવરીબા બહુજ કાળજીવાળાં છે. તેમના હાથે તેવું અઘટિત થાયજ નહી. બિચારી સાધારણ સમજવાળી દાસી નિર્દોષ ભાવે બોલી.

શ્રેષ્ઠિરાજે તે ચિત્ર દાસીને આપ્યું. દાસી એક રેશમી કપડામાં સંતાડીને તે સુજ્યેષ્ઠા પાસે લઇ ગઇ.

સુજ્યેષ્ઠાએ તે ચિત્ર જોયું ને તેનું ચિત્ત હરાઇ ગયું.

ખુલ્લા શિર પર શોભી રહેલા લાંબા છતાં એકદમ બારીક વાળ, ધર્મ ચિન્હથી શોભતું ભવ્ય લલાટ, તેજસ્વી નયનો, સિંહ સમી વિશાળ છાતી, પ્રતિભાશાળી ચહેરો, લાંબી લાંબી મૂછો, ઢીંચણ સુંધી અડતા લાંબા હાથ, દંડ પર કલામય પટો, આંગળી પર નકશી દાર અંગુઠી ને તદન સાદાં બેજ વસ્ત્રો; એક પહેરવામાં આવેલું ખટ અને એક દેહ પર સાદી રીતે વીંટાળવામાં આવેલું વસ્ત્ર. વિના વસ્ત્રે શોભતો રકતવર્ણીય માંસલ દેહ ને દેહમાંથી દેખાઇ આવતી સુદઢતા એમે તેના મનને આકર્શવાને શકતીશાળી હતાં.

સુજ્યેષ્ઠાને પ્રચંડ કાય પુરૂષ ગમી ગયો ભલે તે ગરીબ હોય.

પિતાની શ્રીમંતાઇ તેની ગરીબાઇનો નાશ કરવાને પાછી પડે તેમ નથી અને આવા શ્રેષ્ઠિવર્ય જેના ભક્ત છે. તે ગરીબ ન જ હોઈ શકે. સાધારણ—સામાન્ય માનવી પણ ન હોઇ શકે.

તેણે નિર્ણય કરી લીધો કે, આ માનવી જીવંત હોય, તો આની સાથેજ લગ્ન કરવું. જો સ્વર્ગવાસી હોય તો આજીવન અવિવાહિતા રહેવું.

તેણે દાસી દ્વારા શ્રેષ્ઠ અત્તરોની ખરીદીના બહાને, અત્તરના વહેપારીને આમંત્રણ મોકલ્યું.

શ્રેષ્ઠિ તો આ સમયની રાહ જોઇને જ બેઠા હતા. દાસી દ્વારા આવેલા આમંત્રણનો તેમણે સ્વીકાર કર્યો. બે દિવસ પહેલા તેમના ત્રણેક માણસો પણ આવી ગયા હતા. પહેલા જોડીદારની પાસે સારા સારા અત્તરોથી ભરેલી એક નાની પેટી ઉપડાવીને તે દાસી ની સાથે રાજમહેલમાં ગયા.

તદ્દન શુભ્ર વસ્ત્રોમાં શોભતા નવજુવાન વહેપારીને જોતાં જ સુજ્યેષ્ઠા વિસ્મય પામી, 'જરૂર, આ વહેપારી ન હોય.' તેણે મનમાં કલ્પી લીધું.

યોગ્ય આવકાર આપતાં તે બોલી, " પધારો શ્રેષ્ઠિવર્ય !"

કોઇપણ જાતનો ઉત્તર ન આપતાં ફક્ત નમન કરીને શ્રેષ્ઠિ-સુજ્યેષ્ઠાવાળા ખંડમાં પ્રવેશ્યા.

'આ આસન પર બીરાજો.' સુજ્યેષ્ઠાએ હાથવડે એક સુંદર આસન બતાવતાં કહ્યું.

શ્રેષ્ઠિવર્ય આસન પર બેઠા. તેમની બાજુમાં અત્તરની પેટી મૂકીને તેમનો જોડીદાર બહાર જઇને ઊભો.

'કોઇ સુંદર અત્તર બતાવશો ? સુજ્યેષ્ઠા બોલી.

'શા માટે નહિ ? કહીને વહેપારીએ પોતાની નાની પેટી ખોલી. પછી તો તેમણે કેટલીએ જાતનાં અત્તરો બતાવ્યાં, ને સુજ્યેષ્ઠાએ તેમાંના કેટલાંક પસંદેય કર્યાં.

'તમે મોકલાવેલું ચિત્ર બહુ સુંદર છે, હોં, શ્રેષ્ઠિજી!' રાજકન્યાએ ચિત્રની વાત કાઢતાં કહ્યું.

'મેં મોકલ્યું નથી. તે તો આપની દાસી મારી પાસેથી માગીને લાવી છે.' વહેપારીએ રાજકન્યાનું વાક્ય સુધારતાં કહ્યું.

'એ બધું એકજ છે ને!'

'સાધારણ પણે તો એકજ કહેવાય, પણ કોઇ મુત્સદ્દી તેના જુદા અર્થ કરે.'

'ભલે, તે વાત જવા દો.' કહીને રાજકન્યા થોડીવાર થોભીને આગળ બોલી. 'એ ચિત્ર કોનું છે?'

'કેમ?'

શ્રેષ્ઠિજી રાજકન્યાના મુખનું નિરીક્ષણ કરવા લાગી ગયા હતા.

'હું તો સહજ પૂછું છું.'

'મારા પરમેશ્વરનું.'

'પરમેશ્વર આવા આકારમાં ન હોય!'

'કેમ?'

'આ આકાર—આકૃતિ પરમેશ્વરની નથી.'

'ત્યારે?'

'કોઇ માનવની છે.'

'માનવ પરમેશ્વર તરીકે ન પૂજાય?'

'જરૂર. જો તેનામાં માનવતા હોય તો.'

'તો તે પણ એક માનવ જ છે.'

'એ કયાંના છે?'

'આટલા બધા ઊંડા ઊતરવાની જરૂર શી, બહેન!' શ્રેષ્ઠિજીએ રાજકન્યાને પહેલ વહેલી બહેન કહીને સંબોધી.

'તમે વહેપારી હો, એમ માનવાને હું તૈયાર નથી.'

'કારણ?'

'કારણ એ જ કે, તમારા લલાટમાં રાજરેખા છે.'

'એ તો આપનો ભ્રમ છે.'

'ન જ હોય, મારી માન્યતામાં કવચિત જ હું ખોટી પડું છું. અને મને ખાત્રી છે કે, આમાં હું તદ્દન સત્ય છું. તમારો ચહેરો અને આ ચિત્રમાંનો ચહેરો મળતો આવે છે.'

શ્રેષ્ઠિજી બોલ્યા નહિ.

રાજકન્યા આગળ બોલવા લાગી. 'આ ચિત્ર તે માનવીની સત્યતાએ દોરવામાં આવ્યું છે કે કંઇ ફરક કર્યો છે ?'

'છે તો તદ્દન સત્ય સ્વરૂપમાં.'

'મારે આ માનવી વિષે જાણવું છે.'

'શા માટે ?'

'પછી કહીશ.'

'પહેલાં આપ કારણ કહો, પછી હું માહિતી આપીશ.'

'વચન આપો કે આ વાત બહાર નહિ જાય!'

'મારૂં વચન છે કે, આ વાત બહાર નહિ જાય. પણ આપે પણ વચન આપવું પડશે.'

'મારૂં વચન છે, શ્રેષ્ઠિજી,' રાજકુમારી બોલી.

'હવે કહો કે શા માટે આ પુરૂષની માહિતી આપને જોઇએ છે ? શ્રેષ્ઠિજીએ પ્રશ્ન કર્યો.

"હું એમને મનથી વરી ચૂકી છું.

'આપે ગંભીર ભૂલ કરી.

'કેમ ? આશ્ચર્ય પામતાં રાજકુમારીએ પ્રશ્ન કર્યો.

'આપની પ્રતિજ્ઞા આપના પિતાજીને પસંદ નહી પડે.'

'કારણ ?

'કહું તો ખોટું નહિ લાગે ને ?

'ખોટું શામાટે લાગે ? જો કહો તો કંઇક રસ્તો પણ નીકળે ?

'આપના પિતાજીને એ મિત્ર સમા ભાસતા નથી'

'કેમ ?

'તેમણે આપના માટે માગું કર્યું હતુ.'

'ક્યારે ? સુજયેષ્ઠાએ પૂછ્યું. આ વાત સાંભળીને તેને આશ્ચર્ય ઉદ્ભવ્યું.

'થોડા સમય પહેલાં.'

'મારા પિતાજીએ શું કહ્યું ?

'ચેટકરાજની કન્યા વાહી કૂળમાં ન જઈ શકે ?

'એક પ્રશ્ન પૂછું ?

'પૂછો.

'આ મગધરાજ બિંબિસાર તો નહિ ?

'હા એજ;

'તો એજ મારા પતિ બનશે શ્રેષ્ઠિજી.'

'પણ આપના પિતાજી કેમ કબૂલ કરશે ?

'પિતાજી કબૂલ નહી કરે તેની મને ખાત્રી છે,

'તો પછી ?

'મહારાજા બિંબિસારને કહેજો કે જો તમારામાં ક્ષત્રિયપણું હોય, તો વૈશાલીની સતત જાગૃતીમાંથી પણ સુજયેષ્ઠાને મેળવી લેજો.

'બસ, પછી તો કહેવાપણુંજ શું હોય !

"બિંબિસારનો પુત્ર અને મગધનો મહામંત્રી આપને જણાવે છે કે આજથી ત્રીસમા દિવસે આપને વૈશાલી છોડવાનું છે આપ તૈયાર થઇ જજો.

અને કેટલીક વાતચીત પછી અત્તરના વહેપારીના વેશમા શોભતા મંત્રીરાજ પોતાની દુકાને જઇ પહોંચ્યા.

સુજયેષ્ઠાએ પોતાની નાની બહેન ચેલણાને બોલાવીને બધી વાત કહી સંભળાવી. ચેલણાએ પણ બિમ્બિસારને જ પરણવાની પ્રતિજ્ઞા લીધી. બંને બહેનો એ સાથે જ વૈશાલી છોડવાનું નક્કી કર્યું.

બિચારા ચેટકરાજ તો આમાંનું કંઇ જાણતા નહોતા.

બરાબર ત્રીસમા દિવસે સવારે અભયકુમારે સુજયેષ્ટાની મુલાકાત

લઈને કહ્યું કે, 'આપના મહેલના પાછળના ભાગમાં જે બગીચો છે, ત્યાંથી વૈશાલીની હદની બહાર સુધી ભોંયરૂ ખોદવામાં આવ્યું છે. આંબાના થડમાંથી અંદર જવાનું છે. બરાબર રાત્રીના કે દિવસના એક પ્રહર વીત્યે ભોંયરામાં પ્રવેશજો. મહારાજા બિંબિસાર પોતાના રથમાં આપની રાહ જોતા ઊભા હશે.

ત્રીસ દિવસમાં તો અભયકુમારે ઘણું મોટું કામ કરી નાખ્યું હતું. મગધની હદમાંથી તે સુજ્યેષ્ટાના મહેલ સુધી એક રથ સહેલાઈથી જઈ શકે તેવું ભોંયરૂં ખોદાવ્યું હતું. મહારાજાને સંદેશો મોકલીને નક્કી કરેલા દિવસે બોલાવી લીધા હતા. મહારાજાના રક્ષકો તરીકે નાગ સારથિ બત્રીસ પુત્રો સાથે ગયા હતા.

સુજ્યેષ્ઠાને સમાચાર આપીને મંત્રીરાજ તરતજ વૈશાલી છોડીને મગધ તરફ રવાના થઇ ગયા હતા.

નક્કી કરેલા સમયે સુજ્યેષ્ઠા અને ચેલણા ભોંયરામાં ઊતરી. નજીકમાંજ મહારાજાનો રથ ઊભો હતો. અચાનક સુજ્યેષ્ઠાને કંઇક યાદ આવતાં તેણે ચેલ્લણાને કહ્યું, 'ચેલ્લણા, તું જઇને રથમાં બેસ, હું હમણાજ આવું છું ?'

'કેમ ?' ચેલ્લણાએ પ્રશ્ન કર્યો.

હું મારા અલંકારોનો ડબો ભુલી ગઇ છું, તે લઇ આવું;

અને તે તરત જ પાછી ફરી. ચેલ્લણા કંઇક કહેવા જતી હતી, પણ સુજ્યેષ્ઠા સાંભળવા થોભી નહી. ચેલ્લણા રથમાં જઇને બેઠી.

અચાનક કંઇક કોલાહલ થયો. સારથિએ કહ્યું કે 'મહારાજ, વૈશાલીપતિને ખબર પડી ગઈ હોય એમ લાગે છે. આપણે અહીંથી છટકવું જોઇએ.'

મહારાજાને તો ખબર નહોતી કે રથમાં કોણ બેઠું છે. તેમણે માન્યું કે સુજ્યેષ્ઠા આવી ગઇ છે. ચેલ્લણાનો તો તેમને ખ્યાલ પણ ક્યાંથી હોય ?

તેમણે રથને હંકારી મૂકવાની સારથિને આજ્ઞા કરી.

સારથિએ રથ હંકારી મૂકયો.

ચેલણાએ મહારાજાને કહ્યું કે, 'મારી બહેન હજી આવી નથી.' પણ કોલાહલ વધી ગયો હતો, મહારાજાનું ધ્યાન તે તરફ હતું. તેમણે ચેલણાના શબ્દો બરાબર સાંભળ્યા નહિ.

ચેટકરાજનું સૈન્ય તેમની પાછળ પડયું.

સુલસાના બત્રીસ વીર પુત્રોના ભોગે મહારાજા સુખરૂપ મગધની હદમાં પ્રવેશી ચૂકયા. ત્યાં તેમને ખબર પડી કે, આ સુજયેષ્ઠા નહિ, પણ ચેલણા છે.

મહારાજાએ મહારાણી તરીકે તેને સ્વીકારી લીધી. તે બોલ્યા કે, 'જેવા જેના પૂર્વ ભવના સંબંધ.'

આ રીતે બિચારી સુજયેષ્ઠા વૈશાલીમાં રહી ગઇ અને ચેલણા મગધની મહારાણી બની ગઇ."

કૃતપુણ્યે પોતાની વાર્તા પૂરી કરી.

તેની વાર્તા કહેવાની ઢબ એવી હતી કે, જાણે એ પ્રસંગ તે વેળાએ બની રહ્યો હોય !

લોકો બોલી ઊઠયા. "હશે, સુજયેષ્ઠા નહિ, તો સુજયેષ્ઠાની બહેન. ગમે તેમ તો પણ એ ચેટકરાજની પુત્રી તો છેજ ને!"

અને સૌ વિખરાવા લાગ્યા.

જતાં જતાં પણ લોકોમાંથી કેટલાક બોલી ઊઠયા કે, "કૃતપુણ્ય, કાલે આ સમયે આવવાનું ભૂલતો નહિ."

"જરૂર આવીશ, ભાઇઓ."

અને કૃતપુણ્ય પણ પોતાના ઘર તરફ જવા નીકળ્યો.

**
*

## પ્રકરણુ ૭ મું
## વર્ધમાન સ્વામી

બીજે દિવસે એજ સમય ને એજ સ્થાન.

ગઇ કાલ કરતાં પણુ મોટી મેદની જામી હતી. ગઇ કાલના શ્રોતાઓ પોતાના મિત્રોને પણુ સાથે લેતા આવ્યા હતા. તે ઉપરાંત જે જે લોકોએ જાણ્યું હતું કે, આજે કૃતપુણ્ય વર્ધમાન સ્વામીની કથા કહેનાર છે, તે તે લોકો ઉમંગથી અને તેમ સારી જગા મેળવવા માટે વહેલા આવી પહોંચ્યા હતા.

મહામંત્રી અભયકુમારના સાંભળવામાં આ વાત આવી હતી. કૃતપુણ્યની કથા સાંભળવાને તેમને પણુ ઉત્કંઠા જાગી. તેમણે વિચાર્યું કે 'જેના મુખેથી કથા સાંભળવા માટે આટલા બધા માણુસો તત્પર થાય છે, તેની કથા—વાર્તા એક વખત અવશ્ય સાંભળવી જોઇએ.' તે પણુ ગૃહસ્થના સાદા વેશમાં પોતાના એક માણુસની સાથે આવીને એક બાજુએ ઊભા.

કૃતપુણ્ય આવી પહોંચ્યો. લોકોએ તાળીઓ પાડીને પોતાની ખુશાલી વ્યકત કરી.

માનવ સ્વભાવની ઘેલછા એક અજબ પ્રકારની હોય છે.

કૃતપુણ્ય એક નાના ઓટલા પર ચઢીને ઊભો રહ્યો. લોકો તેને જોઇ શકે અને તે લોકોને જોઇ શકે, તેવી જગા તેણે પસંદ કરી હતી.

ભાષણુ કરનારાઓમાં એટલી હોંશીયારીતો પ્રથમથીજ આવી હોય છે.

" મિત્રો, હું મોડો આવ્યો છું, એમ ધારીને તમે મારા પર જરૂર ગુસ્સે થયા હશો !" પોતાના આનંદી સ્વભાવ પ્રમાણે તેણે પ્રથમ વાક્ય ઉચ્ચાર્યું.

" અત્યાર સુધી અમને તડકે તપાવ્યા તેથી ગુસ્સે ન થઇએ ?" એક આઠેક વરસનો બાળક બોલી ઊઠયો.

"જરૂર; તમને અધિકાર છે, મારા નાના ભાઇ" તે બાળક પ્રત્યે દૃષ્ટિ કરતાં કૃતપુણ્ય બોલ્યો. " પણ તમે એક વાત ભૂલી ગયા છો કે, હું તો સમય પ્રમાણેજ આવ્યો છું. તમે લોકો સમય કરતાં વહેલા આવ્યા છો."

બધા હસી પડયા. કૃતપુણ્યની બોલવાની ઢબજ એવા પ્રકારની હતી કે, લોકોથી હસ્યા સિવાય રહેવાયજ નહી.

"ઠીક, ચાલો. હવે આપણે આપણી વાર્તાની શરુઆત કરીયે." બધા શાંત પડયા પછી કૃતપુણ્ય બોલ્યો. તેણે હંમેશની પોતાની રીત પ્રમાણે એક વખત બધા પર દૃષ્ટિ ફેરવી જોઇ. પોતાનું કાર્ય પતી ગયા પછી તેણે વાર્તાની શરુઆત કરી.

"ભાઇઓ, આજે હું એક એવા મહાત્માની વાર્તા તમને સંભળાવવાનો છું, કે જે સાંભળતાં જ તમારાં બધાં પાપોનો ક્ષય થઇ જાય.

મગધ પ્રદેશમાં કુંડ-બ્રાહ્મણકુંડમાં કુડાલસ કુલનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ હતું ઋષભદત્ત. તેને દેવાનંદા નામની સ્ત્રી હતી. તે સ્ત્રીએ અષાઢ શુદી ૬ ના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચૌદ મહા સ્વપ્નો જોયાં હતાં. તે ચૌદ મહા સ્વપ્નો અલૌકિક કેહવાય છે, તે ચૌદ સ્વપ્નો કયાં કયાં તે હું તમને કહી સંભળાવું છું.

પહેલું સ્વપ્ન હાથી, બીજું વૃષભ, ત્રીજું સિંહ, ચોથું લક્ષ્મી, પાંચમું પુષ્પમાળા, છઠ્ઠું ચન્દ્ર, સાતમું સૂર્ય, આઠમું ધ્વજા, નવમું કુંભ, દસમું પદ્મ સરોવર, અગીઆરમું સમુદ્ર, બારમું દેવ વિમાન, તેરમું રત્ન રાશી, અને ચૌદમું નિર્ધૂમ અગ્નિ.

આ રીતનાં ચૌદ મહા સ્વપ્નો તેણે જોયેલાં, ત્યારથી તેને ગર્ભ

રહેલો. જ્યારે કોઇ પણ સ્ત્રીને ગર્ભ રહે અને તેના જોવામાં આવાં ચૌદ મહા સ્વપ્નો આવે, ત્યારે સમજી લેવું કે કોઇ [૧] મહા પુરુષનો જન્મ થવાનો હોવો જોઇએ.

પણ અચાનક એક કૌતુક થયું.

ગર્ભને જ્યારે બ્યાસી દિવસ થયા ત્યારે અચાનક દેવાનંદાના મોંમાંથી તે ચૌદ મહા સ્વપ્નો પાછાં નીકળતાં હોય, તેવો તેને ભાસ થયો.

તે જ અરસામાં કુંડગ્રામના[૨] રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાદેવીએ ચૌદ મહા સ્વપ્નો જોયાં. તેમણે તે વાર્તા પોતાના પતિને કહી સંભળાવી. તે દિવસ હતો આશો વદ તેરસનો. તે શુભ દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો પ્રવેશ થયો હતો.

ત્રિશલાદેવીને ચૌદ સ્વપ્નોનાં દર્શન થયા પછી તેમના રાજ્યમાં ધનધાન્યની વૃદ્ધિ થવા લાગી. જ્યારે ગર્ભને નવ માસ અને સાડા સાત દિવસ પૂરા થયા, ને ચન્દ્રમા હસ્તોત્તરા (ઉત્તરાષાઢા) નક્ષત્રમાં પ્રવેશ્યો ત્યારે ત્રિશલાદેવીએ એક સિંહના લક્ષણવાળા સુંદર પુત્રને જન્મ આપ્યો. [૩] પુત્રનો જન્મ થવાથી સિદ્ધાર્થ રાજાએ પોતાના રાજ્યમાં મોટો ઉત્સવ ઉજવ્યો.

ત્રિશલાદેવી કોણ, તે જાણો છો ? આપણાં મહારાણી ચેલણાદેવીના પિતા ચેટકરાજનાં બહેન.

---

૧ તીર્થંકર  ૨ વૈશાલીનું એક પરૂં.

૩ વિક્રમ સંવતની ૫૪૩, શક સંવતની ૬૭૮ અને ઇસ્વીસનની ૬૦૦ વર્ષ પૂર્વે, ચૈત્ર શુદ ૧૩ ના દિને મધ્યરાતે ભગવાન મહાવીરનો જન્મ થયો હતો. ઇતિહાસના આધારે એમ માલમ પડે છે કે, દેવાનંદાનો જે ગર્ભ હતો તેજ મહાવીર સ્વામીનો હતો, અને ત્રિશલાદેવીના ગર્ભમાં પુત્રી હતી. પણ ઇંદ્રરાજાને જ્યારે તે વાતની ખબર પડી, ત્યારે તેમને થયું કે તીર્થંકરનો જન્મ સામાન્ય વ્યક્તિને ત્યાં ન હોય. તેમનો જન્મ તો કોઇ રાજાને ત્યાં થવો જોઇએ. એટલે તેમણે એક દેવ મારફતે બંનેના ગર્ભની અદલા બદલી કરેલી. તેજ કારણે દેવાનંદાના મુખેથી તેણે જોયેલાં સ્વપ્નો પાછા નીકળેલાં.

ચૈત્ર સુદ તેરસની રાત્રે જન્મેલા પુત્રનું નામ સિદ્ધાર્થરાજાએ વર્ધમાન રાખ્યું. કારણ કે વર્ધમાન કુમારના ગર્ભમાં આવ્યા પછી રાજ્યમાં ધન–ધાન્યની વૃદ્ધિ થઇ હતી.

વર્ધમાનકુમાર બાલ્યકાળથીજ તેજસ્વી હતા. બાલ્યકાળથીજ તે અહિંસા અને સત્યને વળગી રહ્યા હતા. તેમને એક વખત તેમનાં માતા પિતાને સંસાર ત્યાગવાની વાત કરી. પણ માતા પિતાએ તેમને તેમ કરતાં અટકાવીને તેમનું લગ્ન સમરવીર નામના રાજાની પુત્રી યશોદાદેવી સાથે કરી નાખ્યું. તેમની ઇચ્છા લગ્ન કરવાની નહોતી, છતાં માતા પિતાના સંતોષને ખાતર તેમણે પ્રભુતામાં પગલાં માંડયા.

તે વખતે તેમને નંદિવર્ધન નામના મોટા ભાઇ અને સુદર્શના નામની નાની? બહેન હયાત હતાં.

યશોદાદેવીની કૂખે એક પુત્રી જન્મી, તેનું નામ [1]પ્રિયદર્શના રાખવામાં આવ્યું.

વર્ધમાન સ્વામી જ્યારે અઠ્ઠાવીસ વરસના થયા ત્યારે તેમનાં માતા પિતા સ્વર્ગે સિધાવ્યાં. માતા પિતાનાં મૃત્યુ પછી તેમણે તેમના મોટા ભાઇ નંદિવર્ધન પાસે પોતાની ઇચ્છા પ્રકટ કરી. પણ નંદિવર્ધને બે વરસ થોભી જવાનું કહેતાં જણાવ્યું કે, 'ભાઇ, માતા પિતાનાં મૃત્યુનો ઘા રુઝાયો નથી. માટે બે વરસ થોભી જાવ તો સારૂં.' વડિલ બંધુની ઇચ્છાને આજ્ઞા માનીને વર્ધમાન સ્વામી બીજાં બે વરસ સંસારમાં રહ્યા.

તેમની પ્રતિભા, શકિત અને તેમનો સંયમ જોઇને લોકો તેમને મહાવીર કહેતા હતા. સુવર્ણ જેવા વર્ણ જેવી તેમની તેજસ્વી કાયા સંપૂર્ણ સાત હાથ ઊંચી હતી.

૧ પ્રિયદર્શનાનું લગ્ન મહાવીર સ્વામીની બહેન સુદર્શનાના પુત્ર જમાલી સાથે થયું હતું. તે વખતે ક્ષત્રિયોમાં મામા ફૂઇના છોકરાંઓનાં લગ્ન થઇ શકતાં હતાં.

આખરે તેમણે ત્રીસમા વરસે સંસાર ત્યાગ્યો.[૨]

ત્યાગને આજે કેટલાયે વરસો વીતી ગયાં છે. આજે તેમને મહાવીર સ્વામી કહીને લોકો બોલાવે છે. બૌધ્ધોને પણ તેમણે પોતાની નીતિ તરફ વાળ્યા છે. દેશો દેશમાં ફરીને તે અહિંસા અને સત્યનો નાદ ગજાવી રહ્યા છે. પોતાની મીઠી વાણીથી, કોઇપણ ધર્મને ન નિંદતાં તે યજ્ઞોને અટકાવી રહ્યા છે. શિકાર, પશુઓનો વધ અને યુધ્ધો બંધ થાય તોજ જગતની ઉન્નતિ છે, એવો એ બોધ આપી રહ્યા છે. ક્રોધ, માન, માયા, ને લોભઃએ ચારેના તે મહાન વિજેતા બન્યા છે. આજે તેમને મહારાણી ચેલણા વંદે છે. રાણી સુનંદા પણ તેમનાં અનુયાયી છે. મહામંત્રી અભયકુમાર તો તેમને પ્રભુ તરીકે માને છે. બૌધ્ધ ધર્મમાં માનનાર આપણા મહારાજા પણ હવે તેમના પ્રત્યે પક્ષપાતિ બન્યા છે.

તેમની વાણીમાંથી કોઇપણ પ્રકારના અટપટા પ્રશ્નો ઉદ્ભવતા નથી. તેમના ઉપદેશમાં કોઇપણ ધર્મની નિંદા હોતી નથી. તે દરેક પ્રાણીને સમાન માને છે. તે સ્યાદ્વાદ સિદ્ધાંતના પ્રતિપાદક છે, દરેક ધર્મને તે શ્રેષ્ઠ કહે છે. તે કહે છે કે, કોઇપણ ધર્મમાં હિંસા કે અસત્યને સ્થાન આપવામાં આવ્યું હોતું નથી. દ્વેષ, ઝગડા કે વૈમનસ્ય કોઇપણ ધર્મે સૂચવ્યાં નથી. ઊચ્ચ નીચનાં ભેદ કોઇ ધર્મે પાડી આપ્યા નથી.

---

૨ મહાવીર સ્વામીએ પંચ મુષ્ઠિએ લોચ કરીને સિધ્ધને નમસ્કાર કર્યા, અને વિક્રમ સવંતની ૫૧૩, શક સવંતની ૬૪૮, ઈસ્વીસનની ૫૭. પૂર્વે માગશર શુદ ૧૦ ના દિને હસ્તોત્તરા નક્ષત્રમાં જ્યારે ચંદ્રમા આવ્યો ત્યારે તેમણે ચારિત્ર્ય ગ્રહણ કર્યું. વિક્રમ સંવતના ૫૦૧, ઇસ્વીસનના ૫૦૮, પૂર્વે વૈશાખ શુદ ૧૦ ના દિને જ્યારે ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં પ્રવેશ્યો ત્યારે જુંભક નામના ગામ પાસે, ઋજુવાલુકા નામની નદીના કિનારે એક વ્યંતરના જીર્ણ થઇ ગયેલા મંદિરની નજીકમાં શ્યામાક નામના એક ગૃહસ્થના ખેતરમાં શાલ નામના વૃક્ષની નીચે ગાયને દોહવા બેસીએ તેવી રીતે ઉત્કટિક આસને ભગવાન મહાવીર સ્વામીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

સર્વ શ્રેષ્ઠ ભાવના તરીકે 'ત્યાગ' ને તે રજુ કરે છે. ત્યાગમાંથીજ અહિંસા અને સત્યની ઉત્પત્તિ તેમણે વર્ણવી છે. જો માનવ માત્ર ત્યાગ, અહિંસા અને સત્યને સ્વીકારે–અનુસરે તો જગત સ્વર્ગ બને. દુઃખ આપોઆપ નાશ પામે. દ્વેષ પોતાની મેળેજ ઓસરી જાય.

બૌધ્ધો પણ તેમની પાસે દીક્ષા લેતા થયા છે. તેમણે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે. ચતુર્વિધ સંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. ત્યાગની ભાવનાવાળાઓ તે સંઘમાં સ્થાન મેળવે છે.

તેમના ઉપદેશનું એકજ કેન્દ્ર હોય છે. તે એટલે **માનવજીવનનું સાર્થક કરો.** મનુષ્યનો અવતાર ફરી ફરીને મળતો નથી.

તેમનો વિદ્વત્તાભર્યો ઉપદેશ સાદો અને સરળ હોય છે. ઉપદેશ સાંભળનારને તેમના પગમાં લોટી જવાનું મન થાય છે. શ્રોતાઓની તૃષા છિપાતી નથી. મારા બધા સિદ્ધાંતો મેં તેમના ઉપદેશમાંથી ગ્રહ્યા છે. મારી ખાસ ભલામણ છે, ભલામણ શું વિનંતિ છે કે જેમણે તેમના દર્શન કર્યાં ન હોય તે અવશ્ય દર્શન કરી આવે. જેમણે તેમનો ઉપદેશ સાંભળ્યો ન હોય તે અવશ્ય તેમનો ઉપદેશ સાંભળી આવે. હંમેશાં મારી પાસેથી વાર્તાઓ સાંભળનાર પાસેથી બદલા તરિકે આજે હું આટલું માગી લઉં છું; મને ખાત્રી છે કે, કોઇજ 'ના' નહિ કહે."

કૃતપુણ્યે પોતાની વાર્તા પૂરી કરતાં કહ્યું.

જવાબમાં સૌ બોલી ઉઠયા:

"અમે વર્ધમાન સ્વામીના દર્શન કરવા જઇશું. તેમનો ઉપદેશ સાંભળવા જઇશું."

## પ્રકરણ ૮ મું

## નવા પંથે

એવા મશ્કરા સ્વભાવનો કૃતપુણ્ય અચાનક બદલાઈ ગયો. તેનું નિર્દોષ જીવન એકદમ વિષમય બની ગયું.

મલ્લિકાના નૃત્યે તેના પર જુદીજ અસર કરી. તેનાં નયનોમાં વિલાસની આછી છાયા પ્રકટી. તેના વિચારોમાં પાપનાં અંકુરો ફૂટયાં. નિખાલસ સ્વભાવે અચાનક પલટો ખાધો. માતા પિતાની સેવા, પત્ની પ્રત્યેની વફાદારી, ધર્મનો ઉદ્ધાર, માનવતાનો પ્રચાર, અહિંસાનો બોધ અને સત્યનો પ્રચાર કરવાની તેની ધગશ અચાનક ક્યાં અદૃશ્ય થઈ ગઈ.

વિષય લોલુપતાને જીવનમાં સ્થાન નહિ આપવાના, પાપમય વાતાવરણથી અલગ રહેવાના, ને નીતિમય જીવન જીવવાના તેના કોડ અચાનક નાશ પામી ગયા.

મહાવીર સ્વામીના અનુયાયી કહેવડાવવાનો તેનો દાવો ક્યાંય ચાલ્યો ગયો. શ્રવણકુમારની પેઠે માતા પિતાની ખરા અંતઃકરણથી સેવા કરવાની તેની ભાવના લય પામી ગઈ. એક પત્નીવ્રતપણાનો તેનો દાવો ક્ષય પામી ગયો. ક્ષણભંગુર સુખ પ્રત્યે તેને પ્રેમ જાગ્યો.

ક્રોધ, માન, માયા, ને લોભઃ એ ચાર દુશ્મનનો પરાજય કરવો બહુ કઠિન છે. એ ચારે દુશ્મનોને જીતનાર માણસ જીવન જીતી જાય છે. સંસાર તરી જાય છે, ને જન્મ, જરા અને મૃત્યુનાં બંધનોમાંથી છૂટી જાય છે.

એવો વિજેતા માણસ લાખો, કરોડોમાંથી એકજ મળી આવે છે, કેટલાયે વર્ષે એકાદજ જડી આવે છે.

જગત તેને નમે છે, વંદે છે, ને તેનાં યશોગાન ગાય છે. તેનું જીવન પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે.

તેમાં પણ ઉદયની ક્ષણોની આવશ્યકતા હોય છે. જેનાં કર્મો ભોગવવાનાં બાકી હોય, તેની ઉન્નતિની ક્ષણો પણ દૂર હોય.

કૃતપુણ્ય સમજુ હતો. તે ઉન્નતિના માર્ગે વહી રહ્યો હતો. છતાં તેને ભોગવવાનાં કર્મો બાકી હોય, તેમ તેના પતનની ક્ષણો આવી લાગી. તેને મલ્લિકા પ્રત્યે મોહ જાગ્યો. તેના ચહેરા પરનાં ચિન્હોમાં ફરક પડી ગયો. રાત્રે થોડો સમય પત્નિની સાથે વાતોમાં વિતાવ્યો. નિર્દોષ પત્નીને પતિ વિષે જુદા વિચારો કરવાનું કારણ નહોતું.

પત્ની નિદ્રાદેવીને ખોળે પડી.

કૃતપુણ્ય વિચારે ચડયો.

'કેવુ સુંદર રૂપ! અહા, મલ્લિકા, તને ઘડવામાં બ્રહ્માએ કેટલો સમય બરબાદ કર્યો હશે! સુમધુર શરદ ઋતુના ચંદ્ર જેવું તારૂં મુખ કોના જીવનમાં પલટો ન લાવે! તારા માછલી જેવા નેત્રોમાંથી ઝરતું અમૃત ચૂસવાને—પીવાને કોણ તૈયાર ન થાય! તારા કંચન જેવા દેહમાંથી ઝરતું લલિત લાવણ્ય કોને ન આકર્ષે! કુમળી કુંપળો જેવા તારા હોઠ, કમળની દાંડી જેવા તારા હાથ, ચંપાની કળીઓ સમી તારી નાજુક આંગળીયો, ને મોતીની માળા જેવી તારી દાંતની પકિતઓ: ખરેખર. તારા સૌંદર્યની પ્રશંસા કરવાને પણ કોણ શકિતમાન હોય!

યૌવનના ઝૂલે ઝૂલતી તારા જેવી સૌંદર્ય પ્રતિમા હજી સુધી કુમારિકા હોય, એ આશ્ચર્ય ન કહેવાય? વિલાસી વાતાવરણમાં રહેનારી અને લક્ષ્મીની છોળોમાં વિહરનારી તારા જેવી રાજનર્તિકા પોતાના મન પર આવો મજબૂત કાબૂ રાખી શકે, ને સ્વેચ્છાએ સંયમ પાળી શકે, એતો તારા જીવનથીજ જાણ્યું. એક ગણિકાની

પુત્રી હોવા છતાં, તું ગૃહસ્થાશ્રમી કન્યા કરતાં શ્રેષ્ઠ નીવડી તારા જેવીને તો ધન્યવાદ ઘટે !

પણ તારૂં જીવન હવે કૌમાર્યમય નહિ રહી શકે. તારે તારો દેહ એક યુવકને સોંપવો પડશે. તારાં નયનોમાંનું અમૃત પાવું પડશે, તારાં લલાટમાંનાં પ્રસ્વેદનાં બિન્દુ તેને ચૂમવાં દેવા પડશે. તારા ગુલાબી હોઠને તેના હોઠની સાથે ગેલ કરવા દેવા પડશે. તારો નાજુક દેહ તેના બાહુમાં સમાવી દેવો પડશે.

મલ્લિકા, તું, માનીશ નહિ કે તારા પર બળાત્કાર કરશે. તે તો ભોળો યુવક છે, નીતિમાં માનનારો તે ભોળો યુવક તારા મોહમાં અંધ બનીને તારા ચરણ ચૂમવાને તૈયાર થયો છે. તારા બોલે તારી સેવા કરવાને તત્પર થયો છે, તારા સૌંદર્યની પાછળ ઘેલો બનીને પોતાની પત્નીને પણ ત્યાગવાનો વિચાર કરી ચૂકયો છે.

તને વિનવશે, તારા પગ ચૂમશે, તારી સેવા કરશે, તારા શબ્દે પોતાનો પ્રાણ આપવાને પણ તૈયાર થશે, પણ તારો સહવાસ, તારો સંગ, તારો પ્રેમ મેળવ્યા સિવાય તે નહિ રહે.

તારી ઇચ્છા હશે કે નહિ હોય, પણ તેની નિર્દોષતા તને પિગળાવ્યા સિવાય નહિ રહે. તેની સેવા તારામાં પ્રેમના અંકુરો ઉગાડયા સિવાય નહિ રહે. તેની વાણીની મીઠાશ તને લોભાવ્યા સિવાય નહિ રહે.

અહા, મલ્લિકા ! તને કોની ઉપમા આપું ? રંભા અને મેનકા તો તારી પાસે તારી દાસી તરીકે પણ ન શોભે. ઇન્દ્રની ઇન્દ્રાણી તો અલંકારોથી દીપી નીકળે છે, પણ તું તો વગર અલંકારે પણ તેનાથી વધુ સુંદર લાગે છે. લક્ષ્મીજી તો વિષ્ણુની છાયામાં શોભે છે, પણ તું તો સ્વયં, એકલી, વિના મદદે સૌંદર્યવતી તરીકે માન પામે છે.

શું તારૂં લાવણ્ય આવી રીતે કરમાઇ જાય તે યોગ્ય ગણાય ખરૂં ?

કૃતપુણ્યના વિચારો તો હદ વટાવી ચૂકયા હતા. તે પોતાની પત્નીને ત્યાગવા તૈયાર થયો હતો. તીર્થસ્વરૂપ માતાપિતાની સેવાની

પણ તેને ખેવના રહી નહોતી. કુળાભિમાન પણ અદૃશ્ય થઇ ગયું હતું. અંતે રંભા અને મેનકાને મલ્લિકાની દાસી તરીકે પણ તેણે અયોગ્ય ઠરાવી. ઇન્દ્રાણીને અલંકારોથી શોભતી કહીને તેમને કલંકિત કરવાની હિંમત કરી. વિષ્ણુની છાયાથીજ શોભે છે, કહીને લક્ષ્મીજીનું અપમાન કર્યું.

માણસની કલ્પના ક્યાં સુધી વધી શકે છે, તેની વ્યાખ્યા કરવી કે મળવી મુશ્કેલ છે. માણસ વિચારોની ઘેલછામાં દેવોને પણ તુચ્છ માનવાની હિંમત કરે છે. કુદરતની મશ્કરી કરવાની પણ હામ ભીડે છે. નીતિને અને ધર્મને તિરસ્કારવાની મૂર્ખાઇ કરે છે.

કૃતપુણ્યની હોંશિયારી એકદમ મૂર્ખાઇમાં પલટાઇ ગઇ હતી. ઉન્નતિના શિખરે પહોંચેલા તેના વિચારો એકદમ રસાતાળ જઇ પહોંચ્યા હતા.

એ દિવસ તેણે આવાજ વિચારો કરવામાં વિતાવ્યા. માતા પિતાને કે પત્નીને પોતાના વિચારોની ગંધ સુદ્ધાં ન આવે, તેની કાળજી રાખવામાં તેણે ધ્યાન આપ્યું. તે જાણતો હતો કે વ્હાલ સોયા માતા પિતા જો પોતાના વિચારો જાણે તો એક ક્ષણ પણ તેને અળગો ન કરે. પતિ પરાયણ ધન્યા જો પોતાના પતિના આવા વિચારો જાણે તો તરતજ અન્નજળનો ત્યાગ કરે.

મલ્લિકાના વિચારો કરતો કૃતપુણ્ય પોતાના હંમેશના સ્વભાવ પ્રમાણે આનંદી જ દેખાતો હતો, બોલવા ચાલવામાં કે ખાવા પીવામાં બિલકુલ ફરક પડયો નહોતો.

એ દિવસમાં તેણે હિંમત કેળવી.

પોતાનો જાતિ સ્વભાવ ત્યાગવો, આદર્શ વિચારોને બાળીને ભસ્મ કરવા, માતા પિતાનો પ્રેમ ત્યાગવો, ને સ્નેહાળ પત્નીની ગોદ ત્યાગવી, એ કંઇ સાધારણ વાત નથી.

કૃતપુણ્યે એ જ દિવસમાં તેટલી હિંમત કેળવી, કોઇને પણ કહ્યા સિવાય તે ઘરમાંથી બહાર નીકળ્યો.

મલ્લીકાનું મકાન તો પ્રસિદ્ધ જ હતું. તે કેટલીયે વાર તેના મિત્રોની સાથે ત્યાંથી પસાર થયો હતો. તે મકાનની વિશિષ્ટતા એ હતી કે, જ્યારે મલ્લીકા ઘરમાં હોય ત્યારે તેના પર એક નાની ધ્વજા ફરકયા કરતી, ને તે બહાર ગઇ હોય ત્યારે તે ધ્વજાને નીચે નમાવી દેવામાં આવતી.

કૃતપુણ્ય તે મકાન પાસે આવ્યો. તેણે મકાનની ટોચ પર નજર કરી તો નાની, નાજુક ધ્વજા પવનની સાથે ગેલ કરી રહી હતી. તે કોઇ પણ જાતના ડર સિવાય, વિના સંકોચે ઉપર ગયો, તેને અચકાયા સિવાય જતો જોઇને પહેરા પર હાજર રહેલા માણસે રોકયો નહી. એક ખંડના દરવાજા પાસે બહારની બાજુયે એક દાસી બેઠી હતી. કૃતપુણ્યે તેને પ્રશ્ન કર્યો:

"બાઇસાહેબ અંદર છે?"

હા જી. સામેના ખંડમાં બિરાજ્યાં છે." દાસીએ નમ્રતાથી જવાબ આપ્યો. કૃતપુણ્યને રજવાડી વાતાવરણ ભાસ્યું,

તે સામેના ખંડના દરવાજામાં જઇને ઊભો. તેણે જોયું કે ખંડમાં ત્રણ સ્ત્રીઓ બેઠી છે. એક પ્રૌઢ-વૃધ્ધા જેવી દેખાય છે. બીજી બે જુવાન છે. બંનેમાં આઠ દશ વરસનું અંતર હોય, એમ એને લાગ્યું. તે થોડો સમય એમને એમ ઊભો રહ્યો. ત્રણે સ્ત્રીઓ વાતચીત અને વિચારમાં મશગુલ હતી.

અચાનક નાનીની દષ્ટિ પ્રવેશ દ્વાર પર પડી. તે કંઇક બોલી રહી હતી.

પ્રવેશ દ્વારમાં એક સુંદર યુવાનને ઊભેલો જોઇને આગળ બોલતી અટકી ગઇ.

નાનીનો પૂર્ણિમાના ચંદ્ર જેવો શાંત ચહેરો જોઇને કૃતપુણ્ય દરવાજામાં ઊભો ઊભો જ ઠરી ગયો.

## પ્રકરણ ૯ મું

## મલ્લિકાના આવાસમાં

અનંગસેનાને પ્રવેશ દ્વાર તરફ એકી ટશે નિરખી રહેલી જોઈને મલ્લિકાએ અને તેની માતાએ પણ તે તરફ દૃષ્ટિ કરી. તેમણે પણ એક સુંદર યુવાનને જોયો. મલ્લિકા શાંતપણે પોતાની હંમેશની કલામય રીતે ઊઠી. કોઈપણ જાતની ઉતાવળ વિના તે કૃતપુણ્ય પાસે ગઈ.

"પધારો" આવકાર આપતાં તે બોલી.

કૃતપુણ્ય તે ખંડમાં દાખલ થયો.

મખમલથી આચ્છાદિત કરેલી એક ગાદી તરફ નેત્ર સંકેત દર્શાવતાં મલ્લિકા બોલી.

"બિરાજો"

કૃતપુણ્ય વિના સંકોચે બેઠો.

સાધારણપણે તેને લોકો બેપરવાઈથી વર્તનારો કહીને સંબોધતા. નાનપણથી તે સ્વતંત્રપણે વિહરતો હતો. સેંકડો, હજારોની મેદનીમાં, શરમ ત્યાગીને તે વાર્તાઓ કહેતો, બોધ આપતો અને ચર્ચાઓ કરતો. ગમે તેવા સત્તાધીશને મળવામાં તેને ડર લાગતો નહી.

આજે પણ તે સંકોચ રહિત હતો.

જે ગાદી પર તે બેઠો હતો. તે ગાદી આઠેક આંગળ જેટલી ઉંચી હતી. ત્રણ હાથ પહોળી અને બાર હાથ લાંબી હતી. તેના પર ભીંત પર ટેકવીને કેટલાયે તકીયા ગોઠવવામાં આવ્યા હતા. દરેક

તકીયા પર મખમલની ખોળો ચઢાવવામાં આવી હતી. મખમલ પર સોનેરી સાચી જરીનું ભરતકામ કરવામાં આવ્યું હતું.

ભીંત પર કેટલાંક ચિત્ર લટકાવવામાં આવ્યાં હતાં. ચિત્રોમાં ફક્ત કુદરતી દશ્યો જ આલેખવામાં આવ્યાં હતાં. પહાડ અને નદીઓ, ઝાડ અને ઘાસ, ઉષા અને સંધ્યા.

કૃતપુણ્યે બારીકાઈથી તે સર્વનું નિરીક્ષણ કર્યું. ખંડના વાતાવરણમાં તે કંઇજ સમજી શકયો નહિ. વિલાસીતત્ત્વોનું નામ નિશાન પણ નહોતું.

"આપનું શુભ નામ?"

આવનાર યુવક ખંડનુ નિરીક્ષણ કરવામાંથી નિવૃત થયો છે, એમ જાણ્યા પછી મલ્લિકાએ પ્રશ્ન કર્યો.

"કૃતપુણ્ય" ચાલુ સમાજમાં સામાન્ય રીતે બોલતો હોય, તેવી શાંતિથી યુવકે જવાબ આપ્યો.

મલ્લિકાએ જોયું કે બીજા આવનારાઓની જેમ આ યુવકની જીભ બિલ્કુલ થોથરાણી નથી અગર આગળ પણ વધી નથી.

"કૃતપુણ્ય કુમાર." તે બોલી, કેવુ સુંદર નામ!

બંને જણાં એક બીજાની પ્રત્યે થોડો સમય શાંતિથી નિરખી રહ્યાં.

હમેશના રિવાજ મુજબ અનંગસેના અને તેની માતા તે બંનેને એકાન્ત આપવા માટે ત્યાંથી નિકળીને બીજા ખંડમાં ચાલ્યાં ગયાં.

"કુમાર! આજે તો મારો આરામનો દિવસ છે." થોડી વાર રહીને મલ્લિકા બોલી.

"બહુજ ઉત્તમ. આપણે શાંતિથી વાતો કરી શકીશું. કૃત-પુણ્ય ઠંડા કલેજે બોલ્યો.

આવી શાંતિથી પ્રત્યેક શબ્દનુ ઉચ્ચારણ કરતો યુવક મલ્લિકાએ આજેજ જોયો.

"કેવળ વાતો કરવા માટેજ આપનું આગમન થયું છે?"

"ના"

"ત્યારે?"

"આપણાં બંનેના જીવનમાં નવિનતા આણવા માટે."

"હું સમજી શકી નહિ."

કૃતપુણ્યના કહેવાનો ભાવાર્થ ન સમજવાથી મલ્લિકા બોલી.

"તે સમજાવવા માટેજ હું આવ્યો છું." હાજર જવાબી કૃતપુણ્ય બોલ્યો.

મલ્લિકા તેના નયનોમાંથી કંઇક વાંચવાનું મંથન કરી રહી. થોડી વારે તે આગળ બોલ્યો. "હું તમારો સહવાસ ઇચ્છું છું"

"મારો સહવાસ?" મલ્લિકાએ સાશ્ચર્ય પ્રશ્ન કર્યો.

"હા. હું જાણું છું કે તમે વિલાસી વાતાવરણમાં મહાલતાં હોવા છતાં હજી નિષ્કલંક દેહે જીવન વિતાવી રહયાં છો. તમારો દેહ હજી કૌમાર્યવ્રતમાં-કૌમાર્યપણામાં ટકી રહ્યો છે. કોઇના સહવાસમાં તે આવ્યો. નથી ને કોઇનો સહવાસ તેણે ભોગવ્યો નથી. "કૃતપુણ્યે કહ્યું.

"છતાં તમે મારા દેહના સહવાસની ઇચ્છાએ આવ્યા છો? વાચાળ યુવકની વાકછટા સાથે તેની હિંમત જોઇને મલ્લિકા વિસ્મય પામતાં બોલી.

અલબત્, એક દેહ કોઇને ન સોંપાયો હોય, એનો અર્થ એ નથી થતો કે એ દેહ કોઇનેજ નહિ સોંપાય."

"કુમાર, તમારી ભાષા સાંભળનારને મુગ્ધ કરી નાંખે તેવી છે. પણ હું દિલગીર છું"

"શા માટે?"

"મેં કૌમાર્યવ્રત પાળવાનું પણ લીધુ છે."

"આવી કોમળ કાયા વિનાઉપભોગે કરમાવા માટે?"

"ના, જીવનના સાર્થકને માટે."

"જીવનનું સાર્થક તો એમાં છે કે, જન્મેલાએ પોતાની

પ્રત્યેક ઇચ્છા પૂરી કરવી."

"માટેજ મેં ગઇ કાલથી સંસાર પરનો મોહ ઉતારી નાંખ્યો છે. મને ઇચ્છા જન્મી છે કે, કૌમાર્યવ્રત પાળવું. ભોગ વિલાસને ત્યાગવાં, ને આત્માની ઉન્નતિને માટે કોઇ એકાન્ત, પવિત્ર સ્થળે જઇ આત્માને પરમ આત્મા—પરમાત્મા બનાવવો.

મલ્લિકા નર્તિકા હતી, પણ સાથે સાથે વિદ્વાનેય હતી. કૃતપુણ્યના શબ્દો પકડી લઇને તેમાં પોતાના જીવનનું ધ્યેય ગોઠવી દીધું.

પોતાને વાકપટુ માનનારો કૃતપુણ્ય મલ્લિકાનો જવાબ સાંભળીને દિઙ્મુખ બની ગયો.

'આ તે નર્તિકા કે પંડિતા? તેના મનમાં પ્રશ્ન જન્મ્યો.

કૃતપુણ્યને વિચારમાં પડેલો જોઇને મલ્લિકા આગળ કહેવા લાગી.

"કૃતપુણ્ય કુમાર, તમારા જેવી અભિલાષાઓ કેટલાએ પુરૂષોએ મારી પાસે વ્યકત કરી છે. સામાન્ય માણસથી માંડીને કોટયાધિપતીએ અને સાધારણ અમલદારથી માંડીને ખુદ મહારાજાએ પણ મારા દેહની માગણી કરી છે. પણ તે બધાની માગણીનો મેં સવિનય અસ્વીકાર કર્યો છે. કુમાર, હું સમજી શકતી નથી કે માણસ શા માટે સૌંદર્યને ન ઇચ્છતાં સૌંદર્યવતીને ઇચ્છે છે,?

સૌંદર્ય અને સૌંદર્યવતી એક બીજા સાથે સંકળાયલાં હોય છે માટે."

"એવી અસંબંધ વ્યાખ્યાઓ સર્જતાં કોણે શીખવી, કુમાર?"

"સામાન્ય કલ્પના સૃષ્ટિમાંથી આવાં સર્જન થાય છે, મલ્લિકા. આવા વિષયમાં શિક્ષણ લેવાની જરૂર હોતી નથી."

"કલ્પના સૃષ્ટિમાંથી થયેલું સર્જન હવાઇ કિલ્લા જેવું હોય છે. રેતીનો પુલ બાંધીને સમુદ્ર તરી જવાની કલ્પના કરવાથી તે કાર્ય બનતું નથી."

"શ્રદ્ધાથી બધુંજ બને છે, મલ્લિકા. હનુમાને રામ નામથી પત્થરને પાણી પર તરતા કર્યાં તો તે તર્યાં કે નહિ? બીજો કોઇ જો

તેવી કલ્પના કરે તો મૂર્ખજ કહેવાય ને !"

"જરૂર. રામ નામથી પાણીપર પત્થર તર્યા, પણ શ્રીરામને થયું કે, મારા નામથી જો પત્થર તરે છે તો હું જાતે તે નાંખુ તો વગર નામે કેમ ન તરે ? અને તેમણે પોતે કલ્પના સૃષ્ટિમાંથી ઉદ્‌ભવેલ વિચારને સત્ય ઠરાવવા માટે એક પત્થર પાણીમાં નાંખ્યો. પરિણામે આશ્ચર્ય વચ્ચે જણાઇ આવ્યું કે, પત્થર ડુબી ગયો છે. એટલા નજીવા કારણમાંથી તેમણે તત્ત્વ શોધી કાઢયું કે, અહંકાર ડુબાડે છે. શ્રદ્ધા પત્થરને પણ તારે છે."

"એટલેજ તો હું શ્રદ્ધાથી આવ્યો છું, મલ્લિકા."

"પણ તમારી શ્રદ્ધા સ્વાર્થી છે, કુમાર, શ્રદ્ધા તો નિઃસ્વાર્થી હોવી જોઇએ."

કૃતપુણ્ય મલ્લિકાના પ્રત્યેક શબ્દ પર વિચારવા લાગ્યો.

'નર્તિકાઓને અને ગાનારીઓને વળી શ્રદ્ધા અશ્રદ્ધા, સ્વાર્થ નિઃસ્વાર્થ, રામ હનુમાન શું !' તેના મગજમાંથી એક વિચારમાળા પસાર થઇ ગઇ.

થોડીવાર વિરમીને મલ્લિકા આગળ કહેવા લાગી.

"કુમાર, આજે મને એક યુવક યાદ આવે છે. આજ સુધીના જીવનમાં મેં તેના જેવો નિઃસ્વાર્થી શ્રધ્ધાવાન બીજો એક પણ યુવક જોયો નથી. વારસામાં મળેલા અમારા ધંધાને ફેરવીને મેં નૃત્ય પસંદ કર્યું. લગ્ન કરીને એક પુરૂષને દેહ અર્પવાનો મેં નિશ્ચય કર્યો. પણ એ યુવકે મારા જીવનમાં પલટો આણ્યો. તેણે કહયું કે 'મલ્લિકા' આવો સુંદર દેહ કોઇપણ પુરૂષને અર્પવા કરતાં ધર્મને કાં અર્પતી નથી ? આવું કલામય નૃત્ય વાસનાઓના કીડાઓ સમક્ષ રજુ કરવા કરતાં, દેવના ચરણમાં કેમ કરતી નથી ? માતા તરફથી મળેલો આવો વારસો તજીને પૂર્વજોના પાપોનું પ્રક્ષાલન કરવાની તને તારા સૌંદર્યથી, તારી કળાથી મળેલી તકનો લાભ શા માટે ઉઠાવતી નથી ? તું જ્ઞાની છે, દેહ ક્ષણભંગુર છે, એમ તો તું હંમેશાં કહયાજ કરે છે. તો પછી

આવા ક્ષણભંગુર દેહને માટે વિલાસનાં સાધનો શા માટે જોઇએ? દેહ ભોગની ભાવના શા માટે જાગવી જોઇએ?

અને એનું એ કથન મારા હૃદયમાં વસી ગયું. એની નજર સામે મેં પ્રતિજ્ઞા લીધી કે, 'હું આમરણાંત મારો દેહ પવિત્ર રાખીશ. ત્યારે તેણે મને કહ્યું કે, "મલ્લિકા, એક દિવસે તને જરૂર એમ લાગશે કે, આ સંસારમાં કંઇ નથી. વાસનાથી દૂર ભાગવું હોય, તો સંસારને ત્યાગવાની જરૂર છે.

આજે મને તેનું કથન સત્ય ભાસે છે. વાસનાથી મન, વચન, કે કાયાને કલંકિત કરવાં ન હોય, તો સંસારનો ત્યાગ જરૂરી છે. મારી નાની બ્હેન અનંગસેનાને પણ તેણે લગ્ન કરીને પોતાના પતિ સાથેજ ભોગ ભોગવવાની પ્રતિજ્ઞા લેવડાવી છે.

"તે યુવકનું નામ શું છે, મલ્લિકા.?"

"નામ હું નહિ કહી શકું, કુમાર."

"કારણ?"

સમાજની આંખો જુદી હોય છે. અમારે ત્યાં છૂપી રીતે આવીને નૃત્ય જોઇ જનાર, મદિરાનું પાન કરી જનાર, અને અમારા દેહની ભીખ માંગી જનાર, વ્યક્તિઓ સમાજમાં પોતાની જાતને પ્રતિષ્ઠિત તરીકે ઓળખાવી લોકોને કહેતા હોય છે કે, "નર્તિકાનાં નૃત્ય જોવામાં પણ પાપ સમાયેલું છે, ત્યાં નાયિકાને ત્યાં તો કેમ જવાય? એવા કહેવાતા પ્રતિષ્ઠિત સજ્જનો, નિર્દોષ નિઃસ્વાર્થ યુવકોને જીવતાને જીવતા ફાડી ખાવા જેટલું રૌદ્ર રૂપ ધારણ કરે છે. જો કે તે યુવક તો ખુલ્લી રીતે પતિતાઓનો પક્ષ કરે છે. ને કહે છે કે "જો પતિતાઓનો ઉધ્ધાર સમાજ નહિ કરે તો કોણ કરશે?"

ખરેખર એવા નિડર યુવકોની ચરણ રજ લેવામાં પુન્ય સમાયેલું છે."

"એ યુવક એવો નિડર હોવા છતાં, પોતાનુ નામ પ્રગટ કરવાની ના કહે છે?"

"ના તે તો પોતાનું નામ ખુલ્લી રીતે કહે છે, ફક્ત હું જ મારા મુખેથી કહેતી નથી."

"કારણ?"

"તેનું કારણ સમજવા માટે હજી સમય છે, કુમાર,"

મલ્લિકાના શબ્દો સાંભળીને કૃતપુણ્ય સમસમી ઊઠયો. એક નર્તિકા થઇને 'સમજવાને વાર છે" કહેવાંની હીંમત કરનારની જીભ કાપી નાંખવાનું મન થઇ આવ્યું.

પણ મન થયે થોડી જ કોઇની જીભ કાપી નંખાય છે!

"કારણ કે હું હજી બાળક છું" કૃતપુણ્ય કર્કશ અવાજે વ્યંગમાં બોલ્યો."

"બિનઅનુભવી અને બાળકમાં બહુ ફરક નથી હોતો, કુમાર." મલ્લિકાએ તેજ રીતે જવાબ આપ્યો.

મલ્લિકાનો એક એક શબ્દ કૃતપુણ્યના દિલને દંશ દેતો હતો.

"અનુભવ લેવા માટે તો તમારે ત્યાં આવ્યો છું." અંતે સામો ફટકો મારવા માટે તે બોલ્યો.

"મારે ત્યાં આવનારને અનુભવ આપવાનું મેં બંધ કર્યું છે કુમાર."

"તો હું અહીંથી પાછો જઇ શકું તેમ નથી. મલ્લિકા,"

"કૃતપુણ્ય કુમાર, હું માનું છું કે આવા વયે આ પંથ તમારા માટે યોગ્ય નથી."

"મલ્લિકા, યોગ્ય યોગ્યનો પૂર્ણ વિચાર કરીનેજ હું તમારે ત્યાં આવ્યો છું."

"તમારે પત્ની છે?"

"હા"

"તેની રજા લીધી છે?"

"પત્નીની રજા લેવાની આવશ્યકતા નથી લાગી."

"કારણ કે તમે તેના પતિ છો. વગર પરિચયે તમારા પર

તેણે સંપૂર્ણ વિશ્વાસ મૂકયો છે."

"મેં ધાર્યું નહોતું કે મારે આવા સવાલ જવાબમાં સમયનો ભોગ આપવો પડશે." કૃતપુણ્ય બોલ્યો.

અને ખરેખર જ તેણે માન્યું નહોતું કે પોતાને આવા પ્રસંગનો સામનો કરવો પડશે. તેણે ધારેલું કે પોતે માલ્લકાને ત્યાં જશે કે તરતજ આવકાર મળશે.

કોઇજ નર્તિકા કે નાયિકા ચાલ્યા આવતા શિકારને જતો ન કરે.

પણ આશ્ચર્ય વચ્ચે તેને જણાઇ આવ્યું કે પોતાની માન્યતાને એક સાધારણ સ્ત્રીએ ખોટી પાડી છે. પોતે દેખાવડો છે, યુવાન છે, વાચાળ છે, ને સાધારણ પણે સાધન સંપન્ન પણ છે. જ્યાં પોતે જતો હતો ત્યાં લક્ષ્મીની જરૂર પડશે, એમ માનીને પોતાની સાથે મોતીની માળા, હીરાની અંગુઠી અને કેટલાક સુવર્ણ સિક્કાઓ લીધા હતા.

અને તે બધું તેની પાસેજ રહ્યું. અહીં તો નવુંજ વાતાવરણ તેની દૃષ્ટિએ પડયું. જ્યારે પોતાને સૌંદર્ય પ્રત્યે મોહ જાગ્યો, ત્યારે સૌંદર્યની પ્રતિમાને સુખ અને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉદ્ભવ્યો.

ખરેખર, જગતમાં કયારે અને કયાં પલટા આવે છે, તે કોઇજ કળી શકતું નથી.

મલ્લિકાના વૈરાગ્યના ભાષણે-બોધે કૃતપુણ્યના મોહથી રંગાયલા મન પર કંઇજ અસર કરી નહિ. તેની આંખે મોહનાં જાળાં બાઝયાં હતાં. તેના વિચારો મોહની સાંકળોથી જકડાઇ ગયા હતા. તેને સૌંદર્યભર્યા દેહનો મોહ જાગ્યો હતો. ભોગની ઘેલછા જાગી હતી. હાડ માંસ ચૂંથવાની ભૂખ જાગી હતી.

ભોગની ઘેલછા કાર્યમાં ન પરિણમે, ત્યાં સુધી તેને સંતોષ મળવો મુશ્કેલ હતો. હાડ માંસ ચૂંથવાની જાગેલી ક્ષુધાનીતૃપ્તી ન થાય, ત્યાં સુધી સંતોષ થવો અશકય હતો.

"કૃતપુણ્ય કુમાર, હું સમજી શકું છું કે મારા પ્રત્યેક શબ્દે

તમારૂં કોમળ હૈયું વીંધાય છે. તમારી ઇચ્છા વિરૂદ્ધ તમને કંઇ પણ કહેવું એ યોગ્ય નથી, એ પણ મારી જાણ બહાર નથી. છતાં આવા મોહમય કાર્યમાં પડતાં તમને અટકાવવાની ભાવના મને શા માટે થાય છે, તે હું પોતેજ સમજી શકતી નથી. મારી પરિચારીકાઓ મારફતે મેં ઘણી વખત સાંભળ્યું હતું કે, 'કૃતપુણ્ય નામનો કોઇ યુવક અવારનવાર રસ્તાઓમાં કે એકાન્ત સ્થળે નાનાં નાનાં ટોળાંઓને સદ્ઉપદેશ આપતો હોય છે.' કુમાર, આજે હું મને પોતાને ધન્ય માનું છું કે, તમારા પ્રત્યક્ષ પરિચયનો મને લાભ મળ્યો." મલ્લિકાએ એકાએક પોતાના બધા વિચારોને ફેરવી નાંખીને કૃતપુણ્યને કહ્યું કૃતપુણ્યના ચહેરા પરથી તે જોઇ શકી હતી કે, પોતાના શબ્દો તેને ક્રોધીષ્ટ બનાવી રહ્યા છે.

મલ્લિકાના શબ્દોમાં એકાએક ફરક થયેલો જોઇને કૃતપુણ્ય છક્ થઇ ગયો. પોતાના ભાષણને એકાએક પલટો આપવો એ નાનીસૂની વાત ન કહેવાય.

મલ્લિકા કોઇકોઇ વાર પોતાની દાસીઓ દ્વારા નગરની માહિતી મેળવવાનો પ્રયાસ કરતી.

દાસ દાસીઓની ચાલાકી જગમશહૂર છે. દાસીઓ દ્વારા રાણીવાસની ખટપટો ચાલતી હોય છે. દાસીઓ, માલણો, નર્તિકાઓ અને ગણિકાઓ દ્વારા શત્રુ પક્ષની માહિતી મેળવવાની રાજાઓની પધ્ધતિ–ચાલાકી છૂપી નથી.

કૃતપુણ્યની કેટલીક માહિતી દાસીઓ દ્વારા મલ્લિકાને મળી ચૂકી હતી. તે કૃતપુણ્યને આંતરિક વંદન કરતી. 'જો આવા યુવકો રસ્તે રસ્તે, ઘેરઘેર, ગામેગામ અને દેશેદેશ જઇને અહિંસા અને સત્યની ઘોષણા ગજવતા થાય, તો હિંસા અને અસત્ય આપોઆપ નાશ પામી જાય', એવા એ વિચારો કર્યા કરતી.

તેજ કારણે તે કૃતપુણ્યને પાપની ગર્તામાં પડતો અટકાવવાની કોશિષ કરતી હતી. પણ જ્યારે તેણે જોયું કે, કૃતપુણ્ય માને તેમ

નથી. હજી તેના ઉદયની ક્ષણ આવી નથી. જ્યાં સુધી કર્મોનાં બંધનો તૂટે નહિ, ત્યાં સુધી ઉન્નતિ સંભવે નહિ. કર્મો તો ભોગવ્યેજ છૂટકો.

"મલ્લિકા, તમારી વાક્પટુતા જોઇને હું મારી જાતને તૂચ્છ માનું છું. આજ સુધી મને ગર્વ હતો કે, મારી વાક્પટુતાની બરોબરી કરવાને જવલ્લેજ કોઇ નિકળી આવશે. પણ મારો ગર્વ પહેલી મુલાકાતે જ હણાઇ ગયો. તમારા વાક્ચાતુર્ય આગળ મારૂં વાક્ચાતુર્ય ઝાંખુ છે." કૃતપુણ્ય પોતાનો ક્રોધ શમાવી દેતાં બોલ્યો.

"કૃતપુણ્ય કુમાર," મલ્લિકા કહેવા લાગી. " મારી ભાવના હતી કે હું તમને આ પંથે જતા અટકાવવાનો લાભ મેળવું. પણ મારી ભાવના ફળે તેમ નથી, એની મને ખાત્રી થઇ ચૂકી છે. તે કારણે હું તમને એક વાત ખુલ્લા દિલથી જણાવું છું.

જુઓ, મને સંસાર પર, વૈભવ પર કે વિલાસ પર મોહ રહ્યો નથી. તમે જ્યારે આવ્યા ત્યારે હું મારી નાની બહેન અનંગસેનાને અને મારી માતાને તેજ કહી રહી હતી. અત્યારે તમને પણ તેજ કહું છું. હું તો લગ્ન કરવાની નથી. મારી બહેનની પ્રતિજ્ઞા છે કે લગ્ન કરીને પતિ સિવાય બીજા સાથે ભોગભોગવવા નહિ. તેની પાસે લક્ષ્મી છે. મારી આ લક્ષ્મી પણ તેની જ છે. તેના સિવાય મારે બીજી બેહેન નથી. મેં તેને દરેક કળામાં પ્રવિણ બનાવી છે. મારી માતાના દેહવિક્રયના વારસામાં મેં મારી જાતને અને તેને બચાવી લીધી છે. જો તમારામાં હિંમત હોય, સમાજનો ડર ન હોય, ને તમારાં માતા પિતાને અને પત્નીને સમજાવવાની શક્તિ હોય તો તેની સાથે લગ્ન કરી લો. બીજી નર્તિકાઓ કે ગણિકાઓ પેઠે તે તમારી પાસે ધન નહિ માગે. ધનનો તેને તોટો નથી. વૈભવની કમીના નથી. ખાવ પીઓ ને આનંદ કરો. પતિ પત્ની તરીકે સુખેથી જીવન વીતાવો. જ્યારે તમારાં પાપોનો–કર્મોનો ક્ષય થાય, ત્યારે ઉન્નતિને શિખરે પહોંચો. તમારાં જીવનનો ઉધ્ધાર કરો. " મલ્લીકા તદ્દન

શાંત બની જઈને બોલી.

તેના ચહેરા પર પવિત્ર તેજ ઝળકવા લાગ્યું. તેના આત્માનો અવાજ આખરે મુખદ્વારા બહાર આવ્યો.

સેવિકાએ તે ખંડમાં પ્રવેશ કર્યો. ખંડની ચારે બાજુની ભીંતોના ગોખમાં સુવાસિત તેલના દીપકો સળગાવ્યા. દરેક ગોખ પર જુદાજુદા રંગના રેશમી પડદા નાંખ્યા. તેમાંથી દીપકોનો આવતો પ્રકાશ જુદાજુદા રંગોમાં શોભવા લાગ્યો.

કૃતપુણ્ય મલ્લીકાનું કથન સાંભળીને વાચા રહિત બની ગયો હતો. આ પંડિતાને શો જવાબ આપવો, તે તે સમજી શકતો નહોતો. તેની મુંઝવણમાં જાણે આશ્વાસન આપવા આવી ન હોય, તેમ સેવિકાએ સુવાસિત તેલના દીપકો પ્રકટાવ્યા.

સૂર્યાસ્તનો ખ્યાલ આપતા પ્રકટેલા દીપકોને નિરખતી મલ્લિકા બોલી.

"કૃતપુણ્ય કુમાર, સ્વભાવિક છે કે મારૂં કથન તમને મુંઝવણમાં મૂકે. જુઓ સૂર્યાસ્તની આગાહી રૂપ આ દીપકો પ્રકટયા છે. તમે અમારી સાથે ભોજન લો. પછી એકાન્તમાં વિચાર કરી જુઓ. ઉતાવળ કરવાની જરૂર નથી. કારણકે આ પ્રશ્ન ગંભીર છે."

મલ્લિકાના શબ્દોને પોતે સ્વીકારતો હોય તેમ કૃતપુણ્ય નિરૂત્તર બનીને એકી નજરે એક આસમાની દીપક તરફ જોઇ રહ્યો.

***

## પ્રકરણ ૧૦મું

## બે બહેનો

"મોટી બહેન, તમારો આ સુકોમળ દેહ કષ્ટો સહન કરી શકશે?"

"શા માટે નહિ કરે? આજે દેશદેશમાં પગે વિહાર કરતા વર્ધમાન સ્વામીની સાહેબી આપણા કરતાં ઓછી હતી? આપણી પાસે તો ફક્ત લક્ષ્મી છે, જ્યારે તેમની પાસે તો લક્ષ્મી ઉપરાંત સત્તા પણ હતી. એક રાજવંશી પુરુષ ભર્યા સંસારનો મોહ જેમ સર્પ કાંચળી ઉતારે તેમ ઉતારીને પોતાની કાયાને દમે, ભર જંગલમાં વ્યાઘ્ર વરૂ, સર્પ અને જંગલીઓના ત્રાસ સહન કરીને તેમને સમભાવની વ્યાખ્યા સમજાવે, ટાઢ તડકાને સરખા ગણે અને પોતાના કર્મોને ખપાવે, ત્યાં મારા જેવી એક સામાન્ય સ્ત્રી આટલો ત્યાગ કરવાની ધૃષ્ટતા શું ન કરે?"

કૃતપુણ્ય કુમાર જ્યારે પોતાના ઘેરથી નીકળીને મલ્લિકાના આવાસે આવ્યો ત્યારે મલ્લિકા અને તેની નાની બહેન અનંગસેના વચ્ચે જે ચાલતી ચર્ચા અધૂરી રહી હતી, તે ચર્ચા ફરીથી શરુ કરવામાં આવી હતી.

રાજના ભોજન પછી કૃતપુણ્યને વિચારવા માટે સમય આપવાના ઉદ્દેશથી તેને એક સુંદર પણ નાનો ખંડ સુપ્રત કરવામાં આવ્યો હતો. કૃતપુણ્ય તેમાં બેઠો બેઠો પોતે શું કરવું તેનો વિચાર કરી રહ્યો હતો, જ્યારે મલ્લિકા સાથે અનંગસેના બીજા ખંડમાં ચર્ચા કરી રહી હતી.

"મોટી બહેન," અનંગસેના કહી રહી હતી, "વર્ધમાન સ્વામી પુરૂષ છે, ને તમે સ્ત્રી છો. પુરૂષોને વાસના લોલુપ સંસારમાં એકાકી ફરતાં કોઇજ વાંધો આવતો નથી, પણ એક યુવાન, સુંદર સ્ત્રીને ડગલે ને પગલે સંકટોની દિવાલો ભેદવી પડે છે."

"અનંગસેના, એતો પુરૂષ સ્વભાવજ એવો છે." મલ્લિકા બોલી. "એ સ્વભાવ આજે કંઇ નવો નથી ઉદ્ભવ્યો સૃજન જૂનો પુરૂષ સ્વભાવ સ્ત્રી સ્વભાવની પેઠે દરેક કાળે પોતાનો ભાવ ભજવતો આવ્યો છે. તેમાં જે મકકમ તેનો વિજય. પુરૂષ સ્વભાવ કરતાં સ્ત્રી સ્વભાવને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તું જાણે તો છે જ કે આપણા મહારાજાને અનેક રાણીઓ છે. એ રાણીઓથી અનેક રાજાઓ સાથે ભોગ ભોગવી શકાય ખરા? સ્ત્રીએ તો એક પતિવૃત્ત પાળવું જોઇએ. જો પુરૂષસ્વભાવ એક પત્નીવૃત્ત પાળતો થાય અને વિલાસ, મોહ અને પરસ્ત્રી ત્યાગને કેળવે તો સતી સીતા અને રાવણ જેવા દાખલા જગતને મળી આવે ખરા? જો આખો પુરૂષ-વર્ગ પરસ્ત્રી ત્યાગને પોતાના જીવનમાં ઉતારે તો સ્ત્રીના સતીત્ત્વની કસોટી કેવી રીતે થાય? સ્ત્રી સતી તરીકે કેવી રીતે પૂજાય?

હા, એક વાત નિર્વિવાદ છે કે, પુરૂષે પરસ્ત્રી ત્યાગનું વૃત્ત ગ્રહણ કરવું જોઇએ. તેને પોતાના જીવનમાં ઉતારવું જોઇએ. એટલું તો શું; પણ એક પત્નીવૃત્ત પણ પાળવું જોઇએ.

તું પણ જાણે છે, ને આખું જગત પણ જાણે છે કે શ્રીરામ સિવાય એક પત્નીવૃત કોઇ પાળી શકયું નથી. તે કારણે ગૃહસ્થા-શ્રમી જીવન તરીકે રામ અને સીતાની જોડી દેવોથી પણ શ્રેષ્ઠ ગણાય છે. પણ દરેક વખતે થોડાંજ રામ અને સીતા જન્મે છે!

માટે તો હું તને કહું છું કે, પુરૂષો તરફથી મોહ, દુઃખ અને વિલાસની ઊભી થતી દિવાલોને ભેદવામાંજ સ્ત્રીની મહત્તા છે. તેવી શકિત કેળવવામાંજ તેની કસોટી છે. દેવતાઓ પણ સતીની પરિક્ષા કરીનેજ તેને સતી તરીક સ્વીકારે છે.

બહેન, હું પણ આજે તેવીજ કસોટીમાંથી પ્રસાર થવાની ઇચ્છા સેવી રહી છું. ભલે લોકો મારી તરફ વિકારી દષ્ટિથી જુએ. હું તેમની તે દષ્ટિને ભાતૃભાવની દષ્ટિ માની લઇને તેમને સન્માર્ગે વાળીશ.''

"તેં કોઇ દિવસ જમીન પર પગ મૂક્યો નથી. તાઢ તડકો વેઠ્યાં નથી. કોઇ તરફથી અપમાન સહન કર્યું નથી. ક્ષુધા અને તૃષા કેવી હોય, એ તું જાણતી નથી. કોઇ સ્થળ, માર્ગ કે વન તેં નિહાળ્યાં નથી. અજાણ્યા સ્થળે પગ મૂકવાનો કે પ્રયાસ કરવાનો તેં પ્રયત્ન કર્યો નથી. આવા સંજોગોમાં તું જઇશ કયાં?'' અનંગ-સેનાએ પ્રશ્ન કર્યો.

"અરે ગાંડી," હસતાં હસતાં મલ્લિકા બોલી. "આતે તારો કેવો પ્રશ્ન કહેવાય! જેને સંસાર ત્યાગવો છે, તેને માર્ગ શોધવાની જરૂર હોય ખરી? તેને તો આપોઆપ જ માર્ગ જડી આવે. જેને કાર્ય કરવું છે, તેને ક્ષેત્ર મળીજ આવે છે. ખોટો દેખાવ કરનારને માટે સ્થળ કે માર્ગ નથી. મારે કયાં ખોટો દેખાવ કરવો છે?

હું તો એવા સ્થળે જવા માગું છું કે, જ્યાં લક્ષ્મીનાં પ્રલોભન ન હોય, મોહ કે માયાનાં બંધન ન હોય, ને સુખદુઃખના સંતાપ ન હોય. એવા સ્થળે જઇ હું મારા જીવનનો ઉદ્ધાર કરવા માગું છુ. મારાં કર્મોને ખપાવવા માગું છુ, ને જન્મ, જરા અને મૃત્યુનાં બંધનોમાંથી મુક્તિ મેળવવા માગુ છું.

આજ સુધી મેં મારા આ કોમળ દેહની બહુજ કાળજી રાખી છે. હવે મને તેની તેવી કાળજી રાખવાની આવશ્યકતા ભાસતી નથી.

બહેન, તું હજુ નાની છે. તને જગતનો—જગતનાં માનવીઓનો અનુભવ નથી. જગત એટલે પ્રપંચોથી ભરેલું સ્થળ. તે સ્થળમાં વસનારા માનવીઓ પ્રપંચમાંજ રાચે અને પ્રપંચમાંજ પોતાનાં કપટી જીવન વિતાવ્યા કરે, અસત્ય સિવાય તેમનાં જીવનમાં બીજું કંઇજ ન હોય. સાધારણ વાતમાં પણ તેમને અસત્ય બોલવાની ટેવ

પડી ગઇ હોય છે. હાલતાંને ચાલતાં પ્રપંચ. વ્યાપારના પ્રપંચને તે લોકો કુનેહ કહે છે. રાજા મહારાજાઓ રાજદ્વારી પ્રપંચોને રાજનીતિ કહે છે. ને સામાન્ય વર્ગ અંદરઅંદરના ઝઘડામાં પ્રપંચથી જીતીને તેને પોતાની હોંશિયારીનું રૂપ આપે છે. એકંદરે એ બધા પ્રપંચજ છે. નામ બદલવાથી કાયદાને કે માનવીને છેતરી શકાય છે, પણ પરમાત્માને નહિ.

તું જાણે છે કે આ લક્ષ્મી મેં મેળવી છે. તું છે એટલે તેની ભોકતા તું બની છે. પણ જો તું ન હોત તો તે કોના હાથમાં જાત? બીજાનાજ ને? એટલે બીજાના માટેજ મેં આ લક્ષ્મી લોકોનાં જીવન વેડફી નાંખીને, મને લક્ષ્મી આપનારના કુટુંબમાં આગ લગાડીને, અને અહીં આવનારાઓની પત્નીઓને તેમના પતિઓથી દુભવીને ભેગી કરી છે, એમ ન કહેવાય? આવાં કનિષ્ટ પાપો મેં બીજાને માટે જ કર્યાં કહેવાય ને?

બીજાના માટે આપણા હાથે પાપ કરીને જીવનનું કયું ધ્યેય સધાય છે? આપણા નાના પેટ માટે મૂઠીભર અનાજ જોઇએ; સુવા માટે સાત હાથનો સાથરો જોઇએ અને પહેરવા માટે શરીર ઢંકાઇ રહે તેટલાં વસ્ત્રો જોઇએ. માણસ આટલી નજીવી જરૂરીયાત માટે કેટલું બધું અસત્ય ભાષણ કરે છે, કેટલાં બધાં પ્રપંચો રચે છે, ને કેટલા બધા લોકોના આત્મા દુભવે છે!

જગતમાં ચાલી રહેલી સૃજન જૂની આ એક ઘટમાળ છે. તેમાં કોઇ સમયે ઓટ આવે છે, તો કોઇ સમયે ભરતી આવે છે.

બહેન, મારી એક શીખામણ ધ્યાનમાં રાખજે. તારી પાસે પુષ્કળ ધન છે. રહેવા માટે આલીશાન મકાન છે. વસ્ત્રોનો તને તોટો નથી. એટલે જો આપણા આંગણે જાતે થઇને ચાલી આવેલો કૃતપુણ્ય કુમાર પોતાના મનથી તારી સાથે લગ્ન કરીને અહીં રહેવાની સંમત્તિ આપે તો આ પ્રસંગ ચૂકીશ નહિ. તે હોંશિયાર છે. તને ફૂલની પેઠે સાચવે તેવો છે. તે જાતે થઇને આવ્યો છે એટલે તારો

પડતો બોલ ઝીલી લેશે. તેની પાસેથી ધન મેળવવાની ઇચ્છા રાખીશ નહિ. પરમાત્મા જો તમારા બંનેનાં લગ્નનો સુયોગ મેળવી આપે તો તેને પતી માનીને તેની સેવા કરવામાં ગર્વ માનજે. એકજ પુરુષમાં સંતોષ માનજે. **અતિ વાસના એજ નર્કનું દ્વાર છે.**

ભલે તું ગણિકાની કૂખે જન્મી હોય ને નર્તિકાના આવાસમાં ઊછરી હોય, પણ જો એક પતિવ્રત્ત સેવીશ તો અવશ્ય સતી પદ પામીશ. સતીપદને માટે સ્થળ કે જાતની જરૂર પડતી નથી. તેમાં તો સતીત્વની જરૂર પડે છે, ગણિકાની પુત્રી પણ સતી બની શકે છે—સતી હોય છે, એવો દાખલો જગતને પૂરો પાડજે. તારો એકજ દાખલો જગતની અનેક સ્ત્રીઓને સતીઓ બનાવશે.

બહેન, આપણો દેશ આજે આખા જગતમાં સંસ્કૃતિનું શિખર ગણાય છે. ભારતના એ તેજસ્વી શિખરને પવિત્ર ને ઉન્નત રાખવામાં પ્રત્યેક વ્યક્તિએ પોતાની શક્તિ અનુસાર મદદ કરવી જોઇએ, ને ભોગ આપવો જોઇએ. પોતાની એટલી ફરજ તો દરેકે બજાવવીજ જોઇએ. તેમાં જો કોઈપણ વ્યક્તિ નિષ્ફળ જાય તો તેને માટે દેશદ્રોહિ સિવાય બીજી ઉપમા ન જ હોઈ શકે.

મારી આટલી શિખામણ તું ખાસ ધ્યાનમાં રાખજે. તે ઉપરાંત બીજી મારી તને શિખામણ નહિ, પણ વિનંતિ છે કે, આપણી માતાની હંમેશા સેવા કરજે. **માતા પિતા સર્વ દેવો કરતાં શ્રેષ્ટ છે,** એ ભાવના ભુલીશ નહિ. માતાનો સ્વભાવ ભલે ચીકણો રહ્યો. ભલે ક્લેશમય રહ્યો; પણ તું 'તારો ધર્મ' બજાવશે. માતાના કટુ શબ્દોને મિષ્ટ ગણીને તેનું પાન કરી જજે. ભગવાન શંકરે જેમ વિષને પચાવ્યું તેમ તું પણ માતાના વિષ જેવા લાગતા શબ્દોને પચાવી જજે. તેમાંજ તારો ઉધ્ધાર છે. **માતા પિતાની સેવા એ ઉધ્ધારનું પ્રથમ પગથિયું છે.** જો એ પગથિયું ચૂકીશ, તો નર્કના ગર્તામાં જઇ પડીશ.

આ ઉપરાંત મારે તને કંઇ કહેવાનું હોય નહિ. તું સમજુ છે. ઉંમર લાયક છે. મારી પરમકૃપાળુ પરમાત્મા પાસે એટલીજ વિનંતિ છે કે, તને તે સદાસુખી રાખે અને સન્માર્ગ સુઝાડે."

મલ્લિકાએ છેલ્લા શબ્દો ઉચ્ચારતી વખતે ત્યાં એક ભીંતપર લટકાવેલા શ્રીરામના ચિત્ર પ્રત્યે બંને હાથ જોડયા.

અનંઅસેના પોતાની મોટી બહેનના પવિત્ર ચહેરા પ્રત્યે એકીનજરે નિરખી રહી.

## પ્રકરણ ૧૧ મું

## ગાંધર્વ વિવાહ

અખંડ રાત કૃતપુણ્યે પોતાને સુપ્રત કરવામાં આવેલા ખંડમાં વિતાવી. મલ્લિકા અને અનંગસેના રાત્રે તેને મળ્યાં નહોતાં. દાસી તેના માટે જળ અને પાત્ર મૂકી ગઇ હતી. તે ખંડમાંનો પલંગ સ્વચ્છ કરી ગઇ હતી. 'બીજી કોઇ વસ્તુની આવશ્યકતા છે કે?' એવો પ્રશ્ન પણ કરી ગઇ હતી.

કૃતપુણ્યકુમાર વિચારવમળમાં અટવાયો હતો. બે ચાર વખત તેના ખંડમાં આવી જનાર દાસીને 'બાઇ ક્યાં છે?' અગર 'બાઇ શું કરે છે?' એટલું પૂછવા જેટલી પણ ધૃષ્ટતા તે કરી શક્યો નહોતો.

પહેલો પ્રશ્ન તો તેને એ ઊપજ્યો હતો કે, 'બંનેમાં શ્રેષ્ઠ કોણ? મલ્લિકા કે અનંગસેના! મલ્લિકા કરતાં અનંગસેના નાની છે છતાં કલાનિપૂણ તો હશેજ. મલ્લિકા જો પોતે સંસારનો ત્યાગ કરવા તૈયાર થઇ હોય, તો તેને રોકવા માટે પ્રયત્ન કરવો પણ વ્યર્થ છે. અને મલ્લિકા અનેક સ્થળે નૃત્ય કરી ચૂકેલી છે. અનંગસેના હજી ખીલતી કળી છે. જગતની વિકારી દૃષ્ટિથી અલિપ્ત રહેલી છે. જો તે પત્ની બનીને તેનાજ મકાનમાં દામ્પત્યજીવન ગાળવામાં તૈયાર થાય, તો તે લાભ શા માટે જતો કરવો? લક્ષ્મી તેની, આવાસ તેનો, સૌંદર્ય તેનું અને દેહ પણ તેનો. આવો સુયોગ જતો કરવાની મૂર્ખાઇ શા માટે કરવી જોઇએ?

અનંગસેના ખરેખર અનંગ જ છે. મલ્લિકાના ગયા પછી આ

કરોડોની મિલ્કતની માલિક તે જ થવાની છે. લગ્ન કરીને પત્ની બન્યા પછી તે પોતે જ મારી માલિકીની બનવાની છે. એટલે એ મિલ્કતનો માલિક–ભોગવનાર હું જ બનવાનો છું. લોકો કહે છે તેમ, જ્યારે માણસનું ભાગ્ય ખીલે છે ત્યારે આમ જ ખીલે છે. કૃતપુણ્યના વિચારો સાગરના તરંગોની પેઠે ઉછાળા મારવા લાગ્યા.

'ગમે તેમ તો પણ એ રહી ગણિકાની પુત્રી. પત્ની બને તો પણ ગણિકાની જાત તો ખરી જ ને! શરૂ શરૂમાં જો તેને પુષ્પની માફક ખીલવવામાં ન આવે તો પોતાની જાત પર ગયા વિના પણ ન રહે. લગ્ન પછી થોડા દિવસ સુધી તો તેને પ્રેમના રંગે જ રંગાવવી જોઇએ. ફૂલના દડાની માફક હાથમાં રમાડતા રહેવું જોઇએ. તેના પ્રત્યેક બોલે તેને અનુકૂળ થતા રહેવું જોઇએ. જો મેળ સારો જામી જાય તો આખું જીવન અહીં વીતાવવામાં પણ શો વાંધો ? લક્ષ્મી અઢળક હોવાથી કમાવાની જરૂર નથી. લગ્ન કરીને પતિ તરીકેના હકકો ભોગવવાના છે. આ સુંદર આવાસ મારી માલિકીનો જ બની જશે. અહા ! શું યોગાનુયોગ ! સુંઘવા આવ્યો સંપૂર્ણ વિકસેલા ફૂલને અને ભાગ્યે જોર કરીને ધર્યું ખીલતું ફૂલ.'

માણસના વિચારોને કોઇ પણ જાતની સીમા રહેતી નથી. કલ્પના સૃષ્ટિમાં વિચરતો માણસ કદાચ ઊંડા કૂવામાં કે ઊંડી ખાઇમાં ઝંપલાવે તો આશ્ચર્ય ન ગણાય !

કૃતપુણ્ય મલ્લિકાના સૌંદર્ય પ્રત્યે આકર્ષાઇને તેના આવાસે આવ્યો હતો. બદલામાં ધારવા કરતાં તેને જુદી વસ્તુ પ્રાપ્ત થવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. પ્રેમના બહાને આવેલો અન્તે તે એક ડાકુ જેવા વિચારો કરવા લાગ્યો. મલ્લિકાના બદલે અનંગસેનાને મેળવવાનો પ્રસંગ આવ્યો તો તે પણ તેને પસંદ પડી ગઇ. પોતે ધન આપીને સૌંદર્ય ભર્યો દેહ ચૂંથવા આવ્યો હતો. પણ સંજોગોએ નવો પલટો લેતાં સામાનુંજ ધન લૂંટી લેવાની તેને તમન્ના જાગી.

માનવસ્વભાવ જ એક પ્રકારના લૂંટારા જેવો હોય છે.

'મલ્લિકાને બદલે અનંગસેના શા માટે! એવો એક વિચાર તેને આવી ગયો હતો. પણ તેના મને તેનું સમાધાન કરતાં જણાવ્યું કે 'મહારાજા બિમ્બિસારે સુજ્યેષ્ઠાને બદલે આવેલી ચેલણાને રાણી તરીકે શા માટે અપનાવી લીધી? એ તો જે મળ્યું તે આપણું.'

નીતિમાં માનનારા કૃતપુણ્યના વિચારોએ એકાએક શા માટે પલટો ખાધો, તે તે પોતે પણ સમજી શકયો નહોતો.

માનવબળ અને મનોબળમાં ઘણો ફરક હોય છે. માનવબળ સત્તા ઘડે છે અને મનોબળ જીવન ઘડે છે. બંનેમાં શ્રેષ્ઠ ઘડતર મનોબળનું હોય છે. ઉચ્ચ જીવન માનવને તારે છે. સત્તા ભર્યા જીવન માટે કોઇ માર્ગ નિશ્ચિત હોતો નથી.

કૃતપુણ્યનું મનોબળ નબળું હતું. નબળા મન પર ક્ષુલ્લક વિચારોએ પ્રભુત્વ જમાવ્યું. વાસના સાથે વગર હકકની લક્ષ્મી મેળવવાની પણ તેને લાલસા જાગી.

તેણે મન સાથે નકકી કરી લીધું કે, 'પોતાના વિચારો ગુપ્ત રાખવા જોઇએ. જો તેમાનું કંઇ પણ પ્રકટ થઇ જશે તો જે સ્થાન, જે સૌંદર્ય અને જે સંપત્તિ પોતાને મળવાની છે, તે ખસી જશે.'

અને એવા તરંગી વિચારોમાં તે નિદ્રાધિન બન્યો. એક સુંદર પણ નાજુક પલંગ પર દોઢ વેંત જેટલી જાડી ગાદી બિછાવવામાં આવી હતી. તે ગાદીપર મખમલની ખોળ ચઢાવવામાં આવી હતી. બાજુની બારી પર લટકાવવામાં આવેલા બારીક કાપડના પડદામાંથી આવતો શાંત પવન મચ્છરદાનીમાં થઇને તેના દેહને આલ્હાદ અર્પી રહ્યો હતો. નિદ્રામાં તે એક સુંદર સ્વપ્ન નિહાળવા લાગ્યો.

પોતે એક સુંદર બાગમાં પુષ્પોથી શણગારેલા ઝુલા પર ઝૂલી રહ્યો છે, આજુબાજુ અપ્સરાઓનું એક વર્તુળ છે, દરેકના હાથમાં એક એક પુષ્પની માળા છે. દરેક અપ્સરા પોતાને વરમાળ પહેરાવવાને ઉત્સુક બની રહી છે. પણ પહેલો અધિકાર કોનો, એ નકકી થઇ શકતું નથી. તે નકકી કરવા માટે સૌ એક બીજાની સ્પર્ધા

કરી રહી છે. ઉપરથી દેવ વિમાન ઊતરી આવે છે. તે વિમાનમાં બેસવાને કોઈ તૈયાર થતું નથી. તેમને તો આ માણસની ઘેલછા લાગી છે. વિમાન તેમને લીધા સિવાય જાય તેમ નથી. આખરે કંટાળીને સૌ વિમાનમાં બેસે છે. વિમાન ઊડે છે. વિમાનમાં બેઠેલી અપ્સરાઓ પોતાના હાથમાંની પુષ્પમાળાઓ આ વિલાસી માણસ પર નાંખે છે. બધી માળાઓ એક પછી એક તેના ગળામાં આરોપાઈ જાય છે. માળાઓમાં ઢંકાઈ ગયેલો ચહેરો ખુલ્લો કરવા માટે તે પોતાના હાથે ચહેરા પરની માળાઓ ખસેડે છે.

પણ આ શું? નયનો ખુલી જતાં સામે એક દાસી–પરિચારીકા આવીને ઊભી છે, શું પોતે સ્વપ્ન નિહાળી રહ્યો હતો? દાસીના હાથમાં દંતધાવનની સામગ્રી છે.

કૃતપુણ્યકુમાર ઊઠયો. તેણે વાતાયન વાટે બહાર નજર કરી તો જણાઈ આવ્યું કે, સૂર્યદેવનાં સોનેરી કિરણો જગતપર પોતાનો અધિકાર સ્થાપી ચૂકયાં છે. તેણે દંતધાવન કરી લીધું, તરતજ દાસી તેને સ્નાનાગારમાં લઇ ગઇ. સ્નાનાગાર જોઇને તે ચકિત થઈ ગયો. આતે સ્નાનાગર કે સ્વર્ગીય પ્રદેશમાંથી પૃથ્વીપર ઊતરી આવેલો કોઈ ખંડ?

તેના ઉલ્હાસનો પાર રહ્યો નહિ. પોતાની બરદાસ કંઇ ઓછી થતી નથી, એમ તે સહેજે સમજી શકયો. સ્નાનાગારમાંથી સ્નાન કરીને તે બહાર નીકળ્યો. એક સેવિકા તેની રાહ જોતી ત્યાં ઊભી હતી. તે તેને બીજા ખંડમાં લઇ ગઇ. તે ખંડમાં મલ્લિકા અને અનંગસેના તેની વાટ જોઇ રહ્યાં હતાં. કૃતપુણ્ય અંદર જઇને એક આસન પર બેઠો. થોડીવારમાં ચાંદીની ત્રણ તાસકોમાં નાસ્તાની સામગ્રી લઇને એક સેવિકા આવી. તેણે ત્રણેની આગળ તે તાસકો ગોઠવી, પછી કેસર વગેરે મસાલો નાંખીને તૈયાર કરવામાં આવેલા દુધનાં પાત્રો મૂકી ગઇ.

"કેમ કૃતપુણ્ય કુમાર, પછી શો વિચાર કર્યો?" નાસ્તો

કરતાં કરતાં બીજો કોઇપણ સવાલ ન કરતાં મલ્લિકાએ સીધોજ પ્રશ્ન કર્યો.

"બીજો શો વિચાર કરવાનો હોય, મલ્લીકા!" કૃતપુણ્ય બોલ્યો.

"તમે અનંગસેના સાથે લગ્ન કરવાને સંમત્ત છો?"

"જ્યારે તમને સંસાર પર મોહ નથી રહ્યો, ત્યારે તમારા કથનને જ અનુસરવું રહ્યું."

"એવી ભાવનાએ લગ્ન કરતા તૈયાર ન થતા." મલ્લીકા બોલી. "જો તમારે સદામાટે દામ્પત્યજીવન ભોગવવું હોય, તોજ લગ્ન કરજો. મોહમાં અંધ બનીને ક્ષણિક સુખને ખાતર નિર્દોષ બાલીકાનું જીવન વેડફી નાંખવાનું અઘટિત સાહસ ન કરતા."

"એ માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી, મલ્લીકા." કૃત-પુણ્ય હવે ચાલાકી વાપરવા લાગ્યો હતો. "અનંગસેનાને હું મારા મરણાંત સુધી પત્ની તરીકે સંભાળીશ. તે મારા હૃદયની રાણી બનીને રહેશે. મારૂં વચન છે કે, હું મારા શબ્દોને બેવફા નહી નિવડું.

"હું તમારા શબ્દો પર વિશ્વાસ રાખું છું. કૃતપુણ્યકુમાર." મલ્લિકા કહેવા લાગી. "વિશ્વાસભંગ ન કરવો તે તમારે જોવાનું છે."

ત્રણે જણાં નાસ્તો કરી રહ્યાં હતાં. મુખ પ્રક્ષાલન કરીને તે બધાં બીજા ખંડમાં ગયાં. ત્યાં અગ્નિ દેવતાની સાક્ષીએ મલ્લિકાએ પોતાની બહેનનો જમણો હાથ કૃતપુણ્યના હાથમાં સોંપ્યો. બંનેને તાજાં ફૂલોની મંગાવવામાં આવેલી માળાઓ પહેરાવવામાં આવી. પતિ પત્ની તરીકે બંનેએ એક બીજાને વફાદાર રહેવાની પ્રતિજ્ઞાઓ લીધી.

એ રીતે અનંગસેના અને કૃતપુણ્ય અગ્નિ દેવતાની સાક્ષીએ પતિ પત્ની બન્યાં.

તે રાત્રે મલ્લિકાએ પોતાના હાથે નવદંપતિનો શયનખંડ શણગાર્યો. નર્તિકાએ શણગારેલા એ ખંડમાં ખામી શી હોય?

## પ્રકરણ ૧૨ મું

## પુત્રના પાપે

સૂર્યાસ્ત પહેલાં નિયમિત રીતે ઘેર આવનારો કૃતપુણ્ય ઘેર ન આવવાથી તેનાં માતા પિતાને અને તેની પત્નીને ચિંતા થવા લાગી હતી. આજ સુધીમાં તે કોઇ દિવસ પોતાના આગમનનો સમય ચૂક્યો નહોતો. જો કદાચ ઘેર આવવાને વાર લાગે તેમ હોય તો તે વિષે પોતાના ઘેર કહીને જતો.

આજે તો તેણે કોઇને કહ્યું નહોતું. ઘણો સમય રાહ જોઇને બધાંએ ઊંચા મને જેમ તેમ સાધારણ જમી લીધું. તેની પત્નીના ગળેથી અન્ન ઊતરતુંજ નહોતું. સદાયે પતિના પછી જમનારી પત્નીને આજે વગર પતિએ અને પતિ કયાં છે તે ખબર ન હોવા છતાં જમવા બેસવું પડયું હતું. તેના દુઃખનો પાર નહોતો.

કૃતપુણ્યના પિતા ધનેશ્વર જાણતા હતા કે, તેને લોકોને ઉપદેશ આપવાનો શોખ લાગ્યો છે. તેનો ખાસ કોઇ મિત્ર નથી. પહેલાં અનંતકુમાર નામનો એક મિત્ર હતો. તે પણ હમણાં હમણાં ઘેર આવતો નથી. બીજા અંગત મિત્રો તેને હતા નહિ. તે કહેતો કે; 'આખું જગતજ મારૂં મિત્ર છે. જો આપણે બધાંને મિત્ર ન માનિએ તો તેમનું હિત આપણાથી જાળવી શકાય નહિ.

ભોજન પછી પણ ધનેશ્વર શેઠે પોતાના પુત્રની ઘણી રાહ જોઇ. રાત્રીનું અંધારૂં જામતું જતું હતું. તે ચિંતાગ્રસ્ત બન્યા. સુભદ્રા શેઠાણીની સલાહ લઇને તે એક વખત આજુબાજુમાં તપાસ

માટે ફરી આવ્યા. તેમને લાગ્યું કે, રસ્તામાં ક્યાંય હશે તો છૂપો નહિ રહે. પણ રસ્તામાં તેમને તે વિષે કંઇ બાતમી મળી નહિ. પાછા તે ઘેર ગયા. તેમના મનમાં થયું કે કદાચ ઘેર આવી પણ ગયો હોય.

ઘેર જઇને તે નિરાશ બન્યા.

નિરાશાનું એક જ કિરણ આશાનાં લાખો કિરણોને છિન્ન ભિન્ન કરી નાંખે છે.

ધનેશ્વર શેઠ ઘરમાં આંટા મારવા લાગ્યા. તેમની ઉંમર થઇ હતી. સંતાનમાં એક પુત્ર હતો. આજે તે હજી સુધી આવ્યો નહોતો. બીજી કોઇ વ્યકિત જો તેમની પાસે હાજર હોત તો તેમને કંઇક આશ્વાસન મળત, વિચારમાળામાંથી ઉદ્ભવતા દુઃખમાં કંઇક રાહત પણ મળત. પરંતુ તેમના દુર્ભાગ્યે તેટલું યે સાધન નહોતું. તેમના પત્ની ગદ્ગદ્ કંઠે પોતાની પુત્રવધૂ ધન્યાને આશ્વાસન આપી રહ્યાં હતાં. ધન્યા ચોધાર આંસુએ રડી રહી હતી. પતિને તે દેવ માનતી હતી. આજે તેનો પતિ ક્યાં હતો, તે તે જાણતી નહોતી.

આખી રાત તે ત્રણે જણાંએ જાગીનેજ પસાર કરી. સવારે માર્તંડદેવની પધરામણી થઇ. લોકો પોત પોતાના કામે લાગી ગયા. ધનેશ્વર શેઠને દુકાને જવાનો સમય થયો. દુકાનની ચાવી મુનિમને ત્યાં રહેતી હતી, એટલે તેણે દુકાન ખોલી હતી. શેઠ પોતે ત્યાં ગયા નહિ. તેમને કંઇજ સૂઝતું નહોતું. પુત્રવધૂનું ભાંગેલું હૃદય જોઇને તેને આરામ આપવાની ખાતર શેઠાણીએ રસોઇ કરવા માંડી. પુત્ર-વધૂએ પોતાનુ કાર્ય ઉપાડી લેવાની કોશિષ કરી, પણ સાસુએ તેને આશ્વાસન આપીને આરામ લેવાનું સૂચવ્યું. પહેલાં તો રસોઇ કરવા જેટલી પણ શકિત શેઠાણીમાં જણાતી નહોતી, પણ કાર્યની શરૂઆત કર્યા પછી આપોઆપ તેટલા કાર્ય પૂરતી શકિત, ઉત્સાહ કુદરતી રીતે જ મળી રહે છે.

પેટ કોઇને છોડતું નથી, એ ખોટું નથી.

મને કે કમને બધાએ જમી લીધું. જમ્યા સિવાય છૂટકો નહોતો. દેહ ટકાવવા જેટલો આહાર તો લેવો જ જોઇએ. મૃત્યુના આમંત્રણ સિવાય મૃત્યુને ભેટી શકાતું નથી.

સાંજે ધનેશ્વર શેઠ અનંતકુમારને મળ્યા. ખુલાસાથી પોતાનું અને ઘરનાં માણસોનું દુઃખ પણ વર્ણવી બતાવ્યું. અનંતકુમાર પણ વિચારમાં પડી ગયો. તે જાણતો હતો કે, કૃતપુણ્યને કોઇ શત્રુ નહોતો કે જે તેને ફસાવે. અને તે એવો ભોળો પણ નહોતો કે કોઇની જાળમાં સપડાઇ જાય. તેણે શેઠને આશ્વાસન આપતાં કહ્યું.

"કાકા, તમે ગભરાશો નહિ. કૃતપુણ્યને કોઇ શત્રુ નથી કે જે તેને મુશ્કેલીમાં મૂકે. ગમે તે કારણે તે કયાંક રોકાઇ ગયો હશે. આજે હું તેની ખાસ તપાસમાં જ રોકાઇશ. ગમે ત્યાંથી હું તેનો પત્તો મેળવીશ. તમે બિલકુલ ચિંતા કરશો નહિ."

અને એમ ને એમ કેટલાયે દિવસો પસાર થઇ ગયા. કૃતપુણ્યનો પત્તો લાગ્યો નહિ. અનંતકુમાર પણ નિરાશ બની ગયો. ધનેશ્વર શેઠ વેપારમાં પણ હવે બહુ ઓછું ધ્યાન આપતા હતા.

એક દિવસે સાંજે શેઠ જમીને પોતાની દુકાને જતા હતા, ત વખતે રસ્તામાં તેમને એક સ્ત્રીએ બોલાવ્યા. શેઠ તે સ્ત્રીને ઓળખતા નહોતા. શેઠે પોતાનું આશ્ચર્ય વ્યકત કરતાં પૂછયું "બહેન, મને બોલાવ્યો" ?

"હા, જી." તે સ્ત્રી એ જવાબ આપ્યો.

તે સ્ત્રી હતી અનંગસેનાની દાસી. અનંગસેના અને કૃતપુણ્યનાં લગ્ન કરાવી આપીને પરોઢીયે મલ્લિકા પોતાનો આવાસ ત્યાગીને ચાલી ગઇ હતી. તેણે પોતાના ગમનના સમાચાર કોઇને આપ્યા નહોતા. પણ એક દાસીના મુખેથી અંનગસેનાએ સાંભળ્યું કે, 'મોટાંબાઇ કહેતાં હતાં કે, હું બહાર જાઉં છું"

અનંગસેના તરત જ સમજી ગઇ. સેવિકાના મુખેથી મલ્લિકાનાં વસ્ત્રાભૂષણોની વિગત પણ તેણે જાણી લીધી. જતી વખતે મલ્લિકાએ

ગળામાં ફક્ત સુવર્ણની એક માળા પહેરી હતી. હાથની આંગળીમાં એક વીંટી હતી. દેહપર સાદાં શુભ્ર વસ્ત્રો હતાં. અનંગસેનાને આટલી માહિતીથી સમજતાં વાર ન લાગી કે,' મોટી બહેન આ સ્થળને ત્યાગી ગઇ છે. પોતે પોતાના ધ્યેયની સિધ્ધિ માટે ક્યાંક ચાલી ગઇ છે.'

તેની માતાએ થોડું રુદન કરીને પોતાનું દુઃખ બતાવવાનો પ્રયત્ન કર્યો. પણ તે તો લુચ્ચી જ હતી એટલું અનંગસેના પણ જાણતી હતી. કૃતપુણ્યને નવાઇ લાગી. આવો વૈભવ છોડીને તે ચાલી જાય, એ તેના માન્યામાં આવ્યું નહિ. તેને લાગ્યું કે, 'તે ક્યાંક આથી વધુ વૈભવભર્યા સ્થાને ચાલી ગઇ હશે.'

મલ્લિકાનો દાબ તેની માતા પર વધારે હતો. મોટી પુત્રીના જવાથી માતા પોતાનું પોત પ્રકાશવા લાગી. પોતે ગણિકા હતી. આટલો વધો વૈભવ હોવા છતાં લોભ સમાતો નહોતો. અનંગસેનાને અને કૃતપુણ્યને ખબર ન પડે તેવી રીતે તેણે એક દાસીને પોતાના અંગત કાર્ય માટે પોતાના પક્ષમાં ભેળવી લીધી. દાસીને તેણે કહ્યું કે, 'જો આ છોકરાનો બાપ અહીં તેને મળવા માટે આવે તો તેને બારોબાર બહારથીજ પાછો કાઢજે.' તેને બીતી હતી કે કદાચ કૃતપુણ્ય તેના પિતાની સમજાવટથી પાછો જાય! જો એમ બને તો લગ્નના ઘેલછામાં ડૂબેલી અનંગસેના અન્નજળનો ત્યાગ કરે.

થોડા દિવસ પછી તેણે તે દાસીને પોતાની પાસે એકાન્તમાં બોલાવીને કહ્યું, 'જો બાઇસાહેબને અને એ છોકરાને ખબર ન પડે તેવી રીતે તેના બાપ પાસે જઇને બસો સોનૈયા લઇ આવ.'

દાસી પણ ચાલાક હતી. તેને લાગ્યું કે આમાં લાભ છે. તે કૃતપુણ્યના પિતા પાસે જવા નીકળી. શેઠ દુકાને જઇ રહ્યા હતા. બંનેની મુલાકાત રસ્તામાં જ થઇ.

"કેમ, શું કામ છે? શેઠે પ્રશ્ન કર્યો.

"આપના પુત્ર કૃતપુણ્યકુમાર અમારાં બાઇસાહેબ અનંગસેના

સાથે લગ્ન કરીને ત્યાંજ રહ્યા છે. તેમની પાસે સંપત્તિ ખૂટી જવાથી ત્રણસો સોનૈયા મંગાવ્યા છે." દાસીએ વધુ એક સો સોનૈયાની માગણી કરી.

બંને પક્ષો એક બીજાને મળી શકે નહિ, તેવા સંજોગોમાં મધ્યસ્થ તરીકે કામ કરનાર પોતાનું હિત સાધ્યા સિવાય રહે નહિ.

શેઠ વિચારમાં પડી ગયા. આ સ્ત્રીના શબ્દો પર વિશ્વાસ મૂકવો કે નહિ, તે તેમને સમજાયું નહિ.

"કોણ અનંગસેના?" તેમણે પ્રશ્ન કર્યો.

"રાજનર્તિકા મલ્લિકાબાઇનાં નાનાં બ્હેન." દાસીએ ખુલાસો કર્યો.

"મલ્લિકાબાઇ કયાં છે?" શેઠને વધુ જાણવાની ઇચ્છા થઇ.

"તે તો અહીંથી કયાંક ચાલી ગયાં છે."

"કયાં ગયાં છે?"

"તે ખબર નથી."

"અનંગસેનાને પણ ખબર નથી."

"ના."

શેઠને આ વાત માનવા યોગ્ય લાગી નહિ. તેમણે આગળ પ્રશ્ન કર્યો.

"કયારે ચાલી ગયાં?"

"બંનેનાં લગ્ન કરાવી આપીને."

"તે બંનેને તો ખબર હશે ને?"

"ના જી. તેમને પણ કહ્યું નથી. કોઇને પણ કહ્યા વિનાજ ગુપ્ત રીતે ચાલ્યાં ગયાં છે."

"અને કૃતપુણ્ય ને અનંગસેનાના લગ્ન થયાં છે?"

"હા જી. તે બંને જણાંએ અગ્નિની સાક્ષીએ લગ્ન કર્યાં છે"

"તો પછી તું એમ કર," શેઠ વ્યવહારી વાત કરતાં બોલ્યાઃ "થોડી વાર પછી હું ત્યાં આવું છું. આવતી વખતે ત્રણસો સોનૈયા લેતો આવીશ."

"એમ આપને મુલાકાત નહિ મળે, શેઠ."

"કેમ ?"

"ત્રણસો સોનૈયા મને આપો, હું આપને અંદર પ્રવેશવા દઇશ. તેમની તો આપને મુલાકાતે આવવા દેવાની મનાઇ છે." દાસી દ્વી અર્થમાં બોલી. છેલ્લું વાક્ય તો તે તદ્દન જૂઠુંજ બોલી હતી.

શેઠ સમજી ગયા કે દાસી લુચ્ચી છે, ને મોટો ભાગ જૂઠુંજ બોલી રહી છે.

"તો પછી તને ત્રણસો સોનૈયા કેમ આપી શકાય ?

"કેમ ન આપી શકાય ?" દાસીએ સામો પ્રશ્ન કર્યો.

"હું તને ઓળખતો નથી." શેઠે પોતાની શંકા વ્યકત કરી.

"કેટલીક વખતે વિશ્વાસ પણ રાખવો પડે છે, શેઠ."

શું કરવું, તે શેઠ સમજી શકયા નહિ. ત્રણસો સોનૈયાનું જોખમ કરવું કે કેમ, તેનો વિચાર કરવા લાગ્યા. બીજા કોઇ કાર્યમાં જોખમ ખેડવા તે તૈયાર ન જ થાત. પણ આ તો પુત્રે મંગાવ્યાની વાત હતી. વાતમાં શંકા તો જરૂર હતી. પરંતુ પિતૃ-હૃદય જુદુંજ હોય છે. માતા, પિતા, કે પત્નિના હૃદય પોતે તે સ્થિતિમાં હોય, તેજ જાણી શકે છે.

"તું વિશ્વાસઘાત તો નહિ કરેને ?" શેઠે શંકાશીલ પ્રશ્ન કર્યો.

"આપના ત્રણસો સોનૈયાથી મારી જીંદગી જવાની છે, શેઠ!" જાણે પોતે કેટલીયે શ્રીમંત હોય અને પોતાને એટલી રકમની કિંમત ન હોય, એમ દાસી બોલી.

શેઠે તેને પોતાની સાથે આવવા સૂચવ્યું. દુકાનની નજીક પહોચતાં તેને ત્યાં પોતાની રાહ જોવાનું જણાવીને તે દુકાને ગયા. મુનિમ પાસેથી ત્રણસો સોનૈયા લઇને પાછા આવ્યા. સોનૈયા આપતાં તે દાસીને ઉદ્દેશીને બોલ્યા.

"જો જે, દગો ન દેતી, હોં !"

"ના ના, શેઠ. એમ તે બને ?"

"તો હું થોડીવાર પછી આવું છું.'

"ખુશીથી પધારજો. હું આપની રાહ જોતી ઊભી હોઈશ." દાસી ફરીથી દ્વિ અર્થી બોલી.

શેઠ તેના તરફ જોઈ રહ્યા. દાસી નમસ્કાર કરીને ચાલી ગઈ. શેઠ પાછા દુકાને ગયા.

સમય થતાં દુકાન વધાવીને અનંગસેનાને ત્યાં જવા નિકળ્યા. એ રસ્તે જવું અને લોકોની દૃષ્ટિએ પડવું, એ બાહ્ય દેખાવમાં જીવતા જગતમાં અત્યંત પાપભર્યું, શરમભર્યું ગણાય છે. પુત્રના વિરહે ઝૂરતા પિતાને પુત્રના મેળાપ માટે એ રસ્તે જવામાં પાપ કે શરમ જેવું કંઈજ લાગ્યું નહિ. બહારના મોટા દરવાજા આગળ પહેરાવાળો ઊભો હતો. તેણે શેઠને અંદર જતા રોકયા.

"મારે કૃતપુણ્યકુમારને મળવું છે, ભાઈ!" શેઠ નમ્રતાથી બોલ્યા.

"અંદર જવાનો હુકમ નથી." પહેરાવાળો રૂઆબથી બોલ્યો. માલિક કરતાં નોકરનો રુઆબ હંમેશાં વધુ હોય છે.

"હું તેનો પિતા છું" પોતાની ઓળખ આપતાં શેઠે કહ્યું.

"તો તો બિલકુલ નહિ મળી શકાય." પહેરાવાળાએ વધુ કડક અવાજે કહ્યું. ડોશીએ પહેરાવાળાને સાધી રાખ્યો હતો.

"પણ ભાઈ, તું તેને સમાચાર તો આપ!" પુત્રની મુલાકાતે જનાર પિતાને રોકી રાખનાર રાક્ષસ સમા પહેરાવાળા તરફ તિરસ્કાર ઊપજવા છતાં, શેઠ આંખમાં આવેલાં આંસુ લૂછતા બોલ્યા.

"તમને એક વખત કહ્યું તે સંભળાતું નથી? સીધા સીધા દરવાજામાંથી ખસી જાવ, નહિતો ધક્કો મારીને દૂર કરવા પડશે." પહેરાવાળાએ પોતાનું રાક્ષસીપણું વ્યકત કરતાં કહ્યું.

પુત્રના મેળાપ માટે ધક્કો પણ સહન કરવા માટે પિતા તૈયાર થયા. શેઠ ત્યાંથી ખસ્યા નહિ. શેઠની ધૃષ્ટતા જોઇને પહેરાવાળાએ તેમના જમણા ગાલ પર પોતાના ડાબા હાથનો તમાચો લગાવી દીધો.

શેઠની આંખમાંથી આંસુ સરી પડયાં. મારના નહિ પણ

સમયના. બાલ્યકાળથી કોઇનો પણ તમાચો સહન ન કરનાર પિતાએ આજે પોતાના પુત્રના અવિચારી કૃત્યના કારણે એક મામુલી માણસના હાથનો માર સહન કર્યો.

તે નત મસ્તકે પાછા ફર્યા. શેઠાણી ઘેર વાટ જોઇને બેઠાં હતાં. તેમણે શેઠને વીલે મોએ આવતા જોયા. તેમના પેટમાં ફાળ પડી. શેઠ કપડાં કાઢયા શિવાય જ એક નાની ગાદીપર ફસડાઇ પડયા. શેઠાણીએ પુત્રવધૂની હાજરીમાં પણ પતિનું મસ્તક પોતાના ખોળામાં લીધું. આ દૃશ્ય જોઇને પુત્રવધૂનાં નયનોમાંથી ચોધાર આંસુ વહેવાં લાગ્યાં.

આવી પરીસ્થિતિમાં કેટલોયે સમય પસાર થઇ ગયો. શેઠનું હૈયું રડી રહ્યું હતું. પુત્ર વધૂ શરમ મૂકીને સસરાને પવન નાંખી રહી હતી. જે પુત્ર માટે, જે પુત્રના સુખ માટે માતા પિતા અનેક કષ્ટો સહન કરે, તેજ પુત્રના કારણે પિતાને એક મામુલી માણસના હાથે માર સહન કરવો પડે, એનાં જેવું દુઃખ બીજું કયું હોય!

ધન્યા પંખો એક બાજુએ મૂકીને ઊઠી. તે એક સ્વચ્છ પાત્રમાં નિર્મળ જળ લાવી. સાથે મોં ધોવા માટે એક ખાલી પાત્ર લેતી આવી. શેઠ હવે કંઇક શાંત પડયા હતા. તેમનાં નયનો રાતાં થઇ ગયાં હતાં. જમણા ગાલ પર હાથનાં આંગળાં સ્પષ્ટપણે દેખાઇ આવ્યાં હતાં. શેઠાણીએ તેમને ટેકો આપીને બેઠા કર્યા. ખાલી પાત્રમાં તેમણે બેઠા બેઠા જ મોં ધોયું. તેમને શાંત થયેલા જોઇને શેઠાણીયે તેમના આવી સ્થિતિનું કારણ પૂછ્યું. શેઠે નક્કી કર્યું હતું કે, આ વાત કોઇને કહેવી નહી. પણ બીજાને કહ્યા સિવાય પોતાનું દુઃખ ઓછું થતું નથી, એ વાત તે જાણતા હતા. તેમણે પુત્ર વધૂને બીજા ખંડમાં જવાનું સૂચવ્યું, પણ પુત્ર વધૂએ હઠ લીધી. તેણે કહ્યું કે, "આપ મારા પિતા સમાન છો. મારાથી કંઇ પણ છુપાવવું આપને યોગ્ય લાગે?"

શેઠ ધન્યાના સંસ્કારી વિચારોથી અને જીવનથી જાણીતા હતા.

તેમણે આનાકાની કર્યા સિવાય, દાસી આવીને પૈસા લઇ ગઈ ત્યારથી પહેરાવાળાએ તમાચો માર્યો, ત્યારસુધીની હકીકત કહી સંભળાવી.

કોઇ દિવસ નહિ ને આજે જ અનંતકુમાર આવી ચઢયો. તેણે આ ત્રણેના ચહેરા જોઇને કંઇક નવીન બનવા પામ્યું હોવું જોઇએ, એમ કલ્પી લીધું. તેના અત્યાગ્રહને વશ થઇને શેઠે તેને બધી વિગત કહી સંભળાવી. અનંતકુમાર અત્યંત દુ:ખી થયો. તેને આ ત્રણેના કકળતાં હૃદય જોઇને અત્યંત લાગી આવ્યું.

તે એટલું જ બોલ્યો કે, "થોડો સમય જવા દો, પછી વાત."

## પ્રકરણ ૧૩ મું
## વિલાસ ખંડમાં

"વાહ, વાહ, કેવું સરસ નૃત્ય ! ખરી નૃત્યકળા તો મેં આજેજ જોઇ. અનંગસેના. ધન્યવાદ ઘટે છે, તને. પોતાના ચરણમાં બંને હાથ જોડીને નમી પડેલી અનંગસેનાને ઉઠાડતાં કૃતપુણ્ય બોલ્યો.

અનંગસેનાને ત્યાં ભોગવિલાસમાં ઓતપ્રોત બનીને જગતને ભુલી ગયેલો કૃતપુણ્ય પોતાની જાતને પણ ભુલી ગયો હતો. પોતે કોણ છે, કોનો પુત્ર છે, કયા કુળનો છે, વગેરે વાતો તેના વિચારોમાં પ્રવેશી શકતી નહોતી. પિતાની આબરૂને કેવા પ્રકારનું કલંક લાગ્યું હશે, માતા પિતાના આત્માને કેટલું દુઃખ થતું હશે, યૌવન કાળમાં ઝૂલતી આશાભરી પત્નીનો આત્મા વિરહની વેદનામાં કેટલો ઝૂરતો હશે; વગેરે પ્રકારમાંની કોઇ કલ્પના તેના મગજને સ્પર્શતી નહોતી.

શરૂ શરૂમાં તેને કોઇ કોઇ વખતે માતા પિતા અને પત્ની યાદ આવતાં હતાં, પણ અનંગસેના અને તેની માતા તેના તે વિચારોને ભૂલાવી નાંખવામાં મદદ કરતાં હતાં.

અનંગસેનાના હૃદયમાં સ્વાર્થ કરતાં કૃતપુણ્યનો પ્રેમ વધુ વસતો હતો. તેણે પોતાની બહેન મલ્લિકાના શબ્દોનું પાલન કરવાનો નિશ્ચય કર્યો હતો, ને હજી પણ વળગી રહી હતી. ધીમે ધીમે કૃતપુણ્ય તેના જીવનમાં, હૃદયમાં પતિ તરીકેનું સ્થાન મેળવી શક્યો હતો. અનંગસેના તેને પતિ તરીકે પૂજતી હતી, ને તેના આનંદમાં રસ લેતી હતી.

પણ અનંસેનાની માતા પોતાનો જાતીસ્વભાવ ત્યાગી શકી નહોતી. મલ્લિકાના ગૃહત્યાગ પછી તે વધુ લોભી બની હતી. પુત્રીને અને કૃતપુણ્યને કોઈ પણ જાતની ગંધ ન આવે, તેવી રીતે તે ધનેશ્વર શેઠ પાસેથી પોતાના પક્ષમાં મેળવી લીધેલી દાસી દ્વારા વારંવાર ધન મંગાવ્યા કરતી હતી.

દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. નર્તિકાનો સહવાસ કૃતપુણ્યને વધુ પ્રિય થઈ પડયો. લગ્નની આગલી રાતે તેણે કલ્પનામાં અનંગસેનાની બધી મિલ્કત પોતાના તાબામાં મેળવી લેવાનો વિચાર સેવ્યો હતો, તે આપોઆપ નષ્ટ પામી ગયો. તેને લક્ષ્મીની આવશ્યકતા ભાસી નહિ. જીવનમાં અનંગસેના સિવાય બીજા કશામાં રસ લાગ્યો નહી.

અનંગસેના પોતાના પ્રેમીને–પતિને રીઝવવામાં પોતાનો દેહ નીચોવવા લાગી. પોતાની પ્રત્યેક પ્રત્યેક કલા તેના ચરણે ધરવા લાગી. યૌવનના બાગમાં પ્રવેશી ચૂકેલી તેની નાજુક કાયા, આરસમાંથી કોતરી કાઢેલી પૂતળી જેવી શોભી નીકળતી હતી. તેના કંઠમાંથી નીકળતા સૂરો વીણાના માધુર્યને પણ હાર પમાડે તેવા હતા.

આટલી નાની વયે પણ તેણે સર્વ કળાઓ પર અજબ કાબૂ મેળવ્યો હતો. પોતાની મોટી બહેન પાસેથી મેળવેલું શિક્ષણ સાધારણ નહોતું. તેણે સાહિત્યનું પણ જ્ઞાન મેળવ્યું હતું. વિનયશિલતા અને વાણીમાધુર્ય તો તેને બાલ્યકાળથીજ વરી ચૂકયાં હતાં. રસિકતા અને વિનોદ કૌશલ્ય, જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તેનાં બનતાં ગયાં. લલિત કલા તેના સૌંદર્ય સાથે મૈત્રી બાંધી ચૂકી હતી. એ સર્વ કલાઓની સિધ્ધિથી તે પોતાના પ્રેમીને વધુને વધુ આકર્ષી રહી હતી.

પોતાની મોટી બહેન પાસેથી તેણે સંગીતકલા, નૃત્યકલા, અને અભિનયકલાનું સર્વોત્તમ જ્ઞાન મેળવ્યું હતું. તે સર્વજ્ઞાન તે તેના પતિને રીઝવવામાં વાપરવા લાગી હતી. તેને પોતાના ધંધા કરતાં એક પતિમાં મસ્ત બનીને રહેવાનું વધુ પસંદ પડવા લાગ્યું. તેને

લાગ્યું કે 'ગણિકાના જીવન કરતાં એક પુરૂષને પતિ તરીકે સ્વીકારવોજ ઉત્તમ છે. નર્તિકા તરીકે જીવીને પોતાનું નૃત્ય વિલાસી અગર કામાતુર માણસો આગળ વેડફી નાંખવા કરતાં એકજ પુરૂષને પ્રેમી તરીકે સ્વીકારી લઇને તેના ચરણમાં ધરવામાં આનંદ અને શાંતિ સમાયેલાં છે.'

આજે તે ઉલ્લાસમાં હતી. પોતાની સર્વ કલાઓ પતિના ચરણોમાં ધરી દેવાનો તેણે નિર્ણય કર્યો હતો. તેણે પરિધાન કરેલાં વસ્ત્રોની સજાવટમાં નવિનતા હતી. મોટો ઘેરદાર ચણિઓ અને કસીને બાંધેલી–ફાટફાટ થતી કંચુકી તેની નાજુક કાયાને મસ્ત માનુની સમી ઓળખાવી રહ્યાં હતાં. દેહ પર બારીક મુલાયમ ઉપવસ્ત્ર શોભી રહ્યું હતું. કસ્તુરી, કેસર, અને અંબર વગેરે બત્રીસ જાતના પદાર્થો નાખી તૈયાર કરેલું નાગરવેલનું પાન તેના મુખને લાલ અને સુવાસિત બનાવી રહ્યું હતું. પગમાં ઝાંઝર હતાં. હાથમાં ઝીણાંઝીણાં કંકણોની હાર લાગી હતી. કંઠમાં પહેરેલો હીરાનોહાર તેના વૃક્ષઃ સ્થળપર નાચી રહ્યો હતો. વેણીમાં રત્નોની દામણી શોભી રહી હતી.

વિલાસખંડમાં એક નકશીદાર હીંડોળા પર કૃતપુણ્ય બેઠો હતો. તેનો એક પગ જમીન પર અડતો હતો, ને બીજો પગ તે પગના ઢીંચણ પર રાખ્યો હતો. જમીન પર અડતા પગે તે ધીમેધીમે હીંડોળાને હલાવી રહ્યો હતો. તેણે સાદાં ને શુભ્ર વસ્ત્રો ધારણ કર્યાં હતાં. માથાના વાળ સુગંધિત તેલ વાળા હતા.

વચ્ચે એક નાનો ફુવારો ઊડી રહ્યો હતો. તે ફુવારાના જળમાં અત્તર નાખવામાં આવ્યું હતું. અત્તર મિશ્રિત જળમાંથી આવતી મિઠી સુવાસ આખા ખંડને સુવાસિત કરી મૂકતી હતી. વાતાયનો પર પારિજાતકનાં પુષ્પોના પડદા બાંધવામાં આવ્યા હતા. તેમાંથી પ્રવેશતો મંદમંદ વાયુ દેહને ઠંડક અર્પી રહ્યો હતો.

કૃતપુણ્ય અનંગસેનાના અંગોપાંગમાંથી ઝરતા નૃત્યને એકીનજરે નિરખી રહ્યો હતો. અનંગસેના પોતાના પતિના ચરણમાં પોતાની

સર્વ કલાઓ મિશ્રિત નૃત્યકળા અર્પી રહી હતી.

મલ્લિકાના નૃત્ય કરતાં અનંગસેનાનું નાજુક નૃત્ય કૃતપુણ્યને શ્રેષ્ઠ ભાસ્યું.

માનવસ્વભાવ વિચિત્ર પ્રકારનો હોય છે.

અનંગસેના નૃત્ય કરવામાં તન્મય બની ગઈ હતી. આજનું તેનું લાલિત્યમય નૃત્ય ગમે તેવા યોગીને ચલાયમાન કરવાને સમર્થ હતું. હીંચકો ખાતા કૃતપુણ્યને શંકરને મોહ પમાડનાર પાર્વતીનું નૃત્યસામર્થ્ય અને મહાન તપસ્વી વિશ્વામિત્રની તપશ્ચર્યા ભંગ કરાવતી મેનકા યાદ આવી.

નૃત્ય કરતી અનંગસેના આખરે થાકી હોય, તેવી કલા નૃત્યમાંથી ઝરવા લાગી. પ્રીતમ પાસે મદનરસની માગણી કરતી હોય, તેવા ભાવ તેના ચહેરા પર દેખાવા લાગ્યા. તેની પાતળી કમર વારે ઘડિયે લચકવા લાગી. પગનાં ઝંઝરનો ઝંકાર વધ્યો. દેહમરોડ અને અભિનયમાંથી વિકસતો મદનરસ આખા વાતાવરણને મદનમય બનાવવા લાગ્યો. કૃતપુણ્યનું દિલ વિહ્‌વળ બન્યું. પ્રિયાનું નૃત્ય ચાપલ્ય તેના દેહને પણ અસ્વસ્થ બનાવી રહ્યું હતું. તેને લાગ્યું કે આવા કલાના કેન્દ્રને પોતાના હૃદયમાં સમાવી દેવું જોઈએ. અપ્સરા જેવી કાયાને હાથમાં ઊંચકીને પુષ્પના દડાની પેઠે ઉછાળીને રમાડવાની તેણે ઇચ્છા થઈ. હીંચકા પરથી ઊઠવા માટે તેણે પોતાનો એક પગ બીજા પગના ઢીંચણ પર હતો તે નીચે મૂકયો.

પણ આ શું !

કોઈ ભક્ત ભગવાન પાસે બંને હાથ જોડીને, તેના પગમાં પડીને વિનંતિ કરતો હોય, તેમ નર્તિકા કૃતપુણ્યના બંને પગ પર પોતાના બંને હાથ જોડીને માથું નમાવી ચૂકી.

નર્તિકાના નૃત્યનો અણધાર્યો પલટો જોઈને કૃતપુણ્ય આશ્ચર્ય પામ્યો. જેને પોતાના બાહુપાશમાં લેવા જવા માટે પોતે ઊઠવાની તૈયારી કરતો હતો, તે અણધારી રીતે પોતાના ચરણમાં હવાથી !

તે એકદમ સ્વસ્થતા પ્રાપ્ત કરતાં બોલી ઊઠયો:

"વાહ, વાહ, કેવું સરસ નૃત્ય! ખરી નૃત્યકલા તો મેં આજે જ જોઇ, અનંગસેના! ધન્યવાદ ઘટે છે, તને." તેણે પોતાના બંને હાથે તેને ઉઠાડતાં પોતાના શબ્દો પૂરા કર્યા.

અનંગસેનાએ તેના પ્રીતમ સામે નજર કરી. તેનાથી મૃદુમૃદુ હસી પડાયું. શરમથી લાલચોળ બની ગયેલા તેના કોમળ ગાલ કૃતપુણ્યનું આકર્ષણ બન્યા. તેણે તેને પોતાના બંને હાથે ઉઠાડીને પોતાની ડાબી બાજૂએ હીંચકા પર બેસાડી.

"અનંગસેના!" અનંગસેનાની આંખમાં આંખ મેળવતાં કૃતપુણ્ય બોલ્યો.

"આજે હું મારા પ્રભુને રીઝવી શકી, નાથ!" અનંગસેનાએ પોતાનું મસ્તક કૃતપુણ્યના ખભા પર ઢાળી દેતાં કહ્યું.

"અને તારા પ્રભુએ તને આ પ્રસાદી આપી." કૃતપુણ્ય તેને પોતાના ભુજપાસમાં લઇ મીઠું ચુંબન કરતાં બોલ્યો.

એટલામાં સાદી રીતે બંધ કરેલા દ્વાર પર બે ટકોરા થયા. અનંગસેના પોતાના પ્રીતમના ભુજપાસમાંથી અળગી થઇને દૂર બેસતાં બોલી:

"અંદર આવ."

દરવાજો ખુલ્યો. એક સેવિકા અંદર આવી.

જ્યારે જ્યારે કોઇપણ ખંડના દ્વાર બંધ કરવામાં આવતાં, ત્યારે ત્યારે તેને અંદરથી સાંકળ વાસવામાં આવતી નહિ. કોઇપણ સેવિકાને જ્યારે અંદર જવાની પરવાનગી માગવી હોય, ત્યારે તે દ્વાર પર ટકોરા મારતી. જો પરવાનગી મળે તો તે દ્વાર ખોલીને અંદર પ્રવેશતી અને પરવાનગી ન મળે તો પાછી ચાલી જતી.

એવા પ્રકારની પ્રથા હતી. તે આવાસની.

"શેઠને કોઇ મળવા માટે આવ્યું છે. આવનાર દાસીએ કહ્યું. કૃતપુણ્યને બધી દાસીઓ શેઠને નામે સંબોધતી.

"મને?"

દાસીના શબ્દો સાંભળીને આશ્ચર્ય ચકિત થતાં કૃતપુણ્યે પૂછ્યું. તે સમજી શકયો નહિ કે આવા સમયે અને આવા સ્થળે તેને મળવા માટે કોણ આવી શકે?

તેના પિતાએ તેની મુલાકાત માટે એક ધક્કો ખાધેલો અને તેના બદલામાં તેમને માર ખાવો પડેલો, તે તેને ખબર નહોતી. તેના પિતા પાસેથી વારંવાર ધન લઇ આવનાર દાસી બિમાર હોવાથી આજે આવી શકી નહોતી. કૃતપુણ્યને કોઇ આવ્યાના સમાચાર આપનાર આજની દાસી બીજી હતી.

તેના અહીંના નિવાસ પછી તેને આ આવાસ બહારની કોઇ પણ વ્યકિતની મુલાકાત થઇ નહોતી.

"હાજી." દાસી કહેવા લાગી. "તે કહે છે કે મારે કૃતપુણ્ય કુમારને મળવું છે."

"તેનું નામ શું છે?"

"તેમણે કહ્યું કે મારા નામની જરૂર નથી. તું તારે આટલો સંદેશો પહોંચાડ."

"ફરીથી નામ પૂછી આવ, જા." કૃતપુણ્યને બદલે અનંગસેના બોલી.

આ રંગમાં ભંગ પડાવનાર પ્રત્યે તેને અત્યંત તિરસ્કાર આવ્યો. તેની માતા જો હાજર હોત તો તે પોતેજ બહાર જઇને આવનારને તિરસ્કારીને બહાર કાઢત. પણ આવનારના સદ્ભાગ્યે ડોશી બીજા ખંડમાં સુઇ ગઇ હતી.

થોડી વારમાંજ સેવિકા પાછી આવીને બોલી.

"તે પોતાનું નામ આપવાની ના પાડે છે. કહે છે કે કૃતપુણ્ય કુમારને કહે કે તેનો બાળમિત્ર તેને મળવા આવ્યો છે."

"પોતાનું નામ ન જણાવનાર એવો તે કયો બાળમિત્ર છે?" અનંગસેના કઠોર અવાજે બોલી. તેના કોમળ ચહેરા પર તિરસ્કાર

ભરી રેખાઓ ઉપસી આવી.

કૃતપુણ્ય વિચારવા લાગ્યો કે 'પોતાને કયા કયા બાળમિત્રો હતા? થોડો સમય વિચાર કરવા છતાં કોઇ તેના ધ્યાનમાં આવ્યું નહી.

સુખ અને વિલાસના ઘેનમાં માણસ આખા જગતને ભૂલી જતાં શીખ્યો હોય છે.

"અનંગસેના,, મને જોઇ આવવા દે કે તે મારો કયો બાલમિત્ર છે." કૃતપુણ્ય ઊઠવાની તૈયારી કરતાં બોલ્યો.

"તમે બેસો, હું જાતે જઇ આવું છું." અનંગસેના કૃતપુણ્યને ઊઠતો અટકાવતાં બોલી.

"તેના બોલવામાં બે ધ્યેય સમાયાં હતાં. એક તો એ હતું કે, 'પતિને ઊઠવાની તસ્દી ન આપવી' અને બીજું એ હતું કે,'જો કોઇ તેમનું અંગત ઓળખીતું હશે તો તે બહાનું કરીને પોતાના પ્રિય પાત્રને અહીંથી લઇ જવાનો પ્રયત્ન કરશે.'

"ના, ના. તારે તસ્દી લેવાની જરૂર નથી." ઊઠતાં ઊઠતાં કૃતપુણ્ય બોલ્યો.

"તમે અને હું થોડાંજ જુદાં છીએ!" અનંગસેના પણ તેની સાથે ઊઠી.

બંને જણાં ખંડમાંથી બહાર નીકળ્યાં. બેઠક ખંડના દરવાજા પાસે પહોંચતાંજ કૃતપુણ્યે જોયું કે પોતાનો એક બાળમિત્ર પોતાના આગમનની રાહ જોતો દરવાજાની બહારજ ઊભો છે.

*

# પ્રકરણ ૧૪ મું

## ધનેશ્વરશેઠના કુટુંબમાં

અનંગસેનાના આવાસના પહેરાવાળાનો તમાચો ખાઇને આવેલા ધનેશ્વરશેઠ જ્યારે અનંતકુમારને પોતાની વિતેલી કહાણી કહી સંભળાવી, ત્યારે અનંતકુમારે એટલુંજ કહેલું કે, 'થોડો સમય જવા દો, પછી વાત."

આ શબ્દોનો મર્મ તેના સિવાય કોઈ સમજી શક્યું નહોતું. શેઠને લાગ્યું કે, 'અનંતકુમાર પોતાને દાઝયા પર ડામ દઇ રહ્યો છે."

બીજે દિવસે ધનેશ્વરશેઠ ફરીથી અનંતકુમારને મળ્યા. તેમના મગજમાં એમ ઠસી ગયું હતું કે, આ યુવક સિવાય બીજા કોઇને પણ મળવું અર્થ વગરનું છે.

બીજા દિવસની મુલાકાતમાં તેમણે અનંતકુમારને પુછ્યું: "અનંત, તેં કાલે કહ્યું કે, 'થોડો સમય જવા દો, પછી વાત.' હું સમજી શક્યો નહિ કે તું શું કહેવા માગે છે."

"કાકા, શાંતિ એ સાધ્યનું પ્રથમ પગથિયું છે, વિચાર એ એનું બીજું પગથિયું છે, ને કાર્ય એ એનું ત્રીજું પગથિયું છે," અનંતકુમાર પોતાના કહેવાનો ભાવાર્થ સમજાવતાં બોલ્યો. "કોઇ પણ કાર્યમાં ઉતાવળ કરવી અયોગ્ય છે. પ્રત્યેક કાર્ય માટે શાંતિ ધારણ કરીને વિચાર કરવો જોઇએ. પૂર્ણ વિચાર કર્યા પછી કાર્ય હાથમાં ધરવું જોઈએ. જે કંઇ બન્યું છે, તે અઘટિત બન્યું છે. આપનો પુત્ર તરંગી છે. આજે તેના તરંગો અવળા માર્ગે વળ્યા છે.

સમુદ્રના તોફાનમાં સપડાયેલા નાવને બચાવવા માટે જતાં પહેલાં સમુદ્રમાંનું તોફાન શાંત પડવા દેવું જોઇએ. તરંગોના તોફાનમાં આજે આપનો પુત્ર સપડાયેલો છે. તેને બચાવવા માટે તરંગી તોફાનને શાંત થવા દેવાની જરૂર છે. થોડા સમયમાં તે તરંગો આપોઆપ શાંત પડી જશે.

આજે જો આપણે કૃતપુણ્યને સમજાવવા જઇશું તો તે આપણું અપમાન કરશે. વિલાસ અને મોહમાં સપડાયેલો આપનો પુત્ર કોઇ પણ વડિલનું સન્માન નહિ સાચવે. માટે હું કહું છું કે, આપણે થોડો સમય પસાર થવા દઇએ. તેના તરફથી કોઇપણ દાસી ધન લેવા આવે તો કોઈ વખતે આપવું અને કોઇ વખતે ન પણ આપવું. જો દરેક વખતે તમે ધન આપતા રહેશો તો તમારી આ સંપત્તી ખલાસ થઇ જશે."

અનંતકુમારની બુદ્ધિ માટે ધનેશ્વરશેઠને માન ઉપજ્યું. તેમણે તેની સલાહ પ્રમાણે ચાલવાનું પસંદ કર્યું.

એ પ્રમાણે બેચાર વખત તે બંનેની મુલાકાત થઇ હતી.

કૃતપુણ્યના ગૃહત્યાગ પછી ધનેશ્વર શેઠનું હૃદય નબળું પડતું ચાલ્યું હતું. પુત્રના અવિચારી કાર્યથી તેમને ભયંકર આઘાત લાગ્યો હતો. હળવે હળવે તે પોતાનો વેપાર સંકેલી લેવા લાગ્યા હતા. વેપારમાં લક્ષ આપવા જેટલી શકિત તેમનામાં રહી નહોતી. તેમણે લક્ષ્મી લેવા માટે આવનારી દાસી સાથે અનેક વખત સંદેશા મોકલ્યા હતા. પણ તેનો જવાબજ મળતો નહોતો. દાસી કહેતી કે 'મેં નાના શેઠને આપનો સંદેશો કહી સંભળાવ્યો હતો. પણ તેમણે તો 'સારૂ' એટલોજ જવાબ આપ્યો હતો.

પિતા એક બે વખત પુત્રને મળવા માટે અનંગસેનાના આવાસે ગયેલા. પણ દાસીએ તેમને અંદર જવા દીધેલા નહિ.

ખરી રીતે દાસી કૃતપુણ્યની મુલાકાત લેતીજ નહિ. કૃતપુણ્યને ખબર પણ પડતી નહિ કે તેના પિતા પાસેથી ડોશી અવાર નવાર

પૈસા મંગાવે છે. ડોશીનું કાર્ય અનંગસેનાની પણ જાણમાં નહોતું. તેણે પૈસા મંગાવવાની કલ્પના પણ કરી નહોતી.

કૃતપુણ્યની માતા એકના એક પુત્રના નામની ધૂનજ લગાવી રહી હતી. તેને ખાવું પીવું ગમતું નહોતું. એક તો વૃદ્ધાવસ્થા અને તેમાં લાગેલો આ કારી ઘા. પુત્રના આગમનની રાહ જોતી માતા મરવા માટેજ જીવી રહી હોય, એમ લાગતું હતું.

અને બીચારી ધન્યા !

નિર્દોષ પતિવ્રતા પત્ની !

લગ્નગ્રંથીથી જોડાતાં માતા પિતા અને સગા સબંધીઓને ત્યાગીને અપરિચિત માનવોના વર્તુળમાં શરમાતી શરમાતી આશાભરી આવનારી નિર્દોષ હૃદયી પત્નીનું હૃદય શું અનુભવતું હશે ?

**સ્ત્રી જેટલી સહન શક્તિ કદાચ પુરૂષમાં નહિ જ હોય !**

તે તો આખો દિવસ પ્રભુ પાસે પતિના શુભનીજ પ્રાર્થના કર્યા કરતી હતી. દેહ ટકાવી રાખવા માટે સાદો અલ્પ આહાર લેતી. તેને કોઇ સંતાન પણ નહોતું. સંતાન હોત તો કદાચ તેના મુખના નિરીક્ષણમાં આનંદ માની શકાત અને ભવિષ્યની આશાએ સંતોષ લઇ શકાત ! પરંતુ લગ્ન થયે ફક્ત આઠજ માસ થયા હતા. ફક્ત પાંચજ માસ પતિના સહવાસમાં કાઢીને વિરહમાં આવી પડનાર યુવાન પત્નીના આત્માનું દુઃખ તેના સિવાય—તેના જેવા અનુભવ સિવાય–કોઇજ ન સમજી શકે.

વૃદ્ધકાળે પણ સ્ત્રી સધવા રહેવા ચાહતી હોય છે. અખંડ ચૂડે મૃત્યુ ઇચ્છતી સ્ત્રી સદાયે પતિના જીવનની લાગણી ભરી કાળજી રાખતી હોય છે. એવીજ સ્ત્રીઓમાંની એક આશાભરી યુવાન સ્ત્રી આજે છતા પતિએ વૈધવ્યનું દુઃખ સહન કરી રહી હતી.

પતિ ગમે તેવો દુરાચારી હોય, દારૂડીઓ કે ખુની હોય, છતાં દેવ માનીને તેને પૂજવાની, તેની લાતો ખાતાં ખાતાં તેના પગ દાબવાની અને સેવા કરવાની ભાવના પરાપૂર્વથી આર્યાવર્તમાં ચાલતી

આવી છે.

દેવોમાં કદાચ દેવીઓ પોતાના પતિની લાતો ખાતી નહિ હોય, પણ સેવા તો જરૂર કરતી હોય છે. લક્ષ્મીજી પોતાના સ્વામીના પગ દાબવામાં કે તેમની સેવા કરવામાં નાનમ અનુભવતાં નથી.

દુરાચારી કે ખૂની પતિની લાતો ખાવી જોઇએ કે નહિ, એ પ્રશ્નને અલગ રાખવાની જરૂર છે. પણ સેવા કરવાની ભાવના તો જળવાઇજ રહેવી જોઇએ.

સેવા ભોગવનાર કરતાં સેવા કરનારનું મહત્ત્વ હંમેશાં વધુ હોય છે. સેવાનું મહાત્મ્યજ જુદું છે. પુરૂષ પુરૂષની પણ સેવા કરી શકે છે. સ્ત્રી સ્ત્રીની પણ સેવા કરી શકે છે. સ્ત્રી અને પુરૂષ દેવની પણ સેવા કરી શકે છે. સેવામાં કંઇજ ફરક નથી. સેવા કરનાર સેવા-સ્વીકારનારની યોગ્યતાજ જુએ છે. સ્ત્રી હંમેશાં પોતાના પતિને દેવ માનતી આવી છે. દેવની સેવા કરવી દરેકને માટે યોગ્ય છે. સેવા કરનાર પત્ની જો સાચા દિલથી સેવા કરતી હશે તો દુરાચારી, દારૂડીઆ કે ખૂની પતિને પણ દેવ જેટલી યોગ્યતાએ પહોંચાડી શકશે. લાતો મારનાર પતિ આપોઆપ પોતાની ભૂલની ક્ષમા માગતો થઇ જશે.

સેવા કરનાર અને સેવા સ્વીકારનારની યોગ્યતા ત્યાંજ સમાયેલી છે.

એજ સંસ્કારના કારણે આખો ભારત દેશ સેવા કરવામાં આનંદ માને છે. સેવા કરનારની સેવા કદિ નિષ્ફળ જતી નથી.

કૃતપુણ્યના ગમનને કેટલાયે દિવસો વીતિ ગયા હતા. ધનેશ્વર શેઠનો વેપાર પણ લગભગ સંકેલાઇ ગયો હતો. ધન લેવા આવનારી સેવિકાને તે કદિ પણ પાછી કાઢતા નહિ. ઇચ્છા ન હોવા છતાં અને સંપત્તિ લગભગ ખલાસ થવા આવી હોવા છતાં પુત્ર તરફની લાગણીના કારણે તે પોતાની શક્તિ અનુસાર થોડું ઘણું પણ આપતા.

તેમનો અને શેઠાણીનો દેહ હવે કથળ્યો હતો. બંનેમાં અશક્તિ પ્રવેશી ચૂકી હતી. જીવવા માટે-દેહ ટકાવી રાખવા માટે તે

બંને જણાં સાદો ખોરાક લેતાં હતાં. ધન્યાનો આહાર તો તદ્દન ઘટી ગયો હતો. તેનો દેહ તદ્દન સૂકાઇ ગયો હતો. સાસુ સસરાનું દુઃખ તેનાથી જોયું જતું નહોતું. પતિનું શુભ ઇચ્છવામાં અને સાસુ સસરાની સેવા કરવામાં તે પોતાનો આખો દિવસ વ્યતીત કરતી હતી. રાત્રિ તેને ખાવા ધાતી હતી.

પતિના ગમનમાં તે પોતાને જ દોષિત માનતી હતી. જો પોતે સાદી ન હોત, ને સર્વ કલા નિપુણ હોત તો પતિને બહાર નજર કરવાનો પ્રસંગ શા માટે આવત! તેવી તેમને ઇચ્છા પણ શા માટે થાત!

ભોળી અને પતિપરાયણ પત્ની એથી વિશેષ શું વિચારી શકે!

પુત્રનો વિરહ વધુ સહન થઇ ન શકવાથી એક વખતે ધનેશ્વર શેઠે અનંતકુમારને કહ્યું: "અનંત, હવે તો ઘણો સમય થઇ ગયો છે. એક વખત તું કૃતપુણ્ય પાસે ન જઇ આવે?

"આવતી કાલે જરૂર જઇશ, કાકા." કૃતપુણ્યે ધનેશ્વર શેઠને આશ્વાસન આપતાં કહ્યું.

ધનેશ્વરશેઠને સંતોષ થયો.

ઘણા દિવસ પસાર થઇ જવાથી અનંતકુમારને પણ કૃતપુણ્યને મળવા જવાનું યોગ્ય લાગ્યું.

બીજા દિવસે તે અનંગસેનાના આવાસે જઇ પહોંચ્યો.

* * *

## પ્રકરણ ૧૫ મું

## બાળ મિત્રો

"કોણ અનંત ?"

"હા મિત્ર."

"તું અહિં ક્યાંથી ? ' અનંતને અણધાર્યો આવેલો જોઇને કૃતપુણ્ય આશ્ચર્ય પામ્યો હતો.

"ઘણા દિવસ થયા એટલે વિચાર્યું કે લાવ, આજે મારા બાળમિત્રને મળી આવું." જાણે પોતે કંઇજ નવું ન અનુભવતો હોય તેમ ઠંડે કલેજે અનંત બોલી રહ્યો હતો. "અને આ બહેન કોણ ?', અનંગસેના તરફ નજર કરતાં તેણે પૂછ્યું.

"તું નથી ઓળખતો ? કૃતપુણ્યનું માનવું હતું કે આખું જગત પોતાની પ્યારી અનંગસેનાને ઓળખતુંજ હોવું જોઇએ.

"હું ક્યાંથી ઓળખું એમને ?"

"આજ અનંગસેના જગતની રૂપરાણી રાજનર્તિકા મલ્લિકાની બહેન." સગર્વ કૃતપુણ્ય બોલ્યો. અનંગસેનાનાં વખાણ કરતાં કરતાં તેની છાતી ગજ ગજ ફૂલતી હતી. "અને આ મારો બાળમિત્ર અનંત." અનંતની ઓળખ આપતાં પોતાના પ્રિયપાત્ર તરફ ફરીને કહેવા લાગ્યો. "મારો લંગોટીયો મિત્ર. જોને, મારી યાદદાસ્ત પણ કેટલી બધી ઘટી ગઇ છે! બાળમિત્ર તરિકે પોતાનો પરિચય પાડ્યા છતાં હું તેના માટે અનુમાન બાંધી ન શક્યો"

"કંઇ નહિ દોસ્ત પણ તારી આ અનંગસેના છે તો અત્યંત

રૂપવાન હો."

"એ વિના હું એને મારા હૃદયમાં સ્થાન આપું? તું તો પહેલેથીજ જાણે છે કે મારી પરીક્ષા ખોટી ન જ હોય! કૃતપુણ્ય ગર્વિષ્ટ પણે બોલ્યો."

"જરૂર. તારી પરીક્ષા એટલે અગ્નિપરીક્ષા." અનંત મુખેથી બોલ્યો તો ખરો, પણ તેના મનમાં થયું કે 'આવી જીવતી ડાકણોને જીવતી ને જીવતી બાળી મૂકવી જોઇએ.' પણ તરતજ તેણે પોતાના વિચારો પર કાબૂ મેળવી લીધો. તેણે પોતાના મનને ઠપકો આપતા કહ્યું. 'હે મુર્ખ, કોઇનું બૂરૂ ઇચ્છવું એટલે તેનું બૂરૂ કરવા બરાબર જ છે. આવા કુવિચારો તને શોભે!'

"ચાલ, ચાલ, અંદર ચાલ." અનંતનો હાથ પોતાના હાથમાં લેતાં કૃતપુણ્ય બોલ્યો. "અહીં ઊભો ઊભો થાકી જઇશ."

"થાક તો તારા જેવા કોમળ કુમારને લાગે, કૃતપુણ્ય. હું તો બરછટ ચામડીનો રખડતો યુવક છું. મારે તે વળી થાક કેવો!"

બંને મિત્રો અંદર ગયા. અનંગસેના કંટાળેલા દેહે પાછળ પાછળ ઘસડાયે જતી હતી.

સુંદર આરામખંડમાં— બેઠકખંડમાં તેમણે બેઠક લીધી. કૃતપુણ્યે કહ્યું: "અનંગસેના, તને અમારી વાતોમાં રસ નહિ પડે. તેમાં પણ આ રસહીન અનંતની વાતો તો તદ્દન આનંદહીન હોય છે. માટે તું થોડો સમય તારા વિલાસખંડમાં આરામ કર. અને જોજે આના માટે કંઇક નિર્દોષ પીણું મોકલવાનું ભૂલતી નહિ, નહિ તો જ્યાં સુધી જીવશે ત્યાં સુધી તારા સ્વાગતની ટીકા કર્યા કરશે."

અનંગસેના કૃતપુણ્યના ગમ્મતભર્યા શબ્દો સાંભળીને મોં ચઢાવી પોતાના ખંડ તરફ રવાના થઇ.

કૃતપુણ્ય હંમેશાં અનંતને રસહીન જ કહ્યા કરતો. અનંત સીધો, સાદો અને નિર્દોષ સ્વભાવનો હતો. તેના આનંદમાં કોઇની ટીકા થતી નહિ. કોઇ દિવસ તે કોઇની મશ્કરી કરતો નહિ. કોઇને

ખોટા રસ્તે દોરતો નહિ. કોઈના આત્માને દુભવતો નહિ.

બાલ્યકાળમાં તેના ગુરૂજી હંમેશાં સર્વ વિદ્યાર્થીઓને કહેતા કે, "આ અનંત આગળ જતાં અહિંસા અને સત્ય માટેજ પોતાનો પ્રાણ પાથરશે. અત્યારે આટલી નાની વયે પણ જે અહિંસા અને સત્ય માટે પોતાનો સ્વાર્થ ત્યાગવાને તૈયાર થાય છે, તે મોટી ઉંમરે કેવો મહાન ત્યાગવાન થશે ! માટે હે વિદ્યાર્થીઓ, આ આદર્શ અનંતને અને તેના વિચારોને અનુસરો. અહિંસા અને સત્ય એજ સંસાર-તારક છે."

અનંત પ્રત્યે હંમેશાં તેનાં સદ્દગુણોને કારણે તેના ગુરૂજીનો પણ પક્ષપાત રહેતો. તેની સાથેના વિદ્યાર્થીઓમાં બીજા ત્રણ વિદ્યાર્થીઓ બીજાઓની નજરમાં તરવરતા. એક તો શાલિભદ્ર, બીજો ધન્યકુમાર અને ત્રીજો કૃતપુણ્ય.

એ ત્રણે પ્રત્યે અનંતને મમતા હતી. તેમના તરફ તેને પક્ષપાત પણ હતો. છતાં, તે કોઇ દિવસ કોઇની સાથે વધુ પરિચયમાં આવતો નહિ. ત્રણે જણા શ્રીમંત હતા, તે પોતે ગરીબ હતો. તેના માતા પિતા સાધારણ સ્થિતિનાં હતાં, છતાં પોતે કોઇ દિવસ એમ અનુભવ્યું કે માન્યું નહોતું કે પોતે ગરીબ છે. તે માનતો કે ગરીબીમાંથીજ સહનશીલતા અને સંતોષ પ્રગટે છે. અને જો તે હકીકત સત્ય હોય તો સહનશીલતા અને સંતોષમાંથીજ અહિંસા અને સત્ય આવિર્ભાવ પામે છે.

અભ્યાસ છોડયા પછી ચારે મિત્રો છૂટા પડયા હતા. તે પછી અનંત એકાદ બે વખત જ પોતાના મિત્રોને મળ્યો હશે. આજે તે કૃતપુણ્યના પિતાની ખાસ ભલામણથી કૃતપુણ્યની મુલાકાતે આવ્યો હતો. તેણે ધનેશ્વર, સુભદ્રા અને ધન્યાના કકળતાં હૈયાં જોયાં. જાહોજલાલી ભર્યા વેપારનું થતું ખંડન જોયું. કુળની થતી હાંસી જોઇ. તેને લાગ્યું કે, એકાદ વખત જઇને કૃતપુણ્યને સમજાવી આવવાની આવશ્યકતા છે. સુખમાં ભલે મિત્ર પ્રત્યે બેદરકાર રહેવાય, પણ આવા

પ્રસંગે તો તેના પડખે ઉભા રહેવું જોઇએ. મિત્રધર્મ તો ભલે, પણ માનવધર્મ તો ન જ ભૂલાવો જોઇએ.

બધાંને તે આશ્વાસન આપીને તે અનંગસેનાના મકાને આવ્યો હતો. ઘેરથી નીકળતાં તેનાં માતા, પિતા અને પત્નીએ તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેણે તેમને શાંત કર્યાં હતા.

,' અનંત અહી આવતાં તને સંકોચ ન થયો ?" અનંગસેનાના ગયા પછી કૃતપુણ્યે પોતાના મિત્રને પૂછ્યું.

"શાનો ?"

"એક ગણિકાને ત્યાં આવવાનો ?

"અરે, ગાંડા. હું તો તને મળવા માટે આવ્યો છું. થોડોજ અહિં રહેવા માટે આવ્યો છું ? અહીં રહેવા આવવા માટે તને સંકોચ ન થયો, તો તને મળવા માટે આવવાનો સંકોચ મને કેમ થાય ?" અનંતે સાદા શબ્દોમાં કહ્યું.

"મેં તો દુનિયાની લાજ શરમ છોડીને આ સ્થાન સ્વીકાર્યું છે. તારે તો હજી સંસારમાં—જગતમાં રહેવું છે.

"તેં લાજ શરમ છોડી છે, તારા પિતાએ હજી નથી છોડી. આ સ્થાન સ્વીકારતી વખતે તારે તારાં માતા, પિતા અને પત્નીનો તો વિચાર કરવો હતો !

"મેં તો મારા પિતાજીને સંદેશો પાઠવ્યો હતો કે, તમે તમારો પુત્ર મરી ગયો છે, એમ માનીને વિના સંકોચે જીવન વિતાવજો."

"કૃતપુણ્ય તું આટલું ભણ્યો છતાં તારા વિચારો આવા કેમ રહ્યા તેજ હું સમજી શકતો નથી." અનંતકુમાર તેને સમજાવી રહ્યો હતો. એટલામાં એક સેવિકા ચાંદીના પાત્રમાં ગરમ કરેલું દૂધ લઇને આવી. તેણે કોઇપણ પ્રકારની આનાકાની કર્યા વિના તે સ્વીકારી લીધું.

"અનંત," કોઇપણ પ્રકારની આનાકાની સિવાય અનંતને દૂધનો ઉપયોગ કરતો જોઇને કૃતપુણ્ય બોલી ઊઠ્યો. " આનાકાની

વગર ગણિકાના ઘરનું દૂધ તને વાપરતો જોઇને મને આશ્ચર્ય થાય છે."

"શુ ગણિકા માનવ નથી ?

"પણ તે ગણિકા છે ઉચ્ચ કુળની નથી."

"ત્યાંજ તારી ભૂલ થાય છે, કૃતપુણ્ય. હું તો બધાંને સરખાં માનું છું. મને માનવ પ્રત્યે કોઇપણ જાતનો ભેદભાવ ભાસતો નથી. મને તો આચરણ પ્રત્યેજ ભિન્નતા ભાસે છે." અનંતે જગતના માનવો પ્રત્યેના ભેદભાવ પ્રત્યે પોતાનો અણગમો દર્શાવ્યો. તેના ચહેરા પર પણ તેવાજ ભાવો તરી આવ્યા. તે મૂળ મુદ્દા પર આવીને આગળ કહેવા લાગ્યો.

"કૃતપુણ્ય; તું જાણે છે કે, એક માણસ જ્યારે બીજા માણસ પ્રત્યે બેવફા નિવડે છે ત્યારે જગત અને દેવો પણ તેને તિરસ્કારે છે. તેને બેવફા અગર નિમકહરામ કહીને બોલાવે છે."

"એ તો સર્વ સાધારણ વાત છે. અનંત તેમાં નવાઇ જેવું કંઇજ નથી. વિશ્વાસઘાત જેવું જગતમાં કોઇ પાતક નથી." કૃતપુણ્ય બોલ્યો.

"નિમકહરામી અને વિશ્વાસઘાતનાં મૂળતો એકજ છે, એ તો તું સારી રીતે સમજે છે. તારાં માતા પિતાએ તને ઉછેરીને મોટો કર્યો, ભણાવીને હોંશિયાર કર્યો, તેમની વૃદ્ધાવસ્થામાં તું તેમની સેવા કરીશ એવી તેમણે આશા સેવી, તેમણે તારામાં વિશ્વાસ રાખ્યો, તારી માતાએ નવનવ માસ સુધી ગર્ભમાં તારૂં જતન કર્યું, અજાણ્યાને પતિ તરીકે ગ્રહણ કરીને માતા પિતાની છાયા ત્યાગી ધન્યાએ તારામાં વિશ્વાસ રાખ્યો એ બધાંને તેં શો બદલો આપ્યો ? આમાં નિમક-હરામી કે વિશ્વાસઘાતનો અંશ તને નથી લાગતો ? કૃતપુણ્ય, માતા પિતાની સેવા તો દેવો ને પણ દુર્લભ ગણાય છે. જેને માતા પિતા નથી હોતાં, તે વલખાં મારે છે. તેમને તે દુઃખ અસહ્ય ભાસે છે, જ્યારે તારા જેવાને માતા પિતા હોવા છતાં તને તેમની કિંમત લાગતી નથી. ભાગ્યશાળીને ભાગ્યની કિંમત હોતી નથી. એનો દાખલો તો

તારા જેવોજ પૂરો પાડે!" અનંતે માતા પિતા વિષે સાધારણ પણે સમજાવતાં કહ્યું.

"આજે તને આ શું સૂઝયું છે, અનંત?" માતા પિતાની વાત સાંભળીને કંટાળો દર્શાવતાં કૃતપુણ્ય બોલ્યો.

"કેમ?"

"અહીં તો તું મને મળવા માટે આવ્યો છે કે આવી નિરર્થક વાતો કરવા?"

"તને આ વાતો નિરર્થક લાગે છે?"

"નહિ તો બીજું શું? અરે ગાંડા, સંસારમાં તો જ્યાં સુખ મળે ત્યાં રહેવાનું હોય અને જ્યાં આનંદ મળે ત્યાં મહાલવાનું હોય. માતા, પિતા, ભાઇ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, કાકા, મામા, આ તે કંઇ ઘેલછા છે? જેમ એક મકાનમાં આપણને ન ફાવે એટલે બીજા મકાનમાં રહેવા જઇએ, તેમ એક વર્તુલમાં આપણને ન ગમે તો બીજા વર્તુલમાં જઇ શકીએ. એમાં બંધનો કેવાં ને કલંક કેવાં! બંધનો અને કલંકો તો સમાજે ઉપજાવી કાઢેલાં ટાયલાં છે. જો માણસ સદાયે તેને ધ્યાનમાં રાખીને ફરે તો તેનાથી જગતમાં એક દિવસ પણ જીવી ન શકાય." કૃતપુણ્યે પોતાના ઘેલછાભર્યાં વિચારો જણાવ્યા.

પોતાના મિત્રના શબ્દો સાંભળીને અનંત તો સ્તબ્ધ બની ગયો. સદાયે માતા પિતાની સેવામાં રાચતા પુત્રમાં અચાનક આવો થઇ ગયેલો ફેરફાર જોઇને તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેના મગજમાં ઠસી ગયું કે આ ફેરફારનું કારણ અનંગસેના જ હોવી જોઇએ. પણ એનો બિચારીનો પણ શો દોષ? જો તે બીજાઓ પ્રત્યે હમદર્દી બતાવતી થાય, તો તેનો ધંધો, તેનું જીવન કેમ ચાલી શકે?

ગણિકા, નાયિકા કે નર્તિકા બધાં જ એક હોય! જો તે તેમનાં નયનોમાંથી જાદુ ન વેરે, પોતાના અંગોપાંગભર્યા કોમળ દેહની સંભાળ ન રાખે અને આકર્ષણભર્યાં વચનો ન ઉચ્ચારે, તો તેના તરફ કોણ આકર્ષાય?

"આ તું શું બોલે છે, કૃતપુણ્ય ?" અનંત સાશ્ચર્ય બોલ્યો. તારા જેવા સંસ્કારી યુવકના મોંમાં આવા શબ્દો શોભે ? આજ સુધી તો તું બધાને માતા પિતાની સેવા અને પત્ની પ્રત્યે વફાદાર રહેવાનો ઉપદેશ આપ્યા કરતો હતો. તારી પત્નીને તું કેવી કેવી આશાઓ આપતો હતો, કેવા કેવા મીઠા બોલે રીઝવતો હતો ! અને એક સાધારણ ગણિકાના થોડા જ સહવાસમાં તું આટલો બધો બદલાઇ ગયો ? તારા જીવનમાં, તારા વિચારોમાં આટલો બધો પલટો આવી ગયો ? કૃતપુણ્ય, શું માતા પિતાએ આપેલા સંસ્કારનો આવો ઉપયોગ કરાય ? પત્નીએ અંધશ્રદ્ધાએ આપેલા પ્રેમનો આવો દુરોપયોગ કરવો શોભે ? મિત્ર, અપર માતા કૈકેયીની ઇચ્છાને સંતોષવાને ખાતર વનવાસ ભોગવનાર શ્રીરામનો દાખલો સદાયે આગળ ધરનાર તું એકદમ આમ કેમ પલટાઇ ગયો ? ધોબીના કહેવાથી સતી સ્ત્રીને–સીતા જેવી મહાદેવીને–વનવાસ આપનાર શ્રીરામને તું કોઇ કોઇ વખતે કઠોર હૃદયી કહીને સંબોધતો હતો. આજે તારૂં તે સંબોધન કોને લાગુ પડે છે ? શ્રીરામે તો પોતે રાજા હોવાથી પ્રજામાં થયેલી ગેરસમજુતિનો નાશ કરવા માટે સીતાદેવીને વનવાસ આપ્યો હતો, પણ તેં શું કર્યું ? તને કોણે કહ્યું કે, જેથી તું તારી પત્નીને–સતી ધન્યાને વિરહની આગમાં જળાવવા રહ્યો છે ? છતા પતિએ વૈધવ્યનું દુઃખ ભોગવાવી રહ્યો છે ?

મિત્ર, કંઇક તો વિચાર કર. તારૂં કુળ કયું ? તારાં માતાપિતા કોણ ? તારી પત્ની કોણ ? દેવોને દુર્લભ એવા માનવ જીવનને પામીને તેનો ઉપયોગ તું આવો કરે છે ?

ખરેખર, તારૂં અધઃપતન જોઇને મારૂં હૃદય કંપી ઊઠે છે. તારી આવી દશાનું નિમિત્ત તો અનંગસેના છે. મારી જગાએ બીજો કોઇ હોત, તો તેને ન સંભળાવવાના શબ્દો સંભળાવત. પણ તે મારા સિદ્ધાંતની વિરૂદ્ધ છે. હું કોઇને તિરસ્કારતો નથી. કોઇનું બૂરૂં ચાહતો નથી. દરેક વ્યક્તિ પોતે પોતાનાં કર્મોનાં જ ફળ ભોગવે છે, એમ જ

હું તો માનતો હોઉં છું.

પણ તારું અધઃપતન મારાથી જોયું જતું નથી. તારાં માતા પિતાનાં આંસુ અને તારી સતી સ્ત્રીનો વિરહ મારા આત્માને જળાવી નાંખે છે. તું જાણે છે કે, તારી લક્ષ્મીમાં મોહીને મેં કોઇ દિવસ તારે ત્યાં આવવાનો પ્રયત્ન કર્યો નથી. શાલિભદ્ર અને ધન્યકુમારની શ્રીમંતાઇ તરફ આકર્ષાઇને હું તેમને ત્યાં જતો નથી. હું તો ફક્ત આવ્યો છું મિત્ર ફરજ બજાવવા માટે, માનવધર્મ બજાવવા માટે."

બોલતો બોલતો અનંત અટક્યો. તે કૃતપુણ્યના ચહેરાનું બારિકાઇથી અવલોકન કરવા લાગ્યો. પોતાના કથનની મિત્ર પર શી અસર થાય છે, તે જોવાને, જાણવાને તે થોડો સમય થોભ્યો.

કૃતપુણ્યના ચહેરા પર કેટલાય પ્રકારના ભાવો આવીને વિસર્જન થઇ ગયા. અનંત તેમાંના કેટલાક ભાવોને પકડી શક્યો.

" તને પસ્તાવો થાય એ સ્વાભાવિક છે, કૃતપુણ્ય." તે આગળ કહેવા લાગ્યો. " કોઇપણ સંસ્કારી યુવકને પોતાની ભૂલ સમજાય ત્યારે તેને જરૂર પસ્તાવો થાય."

" અનંત," કૃતપુણ્યના અવાજમાં ફરક પડી ગયો હતો. "તું આવી વાતો કરવા માટે મારી પાસે આવ્યો છે ? "

" ના. "

" ત્યારે ? "

" હું તો તને તારી સ્થિતિનું, તારી અધોગતિનું ભાન કરાવવા આવ્યો છું."

" મારે હમણાં આવા શબ્દો સાંભળવા નથી. જો તું આટલા માટે જ અહીં આવ્યો હોય તો મહેરબાની કરીને હમણાં જ ચાલ્યો જા. મારે જ્યારે આવા શબ્દો સાંભળવા હશે, ત્યારે હું જાતે જ તારી પાસે આવીશ." કૃતપુણ્યના સ્વર પરથી સ્પષ્ટપણે સમજી શકાતું હતું, તે મુંઝાઇ ગયો છે. માતા પિતાનાં આંસુ અને પત્નીની વિરહી અવસ્થા સાંભળીને તેના હૃદયમાં વસેલા જૂના સંસ્કારો સળવળવા

લાગ્યા હતા. તેને લાગ્યું કે, જો પોતે આવી વાતો વધારે સમય સુધી સાંભળ્યા કરશે તો અનંગસેના તરફ અણગમો પેદા થશે. અનંગસેના પ્રત્યે પોતાને અણગમો પેદા થાય તેમાં તે ખુશી નહોતો.

"મિત્ર, જગતમાં કોઇપણ અપમાનીત શબ્દો સહન ન કરનાર આજે હું તારા અશિષ્ટ શબ્દોને પણ અમૃત માનીને પચાવી જવા ખુશી છું." અનંત દુઃખી થતાં બોલ્યો,

"હું તારૂં અપમાન કરવા નથી ઇચ્છતો, અનંત" કૃતપુણ્ય પોતાના મન પર કાબૂ મેળવતાં બોલ્યો. "મારી તને નમ્ર વિનંતિ છે કે, તું મને જે કહેવા માટે આવ્યો છે તે ન કહે. તે સિવાય તારે મને જે કહેવું હોય તે કહે. તું મારો બાળ મિત્ર છે. મારા પર તારો હક્ક છે."

"કૃતપુણ્ય, મારે તને બીજું શું કહેવાનું હોય?" અનંત શાંતિથી બોલ્યો." મારે તો તને આટલું કહેવું હતું, માટે હું આવ્યો હતો. જો તને તે યોગ્ય લાગે, તો તેનું પાલન કર. જો અયોગ્ય લાગે તો સમય સમયનું કામ કરશે.

સમય ઘણો વીતી ગયો હતો. સાંજના ભોજનનો સમય થઇ ગયો હતો. અનંગસેના કંટાળીને પોતાના ખંડમાંથી બેઠકખંડમાં આવી. તેને જોઇને અનંત બોલ્યો. "મિત્ર, બિચારી અનંગસેના તારા સહવાસ વિના અકળાય છે, હવે હું જઇશ.

અનંત પોતાની જગાએથી ઊઠયો. કૃતપુણ્ય પણ ઊઠયો.

બંને મિત્રો દ્વાર સુધી પહોંચ્યા. કૃતપુણ્યે અનંતના ખભા પર પોતાનો જમણો હાથ મૂકતાં કહ્યું, અનંત, ખોટું તો નથી. લાગ્યું ને?

"શાનું"

"જેનું તું માને તેનું?

"મારા જીવનમાં ખોટું લાગવા જેવું સ્થાન જ મેં રાખ્યું નથી"

"ત્યારે, હવે ક્યારે મળીશ?"

" ભાવી કોણ ઉકેલી શકયું છે?"

" પાછી આવી ગાંડી વાતો કરવા લાગ્યો ?"

" ઇચ્છા થશે ત્યારે જરૂર આવીશ."

" ભૂલીશ નહિં હોં !"

" સારૂં."

" મારા માતા પિતાને મારા પ્રણામ કહેજે "

" ભલે "

" ધન્યાને ' આશીષ ' કહેવાનું ચૂકતો નહિ."

" અનંતે જવાબ આપ્યો નહિ."

" જવાબ કેમ આપ્યો નહિ ?" કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

" તેને તો બિચારીને કયારનીયે આશીષ મળી ચૂકી છે."

" જો પાછો......"

" જરૂર કહીશ."

અને કૃતપુણ્યની સામું જોયા સિવાય અનંત એકદમ દાદર ઊતરી ગયો.

કૃતપુણ્ય કયાંય સુધી મૌન પણે ત્યાં ને ત્યાં ઊભો રહ્યો.

## પ્રકરણ ૧૬ મું

## ધન્યા અને પરિમલ

દિવસો પર દિવસો અને મહિનાઓ પર મહિનાઓ વીતવા લાગ્યા. ધનેશ્વર શેઠ અને શેઠાણીની ઇચ્છા પાર ન પડી. અનંતકુમાર બે ચાર વખત કૃતપુણ્ય પાસે જઇ આવ્યો, પણ પરિણામમાં ફક્ત નિષ્ફળતાજ સાંપડી.

પહેલી મુલાકાતનું પરિણામ તેણે શેઠને અને શેઠાણીને વિગતવાર ખરૂં કહી સંભળાવ્યું નહોતું. તેને લાગ્યું કે જો કૃતપુણ્યના શબ્દો અક્ષરસઃ તેનાં માતા પિતાને કહી સંભળાવવામાં આવશે તો તેમના દિલને સખ્ત આઘાત લાગશે. એ કારણે તેણે મુલાકાતનું પરિણામ આશા જેવું આવ્યું હોય, તેવા સમાચાર આપ્યા.

એક બે વખત ધન્યાનાં માતા પિતા પણ આવી ગયાં. તેમણે ધનેશ્વર શેઠને અને સુભદ્રા શેઠાણીને આશ્વાસન આપ્યું. પોતાની પુત્રીનું દુઃખ તો તેમનાથી સહ્યું જાય તેમ નહોતું. તેમણે તેને થોડા સમય માટે પોતાને ત્યાં રહેવા આવવા માટે આગ્રહ કર્યો, પણ ધન્યાએ અત્યંત નમ્રતાથી તેનો અસ્વીકાર કર્યો, તેનાં સાસુ સસરાયે પણ તેને કહી જોયું. પણ જવાબમાં તેણે એટલુંજ કહ્યું કે, "જન્મ આપનાર માતા પિતાનાં શરીર સારાં છે. લગ્ન પછી માની લીધેલાં માતા પિતાનાં શરીર સારાં ન હોય, તો કોઇપણ સ્ત્રી પોતાનો ધર્મ ન ચૂકે. મારાં સાસુ સાસરા એજ મારાં માતા પિતા છે. મારે તેમની સેવા કરવી જોઇએ. આજે તેમનાં હૃદયમાં કારી ઘા વાગ્યો છે.

તેમનાં અશક્ત શરીર સેવા માગે છે. મારાથી તેમની સેવા કરવાનો લાભ જતો ન કરાય."

અને એ આર્ય નારીએ પોતાના હૃદયમાં તોફાન મચાવી મૂકેલાં દુઃખોવિષે એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો. એક નિશ્વાસ પણ બીજાના કાન પડવા ન દીધો. **બાલ્યકાળના સંસ્કાર પર રચાયેલું જીવન તેવાંજ ફળ આપે છે**, એ દાખલો તેણે પૂરો પાડયો.

અનંતકુમારે તેની પત્ની પરિમલને કહી રાખ્યું હતું કે, 'જ્યારે જ્યારે વખત મળે ત્યારે ત્યારે કૃતપુણ્યની પત્ની ધન્યાની પાસે જઇને તેને આશ્વાસન આપવું. જગતની નિન્દા પ્રત્યે બહુ ઓછું ધ્યાન આપવું. કારણ કે નિન્દા એ તો જગતનાં કપટી માનવીઓનો ખોરાક થઇ પડયો છે. જો તે નિન્દા ન કરે તો તેને ખાવું પણ ન ભાવે. અને નિન્દા તો સજ્જનોની થાય છે, દુર્જનોની તો થતીજ નથી. કારણ કે તેમની નિન્દા કરવા જેવું કંઇ હોતુંજ નથી.'

પતિમાં શ્રદ્ધા રાખનાર પરિમલે પતિનું કથન અક્ષરસઃ પાળવા માંડયું. તે ધન્યાની પાસે જવા લાગી. કૃતપુણ્યનો પોતાના પતિ સાથે થયેલો સંવાદ તેણે ધન્યાને કહી સંભળાવ્યો. તે ઉપરાંત તેણે કહ્યું કે, બહેન, તમારાં સાસુ સસરા પાસે મારા પતિ અસત્ય બોલ્યા હતા. તેમ કરવામાં તેમનો એવો હેતુ હતો કે, તમારાં સાસુ સસરાનાં મનને એકદમ આઘાત ન પહોંચાડવો. પણ તમને તો તે ઘટનાથી માહિતગાર રાખવાં જોઇએ. તમારા પતિ એકદમ બદલાઇ ગયા છે. તમારા ભાઇ તેમને સમજાવવા જાય છે, ત્યારે તેમનું અપમાન જ થાય છે. હું સમજી શકું છું કે મારા શબ્દોથી તમારા મનને ઘણું દુઃખ થશે, પણ મારી ફરજ મારે બજાવવી જોઇએ. ગમે તેમ તો પણ તમે તેમનાં પત્ની છો. ઘરનું-કુટુંબનું એક માણસ તો એ બીનાથી માહિતગાર હોવું જોઇએ.

આજે તમારાં સાસુ સસરાનાં મન અને દેહ નિર્બળ બની ગયાં છે. તેમનાથી આવી માહિતી સહન થઇ શકે તેમ નથી. બહેન,

હજી તમારા ભાઈને આશા છે કે, તેમનો મિત્ર જરૂર સન્માર્ગે વળશે. તમારા પતિમાં–પતિના મનમાં એક પ્રકારનો મોહમય આવેશ આવી ગયો છે. તે આવેશ શમી જતાં જ તે પોતાના સત્ય રાહે વળી જશે. પણ આપણી ઇચ્છા પ્રમાણે તે જલ્દી નહિ બની શકે. તેને થોડો સમય લાગશે. તમારા ભાઈ પોતાનો પ્રયત્ન નહિ ત્યાગે. તમને જ્યારે જ્યારે કોઈ પણ જાતની મૂંઝવણ કે મુશ્કેલી ઊભી થાય, ત્યારે ત્યારે મને જણાવવાનું ભૂલશો નહિ. અમારી ફરજ અમે અદા કરીશું. માણસ માણસના ઉપયોગમાં નહિ આવે તો કોના ઉપયોગમાં આવશે?"

પરિમલના શબ્દો સાંભળીને ધન્યાની આંખમાંથી આંસુ ખરી પડ્યાં. છતા પતિએ આજે તે નિરાધાર બની ગઈ હતી. પુત્રપ્રેમ પાછળ સસરાએ ધન લેવા માટે આવતી દાસીને થોડી થોડી કરીને બધી જ સંપત્તિ આપી દીધી હતી. હવે બહુ કરકસરથી સંસાર ચલાવવાનો સમય આવી ચૂક્યો હતો. આવા બારીક સમયનું વર્ણન બીજા પાસે કરી શકાય તેમ નહોતું. સાસુ સસરાના કાને તો આ વાત નંખાય તેમ નહોતી, હવે પોતે પોતાના અલંકારો પર ઝઝૂમી રહી હતી.

તેને પ્રભુ પર અનહદ શ્રદ્ધા હતી. તેનો અંતરઆત્મા કહેતો હતો કે, 'પતિ જરૂર પાછા આવશે.' એ આશા પર એ દુઃખને પણ સુખ માનીને જીવન વીતાવી રહી હતી.

આશા એ જીવનનું મોટામાં મોટું સુખ છે. એ સુખમાં માણસ આનંદ માને છે, ને જીવન વીતાવે છે.

"બહેન," પોતાનાં આંસુ લૂછતાં ધન્યા બોલી. 'મારા ભાઈ અમારા કુટુંબ માટે જે શ્રમ ઉઠાવી રહ્યા છે, તેનો બદલો અમે આ ભવમાં તો વાળી શકીએ તેમ નથી."

"આવાં સમજુ અને સંસ્કારી હોવા છતાં તમારા મુખમાંથી આવા શબ્દો નિકળે છે, ધન્યા બહેન!" પરિમલ બોલી. "જગતમાં કોઈ કોઈના પર ઉપકાર કરતું નથી. પ્રત્યેક માનવી પોતે પોતાની

ફરજ બજાવતો હોય છે."

"પરિમલ બહેન, તમારા પતિના સદ્‌ગુણ તમારામાં ઊતર્યા છે, એટલે જ તમારું હૃદય આવું નિર્મળ અને લાગણીભર્યું છે." ધન્યા કહેવા લાગી. "આજે અમારાં સગાંવહાલાં ક્યાં ઓછાં છે? રસ્તામાં તેમની વાતો સાંભળવામાં અને તેમાં આનંદ માનવામાં સુખ સેવતા માણસો ક્યાં ઓછા છે? પણ આજે કોઈ તેમના પ્રત્યે કે તેમના કુટુંબ પ્રત્યે એક નજર પણ નાખે છે? હમદર્દીભર્યો એક શબ્દ પણ ઉચ્ચારે છે! બહેન, જગત તો સ્વાર્થથી ભરેલું છે. ફરજ અને લાગણી તો થોડાં જ માનવો કેળવી શક્યા હોય છે. તેવાઓને દેવ માનીને તેમની પૂજા કરીએ તો પણ ઓછી છે."

"જગતમાં જો બધાની પૂજા કરવા બેસીયે તો આપણો આરો પણ ન આવે, બહેન." પરિમલ બોલી. "એવી ઘેલછાઓજ માણસને નિર્બળ મનનાં બનાવે છે. પૂજા કેવી ને વાત કેવી! દરેક જણ પોતપોતાની ફરજ અદા કરે છે. એમજ માનતા થવું જોઈએ. અતિશય ભલમનસાઈ કે વિવેક રાખનાર માટે આ જગતમાં સ્થાન નથી. સામી વ્યક્તિ જેવી હોય તેવા થઈએ અને એક મારનારને સામા બે મારીએ, તોજ જગતમાં જીવવાને લાયક બનીએ. જગતનાં માનવીઓ નરમ-નમ્ર માણસને જીવવા દેવામાં ખુશી નથી હોતા. અતિશય નમ્ર બનવાનું પરિણામ સહન કરવામાં આવે છે."

ધન્યા પરિમલના શબ્દો સાંભળી રહી તેને તેમાં કંઈક સત્ય ભાસ્યું. તેનો અનુભવ પણ તેજ કહેતો હતો. 'કોઈપણ વ્યક્તિ પાસે નરમ બનીને શા માટે ઊભા રહેવું જોઈએ? તેના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો. પણ સાથે સાથે તેના અંતરાત્માનો જવાબ મળી ગયો કે, 'જેવાની સાથે તેવાજ થવું જોઈએ,'

"બહેન," પરિમલ આગળ કહેવા લાગી. "તમારા ભાઈના આજસુધીના બધા પ્રયાસો નિષ્ફળ નીવડ્યા છે. પણ હવે તે મારા ભાઈને-તમારા પતિને જુદી જ રીતે સમજાવવાના છે. તેમની ખાત્રી

છે કે, એ રીતે તેમણે ધારેલી રીતે સમજાવવામાં તે યશસ્વી નીવડશે.

ધન્યાનું હૃદય ભરાઇ આવ્યું. પોતાના મિત્રની ખાતર આ સ્ત્રીનો પતિ જગતની નિન્દાને પાત્ર બનીને પણ નાયિકાને ત્યાં જવાની હિંમત કરતો હતો.

જગતની દૃષ્ટિ હંમેશાં અંધારા તરફ જોવાને ટેવાયેલી હોય છે. પ્રકાશ તરફ જોતાં તે અંજાઇ જાય છે. તે તરફ જોવાની તેને ઇચ્છા પણ થતી નથી. ચોરી છૂપીથી ગણિકાને ત્યાં જનારને દોષ જણાતો નથી. પણ બીજાને જતાં જોતા ધ્રુસકી ઊઠે છે. તેમાં તેને દોષ દેખાય છે. પાપ પણ દેખાય છે.

પોતાના દોષને ઢાંકી દેવા માટે બીજાના દોષને આગળ ધરવા ટેવાયેલું જગત, બીજાના સગુદ્ગુણો તરફ દષ્ટિ કરવાને પણ તૈયાર હોતું નથી. બીજાના સદ્દગુણોનાં વખાણ કરવા જતાં પોતાના દુર્ગુણો ખુલ્લા પડી જવાની તેને ભીતિ લાગતી હોય છે.

"પરિમલ બહેન........."

ગદ્દગદ્દ કંઠે ધન્યા એટલુંજ બોલી શકી. તેનાં મહામહનતે રોકાયેલાં આંસુ એકદમ વહેવા લાગ્યાં.

## પ્રકરણ ૧૭ મું

## નવી યુક્તિ

આથમતા સૂર્યનાં તિરછાં કિરણો જતાં જતાં પણ જગતને પોતાનો પ્રભાવ બતાવી રહ્યાં હતાં. આથમતા પહોરની ઓછી થતી ગરમીના કારણે કંઈક ઠંડક અનુભવતાં માનવીઓ સંતોષ અનુભવી રહ્યાં હતાં.

એવા સમયે એક આલિશાન મકાનની બારી પાસે સુંદર મુલાયમ આસન પર બેઠા બેઠા બે મિત્રો વાતો કરી રહ્યા હતા. ચાર માળનું તે ભવ્ય મકાન રંગ બેરંગી ચિત્રો વડેજ પોતાની મહત્તાનો ખ્યાલ આપી રહ્યું હતું.

રસ્તેથી જતાં આવતાં માણસો તેના પ્રત્યે તિરછી નજર નાંખવાનું ચૂકતા નહિ. અરે તિરછી નજર નાંખવાનું ચૂકતાં નહિ શું, પણ તેના તરફ જોવાનો લાભ જતો કરતા નહિ.

તે મકાન હતું અનંગસેનાનું, એક નાયિકાનું.

બંને મિત્રોમાંનો એક તો હતો કૃતપુણ્ય, ને બીજો તેને સમજાવવા માટે આવેલો અનંતકુમાર. કૃતપુણ્યનાં માતા પિતાના અત્યાગ્રહથી, તેની પત્નીની હૃદય વ્યથા નિહાળીને અને મિત્રધર્મ બજાવવાની ફરજ સમજીને અનંત તેના મિત્રને–કૃતપુણ્યને સમજાવવા માટે અનંગસેનાના મકાનમાં આવ્યો હતો.

અનંગસેનાએ પ્રથમ તો તેને પોતાના મકાનમાં પેસવા દેવાની આનાકાની કરેલી, પણ કૃતપુણ્યના આગ્રહને વશ થઈને તેણે નમતું મૂકેલું.

અનંતકુમાર આજસુધીમાં ઘણી વખત આવેલો. પણ તે તો શિખામણ આપવા માટે. આજે તે જુદી જ તરકીબ અજમાવવા માટે આવ્યો હતો. મહારાજા બિમ્બિસાર અને વૈશાલીની દેશનર્તિકા આમ્રપાલીનો પ્રેમ સમજાવવાનું તેનું દષ્ટિ બિન્દુ હતું. એ કારણે પણ જો કદાચ કૃતપુણ્ય માની જાય તો ઠીક.

તે સમજાવી રહ્યો હતો કે, "આમ્રપાલી જેવી સુંદર સ્ત્રીને પણ મહારાજાએ જોત જોતમાં ત્યાગી દીધી, ત્યારે આ તો એક મામુલી નાયિકા છે. તારાથી આવી સાધારણ સ્ત્રીના બંધનમાંથી પણ છટકી શકાતું નથી ?"

"મહારાજાની વાત છોડી દે, અનંત !" કૃતપુણ્ય બોલ્યો. "મહારાજા તે થોડા જ પ્રેમી છે ! તે તો રૂપના ભોકતા છે, આજે આમ્રપાલી તો કાલે બીજી કોઇ મેળવી લેવાના. મારાથી થોડું જ એમ બની શકે તેમ છે ? મેં તો જેને દિલ આપ્યું છે, તેની પાસે જ તે રહેવાનું."

"અરે, ગાંડા ! નાયિકાને દિલ કેવું ને વાત કેવી ! ગમે તેમ તો પણ તે નાયિકા. નાયિકાનો ભરોસો શો ? એ તો થોડી જ આમ્રપાલી છે કે પતિની ગેરહાજરીમાં પણ પતિવ્રતા રહી શકે !"

"પણ આમ્રપાલી તો દેશનર્તિકા હતી ને ?" અનંતના શબ્દોનો અર્થ ન સમજવાથી કૃતપુણ્યે પૂછ્યું.

"તો આ કઇ ગૃહસ્થ કુટુંબની કન્યા છે ! આ પણ નર્તિકા જ છે ને !"

"પણ મેં તો અનંગસેના સાથે ગાંધર્વ લગ્ન કર્યાં છે, અનંત !" કૃતપુણ્યે પોતાનો બચાવ રજુ કરતાં કહ્યું.

"અને મહારાજા બિમ્બિસારે આમ્રપાલી સાથે કયાં ગાંધર્વ વિવાહ કર્યાં નહોતા ? કૃતપુણ્ય ! મોટાઓની બરોબરી કરવા જતાં જીવનને હોડમાં મૂકવું પડે છે." અનંતકુમારે પોતાના મિત્રને કંઇક સમજાવતાં કહ્યું.

"મારૂં જીવન તો હોડમાં મુકાઇ ચૂકયું છે, અનંત !"

"અને સાથે સાથે દેવી ધન્યાનું પણ."

"આપણા રાજવીને પણ અનેક રાણીયો કયાં નહોતી ?"

"આમ્રપાલીના ગાંધર્વ લગ્નના સમયે ને ?"

"હાસ્તો."

"અનેક રાણીયો હતી માટેજ આમ્રપાલીને પડતી મૂકીને પાછા પોતાના રાણીવાસને ભાળતા થઇ ગયા."

"આમ્રપાલી એટલી મૂર્ખ કે તેણે પોતાના ગાંધર્વવિવાહીત પતિને જવા દીધા."

"ત્યાંજ તારી ભૂલ થાય છે, કૃતપુણ્ય ! એટલીજ એ મહાન કે પોતાના ગાંધર્વવિવાહીત પતિને પોતાના રાજ્યમાં વગર આનાકાનીએ જવા દીધા. તેના અપૂર્વ ત્યાગની કવિતાની એકાદ કડી પણ તારી અનંગસેનામાંથી નહિ મળી આવે ! ગમે તેમ તો પણ આમ્રપાલી એક દૈવીકન્યા હતી અને આ અનંગસેના ગણિકા કન્યા છે."

"દૈવી કન્યા શાની અનંત ! તું પણ મને મૂર્ખ બનાવવાનીજ વાતો કર્યા કરે છે."

"નહિ, મિત્ર ! મેં મારા જીવનમાં કોઇને મૂર્ખ બનાવવાનો કે હાસ્યાસ્પદ બનાવવાનો લેશ માત્ર પણ પ્રયત્ન કર્યો નથી. મારા જીવનમાં મેં કેવળ સરળતાજ કેળવવાનો પ્રયત્ન કર્યો છે, ને તેમાં મેં મોટા ભાગનો યશ પણ પ્રાપ્ત કર્યો છે. નીતિમયું જીવન જીવવાનું મારૂં સ્વપ્ન હું તદ્દન નિર્મળપણે સિધ્ધ કરી રહ્યો છું. સંસારમાં રહીને અને સાંસારિક સુખો ભોગવીને પણ બ્રહ્મચારીની પેઠે હું નિર્મોહીજ જીવન વીતાવી રહ્યો છું. ઉચ્ચ ભાવના, આદર્શ જીવન, નીતિમય વર્તણુક, દરેક પ્રત્યે સમભાવ હૃદયમાં દયા, વાણીમાં સત્યતા, ને નિખાલસ સ્વભાવને મેં કેળવ્યાં છે. કૃતપુણ્ય, તને મૂર્ખ બનાવવાની કલ્પના પણ મારા મનમાં ઉદ્ભવવી અશકય છે. મિત્ર, હું માનું છું કે દેશનર્તિકા આમ્રપાલીના જીવન વિષે તું કદાચ અજ્ઞાત હોઇશ."

"આમ્રપાલીનું આખું જીવન તો હું જાણતો નથી, અનંત! પણ મેં એટલું સાંભળેલું કે તેના માટે વૈશાલીના મહાન વીરો અંદરોઅંદર કપાઇ મરતા હતા."

"એ વાત તો તદ્દન નગ્ન સત્ય છે."

"તો મારે એટલું ચોક્કસ પણે કહેવું જોઇએ કે, સુંદર આમ્રપાલીનો પ્રેમ સંપાદન કરવા જેટલી શક્તિ તેમનામાં નહિ જ હોય. સ્ત્રીનો પ્રેમ તો આત્માના પ્રેમથીજ સંપાદન થાય છે, અનંત! બાહુબળથી કે શસ્ત્ર બળથી નહિ."

"એટલેજ આમ્રપાલીનો પ્રેમ મહારાજા બિમ્બિસારે પોતાના પ્રેમ વડે જીત્યો હતો. મિત્ર, અનંગસેના માટે તો તું એકજ પ્રેમઘેલો બન્યો છે, જ્યારે આમ્રપાલી માટે તો આખો દેશ ઘેલો બન્યો હતો."

"છતાં આપણા મહારાજા સિવાય તેના પ્રેમને બીજું કોઇ જીતી શક્યું નહિ, એમજ ને!"

"હાસ્તો." થોડો સમય અનંતકુમાર શ્વાસ ખાવા માટે થોભ્યો. થોડીવારે તે આગળ બોલવા લાગ્યો; "એનો અર્થ તેં શો કર્યો?"

"બીજો શો અર્થ કરવાનો હોય, અનંત!" કૃતપુણ્યે જવાબ આપતાં કહેવા માંડયું: "લિચ્છવીઓ પ્રેમ બળમાં પછાત છે, ભલે શસ્ત્રબળમાં આગળ વધ્યા હોય."

"ત્યાંજ તું ભુલે છે, કૃતપુણ્ય! લિચ્છવીઓ પ્રેમ પણ કરી જાણે છે. શસ્ત્રબળવાળા પાસે પ્રેમબળ ન હોય, એમ માની લેવું ભૂલ ભરેલું છે."

"તો પછી શામાટે તે લોકો આમ્રપાલીનો પ્રેમ સંપાદન કરવામાં નિષ્ફળ નિવડયા?"

"આમ્રપાલીનો પ્રેમ રસ્તામાં નથી પડયો, મિત્ર! તે તો સ્વર્ગમાંથી ભૂલી પડેલી કોઇ અપ્સરા છે." થોડાવાર થોભીને તે આગળ બોલ્યો:" તેં કોઇ દિવસ તેને જોઇ છે'?

"ના"

"ત્યારે તારાં એટલાં કમ ભાગ્ય."

'કેમ?"

"જો તે તેને એકાદ વખત પણ જોઇ હોત, તો તું અનંગસેના પ્રત્યે દૃષ્ટિ પણ ન કરત."

"કારણ?"

"કારણ એજ કે તારી કલ્પનામાં પણ ન આવે એવી એ મહાન સ્ત્રી છે. કૃતપુણ્ય! તું તો કેવળ વાસનામાં લોલુપ બનીને સ્ત્રીને નિહાળે છે. એક જ દષ્ટિએ અને ફક્ત સામેજ જોઈને ચાલનારને અનેક ઠોકરો વાગે છે. રસ્તામાં ચાલનારે તો આજુબાજુ અને જમીન તરફ પણ નજર કરવી પડે છે. જો તેમ કરવામાં તે બેદરકાર બને તો તેને આફતો પણ વેઠવી પડે છે. મિત્ર! કોઇ દિવસ તેં કલ્પના પણ કરી છે કે, સ્ત્રી શશી સમી શિતળ અને અગ્નિ સમી દાહક હોય છે? સ્ત્રીની લીબુંની ફાડ જેવી આંખોમાંથી સરતાં અશ્રુ બિન્દુઓ, સમય પ્રમાણે ખારાં અને મીઠાં હોય છે. ફકત સ્ત્રીનાંજ નહિ, પણ પુરૂષનાં અશ્રુઓમાં પણ એ ગુણ હોય છે. એટલે અશ્રુને કેવળ અશ્રુજ ન માનતાં—ન માની લેતાં તે કેવા સ્વાદે રંગાયેલાં છે, તે અવશ્ય જોતાં ચવું જોઇએ.

પોતાના દેશના કાયદાને—ગણતંત્રના અધિપતિ ચેટકની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી, પોતાના હૃદય સિંહાસને બિરાજેલા દેવને ત્યાગનાર અને પોતાના પવિત્ર પ્રેમનું દેશકાજે સમર્પણ કરનાર એ મહાદેવી આમ્રપાલી ને એક વખત તારે નજરે નિહાળવાની જરૂર છે. તેના દેહમાં કેવું આકર્ષક માધુર્ય છે, તે તેને પ્રત્યક્ષ નિહાળ્યા સિવાય તું કેવી રીતે સમજી શકે! તેની આંખોમાં રમતી હૃદયભેદક મોહિની તારે એક વાર નજરે જોવાની જરૂર છે. તેના સ્તનની દેખાતી અડધી રેખાઓની અપૂર્વતા, નાસિકાનો મદભર્યો મરોડ, પાતળી કમરની લચક, અને ચાલનો દરસો નજરે નિહાળ્યા સિવાય કયાંથી સમજી

શકાય! તેનાં મદભર નયનોમાં તારાની ચમક મારતી કીકીઓ, ને કમળદળ સમા નાજુક બાહુ સામા માણસને આકર્ષી લેવામાં ક્ષણનો પણ વિલંબ ન કરે, તેવાં આકર્ષક છે.

કૃતપુણ્ય! અનુભવ વિના તું ક્યાંથી સમજી શકે કે, સ્ત્રીના ચાટિલા નાજુક અંગમાંથી મદભર્યું સૌંદર્ય ઝરતું હોય છે. દેહલતાના પ્રત્યેક અંગેઅંગમાં કળામય મરોડ ભર્યો હોય છે. યુવાનીમાંથી ખીલતું માદક લાવણ્ય સ્ત્રીને પૂજનીય બનાવે છે. પછી પૂજારી પોતાને યોગ્ય લાગે તે રીતે તેની પૂજા કરે.

મહારાજા બિમ્બિસારના ત્યાગ પછી અને પોતાના દૈવી પ્રેમના સમર્પણ પછી વૈશાલીના વીર યોધ્ધાઓ આમ્રપાલીને પવિત્ર નજરે જોતા થયા છે. તેનો પડતો બોલ ઝીલવામાં તે પોતાને ધન્ય માનવા લાગ્યા છે. દેશનર્તિકા હોવા છતાં દેવી તરીકે તેને માન પામે છે.

મહાન યોધ્ધાઓ જેમ સ્ત્રી સૌંદર્ય માટે મરી ફીટવાને હિંમત ધરાવતા હોય છે, તેમ સ્ત્રી સૌંદર્યને પૂજવામાં પણ પાછા પડતા નથી. સ્ત્રીને તે શક્તિ સમજે છે. શક્તિમાંથી શક્તિ પ્રાપ્ત કરવાના કોડ તે રાત દિવસ સેવતા હોય છે. મિત્ર! માતા પિતા અગર પત્ની પ્રત્યે બેવફા થતા નથી. વફાદારીના તે ચાહક હોય છે. દેશ માટે મરી ફીટવાને તે ખડે પગે તૈયાર હોય છે. પોતાની પત્નીના સુખને ખાતર પોતાનો પ્રાણ આપવાને તે અચકાતા નથી......"

"મારે એવી વાતો નથી સાંભળવી, અનંત!" અનંતને આગળ બોલતો અટકાવીને કૃતપુણ્ય બોલ્યો. "મારે તો તારા ગુણ-ગાન પ્રાપ્ત કરનારી આમ્રપાલી વિષે જાણવું છે. તે કોણ છે, ક્યાંથી આવી છે, કોને ત્યાં ઊછરી છે, ને મહારાજા પ્રત્યે કેમ આકર્ષાણી! ગાંધર્વ વિવાહિત પતિને ત્યાગીને પણ પોતાના દેશ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવામાં તે યશસ્વી થઇ છે, એમ તું કહે છે; તેનો મારે ખુલાસો જોઇએ છે. મારે તો આમ્રપાલી વિષે સત્ય શું છે તે જાણવું છે, તારી પ્રશંસાભરી વાતો સાંભળવી નથી."

"કૃતપુણ્ય, કોઇનો ઇતિહાસ જાણવા કરતાં તેના ગુણદોષ જાણવા જરૂરી છે. તેમાં પણ વિશેષ કરીને કોઇપણ વ્યક્તિના દોષ જાણવા કરતાં ગુણ જાણવાની અપેક્ષા વધારે રાખવી જોઇએ." અનંત તેના મિત્રની ઇંતેજારીને ભૂલી જઇને પોતાના હૃદયમાં વાસ કરી રહેલી સદ્ભાવનાના કારણે સદ્બોધ જ આપવા લાગી ગયો.

"પુણ્ય અને પાપની ભાંજગડમાં વધારે ઊંડા ન ઊતરીએ તો-પણ સારૂં નરસું તો સમજતાં શીખવુંજ જોઇએ. ભલે, આપણે મહાન બની ન શકીએ, પણ મહાન બનવાની ઉત્તમ ભાવનામાંથી કોઇક સમયે આપણે મહાન બની શકીશું. પરમાત્માના યશોગાન ગાતાં ગાતાં ભલે આપણે ગમે તેવા વિચારો કરતા હોઇએ, પણ તે સમયની એકાદ પળે પણ જો સદભાવના જાગે તો સંસાર તરી જઇએ. સંસાર તરી જવા માટે માનવ જન્મ જ મહત્ત્વનો છે. આપણે માનવ જન્મ પામ્યા છીએ. સંસારના ફેરામાંથી ન છટકવા દેવા માટે તો વિલાસ અને ભોગની ઉત્પત્તિ કરવામાં આવી છે. વિલાસ અને ભોગને જીતે તેજ પરમ આત્મા—પરમાત્મા બને છે.

ભગવાન ઋષભદેવથી માંડીને ભગવાન પાર્શ્વનાથ સુધીના ત્રેવીસ તીર્થંકરોનાં જીવન ચરિત્રો તપાસી જો. તેમને વિલાસ ભોગવ-વામાં વિક્ષેપ પડે તેમ હતો? તેમની પાસે સત્તા હતી, લક્ષ્મી હતી, વિલાસનાં ભરપૂર સાધનો હતાં. છતાં જ્યારે તે ઉપભોગની બધી વસ્તુ-ઓ તેમણે ત્યાગી, ત્યારે તેમનો ઉધ્ધાર થયો. તે મોક્ષે ગયા અને તીર્થંકર પદ પામ્યા."

કૃતપુણ્ય તો અનંતનું લાંબુ લાંબુ વિવેચન સાંભળીને કંટાળવા લાગ્યો. પણ અનંતને તો તેની પરવાજ નહોતી. તે તો જ્યારે જ્યારે તેના કોઇપણ મિત્ર સાથે વાતો કરવા બેસતો, ત્યારે ત્યારે તે ઉપ-દેશજ આપ્યા કરતો. જ્યારે તેના મિત્રો કંટાળીને એક પછી એક વિખરાઇ જતા, ત્યારેજ તેના ઉપદેશનો અંત આવતો.

પણ અત્યારે તો કૃતપુણ્ય છટકી શકે તેમ નહોતો.

| તીર્થંકરનું નામ | પિતા | માતા | જન્મસ્થાન | લાંછન | શરીરધનુષ | વર્ણ | આયુષ્ય વર્ષ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ ઋષભદેવ | નાભિ | મરૂદેવા | અયોધ્યા | વૃષભ | ૫૦૦ | સુવર્ણ | ૮૪ લા. પૂર્વ |
| ૨ અજિતનાથ | જિતશત્રુ | વિજયા | અયોધ્યા | હસ્તી | ૪૫૦ | સુવર્ણ | ૭૨ લા. પૂ. |
| ૩ સંભવનાથ | જિતારિ | સેના | શ્રાવસ્તિ | અશ્વ | ૪૦૦ | સુવર્ણ | ૬૦ લા. પૂ. |
| ૪ અભિનંદન | સંવર | સિદ્ધાર્થી | અયોધ્યા | વાનર | ૩૫૦ | સુવર્ણ | ૫૦ લા. પૂ. |
| ૫ સુમતિનાથ | મેઘરથ | સુમંગલા | અયોધ્યા | ક્રૌંચ | ૩૦૦ | સુવર્ણ | ૪૦ લા. પૂ. |
| ૬ પદ્મપ્રભુ | શ્રીધર | સુસીમા | કૌશાંબી | પદ્મ | ૨૫૦ | રક્ત | ૩૦ લા. પૂ. |
| ૭ સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠ | પૃથ્વી | કાશી | સ્વસ્તિક | ૨૦૦ | સુવર્ણ | ૨૦ લા. પૂ. |
| ૮ ચંદ્રપ્રભુ | મહાસેન | લક્ષ્મણા | ચંદ્રપુરી | ચંદ્ર | ૧૫૦ | શ્વેત | ૧૦ લા. પૂ. |
| ૯ સુવિધિનાથ | સુગ્રીવ | રામા | કાકંદી | મગર | ૧૦૦ | શ્વેત | ૨ લા. પૂ. |
| ૧૦ શીતલનાથ | દૃઢરથ | નંદા | ભદ્દિલપુર | શ્રીવત્સ | ૯૦ | સુવર્ણ | ૧ લા. પૂ. |
| ૧૧ શ્રેયાંસનાથ | વિષ્ણુરાજ | વિષ્ણુ | સિંહપુર | ગેંડો | ૮૦ | સુવર્ણ | ૮૪ લાખ |
| ૧૨ વાસુપૂજ્ય | વસુપૂજ્ય | જયા | ચંપા | પાડો | ૭૦ | રક્ત | ૭૨ લા. |
| ૧૩ વિમલનાથ | કૃતવર્મા | શ્યામા | કાંપિલપુર | ભૂંડ | ૬૦ | સુવર્ણ | ૬૦ લા. |
| ૧૪ અનંતનાથ | સિંહસેન | સુયશા | અયોધ્યા | સિંચાણો | ૫૦ | સુવર્ણ | ૩૦ લા. |
| ૧૫ ધર્મનાથ | ભાનુ | સુવ્રતા | રત્નપુર | વજ્ર | ૪૫ | સુવર્ણ | ૧૦ લા. |
| ૧૬ શાંતિનાથ | વિશ્વસેન | અચિરા | હસ્તિનાપુર | મૃગ | ૪૦ | સુવર્ણ | ૧ લા. |
| ૧૭ કુંથુનાથ | સૂર | શ્રી | હસ્તિનાપુર | બકરો | ૩૫ | સુવર્ણ | ૯૫ હજાર |
| ૧૮ અરનાથ | સુદર્શન | દેવી | હસ્તિનાપુર | નંદાવર્ત | ૩૦ | સુવર્ણ | ૮૪ હ. |
| ૧૯ મલ્લિનાથ | કુંભ | પ્રભાવતી | મિથિલા | કુંભ | ૨૫ | નીલ | ૫૫ હ. |
| ૨૦ મુનિ સુવ્રતસ્વા. | સુમિત્ર | પદ્મા | રાજગૃહ | કાચબો | ૨૦ | શ્યામ | ૩૦ હ. |
| ૨૧ નમિનાથ | વિજય | વપ્રા | મિથિલા | નીલકમલ | ૧૫ | સુવર્ણ | ૧૦ હ |
| ૨૨ નેમિનાથ | સમુદ્ર વિ. | શિવા | શૌર્યપુર | શંખ | ૧૦ | શ્યામ | ૧ હ. |
| ૨૩ પાર્શ્વનાથ | અશ્વસેન | વામા | કાશી | સર્પ | ૯ હાથ | નીલ | ૧૦૦ |
| ૨૪ વર્ધમાન સ્વામી (મહાવીર સ્વામી) | સિદ્ધાર્થ | ત્રિશલા | ક્ષત્રિયકુંડ | સિંહ | ૭ હાથ | સુવર્ણ | ૭૨ |

રાત્રિનો સમય થઇ ચૂકયો હતો. રૂપેરી પ્રકાશનું જગતના વિશાળ પટ પર પાથરણું પાથરીને ચંદ્ર પોતાની સહચરીની સાથમાં આનંદ કરી રહ્યો હતો. આખા દિવસના પરિશ્રમથી થાકયા પાકયા માણસો શ્રમ નિવારવાને વિશ્રાન્તિ ભોગવી રહ્યા હતા. બાળકો નિદ્રાદેવીને આધિન થઇ ગયાં હતાં.

રાજમાર્ગો પરથી માણસોનો અવરજવર પણ ઓછો થઇ ગયો હતો. વેપારીઓની દુકાનો બંધ થઇ ગઇ હોવાથી માર્ગો શૂન્યમય ભાસતા હતા. ઝાંખા પ્રકાશમાં કોઇકોઇ વ્યક્તિના લાંબા ટૂંકા થતા ઓળા કવચિત્ નજરે પડતા હતા.

કૃતપુણ્ય પણ ઇચ્છી રહ્યો હતો કે, 'હવે અનંત જાય તો સારૂં. કારણ કે અનંતની હાજરીમાં અનંગસેનાને મળી શકાય તેમ નહોતું. અનંગસેના પણ બિચારી મારા માટે તરફડતી હશે. નૃત્ય માટે તેના પગ થનગની ઊઠતા હશે. બિચારા ઝાંઝર પણ મૂઝાઇ રહ્યા હશે. અને અનંગસેના મારા માટે શું ધારશે?'

ઉપર પ્રમાણે જૈનાના તેવીસ તીર્થંકરો કહેવાય છે. તેમાંના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરનો સમય આ કથાના સમયનો છે. એટલે અનંતના મોઢેથી ત્રેવીસ તીર્થંકરો વિષેનો ઉલ્લેખ થાય છે.

"જો અનંત," કૃતપુણ્ય અનંતને કહેવા લાગ્યો. "ત્રેવીસ તીર્થંકરો વિષે મારૂં જ્ઞાન ઓછું નથી. હું તેમનાં વિષે ઘણું જાણું છે. મારે તો તારી પાસેથી કેવળ આમ્રપાલી વિષે જાણવું હતું પણ હવે તો તે પણ મારાથી બની શકે તેમ નથી." કંટાળો દર્શાવતાં તેણે પોતાનું છેવટનું વાકય પૂરૂં કર્યું.

"કેમ?" આશ્ચર્ય દર્શાવતાં અનંતે પૂછયું.

"જો, તને તો ફક્ત ઉપદેશ આપવાની જ ટેવ છે. મારે ઉપદેશ સાંભળવો નથી. અને હવે આમ્રપાલીનો ઇતિહાસ પણ જાણવા જેટલો પણ સમય નથી."

કારણ?"

"કારણમાં મારે તને શું કહેવું! માથું ખંજવાળતાં કૃતપુણ્ય બોલ્યો, "અનંગસેના પણ મારી રાહ જોઇ જોઇ કંટાળી હશે. મને પણ હવે ઊંઘ આવવા લાગી છે. તારે પણ ઘેર જવાનો સમય થયો છે. અને તને આ રસ્તેથી આટલી મોડી રાત્રે જતાં જો કોઇ જોશે તો શું ધારશે?" કૃતપુણ્યના વચ્ચે જ વાક્યો અસંબંધ હતા.

"મારી તો ચિંતા તું કરીશજ નહિ. મિત્ર! અનંત કહેવા લાગ્યો, "અને અનંગસેના તારી થોડી વધારે રાહ જોશે, તો તેમાં તે દુબળી પડી નહિ જાય. બાકી પ્રશ્ન રહ્યો તારી નિદ્રાનો. પણ અનંગસેનાના સહવાસ પછી તો ઉજાગરા, એ તો તારો પ્રિય વિષય થઇ પડયો છે. એટલે એ તારી દલીલ તદ્દન ખોટી છે."

"અનંત! જો તને માઠું ન લાગે તો કહું. તને તો હંમેશાં જેને તેને અને જયારે ત્યારે વાત વાતમાં ઉપદેશ આપવાની ટેવ પડી ગઇ છે. મને એવા ઉપદેશથી કંટાળો ઉપજેછે. માટે જો હું તને એક-વાત કહું. જો તારી ઇચ્છા હોય, અને તું ઉપદેશ આપવાની તારી ટેવને ભૂલીને આમ્રપાલીનો સત્ય ઇતિહાસ કહેવા ખુશી હોય, તો આવતી કાલે સંધ્યા સમયે અહીં આવજે"

'તને ખોટું ન લાગે તો કહું' કહીને અનંતનો જવાબ સાંભળ્યા સિવાયજ કૃતપુણ્યે જે કહેવું હતું તે કહી નાંખ્યું.

"અને આજે નહિ?" અનંતે પ્રશ્ન કર્યો.

"આજે તો કોઇપણ રીતે તેટલો સમય હું નહિ મેળવી શકું, અનંત!"

"જેવી તારી મરજી." ઉત્સાહહીન સ્વરે અનંત બોલ્યો,

"કાલે સંધ્યા સમયે જરૂર આવીશ ને?"

"જો તારી ઇચ્છા હોય તો."

કૃતપુણ્યને તો આમ્રપાલીનો ઇતિહાસ જાણવોજ હતો, એટલે તેનાથી 'ના' કહી શકાય તેમ નહોતું.

"મારી ઇચ્છા તો છેજ."

"તો હું જરૂર આવીશ."

કહીને અનંત મૂંગો મૂંગો જવા માટે ઊભો થયો,

## પ્રકરણ ૧૮ મું

## આછી રૂપરેખા

દિવસનો અંત અને રાત્રિનો જન્મ; એ બેમાંથી જન્મતી સંધ્યાના કુમકુમ વર્ણા રંગો નવોઢા સ્ત્રીના કુમળા ગાલ પર પડતા શરમના શેરડાનો આછો આછો ખ્યાલ આપી રહ્યા હતા.

ગોવાળો પોતાની ગાયોના ધણ સાથે વગડામાંથી પાછા ફરી રહ્યા હતા. ખેડૂતો પોતાના ખેતરમાંથી ઘર તરફ જતા જતા રાહ જોતી પત્ની અને બાપુજીની વાટ જોતા બાળકોના વિચારો કરતા ઉતાવળા ઉતાવળા પગ ઉપાડી રહ્યા હતા.

દેશ પરદેશમાં રાજગૃહિને અમરાપુરીની ઉપમા આપવામાં આવતી હતી. રાજગૃહિની રાજસભાને લોકો ઇન્દ્રની સભા તરીકે ઓળખાવતા. ન્યાય એટલે રાજગૃહિનો. લક્ષ્મીનું સ્થાન એટલે રાજગૃહિ. ભોગોપભોગમાં રાજગૃહિનું સ્થાન પહેલુંજ હોય. રૂપની કદર રાજગૃહિમાં જ થાય. બુદ્ધિ, શક્તિ અને વિલાસ રાજગૃહમાંજ શોભતા હતાં. કળાને અને કળાકારોને સ્થાન આપવામાં રાજગૃહિની બરોબરી કરવામાં કોઈ દેશ હિંમત કરેજ નહિ.

રાજગૃહિની ચઢતી કળામાં ઉત્સવે વધારો કર્યો.

મહારાજા બિમ્બિસારની કીર્તિ તો જ્યારે તેમણે રાજગૃહિ નગરી વસાવી ત્યારે કસ્તુરીની પેઠે પ્રસરી ગઈ હતી.

જ્યારે તે રાજકુમાર હતા—કુમારાવસ્થામાં હતા, ત્યારે તમના પિતા—મહારાજા પ્રસેનજીત તેમના પ્રત્યે કંઇક બેદરકારી બતાવતા હતા.

જગતને અને સ્નેહિઓને તે બેદરકારી તદ્દન સત્ય ભાસતી હતી, પણ ખરી રીતે તે બાહ્ય રીતે હતી. પુત્ર પ્રત્યેની તેમની આંતરિક લાગણી અત્યંત કુમળી હતી. સો રાજકુમારોમાં અત્યંત બુદ્ધિશાળી અને તેજસ્વી કુમાર તો બિમ્બિસાર જ હતા. અનેક પ્રકારની બુદ્ધિ–પરીક્ષાઓમાં તેમણે પોતાનું શ્રેષ્ઠત્વ સાબિત કરી આપ્યું હતું.

રાજા પ્રસેનજીતનું અંતઃપુર એટલે રાણીઓનો ખજાનો. કોઇ પણ સુંદર બાલિકા નજરે પડી કે, જો તે કુંવારી હોય તો પ્રસેનજીત રાજાની રાણી બનીજ સમજવી. દરેક આવનારી નવી રાણી પ્રથમ તો માનીતીજ હોય. પણ દરેક નવી આવનારી માનીતી થાય, એટલે તેના પહેલાં આવેલી માનીતીનાં માન થોડાં તો ઘટવાનાં.

એ પ્રમાણે એક સમયે રાજાની નજરે એક સુંદર બાલિકા ચઢી ગઇ. રૂપરૂપનો અંબાર. જાણે ફુરસદના સમયે બ્રહ્માએ ઘડી હોય, એવી એની કમનીય કાયા હતી. લાંબો, કાળો ભમ્મર જેવો છૂટો ચોટલો અને મદભર નયનો રાજાના ભમતા દિલને આકર્ષી ચૂક્યાં.

હતી તો ભિલ્લ કન્યા. પણ સૌંદર્યે એને ઝડપી લીધી હતી. બહુ ગોરી તો નહોતી, પણ તેનો બેવડો બાંધો તેના તે કલંકને છુપાવી દેતો હતો. તેના દેહને દીપાવતી તેની ઉંચાઇ વધુ નહોતી.

ભિલ્લરાજની એ લાડકી કન્યાને આખું નગર ભિલ્લપલ્લી તિલકવતી કહીને બોલાવતું અને તેનું માન સાચવતું. રાજાએ જ્યારે ભિલ્લરાજ પાસે તિલકવતીના હાથની માગણી કરી, ત્યારે ભિલ્લરાજે કહ્યું કે, રાજન્! એ કન્યા કોઇ રાજાના અંતઃપુરમાં ગોંધાઇ રહેવાને જન્મી નથી. એ તો સ્વતંત્રતા ભોગવવાને અને રાજ્ય ચલાવવાને જન્મી છે."

"ભિલ્લરાજ!" પ્રસેનજીત રાજા તે બાલિકાના પિતાને સમજાવવા લાગ્યા. "તમારી કન્યા રાજજ ચલાવશે. હું તમને વચન આપું છું કે, તિલકવતી મારા અંતઃપુરમાં મહારાણીપદ ભોગવશે. તેના માટે નાનું સ્થાન નહિ હોય!"

"રાજન્!" ભિલ્લરાજ બોલ્યોઃ "એટલાથી મારા આત્માને સંતોષ ન થાય. હું ઇચ્છું છું, મારી ઇચ્છા છે કે, તિલકવતીનો કુમાર રાજકુમાર બને અને તમારા પછી ગિરિવ્રજનું સિંહાસન તેને સ્થાન આપે. રાજાનો મુગટ તેના શિરને શોભાવે અને તે મહારાજા બને."

"હું તમારી ઇચ્છાને નહિ અવગણું, ભિલ્લરાજ!" સૌંદર્યમાં ચંદ્ર બનેલા રાજાએ કહેવા માંડયું, તમારી કન્યાને પુત્ર થશે, તેજ મગધનો મહારાજા બનશે."

અને તે પ્રમાણે વચન આપીને રાજા પ્રસેનજીત ભિલ્લકન્યા તિલકાને–તિલકવતીને પોતાના અંતઃપુરમાં લાવ્યા.

ખરી રીતે, બધી રાણીઓમાં પટરાણી તો ધારિણી દેવી હતાં, ખરેખરજ દેવીનો અવતાર! તેમને પેટે બિમ્બિસારનો જન્મ થયો. થોડાજ સમયમાં કુમારની કીર્તિ દેશ પરદેશ સુધી પહોંચી ગઇ.

કામદેવને ભુલાવે તેવું તેનું રૂપ હતું. ગુણમાં તો કોઇ તેની બરોબરી કરી શકે નહિ. સિંહ સમી તેની ગર્જના સાંભળીને બીજા રાજપુત્રો ગભરાઇ જતા. આંખનું તેજ સામે જોનારને ડામી દેતું

અને વૃધ્ધાવસ્થાના કિનારે પહોંચેલા રાજા પ્રસેનજીતે મોહાંધ બનીને આણેલી રાણી તિલકાને પણ પુત્ર થયો. તિલકાને આપેલા વચન પ્રમાણે તેનોજ પુત્ર ગાદીનો વારસ બની શકે. પણ બિમ્બિસાર હોય, ત્યાં સુધી તો તેમ બનવું અશક્ય હતું. ખરો વારસ કુમાર બિમ્બિસાર હતો. તેનો હકક ડુબાડવા જેટલી હિંમત રાજામાં નહોતી એટલે તેણે બાહ્ય રીતે બિમ્બિસાર પ્રત્યે અનેક પ્રકારની ટીકાઓ કરવા માંડી.

સિંહ કોઇ દિવસ અપમાન સહન કરી શકતો નથી. મર્દ તો હંમેશાં સ્વમાનથીજ જીવે છે.

પિતા તરફથી ઉપસ્થિત થતા અપમાનિત પ્રસંગોથી કંટાળીને કુમાર બિમ્બિસારે એક રાત્રે ગુપ્ત રીતે ગિરિવ્રાજ ત્યાગ્યું. છૂપા વેશે

પોતાની શક્તિનો અને બુધ્ધિનો પરચો બતાવતો કુમાર અનેક સ્થળોએ પરિભ્રમણ કરતો કરતો બેંન્નાતટ નગરે સ્થાયી થયો.

એ સમયે બેન્નાતટ નગર એટલે ચોરાશી દેશના વેપારનું કેન્દ્ર. દેશદેશના વેપારીઓની પેઢીઓ ત્યાં ચાલતી. કોટયાધિશોની પતાકાઓ ત્યાં ફરફરતી. જગના કોઇપણ ભાગમાં ન મળતી વસ્તુ ત્યાં મળી રહેતી.

દેશદેશના પ્રતિનિધિઓ ત્યાં રહેતા. જે વેપારીની પેઢી ત્યાં ન હોય, તે વેપારીની શાખ ઓછી ગણાતી. શાહસોદાગરો અને ધનિકો ત્યાં શોભતા. નર્તિકાગૃહોને અને હુન્નરશાળાઓને ત્યાં સારી પ્રાપ્તિ થતી.

[1]જળપત્તન અને [2]સ્થળપત્તનમાં તેની બરોબરી કરી શકે તેવું બીજું કોઇ સ્થળ નહોતું.

એવા મહાન નગરમાં કુમાર બિમ્બિસાર સ્થાયી થયો. તેનાં શુભ પગલાંના કારણે તેને ઇંદ્રદત્ત શ્રેષ્ઠિને ત્યાં આશ્રય મળ્યો. તેની બુદ્ધિ અને કાર્યકૌશલ્ય જોઇ તેના આશ્રયદાતાએ તેને પોતાની પેઢીમાં સારા પગારે રાખી લીધો. રહેવાનું અને જમવાનું પણ તેને શ્રેષ્ઠિને ત્યાં થયું.

પણ બિમ્બિસાર મહાન સંયમશાળી!

ઇંદ્રદત્ત શ્રેષ્ઠિને એકની એક લાડકવાયી દિકરી. બીજું કોઇ સંતાન ન હોવાથી તેને તે પુત્ર સમાન માનતા.

નામ પણ કેટલું બધું મોહક!

સુનંદા.

સુનંદાની માતા કલ્યાણીનો પ્રેમ પુત્રી પર એટલો બધો હતો કે, જાણે પુત્રી સિવાય જીવનમાં બીજો કોઇ રસજ ન હોય. પુત્રીને પુત્ર સમાન ગણીને તેને ધાર્મિક અને શારીરિક શિક્ષણ આપવામાં કચાશ રાખી નહોતી. શસ્ત્રાસ્ત્ર વાપરવામાં તેને કુશળ બનાવવામાં

---

૧ જ્યાં જળમાર્ગ હોય અને વહાણો નાંગરી શકાતાં હોય તે ભૂમી.

૨ જ્યાં સ્થળ માર્ગ હોય તે.

આવી હતી.

કોમળાંગીની ઉપમાને શોભાવતી સુનંદાનો કેશકલાપ પદ્મિનિના કેશકલાપ જેટલો લાંબો હતો. તેના કમળદળ સમા સુંવાળા બાહુ તેના દેહની નાજુકાઇનો ખ્યાલ આપતા હતા. તેનાં સૌમ્ય નેત્રો અને કૌમાર્યની પવિત્રતાનું સાક્ષી પૂરતું ભાલ તેના ભવિષ્યના સતીત્વનો પ્રબળ ભાસ આપતાં હતાં. તે બાલિકા મટીને યૌવનકાળમાં પ્રવેશી ચૂકી હતી. યૌવનનો તનમનાટ તેના જીવનને હમેશાં નવીન કલ્પનાઓના ઝૂલે ઝુલાવતો હતો.

ક્યારેક ક્યારેક તે ચક્રવાક અને ચક્રવાકીની કલ્પનાઓ કરતી. વસંત ઋતુમાં નવાનવા કાલ્પનિક કિલ્લાઓ ચણતી. કોકિલનો મીઠો સ્વર કોઇ કોઇ વખતે તેને બેચેન બનાવી મૂકતો.

એવા તેના યૌવનકાળે તેનાં માતા પિતા તેને માટે યોગ્ય પતિ શોધી રહ્યાં હતાં. ઉચ્ચ કુળ અને સ્વમાની સ્વભાવનો જમાઇ તેમને જોઇતો હતો.

અચાનક કુમાર બિમ્બિસારનું આગમન સૌને નિશ્ચિંત બનાવતું થઇ ગયું. કુમારે પોતાનુ ખરૂં નામ કોઇને જણાવ્યું ન હોતું. ખરૂં સ્થળ કે ખરો પરિચય પણ આપ્યાં ન હોતાં. છતાં તેની રહેણી કરણી, તેનો મળતાવડો સ્વભાવ, તેનાં પૂનિત પગલાં, તેનાં નિખાલસ નયનો અને તેના આદર્શ વિચારો જોઇને સૌને એમ લાગવા માંડયું હતું કે આ કુમાર—આ યુવક, રસ્તામાં રઝળતો કે હલકા કુળનો ન હોવો જોઇએ. કોઇ કારણવશાત્ ગૃહત્યાગ કરીને નશીબ અજમાવવા નીકળેલો ને સ્વમાની ને ઊચ્ચ કુળનો હોવો જોઇએ.

યૌવનના ઝૂલે ઝૂલતી સુનંદાના નયનોમાં તો તે થોડા જ સમયમાં વસી ગયો. ધીરે ધીરે પ્રેમ બંધાયો, હૃદયની આપ લે થઇ અને કુમારે વચનથી બાંધી લઇને તેને પોતાનો સાચો પરિચય આપ્યો. ઘણી વખત તેને થઇ જતું કે માતા પિતાને કે કુમારને ખરો પરિચય આપવો. પણ કુમારે તેને તે વિષે કોઇને ન કહેવાના

બોલથી બાંધી લીધી. હોવાથી, તે નિરૂપાય બની હતી.

ઇન્દ્રદત્ત શેઠ અને કલ્યાણી શેઠાણીને પણ કુમાર ગમી ગયો હતો. તેમણે કુમારના ગુણોને પસંદ કરીને પોતાની પુત્રીનું લગ્ન તેની સાથે કરી આપ્યું.

સુનંદા, કુમારની પત્નિ બની.

દિવસો વિતવા લાગ્યા.

ગિરિવ્રજમાં રાજા પ્રસેનજીત વૃદ્ધાવસ્થાના કારણે અશક્ત બની ગયા હતા. તે માંદગીના બિછાને પડયા પડયા કુમાર બિમ્બિસારની રાહ જોઇ રહ્યા હતા. તિલકવતીના મોહમાં અંધ બનીને સુપુત્ર પ્રત્યે બેદરકાર બનનાર પિતા પશ્ચાતાપની તીવ્ર આગમાં જળી રહ્યા હતા. વિલાસમાં આખું જીવન વિતાવ્યા પછી મૃત્યુ સમયે તેમને પશ્ચાતાપ થવા લાગ્યો.

પુત્રની શોધ ખોળ માટે દેશ પરદેશમાં માણસોને રવાના કરવામાં આવ્યા હતા. કયારેક કયારેક તંદ્રામાં તેમને બિમ્બિસારનો સુડોળ દેહ નિરખવા મળતો. કોઇ કોઇ વખતે વિચારના વમળમાં તેમને પુત્રની બુદ્ધિમટિ માન ઊપજતું. બાલ્યકાળમાં પુત્રે દર્શાવેલું અજબ ચાણકય તેમની માંદગીમાં તેમને આશ્વાસન રૂપ નિવડતું. એકાદ વખતે તે કાલ્પનિક દૃષ્ટિએ પુત્રના ચાલાક પ્રસંગો યાદ કરીને તેને આશિર્વાદ આપતા.

તેને કેટલાક જૂના પ્રસંગો યાદ આવવા લાગ્યા.

એક સમયે બધા કુમારોની બુદ્ધિની પરીક્ષા કરવા માટે તેમણે મીઠાઇથી ભરેલા કરંડિયા અને ઉપરથી બંધ કરવામાં આવેલા પાણીથી ભરેલા માટીના ઘડા તૈયાર કરાવ્યા. તેમનો એક એક કરંડિયો અને એક એક ઘડો દરેક કુમારને આપવામાં આવ્યો. કુમારોને જણાવવામાં આવ્યું કે, 'આ કરંડિયા અને ઘડા ખોલ્યા સિવાય તેમાંની મીઠાઇ અને જળ તમારે વાપરવાનાં છે.'

કરંડિયાનું મુખ ખોલ્યા સિવાય તેમાંથી મીઠાઇ નીકળે કેવી રીતે?

પણ બુદ્ધિશાળી બિમ્બિસાર મહાન ચાલાક હતો. તેણે

પોતાનો કરંડિઓ જોરથી હલાવતા પોતાના ભાઇઓને કહ્યું કે, ' આ રીતે કરંડિઓ હલાવો એટલે મીઠાઇ ભાંગીને બહાર નીકળશે તે ખાવા માંડો, બીજા કુમારોએ તેના કહેવા પ્રમાણે કર્યું અને બિમ્બિસારની સાથે પોતે પણ ખાઇ લીધું.

પરંતુ ઘડાનું મોં બંધ હતું. તેમાંથી પાણી શી રીતે નિકળે ? જો ઘડાને જોરથી હલાવવા જાય તો ઘડો માટીનો હોવાથી ફૂટી જાય અને તેમાં પણ નવો હોવાથી જલ્દી ફૂટી જાય.

એવા સંજોગોમાં પણ બિમ્બિસાર નિરાશ બનીને બેસી રહે, એ તો તદ્દન અસંભવિત હતું. તેણે બીજા કુમારોને પોતાનું અનુકરણ કરવાનું જણાવીને એક કપડું ઘડાની આસપાસ વીંટાળ્યું. ઘડો નવો હોવાથી તેમાંથી પાણી ઝમતું હતું. ઝમતા પાણીથી તે કપડું ભીંજાઇ ગયું. ભીંજાયેલું કપડું નિચોવીને તે પાણી પી લીધું. તેવી રીતે દરેક વખતે કપડું ભીંજાવી ભીંજાવીને પોતાની તૃષા છીપાવી. બીજા કુમારોએ પણ તેનું અનુકરણ કર્યું હતું.

તેવોજ બીજો એક પ્રસંગ તેની બુધ્ધિની કસોટી માટે ઉપસ્થિત કરવામાં આવેલો.

એક સમયે બધા રાજકુમારોને જમવા બેસાડીને ત્યાં કેટલાક કૂતરાઓને લાવવામાં આવેલા. કૂતરાઓને જોઇને બિમ્બિબાર સિવાયના બધા કુમારો જમ્યા સિવાયજ નાસી ગયા. પણ બિમ્બિસારે તો પોતાની હંમેશની શાંતિ જાળવી રાખી. તેણે પોતાના થાળમાંથી જમતાં જમતાં બીજા કુમારોના પડી રહેલા ભોજનથી ભરેલા થાળ કૂતરાઓ તરફ ધકેલવા માંડયાં. કૂતરાઓ તે થાળ પૂરા કરે તે પહેલાં તો પોતે શાંતિથી જમી લીધું.

પિતાએ તે બધું નજરે જોયું. તેમને ખાત્રી થઇ કે આ કુમાર સિવાય કોઇપણ રાજ્ય ચલાવી શકે તેમ નથી. કારણ કે શાંતિ અને બુદ્ધિ; એ બંને રાજ્યનાં જમણું અને ડાબું અંગ છે.

અન્તે છેલ્લી પરીક્ષા તેમણે કરી જોઇ.

એક નાનો રાજમહેલ તેમણે કોઇ ન જાણી શકે તેવી રીતે સળગાવ્યો. બધા કુમારોને જણાવવામાં આવ્યું કે, 'રાજમહેલ સળગી ચૂક્યો છે, માટે જેને જેને જે જોઇએ તે અંદરથી લઇ આવો.'

બધા કુમારો સળગતા મહેલમાં ગયા. કેટલાકે જવાહિર લીધું, કેટલાકે મૂલ્યવાન વસ્ત્રો લીધાં. પણ આ શું ? બિમ્બિસાર તો ભંભા નામનું યુધ્ધ–વાજિંત્ર લઇ આવ્યો. પિતાએ પૂછ્યું. "કુમાર, બીજા કુમારો જેટલી પણ બુદ્ધિ તારામાં નથી. ?"

"કેમ પિતાજી ?" બિમ્બિસારે સામો પ્રશ્ન કર્યો.

"ત્યારે! આ ભંભાને તું શું કરીશ ! બીજા કુમારો લાવ્યા તેમ કિંમતી જવાહિર લાવવાનું તને ન સૂઝયું ?" પિતાએ ટીકા કરતાં પુત્રને કહ્યું.

"પિતાજી !" પુત્ર કહેવા લાગ્યો. "જવાહિરની મારે શી જરૂર છે. ? જ્યાં આ ભંભા હશે, ત્યાં જવાહિર આપોઆપ આવશે. જેનામાં આ વાજિંત્ર વગાડવાની–ગજવવાની શક્તિ છે, તેને લક્ષ્મી, સત્તા અને રાજ્ય આપોઆપ મળી રહે છે."

પુત્રનો જવાબ સાંભળીને પિતાની છાતી ગજગજ ફૂલવા લાગી. ખરેખર આ પુત્ર રાજ્યને સંભાળી શકશે.

પણ તેને ગાદી આપવામાં આવે તો તિલકવતીના પિતાને આપવામાં આવેલા વચનનું શું ? બાહ્ય રીતે તેમણે પુત્રને તિરસ્કાર્યો. તિરસ્કાર પામેલો પુત્ર આવી અપમાનિત દશામાં અહીં રહેવાને બદલે રાતોરાત છાનો માનો કોઇને કહ્યા સિવાય પોતાનું ભાગ્ય અજમાવવા ગિરિવ્રજ છોડીને ચાલ્યો ગયો.

આજે એવા પુત્રની રાહ જોતા વૃદ્ધાવસ્થાએ માંદગીના બિછાને પડેલા પિતા મરતાં મરતાં પણ 'બિમ્બિસાર બિમ્બિસાર' ના નામનો જાપ જપી રહ્યા હતા.

એક મંગળ ઘડીયે રાજાને સમાચાર મળ્યા કે 'બિમ્બિસાર' ના જેવોજ એક કુમાર બેન્નાતટ નગરમાં એક શ્રેષ્ઠિને ત્યાં રહે છે.

તેજ શ્રેષ્ઠિની કન્યા સાથે તે પરણ્યો છે. પોતાની બાહોશીથી તેણે રાજ્યની પણ પ્રીતિ સંપાદન કરી છે.

રાજાએ તરતજ ગુહ્યાર્થ વાળા શ્લોકો તેના તરફ પાઠવ્યા. તેનો યોગ્ય જવાબ ગુહ્યાર્થ ભાષામાં આવ્યો. રાજાએ ખાત્રી પૂર્વક માની લીધું કે 'એ કુમાર બિમ્બિસાર સિવાય બીજો કોઇ ન હોય!

તરતજ તેમણે કુમારને તેડાવી લીધો. કુમારે, સુનંદા પાસેથી પિતા તરફ જતાં જતાં તેને વચન આપ્યું કે, પોતે ત્યાં જઇને તરતજ તેને તેડાવી લેશે.

'કુમાર, આપણા પતિપત્નિના સહવાસના બીજ ઊંડા ઊતર્યાં છે,' સુનંદા ગદ્દગદ્દ કંઠે બોલી.

કુમારે તેને આશ્વાસન આપતાં કહ્યું 'સુનંદા, તારા ચહેરા પરથીજ હું જાણી ચૂકયો છું. ગિરિવ્રજ પહોંચતાંજ હું તને તેડાવી લઇશ. તારે બિલ્કુલ ચિંતા કરવી નહી. ગર્ભનું જતન સારી રીતે કરજે.'

સુનંદાનાં માતા પિતાને પણ હવે કુમારની ઓળખાણ આપવામાં આવી હતી. મરતા પિતાની છેલ્લી ઘડીયે પુત્રને રોકવામાં કોઇથી આગ્રહ થઇ શકે તેમ નહોતો. ત્રણે જણાએ ભારે હૃદયે તેને શોભે તેવાં ઠાઠથી વિદાય આપી.

તે સમયે મોટા મોટા શ્રેષ્ઠિઓ પોતાના વ્યાપારાર્થે કેટલુંક સૈન્ય–રક્ષકો રાખતા હતા. તેમાંના કેટલાક રક્ષકો પણ બિમ્બિસારને આપવામાં આવ્યા હતા. લક્ષ્મી તો અઢળક આપવામાં આવી હતી.

લક્ષ્મી અને રક્ષકો સાથે કુમાર ગિરિવ્રજ તરફ જઇ રહ્યો હતો. તિલકવતીને અને અન્ય રાણીઓને આ સમાચાર મળી ચૂકયા હતા. તેઓએ માની લીધું કે બિમ્બિસાર જો સુખરૂપ અહીં આવી પહોંચશે તો પોતાના કુમારોને રાજ્યમાંથી કંઇજ મળશે નહિ. એટલે તેમણે રાજ્યના કેટલાક કર્મચારીઓને ફોડયા અને કુમારનો નાશ કરવાની સૂચના આપી. પણ કુમાર હોંશિયાર અને શકિતશાળી હતો. તે પ્રસંગ પારખી ગયો હતો. સાવધપણે મુસાફરી કરતાં કરતાં તે દરેક દુશ્મનને

હંફાવતો ચાલ્યો. કેટલીયે મુશીબતો હટાવીને તે પોતાના પિતાને તેમની અંતિમ ઘડિયે ભેટી પડયો.

રાજા પ્રસેનજિત અત્યંત હર્ષ પામ્યા. તેમણે તરતજ રાજ્યના કર્મચારીઓને બોલાવ્યા. રાજપુરોહિતને બોલાવીને કુમાર બિમ્બિસારને રાજતિલક કરાવ્યું. સ્વહસ્તે રાજકુમારના મસ્તકે રાજમુગટ મૂકયો અને જમણા હાથમાં રાજદંડ આપ્યો. શકિતહીન બનતા જતા સ્વરે તેમણે મહારાજા બિમ્બિસારનો જય બોલાવ્યો. ત્યાં હાજર રહેલા સભ્યજનોએ તે ઝીલી લઇને મહારાજા બિમ્બિસારને રાજા તરીકે સ્વીકારી નમન કર્યું.

પિતાના મૃત્યુ પછી મહારાજા બિમ્બિસારે પોતાના પિતાની પેઠે રાજગૃહિ નગરી વસાવી. પણ રાજકાજમાં ગુંથાયા પછી તે પોતાની વિવાહિતા પત્ની સુનંદાને ભૂલી ગયા.

પણ કુદરતે કેટલાક વરસોનાં વિયોગ પછી સુનંદાને તેના પતિનો મેળાપ કરી આપવા ધાર્યો હોય તેમ, એક વખતે કેટલાક છોકરાઓએ અભયકુમારને નબાપો કહી તેનું અપમાન કર્યું.

અભયકુમાર એટલે સુનંદાનો સુપુત્ર ! એકનો એક સુખદુઃખમાં આશ્વાસન રૂપ લાડકવાયો !

એ લાડકવાયો અપમાનિત શબ્દો સાંભળીને રડતો રડતો ઘેર ગયો. માતાએ અનિચ્છાએ પુત્રના આગ્રહને વશ થઇ તેના પિતાની સત્ય કથા કહી સંભળાવી.

સિંહનું બાળક સિંહજ હોય ?

મિત્રો તરફથી થયેલું અપમાન સહન ન થઇ શકવાથી અને પિતાએ માતાને યાદ ન કરવાથી તેનો આત્મા અત્યંત દુઃખી થયો. તેણે માતાને અત્યંત નમ્રતાથી વિનવીને, અત્યાગ્રહ કરીને રાજગૃહિનો માર્ગ ગ્રહણ કર્યો. માતાએ પણ પુત્રનો સાથ કર્યો.

રાજગૃહિમાં અજાણ્યા સ્થળે ઊતરીને અભયકુમારે નગરચર્યા આદરી. થોડા દિવસમાં તો અભયકુમારે પોતાની બુદ્ધિનું પરાક્રમ

બતાવ્યું. મહારાજાને પોતાની બુદ્ધિવડે આકર્ષ્યાં અને અંતે પોતે પોતાનો અને માતા સુનંદાનો પરીચય આપ્યો.

મહારાજા બિમ્બિસાર શરમિંદા બની ગયા. સુનંદા જેવી સુલક્ષણી પત્નીને ભૂલી જવા જેટલી મંદ યાદશક્તિ તેમનામાં ક્યાંથી પ્રવેશી, તે તે સમજી શકયા નહિ. તેમણે તરતજ સુનંદા અને પુત્ર અભયકુમારને સન્માનસહ રાજમેહેલમાં પ્રવેશાવ્યાં.

સુનંદાને પટરાણી તરીકે સ્થાપી અને અભયકુમારને તેની બુદ્ધિ જોઇને મંત્રી મંડળના વડાનું સ્થાન આપ્યું.

એવા મહારાજા બિમ્બિસારના પ્રેમમાં પડનાર આમ્રપાલીની કથા અનંતકુમાર પોતાના મિત્ર કૃતપુણ્યને સંધ્યાસમયે અનંગસેનાના મકાનમાં એક વાતાયનની પાસેના સુંદર આસન પર બેસીને સંભળાવી રહ્યો હતો.

## પ્રકરણ ૧૯ મું

# આમ્રપાલી

"કૃતપુણ્ય, તને ખબર તો છે જ કે ઉત્તર હિંદમાં આજે [1]સોળ રાજ્યો પ્રવર્તે છે. એમાંના કેટલાંક ગણુતંત્રથી ચાલે છે. તે બધાંમાં સર્વશ્રેષ્ઠ ગણુતંત્ર વૈશાલીનું છે.

વૈશાલીમાં નિયમિત રીતે સભાઓ ભરાય છે. વિચારોની આપ લે થાય છે. અને કાયદા કાનુનો ઘડાય છે. તે સભામાં સાત હજાર સાતસોને સાત ક્ષત્રીયો હાજરી આપે છે. તેમાં કેટલાક રાજાઓ પણ છે. તું જે વર્ધમાન સ્વામીના યશોગાન ગાય છે, તે વર્ધમાન સ્વામીના પિતા સિદ્ધાર્થ પણ તે ગણુતંત્રમાં બિરાજતા હતા. આજે તેમના પુત્ર એટલે વર્ધમાન સ્વામીના વડીલ બંધુ નંદિવર્ધન તે ગણુતંત્રમાં હાજરી આપે છે. તે લોકો પોતાના વરીષ્ટ તરીકે એક લાયક વ્યક્તિને ચૂંટી કાઢે છે. વરીષ્ટનો હુકમ દરેકને શિરસાવંદ્ય હોય છે.

આજે તે ગણુતંત્રમાં વરીષ્ટ તરીકે ચેટકરાજ છે. જ્યારે કોઇ પણ પ્રકારની મુશ્કેલી ઉપસ્થિત થાય છે, ત્યારે તે લોકો સભા ભરે છે તે સભામાં તેમણે એક પ્રવેણી પુસ્તક રાખ્યું છે. તેમાં દરેક કાયદા લખી રાખવામાં આવ્યા હોય છે. તેમાંના કાયદાઓને સૌ માન્ય-

---

૧. અંગ, મગધ, કાશી. કોશળ, વજ્જી, મલ્લ, ચેતી, વંશ, કુરૂ, પંચાલ, મચ્છ, સુરસેન, અસ્સક, અવન્તી, ગાંધાર અને કમ્બોજ.

રાખે છે. જેને તેમાં દર્શાવેલી સજા ફરમાવવામાં આવે છે. તેણે તે ભોગવવી પડે છે.

જે સ્થળે સભા ભરવામાં આવે છે, તે સ્થળને તે લોકો [1]સંથાગાર તરીકે ઓળખાવે છે. એ સંથાગાર એટલો બધો મોટો બાંધવામાં આવ્યો છે, કે જેમાં સાત હજાર સાતસો ને સાત સભ્યો ઉપરાંત બીજી કેટલીક વ્યક્તિઓ બેસવા ધારે તો પણ બેસી શકે.

કેટલાક લોકો તેમને (વિશાલીના ક્ષત્રિયોને)–લિચ્છવીઓને તિબેટ તરફના કહે છે, કેટલાક ઈરાન દેશ તરફના કહે છે અને કેટલાક વશિષ્ઠવંશજ કહે છે.

તે ગમે તેમ હોય, પણ એટલી વાત તો ચોકક્સ છે કે કાયદાનું પાલન એ એમનું કર્તવ્ય ગણાય છે. તેમનામાં જો કોઈપણ જાતનો દુર્ગુણ હોય તો તે ફકત તેમનું વિલાસી પણું છે. જ્યારે તેમને કંઈપણ કામ ન હોય, ત્યારે તે લોકો સુંદર સ્ત્રીઓને લઈને વિથિકાઓમાં ફરવા જાય છે. સૌંદર્ય અને વિલાસ માટે તેઓ અંદર-ને અંદર કપાઈ મરવાને તૈયાર થઈ જાય છે. પરંતુ જ્યારે એકાદ સ્ત્રી માટે વધુ ઝગડો ઊભો થાય છે, ત્યારે તેનો ચૂકાદો સંથાગારમાંથી મેળવી લેવો પડે છે.

આમ્રપાલી માટેનો ચૂકાદો સંથાગારમાંથી મળ્યો હતો. સંથા-ગારે તેને દેશનર્તિકા તરીકે જાહેર કરી હતી.

કોઈ કહે છે કે તે કોઈ અપ્સરાની પુત્રી છે, ને કોઈ કહે છે કે તે સ્વયંભુ પ્રકટ થઈ છે. તે બંનેમાંથી ગમે તે સત્ય હોય, પણ એક વાત તો નક્કી છે કે તે કોઈ માનવ કન્યા નથી.

એક સમયે વૈશાલીનો એક પૂજારી[2] પોતાના કામે ક્યાંક જઈ રહ્યો હતો. તેણે રસ્તામાં એક આમ્રના વૃક્ષ નીચે એક બાળકના

1 Town Hall

2 કેટલાક સ્થળે પૂજારીના બદલે માળી અગર બીજી કોઈ વ્યકતી જણાવવામાં આવેછે.

રૂદનનો સ્વર સાંભળ્યો. તપાસ કરતાં તેને એક નાની બાળીકા મળી આવી. તે તેને પોતાના ઘેર લઇ ગયો. પાળી પોષીને તે બાળીકાને તેણે મોટી કરી. આમ્રવૃક્ષના નીચેથી મળી આવવાથી તેનું નામ આમ્રપાલી રાખ્યું. તે બાલિકા જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ પોતાની મેળે નૃત્ય કરતાં શીખી. સંગીતમાં પણ તે આપોઆપજ પ્રવીણ બની ગઇ.

જેમ મેનકાની પુત્રી શકુન્તલાએ પૃથ્વી પટ પર જીવન વિતાવ્યું, તેમ આમ્રપાલી પણ પોતાનું જીવન પૃથ્વી પટ પર વિતાવી રહી છે. તેનાં મધુર કંઠ અને અદ્ભુત સૌંદર્ય લિચ્છવીઓની નજરે ચઢયાં. તેમણે તેની પાસે તેના સૌંદર્યની માગણી કરવા માંડી. પણ તે દૈવી કન્યા બધાને નિરાશ કરવા લાગી. તેના સૌંદર્ય માટે તારે રંભા કે મેનકાને કલ્પનામાં લાવવી. એ અપ્સરાઓની કલ્પના કરીશ તો તું આમ્રપાલીના દેહ સૌંદર્યની કલ્પના કરી શકીશ.

લિછવીયોનાં વિલાસી નયનો તેને આકર્ષી શક્યાં નહી. તેમની શક્તિ તેને લોભાવી શકી નહિ. તેમના મનગમતા પ્રયાસ તેને ચળાવી શકયા નહિ.

તે એક ભવ્ય મકાનમાં રહેવા લાગી હતી. તે મકાનમાં કારીગરોની બધી કારીગરી ખરચી નાંખવામાં આવી હતી. તે ભર યુવાનીમાં પ્રવેશી ચૂકી હતી. યૌવનનો થનગનાટ તેના દેહને ચપળ બનાવી રહ્યો હતો. તેના અંગોપાંગ પૂર્ણ પણે વિકસી ગયાં હતાં. તે પ્રેમી શોધી રહી હતી. તેનું હૃદયમંદિર પ્રેમમૂર્તિ વિના શૂન્યતા અનુભવી રહ્યું હતું. તેનાં નયનો સદાયે કંઇને કંઇ શોધ્યાં કરતાં હતાં. તેના કર્ણો કોઇ વીર પુરૂષના પગલાંના અવાજની રાહ જોઇ રહ્યા હતા. એટલા બધા લિચ્છવીઓમાં, સાત હજાર, સાતસો ને સાત ક્ષત્રિઓમાં કોઇપણ તેના હૃદયમંદિરમાં બિરાજવાને લાયક હોય, એમ તેને લાગતું નહોતું.

અચાનક એક માણસ તેની દૃષ્ટિએ પડયો. સિંહ સમી ફાળ

ભરતો અને હાસ્યના ઉમળકે નયનો નચાવતો. તેનું મસ્તક હાથી જેવું વિશાળ હતું અને તેની છાતી ઢાલજેવી પહોળી હતી. ચાલમાં અને ચહેરા પર મક્કમતા હતી.

વગર ઓળખાણે તેણે તે વીરને પોતાના હ્રદયમંદિરમાં દેવ તરીકે સ્થાપ્યો. પ્રભુ માનીને તેની પૂજા કરવા લાગી. ગાંધર્વ લગ્ન કરીને પતિ તરીકે તેને સ્વીકાર્યો. પોતાનો દેહ, પોતાનું સૌંદર્ય તેણે પતિને સોંપ્યાં. પોતાની નૃત્યકલા તેનાં ચરણોમાં ધરી. પ્રેમીની વિશાળ છાતી પર મસ્તક મૂકીને નિદ્રા લેવામાં તે આનંદ માનવા લાગી.

તે જાણતી હતી કે પોતાનો પ્રેમી પરદેશી છે. લિચ્છવીઓ જાણશે કે પરિણામ વિપરીત આવશે. પણ તેણે તે બધાની દરકાર કરી નહિ. તેણે પોતે કલ્પેલો પ્રેમી તેને મળી ગયો હતો. પ્રેમીના માટે તે પોતાનાં સર્વ સુખોને ત્યાગવા તૈયાર થઇ હતી.

વિલાસમાં તેના દિવસો વિતવા લાગ્યા. તેનું હૃદય થનગનતું થઇ ગયું. તેનાં વિજળીની ચમક જેવાં નયનો નાચવા લાગ્યાં. તેનાં અંગોપાંગ પૂર્ણપણે વિકસી ગયાં. દેહ પૂર્ણરીતે ખીલી નીકળ્યો. તેના ચહેરા પરથી લોકોને કંઇક નવિનતા ભાસવા લાગી. લોકો તેના મૂળ શોધવા લાગ્યા. તેની હિલચાલ પર બારીક દેખરેખ રાખવા લાગ્યા.

પોતાનું સૌંદર્ય કોઇને ન સોંપવાની મક્કમતા દર્શાવનાર આમ્રપાલીનું સૌંદર્ય કોઇને સોંપાયું હોય–સોંપાતું હોય એમ તેનો ચહેરો નિરખનારને ખાત્રીપૂર્વક લાગવા માંડયું.

ભોગ ભોગવનાર અને ભોગ ન ભોગવનારના તેજમાં આપોઆપ ફરક પડી જાય છે.

અને તેની પર દેખરેખ રાખનાર–જાસુસી કરનાર લિચ્છવીઓને એક દિવસે જણાઇ આવ્યું કે આમ્રપાલી પોતાનો દેહ કોઇએક પરદેશીને–મગધવાસીને સોંપી ચૂકી છે. પોતાનું સૌંદર્ય મગધવાસીના ચરણોમાં ધરી રહી છે.

વિલાસમાં સુખ માનનાર અને શસ્ત્રો વાપરવામાં આનંદ

માનનાર લિચ્છવીઓએ ચેટકરાજ પાસે ફરીયાદ કરી. ચેટકરાજે સભા બોલાવી. ભર સભામાં આમ્રપાલીને બોલાવીને પ્રશ્ન કર્યો.

"આમ્રપાલી, તું કોઇ પરદેશીના પ્રેમમાં પડી છે, એવી લોકોની માન્યતા છે. શું તે સત્ય છે?"

ચેટકરાજની વાણીમાં પિતાના પ્રેમની કુમાશ હતી.

"અસત્ય નથી, મહારાજ." આમ્રપાલી જમીન પ્રત્યે નિરખતાં બોલી.

"વૈશાલીમાં તને એક પણ વીર ન મળ્યો?"

"વીર તો ઘણા છે, મહારાજ!"

"તો પછી પરદેશીને કેમ સ્વીકાર્યો?"

"મેં જેવો કલ્પ્યો હતો, તેવો તે જણાઇ આવ્યો. મારે જે જોઇતું હતું, તે તેનામાંથી મળી આવ્યું."

"તારી પસંદગીમાં તું યશસ્વી નિવડી છે?"

"હા જી."

"તેં કલ્પેલી વ્યક્તિ જેવી એક પણ વ્યક્તિ તને વૈશાલીમાંથી ન મળી આવી?"

"ના" મક્કમ પણે આમ્રપાલીયે ઉત્તર આપ્યો.

"આમાં તને વૈશાલીનું અપમાન નથી લાગતું?"

"કયી રીતે?"

પહેલ વહેલો આમ્રપાલીએ સામો પ્રશ્ન કર્યો.

"એક સ્ત્રીને તેની ઇચ્છા પ્રમાણેનો એક પણ પ્રેમી આખી વૈશાલીમાં ન મળે, એ વૈશાલીને માટે શરમ જનક નથી?"

આમ્રપાલીએ જવાબ ન આપ્યો. તે જમીન પ્રત્યે નિરખી રહી.

તેના મૌનથીજ બધા સમજી શકયા કે, તે 'હા' કહે છે.

"સાંભળવામાં આવ્યું છે કે, તે મગધવાસી છે. એ વાત સત્ય છે?"

"હા."

આમ્રપાલીએ શાંતિથી જવાબ આપ્યો.

"મગધવાસી તરફ તારો પ્રેમ ઢળે, એના જેવું અપમાન તો વૈશાલીઓ માટે બીજું એક પણ નથી." ચેટકરાજ બોલ્યા.

"મહારાજ, એમ વાતવાતમાં માનાપમાનની વાતો કરતા થઇએ તો રક્તપાતની નદીઓજ વહ્યા કરે."

આમ્રપાલીનું વાક્ય સાંભળીને આખી સભા સ્તબ્ધ થઇ ગઇ. એક નર્તિકા આખી સભાને ઉપદેશ આપે, તેના જેવું બીજું કયું અપમાન હોય!

"રક્તપાતની નદીઓ વહે કે ન વહે, તે જોવાનું કામ તારૂં નથી."

"મહારાજ........."

આમ્રપાલી કંઇક કહેવા જતી હતી, પણ તેને અટકાવીને ચેટકરાજ બોલ્યા:

"આમ્રપાલી, આ સંથાગાર છે. અહીં વાદ વિવાદને સ્થાન ન હોય."

"વડિલની શી આજ્ઞા છે, તે હું સમજી શકી નથી."

નવું સંબોધન રજુ કરતાં આમ્રપાલી બોલી.

"વૈશાલીઓ ઇચ્છે છે કે તું મગધવાસીનો ત્યાગ કર."

એક સ્ત્રીને તેના પ્રેમીથી વિખૂટી પાડતાં ચેટકરાજનું હૃદય વલોવાઇ જતું હતું.

"પુરૂષો પોતાના મનને સંતોષવાને ગમે તે રીતે વર્તી શકે, અને એક સ્ત્રી પોતાનો જીવનસાથી મેળવવાને પણ સ્વતંત્ર ન હોઇ શકે એમજને, મહારાજ!" આમ્રપાલી દૃઢ સ્વરે બોલી.

આમ્રપાલીના શબ્દોથી આખી સભામાં ખળભળાટ મચી ગયો. કોઇ કહેવા લાગ્યું કે, 'આમ્રપાલી દેશદ્રોહી છે.' કોઇ કહેવા લાગ્યું કે 'એ લિચ્છવીઓને કલંકીત કરે છે.' 'મગધદેશ તરફ તેને પક્ષપાત છે.' 'જ્યારે ત્યારે એ વૈશાલીને દગો દેશે.' એ પ્રવેણી પુસ્તકના

કાયદા ભંગ કરી રહી છે.' 'આખા સભાનું અપમાન કરી રહી છે.'

વગેરે પ્રકારના કેટલાયે શબ્દો ઉચ્ચારાવા લાગ્યા.

આમ્રપાલી તે બધા પ્રત્યેક બેદરકાર રહી.

"આમ્રપાલી! ચેટકરાજ બધાને શાન્તિ ધારણ કરવાનું સૂચવીને બોલ્યા.

"આજ્ઞા, મહારાજ." આમ્રપાલી નમ્રતાથી બોલી.

"તારે તેનો ત્યાગ કરવોજ જોઇએ."

આપ દેહ અને પ્રાણને વિખૂટા પાડવાની આજ્ઞા ફરમાવી રહ્યા છો, મહારાજ." આમ્રપાલીના કંઠમાં કંપ પ્રવેશી ચૂકયો હતો.

"કાયદાને માન આપવાની પ્રત્યેકની ફરજ છે!"

આમ્રપાલી મૌન રહી.

"તને તારા દેશ પ્રત્યે પ્રેમ છે ને?" ચેટકરાજે પ્રશ્ન કર્યો.

એવું સદ્‌ભાગ્ય કોને પ્રિય ન હોય, મહારાજ?"

તારે બંનેમાંથી એકનો ત્યાગ કરવો જોઇએ."

આમ્રપાલીના માટે મુશ્કેલી ઊભી થઇ. તેને ખાત્રી હતીજ કે કાયદાને માન આપ્યા સિવાય ચાલે તેમ નથી. અને પોતે દેશપ્રેમી હતી. દેશ માટે તે પોતાના સર્વસ્વનો ભોગ આપવાને તૈયાર હતી. ગમે ત્યારે પરદેશી પ્રેમીનો ત્યાગ કરવો પડશે, એ પણ તે જાણતી હતી.

"મહારાજનું શું ફરમાન છે?" આમ્રપાલીએ વિનયથી પૂછ્યું.

"મગધવાસીનો ત્યાગ કર."

આપની આજ્ઞા શિરસા વંદ્ય છે., પ્રભુ." કોઇપણ જાતની આનાકાની સિવાય આમ્રપાલી બોલી. તેનું હૃદય ભાંગી ગયું. નયનોમાંથી અશ્રુબિન્દુ સરી પડયાં.

સૌ પોતપોતાના ત્યાં ગયાં. સંથાગાર ખાલી થઇ ગયો.

આમ્રપાલી પોતાના નિવાસ સ્થાને જઇને પોતાના પ્રેમીના વિશાળ વક્ષઃસ્થળ પર માથું મુકીને રડી પડી. ખૂબ રડી. રડતાં રડતાં અન્તે થાકી. તેણે સંથાગારમાં બનેલી હકિકત મગધવાસીને કહી સંભળાવી.

મગધવાસીએ તેને કહ્યું કે, "જો તારી ઇચ્છા હોય તો હું આ બધાની વચ્ચેથી તને ઉપાડી જાઉં." પણ આમ્રપાલી એ 'ના' પાડી. તેણે કહ્યું:

"દેશ પ્રત્યે મારાથી બેવફા થવાય નહિ. મારા પ્રેમનો—મારા સર્વસ્વનો ભોગ આપીને પણ હું દેશ પ્રત્યે તો વફાદારજ રહીશ."

એ પછી બંને જણાંએ કયાંય સુધી વાતો કરી. વાતવાતમાં આમ્રપાલીએ પોતાના પ્રેમીને જણાવ્યું કે, પોતે એક બાળકની માતા થવાની તૈયારીમાં છે."

જવાબમાં તેના પ્રેમીએ કહ્યું કે, "આમ્રપાલી ગર્ભનું જતન ઉત્તમ રીતે કરવાનું ચૂકીશ નહિ. જતાં જતાં હું તને મારી ઓળખ આપતો જાઉં છું કે, તારૂં આ બાળક મગધરાજ શ્રેણિકના પ્રેમનું ફળ છે."

"શું કહ્યું?" આમ્રપાલી આશ્ચર્ય પામતાં બોલી.

"હા, આમ્રપાલી, તારો આ પ્રેમી સાધારણ મગધવાસી નથી, પણ મગધનરેશ છે. તારે જે જોઇએ તે ખુશીથી માગી લે." મગધનરેશ પોતાની સ્પષ્ટ ઓળખ આપતાં કહ્યું.

"મગધરાજ." આનંદાવેશમાં આવી જતાં આમ્રપાલી બોલી "મારી પાસે એવી એક વસ્તુની કમીના નથી કે જે તમારી પાસે માગવી પડે. જે નહોતું, તે પણ તમારા સહવાસથી મળી ગયું છે. મને સંતોષ થયો છે કે, મેં પ્રેમ અર્પવામાં ભૂલ કરી નથી."

એટલામાં દૂરથી આવતો કોલાહલ સંભળાયો. આમ્રપાલી ચેતી ગઇ. તેણે મહારાજાને કહ્યું. "મહારાજ, પાછળના દરવાજેથી જલ્દી નાસી જાવ. લિચ્છવીઓ ગાંડા જેવા બનીને આવી રહ્યા છે."

મહારાજાએ ઘણી આનાકાની કરી, પણ આમ્રપાલીના આગ્રહને વશ થઇને તે નાઠા. તેમનો સાથીદાર રસ્તાઓનો અને જંગલોનો જાણીતો હતો. તેની મદદ વડે તે આબાદ છટકી ગયા.

લિચ્છવીઓ આમ્રપાલીના આવાસમાં ઘૂસ્યા. તેના પ્રેમીની મગધવાસીની તપાસ કરી. પણ તેમને કોઇ મળી આવ્યું નહિ. તે

નિરાશ થઈને પાછા ફર્યા. જો આમ્રપાલીએ મહારાજાને સમયસૂચકતા વાપરીને ત્યાંથી નસાડી મૂકયા ન હોત, તો આજે મહારાજાની હસ્તી પણ ન હોત.

કહે, આમાંનો કોઈગુણ તને તારી અનંગસેનામાંથી મળી આવ્યો છે?"

અનંતકુમારે આમ્રપાલીનો ઇતિહાસ કહી રહ્યા પછી તેના મિત્રને અનંગસેના વિષે પ્રશ્ન કર્યો.

"તેં આમ્રપાલીનું આટલું બધું વર્ણન કર્યું, તો તું કોઈ દિવસ તેને જોઈ આવ્યો છે?" કૃતપુણ્યે સામો પ્રશ્ન કર્યો,

"તે વિના હું ગમે તેમ બોલું નહિ, કૃતપુણ્ય." અનંતકુમાર બોલ્યો. "મહારાજ જ્યારે વૈશાલીથી પાછા ફર્યા ત્યારે મને તે હકિકત જાણવાની ઇચ્છા થઈ. થોડા દિવસમાં હું વૈશાલી ગયો. વૈશાલીમાં મારો એક મિત્ર રહે છે. તેની પત્નીનું નામ છે નીલમ. નીલમ પહેલાં આમ્રપાલીને ત્યાં કામ કરતી હતી. તેનું કામ હતું વસ્ત્રાલંકારોની વ્યવસ્થા કરવાનું. તેની મારફતે મેં બધી વાત જાણી, કેટલાક લિચ્છવીઓના સહવાસમાં આવ્યો અને આમ્રપાલીને પણ જોઈ. શું તેનું રૂપ! વારે ઘડીએ તેનાં વખાણ કરવાની ઇચ્છા થઈ આવે છે, કૃતપુણ્ય."

કૃતપુણ્યના ચહેરા પરના ભાવો બદલાયા કરતા હતા. અનંતકુમારને લાગ્યું કે, 'પોતાના મિત્ર પર કંઈક અસર થઈ છે ખરી. હજી થોડા પ્રયાસની જરૂર છે.'

અને તેણે બીજી કેટલી આડી આવળી વાતો કાઢી. સમય થઈ ચૂકયો હતો. રાત પણ યુવાવસ્થામાં પ્રવેશી ચૂકી હતી. અનંતકુમારને આશ્ચર્ય એટલુંજ થયું કે, 'આજે પોતાના મિત્રે પોતાને અહીંથી જવા માટે કેમ કહ્યું નહિ?'

છતાં જવા માટે તેણે તેના મિત્રની રજા લીધી.

# પ્રકરણ ૨૦ મું

## ધનેશ્વરશેઠનો સ્વર્ગવાસ.

સમયને પસાર થતાં કોઈ રોકી શકતું નથી. તેને રોકવાની કોઇનામાં તાકાત પણ હોતી નથી.

ધનેશ્વર શેઠનો સમય પલટાઇ ગયો હતો. તેમની શ્રીમંતાઇ ભૂંસાઇ ગઈ હતી. તેમની મહત્તા ઘટી ગઇ હતી. નર્તિકાને ત્યાં વસતા પુત્રના પિતાને ભદ્રિક ગણાતા સમાજમાં સ્થાન નહોતું—ભદ્રિક કહેવાતો સમાજ ભલે અહંરખાને તદ્દન સડેલો હોય.

દુનિયા તો આડાડંબર ઇચ્છે છે. બહારની શોભા, બહારની ટાપટીપ, મિષ્ટવાણી, હાથીના બહારના શોભાના દાંત જેવી બતાવવાની નમ્રતા, અને પાછળ નિંદા કરવા છતાં મોંએ-રૂબરૂમાં સ્તુતિ કરવાની કળા; એ બધા દેખીતા સદ્‌ગુણો—આંતરિક રીતે દુર્ગુણો ધરાવતો માણસ કહેવાતા ભદ્રિક સમાજમાં વિનાવિઘ્ને પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

ધનેશ્વર શેઠમાંથી તે સદ્‌ગુણો જતા રહ્યા હતા. સમાજ તેમના પ્રત્યે તિરસ્કારવૃત્તિ ધરાવતો થઇ ગયો હતો. તેમને આશ્વાસન હતું ફક્ત અનંતકુમારનું. પણ હવે તો અનંતકુમાર પણ ભદ્રિક સમાજનું નિંદાસ્થાન બની ગયો હતો. કૃતપુણ્યની મુલાકાતે જવા માટે તે અનંગસેનાના આવાસે જતો હતો. તે વાત લોકોની દૃષ્ટિએ ચઢી ચૂકી હતી.

છેલ્લી મુલાકાત—આમ્રપાલીનો ઈતિહાસ કહી સંભળાવ્યો તે-

પછી કૃતપુણ્યને ત્યાંથી નિકળેલો અનંતકુમાર પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. તે વખતે તેને તેના પિતાના મિત્ર—મિત્રતાનો દંભ ધરાવતા એક સજ્જન મળ્યા હતા. અનંતકુમાર ગાનારીઓના આવાસ તરફથી નગર તરફ જઈ રહ્યો હતો, ત્યારે તે સજ્જન નગરમાંથી ગાનારીઓના આવાસ તરફ જઈ રહ્યા હતા. તે સજ્જને અંનતકુમારને જોતાંજ પોતાની દૃષ્ટિ બીજી તરફ વાળી દીધી. પણ અનંતકુમાર વિના સંકોચે સીધી નજરે ચાલતો હતો. અનિચ્છાએ પણ તે સજ્જનની દૃષ્ટિ અચાનક અનંતકુમારની દૃષ્ટિમાં ભળી ગઈ. દૃષ્ટિ મળતાંજ બંને જણા એક બીજાની નજીક આવતાં ઊભા રહ્યા.

"કેમ અનંત, આ બાજુએ ?" સજ્જને પ્રશ્ન કર્યો. તેમના પૂછવાનો ભાવાર્થ એ હતો, 'કે આ બાજુએ કયાં ગયો હતો ?'

"કૃતપુણ્યને સમજાવવા ગયો હતો." અનંતકુમાર બેધડક સત્ય બોલ્યો, ને તેણે સામો પ્રશ્ન કર્યો. "તમે આ બાજુએ ?"

"એક જણને મળવા જવું છે." તદ્દન જૂઠ્ઠાણાનો આશરો લેતાં તે સજ્જન બોલ્યો. અસત્ય બોલતાં તેમની જીભ થોડી થોથવાણી પણ ખરી. તે પોતે પણ જાણતા હતા કે, આ તરફ ગાનારીઓ સિવાય બીજા કોઈનાં મકાનો નથી.

"કોઈ સાર્થવાહ બહારગામથી આવ્યા હશે!" સજ્જનના અસત્ય ભાષણને પારખી જતાં અનંતકુમાર કટાક્ષમાં બોલ્યો.

"ના, ના. છે તો અહીંનો. પણ થોડા દિવસ દેશાવર ફરી આવ્યો એટલે કંઈક નવાજૂની લાવ્યો હશે.' બીજો કોઈ ઉત્તર ન આપતાં તે સજ્જન પોતાનો ગુન્હો છૂપાવતા બીજું અસત્ય બોલ્યા.

માણસ એક ભૂલ છૂપાવવા મથે તો તેનાથી બીજા અનેક ગુન્હાઓ બને છે. એક અસત્યને છૂપાવવા માટે અન્ય અસત્યને ઉપજાવી કાઢવાં પડે છે. માણસ જો પોતાના એકજ ગુન્હાને અગર અસત્યને કબૂલ કરી લેતો થાય—તેવી હિંમત કેળવતો થાય તો તે અન્ય ગુન્હાઓ અને અસત્યોમાંથી જરૂર બચી જાય.

"એમ. ત્યારે તો ચાલોને હું પણ તમારી સાથે આવું. મને પણ કંઇક નવું જાણવાનું મળશે." અનંતકુમારે તેને બરાબર સાણસામાં લીધો.

"તો તો આપણે આવતી કાલે સવારે જઇશું. કારણ કે મને પણ શંકા છે કે, અત્યારે બહુ સમય થઇ ગયો છે એટલે કદાચ ઊંઘી પણ ગયો હશે. તને પણ વિનાકારણ ધક્કો પડવાનો સંભવ છે." સજ્જન બોલ્યા.

"મને પણ તમારી સાથેજ ધક્કો પડશે ને!" અનંતકુમાર બોલ્યો "હું તો હજી તમારા કરતાં નાનો છું."

"હું પોતેજ અહીંથી પાછો ફરવાનો વિચાર કરતો હતો, એટલામાં તું મળી ગયો. મને ક્યારનું એમજ થયા કરતું હતું કે, સમય બહુ થઇ ગયો છે એટલે કોઇને ત્યાં જવું ઠીક નહિ." બોલતા બોલતા સજ્જન પાછા ફર્યા.

"ભલે, ત્યારે કાલે સવારે હું તમારે ત્યાં આવીશ." અનંતકુમારે તેમની સાથે ચાલતાં કહ્યું.

"જરૂર આવજે" તે સજ્જન બોલ્યા. તેમને થયું કે અત્યારે તો આ સંકટમાંથી બચ્યા! સવારની વાત સવારે.

પણ બીજે દિવસે સવારે અનંતકુમાર તેમને ત્યાં ગયો નહિ. તેને ખાત્રી હતી કે, તે સજ્જન તદ્દન અસત્યજ બોલ્યા હતા. તે કોઇ ગાનારીને ત્યાં જઇ રહ્યા હતા, પણ પોતાની મુલાકાતે તેમને ત્યાં જતા અટકાવ્યા.

આવા દાંભિક સજ્જનોની દુનિયામાં અનંતકુમાર જેવા સત્ય યુવકને સ્થાન ક્યાંથી મળે!

કૃતપુણ્યની તે મુલાકાત પછી અનંતકુમાર અનંગસેનાને ત્યાં ગયો નહતો. તે વાતને લગભગ એકાદ માસ વીતી ગયો હશે. તે દરમિયાન ઘણી યે નવા જુની થઇ ગઇ હતી.

કૃતપુણ્યના પિતા ગંભીર માંદગી ભોગવી રહ્યા હતા. માતા

સુભદ્રાદેવીની અંતિમ ઘડિઓ ગણાઇ રહી હતી. પત્ની ધન્યા ચોધાર આંસુએ રડી રહી હતી. અનંતકુમાર અને તેની પત્ની પરિમલ તેમને આશ્વાસન આપી રહ્યાં હતાં.

મોટું મકાન વેચાઇ ગયું હતું. આભૂષણોમાં પણ ફક્ત સુવર્ણની બે બંગડીઓ અને એક નાનું મંગળસૂત્ર ધન્યાના દેહપર રહ્યાં હતાં. સુભદ્રાદેવી તો તદ્દન સુવર્ણહિન જ હતાં.

લક્ષ્મી વેર વીખેર થઇ ગઇ હતી. મોટા ભાગની લક્ષ્મી ધનેશ્વર શેઠે પુત્ર પ્રેમને લઇને અંનગસેનાની દાસીને કહેવાતી પુત્રની માંગણીને સંતોષવામાં આપી દીધી હતી. કેટલોક ભાગ દુકનાના માણસો પચાવી પડયા હતા. પરીણામે મોટું ઘર વેચવું પડયું હતું. તેની બાજુમાં જે મકાન પરચુરણ સામાન ભરવાના કામમાં આવતું હતું, તે તેઓ વાપરવા લાગ્યાં હતાં. સદ્‌ભાગ્યે તે પોતાની માલિકીનું હોવાથી ભાડું ચૂકવવાની ઉપાધિ નહોતી. વેપાર તો કયારનોયે બંધ થઇ ગયો હતો. દુકાન પણ વેચી નાંખવામાં આવી હતી.

સંધ્યાનો સમય હતો. બિમાર સાસુ સસરાને થોડું થોડું દૂધ પાઇને, બબ્બે ટીંપા મોંમા નાંખીને પુત્ર વધૂ ધન્યા તેમને આછો પવન નાંખી રહી હતી. બાજુમાં અનંતકુમાર અને પરિમલ બેઠાં હતાં. બંનેના ચેહરા ગંભીર જણાતા હતા. પુત્રની છેલ્લી મુલાકાત માટે માતા પિતાનાં હૈયાં તરફડી રહ્યાં હતાં. મરતાં મરતાં પણ પુત્રનું મુખ જોવાની તેમની ઇચ્છા અતૃપ્ત રહી જતી હતી.

પરિમલ અને ધન્યાના કહેવાથી–અત્યગ્રહથી અનતકુમાર કૃતપુણ્યને છેલ્લા સમાચાર આપવા જવા માટે તૈયાર થયો. આજ તેનું મન કહ્યું કરતું નહોતું. શા કારણથી કોને ખબર, આજે તેના મિત્રને મળવા જવામાં તેને ઊમંગ થયો નહોતો.

ન છૂટકે તે અનંગસેનાના આવાસે જવા માટે ઘરમાંથી બહાર નીકળ્યો. તેને બંને વડિલોની માંદગી ગંભીર લાગતી હતી.

માણસને પોતાના કાર્યમાં યશ મળશે કે કેમ, તે બાબતનો

ખુલાસો તેના હૃદય તરફથી જ મળી રહેતો હોય છે. કાર્યની સફળતા કે નિષ્ફળતાનાં મૂળ વગર જોડાણે કે વગર સ્પર્શે આત્મા સાથે સંબંધ ધરાવતાં હોય છે.

આજે અનંતકુમારને અનંગસેનાને ત્યાં જવામાં બહુ ઉત્સાહ નહોતો. તેનો આત્મા જ તેને કહી રહ્યો હતો કે, આજનું—અત્યારનું ગમન નિષ્ફળતામાં જ પરિણમશે.

ધનેશ્વરશેઠની આંખો પુત્રનાં અંતિમ દર્શન માટે ખેંચાઇ રહી હતી. તેમના મૃત્યુની છેલ્લી ઘડિઓ પુત્રના આગમનની આશામાં પસાર થઇ રહી હતી.

થોડા સમયમાં તો અનંતકુમાર જઇને પાછો આવ્યો. તે અનંગસેનાના મકાને ગયો ત્યારે ધનેશ્વરશેઠ પાસે પૈસા લેવા જનારી દાસી મુખ્ય દરવાજા પાસેથી પસાર થઇ રહી હતી. તેની દૃષ્ટિ અચાનક અનંતકુમાર પર પડી. તેણે પ્રશ્ન કર્યો, "કોનું કામ છે, ભાઇ ?"

"કૃતપુણ્યકુમાર છે ?" રસહીન અવાજે અનંતકુમારે પૂછ્યું. "થોડા સમય પહેલાં જ તે અને અમાગં બા બહાર ગયાં." દાસીએ કહ્યું. ખરી રીતે તે તદ્દન અસત્યજ બોલી હતી. અનંતકુમાર પણ તેના શબ્દો માનવાને તૈયાર નહોતો.

"કયારે પાછાં ફરશે ?" તેણે પ્રશ્ન કર્યો.

"લગભગ મધરાતે." દાસી બોલી.

"કયાં ગયાં છે ?"

"તેની મને ખબર નથી. હું તો એટલું જ જાણું છું કે તે ફરવા ગયાં છે."

"તે મધરાત સુધી ફર્યા કરશે ?"

"તેમનું કંઇ કહેવાય નહિ. એ તો મધરાતે પણ આવે ને સવારે પણ આવે."

"તો હું મધરાત સુધી અંદરના બેઠકખંડમાં તેમની રાહ

જોતો બેસું છું. આવે કે તરત તેમની મુલાકાત કરાવી આપજે." અનંતકુમાર બોલ્યો.

"તેમની હાજરી સિવાય આ મકાનમાં પ્રવેશવાની કોઈને પરવાનગી નથી. આપ સવારે પધારજો." દાસી બોલી. તે અનંગસેનાની માતાના પક્ષમાં હતી. કૃતપુણ્યની મુલાકાત ન થવા દેવાનો તેનો ઉદ્દેશ હતો.

"આજ સુધી મને અંદર જવા દેવા માટે કોઈએ અટકાયત કરી નથી." અનંતકુમાર બોલ્યો.

"તેમની હાજરીમાં હું આપને ન અટકાવત."

"તું મને ઓળખે છે?"

"હા જી. આપનું નામ અનંતકુમાર છે. આપ કૃતપુણ્યકુમારના બાળમિત્ર છો." દાસીએ પોતાની વિચાર શક્તિનો અનુભવ કરાવતાં કહ્યું.

"મને અંદર જવા માટે કોઈજ નથી અટકાવતું."

"હું પણ ન અટકાવું. પણ તે તો તેમની હાજરીમાં." દાસી બોલી. "અમારે તો જુદા જુદા સમયે જુદા જુદા હુકમો પાળવાના હોય છે. અમે સમજીએ છીએ કે અંદર જનારને અમે રોકીશું તો તેમને માઠું લાગશે, પણ અમારે તેમ કર્યા સિવાય ચાલતું નથી. અમે રહ્યાં નોકર માણસ. માલિકની આજ્ઞાને અમારે શિરસાવંદ્ય માનવી પડે છે."

દાસીના શબ્દોથી અનંતકુમાર સ્તબ્ધ બની ગયો. તેને ખાત્રી થઈ ચૂકી કે આ દાસી પોતાને અંદર જવા દે તેમ નથી. વધુ સમય વિતાવવાની ઇચ્છા નહોતી. કંઈ પણ જવાબ આપ્યા સિવાય તે પાછો ફર્યો. દાસી તેની પીઠ પાછળ જોતી જોતી મૂંગી મૂંગી હસી રહી.

અનંતકુમાર જ્યારે ધનેશ્વર શેઠના બિછાના પાસે પહોંચ્યો ત્યારે તેના કાને શબ્દો અથડાયા: "હજી કુમાર ન આવ્યો? હજી અનંત પણ પાછો આવ્યો નથી? હે...પ્રભુ...!" તેમણે—સૃષ્ટિના

થોડા સમયના મહેમાને નિઃસાસો નાંખ્યો.

ધન્યાનાં નયનોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. પરિમલ વ્રજની છાતી કરીને તેને આશ્વાસન આપી રહી હતી.

"હું આવી પહોંચ્યો છું, કાકા!" અનંતકુમાર બોલ્યો.

"કુમાર ન આવ્યો, અનંત?" આજુ બાજુ દૃષ્ટિ કરતાં શેઠે પ્રશ્ન કર્યો.

"તે બહારગામ ગયો છે." અનંતકુમારે મરતાને આઘાત ન લાગે તે માટે અસત્ય શબ્દોનો ઉચ્ચાર કર્યો. "તે જો અહીં હોત તો જરૂર આવત, કાકા! કૃતપુણ્ય હજી હદ વટાવી ગયો નથી."

"અનંત, આના કરતાં કેવી હદ વટાવવાની હોય?" ધનેશ્વર શેઠ આંખમાં આંસુ લાવી બોલ્યા. "તેના સંતોષની ખાતર અમારા આખા કુટુંબે પોતાના સર્વસ્વનો ભોગ આપી દીધો છે. આના કરતાં તો અમારે ત્યાં એનો જન્મ ન થયો હો તો સારૂં થાત."

"આવું ઘેલું ઘેલું બોલીને મૃત્યુ ન બગાડો, કાકા!" અનંતકુમાર ગદ્‌ગદ્ કંઠે બોલ્યો. "આ તમારી અંતિમ ઘડીઓ છે. અંતિમ ઘડીએ પરમાત્માનું નામ લો. માણસનાં ઋણાનુબંધન જેવાં હોય, તેવાં ભોગવવાં જોઇએ. કોઇ મિત્ર રૂપે શત્રુ બનીને જન્મે છે, તો કોઇ શત્રૂ રૂપે મિત્રની ગરજ સારે છે. સંસારી બંધન સંસાર માટેજ હોય છે. હવે તમે સંસારથી વિરકત થવાના છો. કોને ખબર કયાં જન્મ લેશો! આવા અંતિમ સમયે આવા વિચારો ત્યાગી દેવા જોઇએ. આવતા ભવની ઉન્નતિ માટે શુભ ભાવના સેવવી જોઇએ."

"અનંત હું ઘણો સમજુ છું. પણ મને મારી આ પુત્રવધૂનું દુઃખ સાલે છે." શેઠ બોલ્યા "બિચારી હજી બાળક છે. સંસારનું સુખ અનુભવ્યું નથી. આજે તેના દેહ પર વસ્ત્ર નથી, અલંકાર નથી ને આવતી કાલનું ખાવાનું પણ તેની પાસે નથી. મને મારા પોતાના પર ધિક્કાર છૂટે છે, અનંત! આવી સતીને માટે કંઇપણ ન રાખતાં પુત્ર પ્રેમની ઘેલછામાં બધુંજ બેડવી નાંખ્યું. આજે એ બિચારી

ઓશિયાળી છે. બાકીનું જીવન વિતાવવા તેની પાસે કંઇ સાધન નથી. બિચારી ધન્યા........."

તેમનાથી આગળ બોલી શકાયું નહિ. તેમણે પોતાના કપાળ પર હાથ પછાડયો. અશકિત છતાં ધ્રૂસ્કુ ભરાઇ ગયું.

"વડિલ," ધન્યા વિનયથી બોલી; "મારી ચિંતાને આપ ત્યાગી દો. મને તો પરમકૃપાળુ પરમાત્માનો આશરો છે. આપ આપનું મૃત્યુ ન બગાડો. પુત્ર કાજે સંસાર બગાડયો, જીવન વેડફી નાખ્યું, પણ હવે પુત્રવધૂ માટે મૃત્યુ ન બગાડો. થોડી ઘડિઓના સંબંધ માટે આવતો ભવ શા માટે બગાડો છો? અનંતકુમાર જેવા મારે ભાઇ છે, પરિમલ જેવી મારે ભાભી છે, ને પરમાત્મા જેવા પિતાનો આશરો છે. પછી મારે જગતમાં કોની ખપ છે?" આંખનાં આંસુ લૂછતાં ધન્યા બોલી.

"અને તારાં માતા પિતા, બેટા!" શેઠે ધન્યાને તેનાં માતા પિતાની યાદ દેવરાવતાં કહ્યું.

"તે તો છે જ ને વડિલ!" ધન્યા બોલી. "પણ તે તો પિયર પક્ષનાં છે. મારે તો શ્વસુર પક્ષે જીવન વિતાવવાનું છે."

"પણ અણીને વખતે પિયર પક્ષની પણ મદદ લેવી જોઇએ, દીકરી." પુત્રવધૂના શબ્દો સાંભળીને સસરા બોલ્યા.

"તે બધું થઇ રહેશે, કાકા!" અનંતકુમાર વચ્ચે બોલી ઊઠયો. "ધન્યા બહેનની ચિંતા કરવાની જરૂર નથી, મેં એમને મારાં અંતરનાં બહેન માની લીધાં. જ્યાં સુધી મારામાં કે પરિમલમાં પ્રાણ હશે ત્યાં સુધી તેમને દુઃખી થવા નહિ દઇએ. તમે તમારી અંતની ઘડિઓ સુધારો."

"પણ અનંત..." ધનેશ્વર શેઠની જીભ ખેંચાવા લાગી હતી. તેમની આંખો પણ હવે પૂરૂં કામ કરી શકતી નહોતી. તેમનો કાળ તદ્દન નજીક આવી પહોંચ્યો હતો.

"કાકા," અનંત છેક તેમની નજીક જઇને બેઠો. તેણે

પોતાનો હાથ શેઠના કપાળ પર મૂકયો. "હવે પરમાત્માનું ચિંતન કરો. અને પરિમલ, તે પરિમલ તરફ નજર કરતાં બોલ્યો. "તું ઘીનો દીવો કર."

પરિમલ ઊઠી. તે આ નાના મકાનનો માહિતગાર થઇ ગઇ હતી. તેણે ઘીનો દીવો કર્યો. અંધકારને વિદારવા માટે તેલનો દીવો તો કયારનો યે પ્રકટાવવામાં આવ્યો હતો.

ધન્યા સમજી ગઇ. તેણે બાજુમાંથી એક બે પાડોશીઓને બોલાવ્યા. થોડા સમયમાં આઠેક પુરૂષ અને ૭ એક સ્ત્રીઓ પણ આવી પહોંચી.

શેઠને અંતિમ સમયે પ્રભુનું સ્તવન સંભળાવવામાં આવ્યું.

મધરાત થઇ ચૂકી હતી. અંધકાર આગળ જાણે પોતે નમતો હોય, તેમ નાના દીપકનો પ્રકાશ પણ ઝાંખો થઇ ગયો હતો. બધાં સૂન્ય મનસ્કપણે બેસી રહ્યાં હતાં. શેઠનો પ્રાણ તેમના દેહને છોડીને ચાલ્યો ગયો હતો. શેઠાણીએ અંતે મરતાં મરતાં પણ પોતાનું સૌભાગ્ય ગૂમાવ્યું હતું.

બધાં પરોઢિયું થવાની રાહ જોઇ રહ્યાં હતાં. અંતિમ ક્રિયાની તૈયારીઓ થઇ ચૂકી હતી. જેમ જેમ લોકોને ખબર પડતી ગઇ, તેમ તેમ લોકો આવતા ગયા.

મરનારની અંતિમ ક્રિયામાં ભાગ લેવા જેટલી ઉદારતા તો હજી લોકોએ જાળવી રાખી હતી–છે.

અંતે જેની બધા રાહ જોઇ રહ્યાં હતાં, તે પરોઢિયું થઇ ચૂકયું.

ધનેશ્વર શેઠના પ્રાણ વિનાના દેહની નનામી ઉપાડીને પુરૂષ-વર્ગ સ્મશાન ભૂમિ તરફ ચાલી નિકળ્યો.

❋

## પ્રકરણ ૨૧ મું

## સ્ત્રી સાસરે શોભે !

જ્યારે બધા પુરૂષો સ્મશાનેથી પાછા ફર્યા, ત્યારે સુભદ્રા શેઠાણીનો દેહ પ્રાણ વિનાનો થઇને પડયો હતો. તે સાધ્વી સ્ત્રી પણ પોતાના પતિના સ્વર્ગવાસ પછી આ લોક ત્યાગી ગઇ હતી. તેના આસપાસ સ્ત્રીઓનું મોટું ટોળું જમા થઇને બેઠું હતું. બિચારી ધન્યા મોં ઢાંકીને ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી રહી હતી. તેની બાજુમાં પરિમલ બેઠી હતી. તે તેના વાંસાપર હાથ ફેરવી રહી હતી.

આનંતકુમાર સીધો શેઠાણીના મૃત દેહ પાસે ગયો. તેને લાગતુંજ હતું કે આમ બનવાનું છે. તેના આગમનથી બધી સ્ત્રીઓ ઊઠીને એક બાજુએ ખશી ગઇ. ફરીથી દેહ દહન માટે સ્મશાને જવાની તૈયારી થઇ. લોકો થાકી ગયા હતા. ભૂખ અને તરસ પણ લાગી હતી. પણ સમય ઓળખીને તેટલું સહન કરવાને ટેવાયેલાં માણસો ફરીથી તેમાં ગૂંથાયા. દેહને સ્મશાને લઇ જવામાં આવ્યો, દેહદહન ક્રિયા પતિ ગઇ અને લોકો વિખરાયાં.

પરિમલે અત્યાગ્રહ કરીને ધન્યાને સાંજે થોડું ખવરાવ્યું. તે રાતે પરિમલ તેને ત્યાં જ રહી. રાત ભયાનક લાગતી હતી. મરવા માટે જીવી રહેલાં એ માંદાં માણસોથી પણ ઘર ભર્યું લાગતું હતું. આજે અચાનક એ માનવોના દેહ અદૃષ્ય થઇ ગયા હતા. ફરીથી તે આવવાના નહોતા. ઘર બિહામણું લાગવામાં ડયું.

બીજે દિવસે સવારે ધન્યાનાં માતાપિતા આવી પોહોંચ્યાં.

ધન્યાને આશ્વાસનનું સ્થાન મળ્યું. આખો દિવસ શોકમાં પસાર થઇ ગયો. માણસના મૃત્યું પછી અમુક સમય તો વાતાવરણ શોકમય જ બને છે.

એ ત્રણ દિવસ પછી ધન્યાના માતાપિતાયે પોતાની પુત્રીને સાથે લઇ જવાની ઇચ્છા પ્રકટ કરી. પણ પુત્રી પોતના વિચારોને અકકમપણે વળગી રહી.

અંતે પિતાની ગેર હાજરીમાં માતાએ પુત્રીને કહ્યુંઃ

"પુત્રી, તું કોના માટે અહીં રહી છે, તે સમજાતું નથી."

પુત્રી આશ્ચર્ય પામતાં બોલીઃ "તમે શું કહેવા માગો છો, માતાજી?"

"તું અહીં શા માટે રહી છે? અહીં તારૂં છે પણ કોણ?"

"માતાજી, તમે માતા થઇને પુત્રીને આવા શબ્દો સંભળાવી રહ્યાં છો?" પુત્રી ઠપકાભર્યા સ્વરે બોલી. "મારૂં બધુંજ અહીં છે. સ્રીનું સર્વસ્વ તેના સૌભાગ્યમાં સમાયેલું હોય છે. મારૂં સૌભાગ્ય અહીં છે."

"તારૂં સૌભાગ્ય તો કયારનું ફૂટી ગયું છે, દીકરી! માતા સ્રી સુલભ સ્વભાવે રડતાં રડતાં બોલી. "જ્યારથી તારો પતિ તને છોડીને ચાલ્યો ગયો છે, ત્યારથી તારૂં સૌભાગ્ય નષ્ટ થયું છે. અમે બહુ મોટી ભૂલ કરી છે વિચાર કર્યા વિના તને કૂવામાં નાંખી દીધી છે. તારાં સાસુ સસરાના મૃત્યુ સમયે પણ એ દુરાચારીને અહી આવવાનું ન સુઝયું, એ હવે પાછો આવે ખરો?"

"માતાજી! એવું બોલીને પાપમાં શા માટે પડો છો?" તમે પાપમાં પડોછો અને મારૂં—તમારી પુત્રીનું હૃદય ચીરી નાખો છો." ધન્યા નમ્રતાથી કહેવા લાગી. "તમે તેમને દોષિત માનો છો, તેમાં તમારી ભૂલ છે. માણસના પરભવનાં કોઇ એવાં કર્મો હોય છે, કે જે આ ભવે ભોગવ્યા સિવાય ચાલતું નથી. ભોગાવલીતો ભોગવેજ માતાજી છૂટકો, જ્યારે લગ્ન પછી હું સાસરે આવી, ત્યારે તમે જ મને શિખામણ આપી હતી કે,' પતિ ગમે તેવો દુષ્ટ, દુરાચારી, કે અધમ

હોય પણ તેને દેવ જેવો માનીને પૂજવામાં સ્ત્રી ની શોભા છે. તેનું સાર્થક છે. તું ત્યાં મરજે પણ રડતી પાછી આવીશ નહિ. હસતી આવીશ તો ઘર તારૂં છે, ને રડતી આવીશ તો આંગણામાં પગ મૂકવાનો તને અધિકાર નથી.'

આજે તમારી એ શિખામણ કયાં ગઇ માતાજી? પતિ એ તો દેવ છે. તેના દોષ જોવાનું કાર્ય પત્નીનું ન હોય! પતિની છાયાથી તો પત્નીત્વ-શોભે છે. પતિની ઉજ્જવળ છાયાએ સતીત્વ ઝળકે છે. અને મને દુઃખ પણ શું છે? હું આનંદમાં સમય વિતાવું છું. બે વખત જમીને સ્ત્રીને યોગ્ય એવા કાર્યમાં સમય વિતાવું છુ. દેવગુરૂની અને પતિના નામની ભક્તિમાં જીવન ગૂજારૂં છું.

માતાજી, **સ્ત્રી સાસરે શોભે!** અને શ્વસુરપક્ષનીજ શોભા હોય! પિયરતો આરામનું સ્થાન છે. લગ્ન પહેલાંની દશા માટેનું નિવાસસ્થાન છે. લગ્ન પછી સ્ત્રીનું સ્થાન પતિના ચરણમાં હોય. પિયર એટલે શિતળ છાયા અને સાસરૂં એટલે સંસારતારક કર્તવ્યોની પરંપરા.

અને ભૂલ કરવાથી પતિનું પતિપણુ થોડું નાશ પામે છે! માતાજી, ભૂલ તો દરેક જણ કરે છે. કોઇ નાની કરે છે ને કોઇ મોટી કરે છે. તમારા જમાઇની ભૂલ કંઇ બહુ મોટી નથી, અને નાની ભૂલ સુધારવામાં બહુ સમય લાગતો નથી. પતિની ભૂલ પ્રત્યે તિરસ્કાર વર્ષાવવાનો અધિકાર પત્નિને ન હોય. તેને તે શોભે પણ નહિ. સ્ત્રી સ્વતંત્ર થઇ શકે પણ સ્વચ્છંદતો નજ થઇ શકાય. પતિના ઘરમાં સુખ થોડું ઓછું થતાં માતા પિતાનું ઘર સંભાળવું, એતો સ્ત્રીઓને શરમજનક છે. મને તમારાથી એવી શિખામણ ન અપાય.

શ્રીરામની સાથે જંગલમાં ભટકનાર સતી સીતાનું પિયર કયાં નાનું હતું? જનક જેવા પિતાની છાયા ન સ્વીકારતાં પતિને પગલે જંગલમાં ચાલી જનાર તે સતીને તમે કેમ ભૂલી જાવ છો? નળરાજાએ જુગટું રમવામાં ભૂલ કરી નહોતી? છતાં ભીમકરાજાની પુત્રી

દમયન્તીએ પિતાના રાજવૈભવ તરફ દૃષ્ટિ ન નાંખતાં પતિની સાથે જંગલમાં જવાનું ગૌરવ શા માટે પ્રાપ્ત કર્યું ? પાંડવો જેવા ન્યાયી, સમજુ અને જ્ઞાની પુરૂષોએ ભુલ કરવામાં કયાં કમીના રાખી હતી ? અને તે ભુલના પરિણામે તેમને વનવાસ અને અજ્ઞાતવાસ સ્વીકારવા ન પડયા ? છતાં દેવી દ્રૌપદીએ કયો પક્ષ સ્વીકાર્યો હતો ? દ્રુપદરાજાનું રાજ્ય કયાં નાનું હતું ?

માતાજી, એવા સતીઓનાં ચરિત્રો કયાં ઓછાં છે ? તેમણે જગતને દાખલા કયાં પૂરા નથી પાડયા કે, **સ્ત્રી સાસરે શોભે ।** એવા સતી સ્ત્રીઓનાં ચરિત્રો હું હમેશાં મારા હૃદયમાં કોતરી રાખું છું. ભલે હું તેમનાં જેટલી મહાન નહિ હોઉં અગર નહિ બનું, છતાં મારી ભાવના તો તેટલી જ શ્રેષ્ઠ રહેવાની છે.

અને માતાજી, પતિના દોષ શોધવામાં સ્ત્રીની શોભા છે, એમ તમે માનો છો ખરાં ? સ્ત્રી ગમે તેટલી કોમળાંગી હશે અને ધારે ત્યારે વજ્ર હૃદયી પણ બની શકતી હશે, છતાં સ્ત્રી એ સ્ત્રી છે ને સ્ત્રી જ રહેવાની. કુદરતે રચેલી સૃષ્ટિ અને કુદરતે સૃજેલાં માટીનાં માનવીમાં ફરક કરવા જેટલી તાકાત કોઇનામાં નથી. અને જો કોઇ તેમ કરવાનું સાહસ કરે તો તેની મૂર્ખાઇ જ છે. તેવું સાહસ કરનાર અને પ્રયત્ન કરનાર કદાપિ પણ યશસ્વી થનાર નથી. માટીમાંથી બનેલા દેહનું ઘડતર જ તેવા પ્રકારનું છે. પુરૂષ સ્ત્રીને ઇચ્છે છે ને સ્ત્રી પુરૂષને ઇચ્છે છે. પુરૂષ પુરૂષને અને સ્ત્રી સ્ત્રીને નથી ઇચ્છતાં, એ વાત તો નિર્વિવાદ છે. અને જો એ સત્ય હોય તો સ્ત્રી પુરૂષના દેહમાં ફરક કરવા જેટલી તાકાત કોઇનામાં છે ખરી ?

જે માયા મનની સાથે જ સંકળાયેલી છે, તે માયાને કોણ ત્યાગી શકે ! કેવળ માનવો જ નહિ, પણ દેવોયે એ માયાને ત્યાગવાને અસમર્થ છે. એટલે તે માયાને કારણે કહો કે સ્ત્રી ધર્મને કારણે કહો, પણ હું મારા પતિને—મારા સૌભાગ્યને ન ત્યાગી શકું. પતિને ત્યાગવા જેટલી ધૃષ્ટતા કોઇ જ પત્ની ન કરી શકે, માતાજી ! જે

કોઇ પણ સ્ત્રી એવી ધૃષ્ટતા કરે તો તેનામાં અને પતિતામાં ફરક શો!

માતાજી, ગમે તેવાં સંકટોમાં પણ હું તો અડગ જ રહેવાની છું. હું નહિ માતાપિતાનો આશ્રય શોધું કે નહિ કોઇની પાસે હાથ લાંબો કરૂં. ભલે મારી પાસે ધન નહિ હોય, પણ ધન કમાવાની શ્રદ્ધા તો છે. મારે ધન ભેગું કરવાની જરૂર નથી. રોજના ખરચ પુરતું પ્રાપ્ત કરી લેવાની મારામાં આવડત અને શક્તિ છે. હું અશક્ત બની ગઇ નથી, અને માતાજી, મારો અંતરઆત્મા કહે છે કે મારૂં સૌભાગ્ય મને ફરી પ્રાપ્ત થશે જ. તે સુખરૂપ પ્રાપ્ત થશે. હું ફરીથી હતી તેવીજ જગતની સામે ઊભી રહીશ. સ્ત્રી જો આત્મશ્રદ્ધા ધરાવતી હોય તો જરૂર તેને તેનો અંતરાત્મા પ્રત્યેક કાર્યની આગાહી આપે. મને મારો અંતરઆત્મા એવી આગાહી આપી રહ્યો છે.

માતા પિતા તરીકે તમારી ફરજ છે કે તમે મારૂં હિત ચાહો. તમારા હૃદયમાં વાત્સલ્ય પ્રેમ હોય એ પણ તદ્દન સ્વભાવિક છે. પણ પુત્રીને તેની ફરજ સમજાવવા જેટલી ઉદારતા પણ દાખવવી જોઇએ.

માતાજી, સસરાના કુળને શોભાવે પતિના સુખેસુખી અને દુઃખે દુઃખી બને, સંકટ પ્રસંગે પતિની પડખે ઊભી રહે અને સંસારને સ્વર્ગ બનાવે એજ ખરી સ્ત્રી કહેવાય. સ્ત્રી ધર્મ સહેલો અને નાનો નથી, તેનો ખાંડાની ધાર છે. પુરૂષની અનેક ભૂલો છુપી રહે છે. અને સ્ત્રીની એક ભુલ પણ પોકારી ઉઠે છે,

હું અહીંથી તમારે ત્યાં ન આવું એટલે તમને દુઃખ થાય એ સ્વભાવિક છે માતાજી, પણ મારાથી મારો ધર્મ ત્યાગી શકાય નહિ. ગમે તેવા સંકટમાં પણ હું આનંદ માનીશ. હું તમને હાથ જોડીને કહું છું કે મને ખોટો આગ્રહ ન કરો.

પુત્રીના શબ્દો સાંભળીને માતા કંઇ બોલી શકી નહિ. તેને પોતાની દીકરી માટે અત્યંત માન ઉપજ્યું આવી પુત્રીની માતા થવામાં તેણે ગર્વ લીધો.

એ વાતને આઠેક દિવસ વીતિ ગયા. ધન્યાનાં માતા પિતા

પોતાના ગામ ચાલ્યાં ગયાં. શોક દર્શાવવા માટે આવતાં જતાં સ્ત્રી પુરૂષોનો ધસારો ઓછો થઇ ગયો. પરિમલ પણ હવે પોતાના ઘેર રહેવા લાગી હતી. તે અને અનંતકુમાર દિવસમાં એકાદ બે વખત આવી જતાં હતાં. ધન્યા પોતાના ગૃહકાર્યમાં ચિત્ત પરોવવા લાગી હતી. તેની પાસે ખર્ચનું કાંઇ સાધન નહોતું. તે ગમે તેનું કામ કરીને પોતાનો ખર્ચ નિભાવવાના વિચારમાં ગૂંચાઇ.

એક વખતે પરિમલે પોતાના પતિને અત્યાગ્રહ કરીને કહ્યું. "નાથ, એ દુઃખિઆરીને કંઇ આશરો નથી. માતા પિતાની મદદ લેવાની તેણે ઓકખી ના પાડી દીધી છે. બને તો એવું કામ તેને મેળવી આપો કે જે તેના ઘરમાં બેઠી બેઠી તે કરી શકે અને પોતાનો નિર્વાહ નિષ્કલંક પણે ચલાવી શકે."

અનંતકુમારે બીજેજ દિવસે તેનો અમલ કર્યો. ધન્યાને પોતાનો નિર્વાહ ચાલી શકે તેટલી પ્રાપ્તિ થાય, તેવું કામ લાવી આપ્યું.

અને તે પછી થોડા દિવસે એક સમયે તેણે પરિમલને કહ્યું.

"પરિમલ આવતી કાલે હું કૃતપુણ્યને મળવા જવાનો છું. મારો અંતરાત્મા મને કહી રહ્યો છે, કે મારો આ પ્રયાસ નિષ્ફળ નહિ જાય."

## પ્રકરણ ૨૨ મું

## અનંતકુમારની જીત થાય છે.

આજે જ્યારે અનંતકુમાર અનંગસેનાના આવાસે પહોંચ્યો, ત્યારે તેને અંદર દાખલ થતાં કોઈએ રોક્યો નહિ. તે સીધો બેઠક ખંડમાં ગયો. એક પરિચારિકાએ કૃતપુણ્યને તેના આગમનના સમાચાર આપ્યા. કૃતપુણ્ય કેટલાયે દિવસથી પોતાના મિત્રની રાહ જોઈ રહ્યો હતો. આજે અચાનક તેનો મિત્ર આવી પહોંચ્યો.

બંને મિત્રો એક નાના પણ સુંદર ખંડમાં ગયા. તે ખંડમાં ચાર છ બેઠકો ગોઠવવામાં આવી હતી. કૃતપુણ્ય અને અનંતકુમાર સામ સામા બેઠા. જ્યારે જ્યારે બંને મિત્રો મળતા ત્યારે ત્યારે અનંગસેના દૂર ખસી જતી. આજે પણ તે બંને મિત્રોની મુલાકાત વખતે હાજર નહોતી.

"બહુ દિવસે આવ્યો અનંત ?" કૃતપુણ્યે બોલવાની શરૂઆત કરી.

"રોજ રોજ આવીને તારા સુખમાં ક્યાં વિક્ષેપ પાડવો, મિત્ર !" અનંતકુમાર પોતાની ઢબ પ્રમાણે બોલ્યો.

"પાછો સ્વભાવ પર ગયો."

"સ્વભાવ કોઈનો બદલાય ખરો, કૃતપુણ્ય !"

"ઠીક, ચાલ. શા સમાચાર છે ?" કંઈક નવું જાણવાની ઇચ્છાથી કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

"સમાચાર તો ઘણા છે, કૃતપુણ્ય." અનંતકુમાર બોલ્યો.

"પણ તે સાંભળીને તને કંઇ અસર થાય તેમ નથી."

"એટલે ?"

"તને મેં કંઇ ઓછા સમાચાર આપ્યા છે ? અને તે સમાચાર પર તેં કોઇ દિવસ વિચાર પણ કર્યો છે ?"

"જૂની વાતો જવા દે, અત્યારની વાત કર."

"તો સાંભળ. તારાં માતા પિતા જગત છોડીને ચાલ્યાં ગયાં છે, તારી પત્ની ધન્યા એક વખત જમીને દિવસો પસાર કરે છે. તારી સંપત્તિ ખલાસ થઇ ગઇ છે. તારૂં મકાન વેચાઇ ગયું છે. બાજુના નાના મકાનમાં પરચુરણ સામાન ભરવામાં આવતો હતો, તેમાં ધન્યા દુઃખી જીવન વિતાવી રહી છે. પુત્ર ભલે માતા પિતાના કુળને કલંકિત કરે, પણ પુત્રવધૂથી સાસુ સસરાના કુળને કલંકિત ન કરાય, એ માન્યતાએ તે તરવારની ધાર પર જીવી રહી છે." થોડીવાર થોભીને તે આગળ બોલ્યો. "બોલ બીજા શા સમાચાર સાંભળવા છે?"

કૃતપુણ્ય એકી ટશે અનંતકુમાર તરફ જોઈ રહ્યો હતો. તેને આ સમાચાર સત્ય લાગતા નહોતા.

"મારે આમાંના કેટલા સાચા માનવા ?" કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

"મારા શબ્દોમાં શ્રદ્ધા હોય તો બધાય."

"અને ન હોય તો ?"

"જેટલા માનવા હોય તેટલા." અનંતકુમારે શાંતિથી જવાબ આપ્યો.

કૃતપુણ્યને તેના મિત્ર પર સંપૂર્ણ વિશ્વાસ હતો. સમાચાર સાંભળીને તે વિચારમાં પડી ગયો. દુઃખી પણ થયો. જો આ સમાચાર સત્ય હોય, તો પોતાને કોઈ કહેવા–બોલવા પણ ન આવે !

"મારા માનવામાં નથી આવતું, અનંત !"

"શું ?"

"તારૂં કથન."

"તો કંઇ ઉપાય નથી."

"તું સત્ય કહે છે ?"

"અસત્ય કહેવાનું કંઇ કારણ છે ?"

"તો મારા માતાપિતાની આવી અવસ્થાના, તેમની મૃત્યુ શય્યાના મને સમાચાર આપવા જેટલી તને ફુરસદ પણ ન મળી ?"

"ફુરસદ મને તો ઘણી હતી, કૃતપુણ્ય, પણ તે સાંભળવાની કે મારી મુલાકાતની તને ફુરસદ નહોતી."

"તારે અહીં આવવું તો હતું, પછી તને ખબર પડત કે મને ફુરસદ હતી કે નહોતી."

"મારી તો ઇચ્છા નહોતી, પણ તારા પિતાશ્રીના અત્યાગ્રહને વશ થઇને આવ્યો હતો."

"ક્યારે ?"

"તારા પિતાશ્રીના મૃત્યુ પહેલાં એક ઘટિકા."

"અને મારી મુલાકાત ન થઇ ?"

"તેમાં તને આશ્ચર્ય થાય છે ?"

"તને આવતાં કોઇ રોકતું નથી."

"છતાં અહીંની એક સેવિકાએ મને પાછો કાઢયો હતો."

કૃતપુણ્ય આશ્ચર્ય પામ્યો. એ પ્રસંગ તેની જાણ બહાર બની ગયો હતો. તેને અત્યંત દુઃખ થયું.

"તે દાસીએ તને શું કહ્યું હતું ?"

"તું અને અનંગસેના ફરવા ગયા છો !"

"એ વાત તદ્દન અસત્ય છે, અનંત." કૃતપુણ્ય ઉશ્કેરાટ ભર્યા સ્વરે બોલ્યો. "હું કોઇ દિવસ બહાર ગયો નથી, અને જતો પણ નથી."

"આ તો ગણિકાનો—નર્તિકાનો આવાસ છે, કૃતપુણ્ય ! કોઇ સતીનો નથી. અહીં તો અસત્ય અને અનીતિની જ રમતો રમાતી હોય," અનંતકુમારે આવા આવાસોનો આછો ખ્યાલ આપવાની શરૂઆત કરી.

કૃતપુણ્ય આખી વસ્તુથી અજાણ્યુ હતો. તેને એ કૃત્ય અનંગસેનાનું લાગ્યું. અનંગસેના પર તેને ક્રોધ ચઢયો. માતાપિતાના મૃત્યુના સમાચાર આપવા આવનાર અગર અંતિમ ઘડીના સમાચાર આપવા આવનારની મુલાકાત પણ ના થઇ શકે ?

કોને ખબર શા કારણથી, પણ બે ત્રણ દિવસથી તેને પોતાનું ઘર સાંભળી આવ્યું હતું. માતા પિતા અને પત્નિ યાદ આવ્યા કરતાં હતાં. તેજ કારણે તે અનંતકુમારની રાહ જોયા કરતો હતો.

તેને તેના કુટુંબની, તેના માતાપિતાનાં મૃત્યુ અને દેવી ધન્યાની હકીકત સવીસ્તર પણે કહી સંભળાવી પછી તે પોતાના સ્વભાવાનુસાર કૃતપુણ્યને સમજાવવા લાગ્યો. તેમાં નમ્રતાનો ભાસ હતો. અને વિનંતિની છાયા હતી.

" કૃતપુણ્ય ! અનંગસેનાની માતા એક ગણિકા હતી. પોતાના દેહ વિક્રય પર તે પોતાનું જીવન ગુજારતી હતી, તેની બે પુત્રીઓ એક મલ્લિકા અને બીજી અનંગસેના. મલ્લિકા દેહથી પવિત્ર હતી. એક વખતે મેં એને મારા સિદ્ધાંતાનુસાર ઉપદેશ આપ્યો. તેણે તેણે મને વચન આપ્યું કે, ' અનંતકુમાર ' આ દેહ તદ્દન પવિત્ર રહેશે. હું અવિવાહિત રહીશ. અનંગસેનાને મારો ભાર સોંપીને આ જીવનના ઉદ્ધારાર્થે આ વૈભવનો, આ વિલાસી વાતાવરણનો ત્યાગ કરીને કયાંક એકાન્ત સ્થળે હું ચાલી જઇશ."

મારો એ ઉપદેશ યોગ્ય રીતે ફળ્યો. તેણે મને આપેલું વચન અક્ષરશઃ પાળ્યું મને એટલો સંતોષ થયો કે, એક નર્તિકાને હું તેના ધંધામાંથી ઉધ્ધારી શકયો. તેને તેના જીવનનો સાચો માર્ગ બતાવી શકયો.

અને એ નર્તિકા કરતાં પણ તું નીચો ઊતરી ગયો. તેણે મોહનો ત્યાગ કર્યો. અને તું મોહમાં પડયો. મિત્ર, શરીર તો હાડ માંસ ને રૂધિરથી ભરેલો અને ચામડાથી મઢેલો ઘડો છે. અને એનો મોહ શા માટે રખાય ? મોહને જીતનારની કિંમત અંકાય, માટે તો

જગતમાં મોહમયી વસ્તુઓની ઉત્પત્તિ થઈ છે. તને એકદમ આ શું સુઝયું ? તારે તારા કુળનો તો વિચાર કરવો જોઈતો હતો? જગતને બાહ્યાડંર ખપે છે. તેં તે ગુમાવ્યો છે. તે કારણે આજે તારી પત્ની સમાજના તીવ્ર બાણ જેવા શબ્દો સહન કરી રહી છે. મેં તને કેટલું કેટલું વિનવીને કહ્યું, પણ તેં તે તરફ બેદરકારીજ બતાવી છે. મેં મિત્ર ધર્મ બજાવ્યો તેનો લાભ પણ તારાથી ન લેવાયો.

કૃતપુણ્ય, આ બધું ત્યાગી દે. ત્યાગમાં મહત્તા છે. ભોગ તો વિનાશની ખાણ છે. **ત્યાગ અને સમર્પણથી માણસ મહાન બને છે.**

તારા જેવાને આ શોભે ? આજે હું તારી પાસે વિનંતી કરી રહ્યો છું. તારે સમજવું જોઈએ. આમાં મને કંઈ સ્વાર્થ છે ? અને આને અધોગતિ નહિ તો બીજું શું કહેવાય ? જગત જેને નર્ક કહે છે, તેજ આ નર્ક છે. કૃતપુણ્ય તું એ નર્કનો ત્યાગ કર.

આ હાડ માંસનો મોહ શો ! આ વિલાસની પ્યાસ શી ! સદાયે અસંતુષ્ટ રહેતા આ અતૃપ્ત મનમાં માયાવી બંધન શાં ! મિત્ર આખા જીવનમાં માતા, પિતા, ગુરૂ અને દેવ સિવાય કોઈને પણ નમન ન કરનાર આ અનંત આજે તારા પગે પડે છે, તારા પગ પૂજે છે. એક વખત મારા પર દયા કર. એક વખત બિચારી દુઃખીયારી, અસહાય ધન્યાનો તો વિચાર કર !

માનવોના ઉધ્ધાર માટે, આર્યાવર્તની એકતા માટે, ધર્મની ઉન્નતિ માટે, અનંગસેના જેવી અનેક અનંગસેનાઓને હાલકા કહેવાતા ક્ષેત્રમાંથી ઉચ્ચ ક્ષેત્રમાં લઈ જવા માટે આપણે બાલ્યકાળમાં કેવા કેવા આદર્શો સેવ્યા હતા, તે તો યાદ કર ! શ્રીરામની ટીકા કરતો તું એક પત્નીવ્રત સેવવાનું તારૂં કર્તવ્ય કેમ ભૂલી ગયો ? માનવ માત્રને એકતાની સાંકળે ગૂંથવાના તારા મનોરથ ક્યાં જતા રહ્યા. ?

જીવનને તું હંમેશાં ક્ષણ ભંગુર કહેતો હતો, સંસારને માયાવી

જાળ કહેતો હતો, વિલાસને નરક કહેતો હતો, વાસનાને વિષ્ટા કહેતો હતો. આજે તે બધું તું શાથી ભૂલી ગયો ?

માનવોની કંગાલિયત ટાળવા, પશુઓના પોકારો શમાવવા, ને માનવતાનો સંપૂર્ણ વિકાસ સાધવાની તારી વાતો ક્યાં ગઇ ?

આ તારો ચહેરો જો. તેના પરનું તપસ્વી જેવું તેજ ક્યાં ગયું ? આ તારો હાડપિંજર જેવો ભાસતો દેહ જો. અહીં વૈભવ વિલાસમાં મહાલતો હોવા છતાં દેહમાંનું કૌવત ક્યાં ગયું ? તેજ આરતાં અને અમી વેરતાં સૌમ્ય નયનોને તું એક વખત દર્પણમાં જો. તેમાં તને તેજ દેખાય છે ? નયનોનાં રત્નો ઊંડા ઊતરી ગયાં છે. નયનોની જગ્યાએ બે ખાડા દેખાય છે. ગમે તેવી મહામોલી માત્રાઓ ખાવા છતાં, અતિશય વિષયથી શરીરમાંનું કૌવત ઘટયા સિવાય રહે ખરૂં ? પહેલાં તને નિહાળનાર માણસ જો તને આજે જુએ તો ઓળખી પણ ન શકે !

અને આંખમાં કાજળ શું ! તને એ શોભે ખરૂં ?

તારી જાહોજલાલી નાશ પામી છે. તારાં માતાપિતા પુત્રના વિયોગે રીબાઈ રીબાઇને સ્વર્ગે સીધાવ્યાં છે. પતિના મેળાપની આશાએ સતી કન્યા મજુરી કરીને જીવન વીતાવતી એક ભાંગેલા ખંડીયેરમાં આંસુ સારી રહી છે. માતા પિતાની અને ભાઇઓની ઓથ હોવા છતાં તારી પત્નિ સ્ત્રી ધર્મ ન ભુલતાં શ્વસુરપક્ષમાં પડી રહી છે.

એવી સતીને ત્યાગીને આજે તું એક ગણિકાના મોહમાં અંધ બનીને આ વિલાસભુવનમાં પડી રહ્યો છે. અનંગસેનાની દાસી જયારે તારે ત્યાં પૈસા લેવાં આવી, ત્યારે તારી સતી સ્ત્રીએ સ્ત્રી ધર્મ સમજીને પતિ તરફથી માગવા આવેલી દાસીને છેવટનું સૌભાગ્ય ચિન્હ સમુ મંગળસુત્ર પણ ગળામાંથી કાઢી આપ્યુ. પતિના મંગલ-સુત્રને પણ વિલાસના હોડમાં મૂકનાર તારા જેવા અવિચારીને મારે શું કહીને સંબોધવો ?

કૃતપુણ્ય તારી બુધ્ધિ કેમ બહેર મારી ગઇ છે ?

મહારાજાએ ઉજવાયેલા ઉત્સવમાંથી લોકોએ કેટલો સરસ સાર ગ્રહણ કર્યો છે. સતી સુંલસાના બત્રીશ પુત્રોના બલીદાનથી લોકોને કેવો ઉત્તમ દાખલો મળ્યો છે. જ્યારે તને સર્વ કરતાં ઉંધો રસ્તો સુઝ્યો છે.

હવે તારી પત્નિ પાસે એવી કોઇપણ વસ્તુ નથી કે, જ્યારે બીજી વખત અનંગસેનાની દાસી આવે ત્યારે તેને તે આપે. એ વખતે તારી શી દશા થશે તે ખબર છે ?

લક્ષ્મીનંદનોને ચુસતી, સતી સ્ત્રીઓથી પતિઓને વિખૂટા પાડતી, માતાપિતા પાસેથી તેમના પુત્રોને ઝૂંટવી લેતી ચૂડેલો સમી અનેક ગણિકાઓમાંની જ આ એક તારી પ્રિય બનેલી અનંગસેના છે. ધન્યા પાસેથી હવે તેને જ્યારે કંઇજ નહી મળે, ત્યારે તે તને જાણે ઓળખતીજ ન હોય, તેમ હાંકી કાઢશે. અને તે પણ હાથ ઝાલીને નહી, પણ લાત મારીને. તરસ્યો હોઇશ, તો પણ પાણી નહિ આપે. માંદો હોઇશ તો પણ દવા નહિ આપે.

એ વખતે તારી આંખો પરના પડદા દૂર થશે. તારી વાસનાઓ બળીને ભસ્મ થશે. તારા વિલાસી વિચારોને સ્થાન નહિ હોય. તારા ભોગને સ્થાન નહિ હોય.

ભાઇ ! એવો પ્રસંગ ઉપસ્થિત થાય, તે પહેલાં ચેતી જા. હું તને હાથ જોડીને કહું છું કે, એક વખત મારાપર કૃપા કર. સતી ધન્યા પર દયા કર હું તને કરગરીને કહું છુ કે એક વખત મારૂં માનીજા.”

અનંતકુમાર શ્વાસ ખાવા થોભ્યો. તે ઘણુ બોલ્યો હતો. કદાચ તેના જીવનમાં તે પહેલીજ વાર આટલુ બધું એકી સાથે બોલ્યો હશે! તેનાં નયનોમાંથી આંસુ ટપકતાં હતાં તેના સ્વરમાં કંપ પ્રવેશી ચૂક્યો હતો. તેનું હૃદય ભરાઇ ગયું હતું, ગળામાં ડુમો ભરાઇ આવ્યો હતો. જીભ થોથરાતી હતી.

પોતાના સ્વચ્છ સફેદ વસ્ત્ર વડે તેણે પોતાનાં આંસુ લુછ્યાં.

કપાળ પર બાઝેલાં પ્રસ્વદેનાં બિન્દુ લૂછ્યાં. જમીન પર સ્થિર થયેલી નજર ખસેડી લઇને કૃતપુણ્યના ચહેરા સામે ફેરવી.

કૃતપુણ્ય તદ્દન શાંત હતો. તેના ચહેરા પર પશ્ચાતાપની આછી આછી છાયા વળી હતી. રેખાઓમાં બહુ ફરક પડયો દેખાતો નહોતો. વિલાસી નયનોમાં કંઇક તેજ દેખાવા લાગ્યું હતું. મિત્રનું આટલું બધું લાંબુ ભાષણ સાંભળ્યા છતાં, તેણે પહેલાંની પેઠે તેને તિરસ્કારી કાઢયો નહોતો. હજી પણ કંઇક વધુ સાંભળવાની ઇચ્છા હોય તેમ, તે તદ્દન શાંતપણે બેસી રહ્યો હતો. અનંગસેનાનો વિરહ ચાલતો હોય, એમ તેના ચહેરા પરથી દેખાતું નહોતું. લાંબુ ભાષણ સાંભળીને કંટાળ્યો હોય, તેવો કંટાળો તેના ચહેરા પર દેખાતો નહોતો. "તારી આવી ઉપદેશભરી વાતો સાંભળીને તો હું કંટાળી ગયો છું," એમ કહેવાની આજે તેણે ધૃષ્ટતા કરી નહોતી.

અનંતને લાગ્યું કે, પોતાના શબ્દોની કંઇક અસર થાય છે.

થોડી વારના મૌન પછી તે આગળ કહેવા લાગ્યો.

"ભાઇ! એક વખત તું આ ભૂતાવળભરી જગાએથી બહાર નીકળ. આ રૂંધાએલી, વિલાસભરી કામાગ્નીને સતેજ કરનારી હવાને ત્યાગીને બહાર આવ. ખુલ્લિ પવિત્ર, ને તેજસ્વી હવામાં શ્વાસોશ્વાસ લે. અહીંની હવાનો ત્યાગ કરતાં જ તારા જીવનમાં પલટો આવી જશે. અનાથોનાં રૂદન, દુઃખિઆરાંનાં આક્રંદ અને રિબાતાઓની વેદના સાંભળવા માટે તું એક વખત આ અપવિત્ર સ્થાનનો ત્યાગ કર. પછી તું અને હું: બંને છીએ. જગતમાં કંઇક નવું કરશું. જગતને બતાવી આપીશું કે, માણસ શું શું કરી શકે છે!

સંસારને સ્વર્ગ બનાવવાનું અમૂલ્ય શસ્ત્ર આપણે જગતને બતાવી આપીશું.

સ્વાર્થને ખાતર, જમીનના ટુકડાને ખાતર, સત્તાને ખાતર અને સ્ત્રીઓનાં રૂપને ખાતર માનવોના અને પશુઓના રક્તથી સીંજાતી ભૂમિપર અડગપણે ઊભા રહીને અહિંસા અને સત્યનો વાવટો

ફરકાવશું માનવોમાં પ્રવેશેલી હત્યારી લાલસાનો નાશ કરીશું. માનવ માનવ પ્રત્યે એકતા સાધે, એવો મંત્ર ગજાવીશું.

રળિઆમણી ભૂમિને રક્ત વર્ણી કરવાનો, સ્વતંત્ર પણે વિચારવાને જન્મેલાં પ્રાણીઓનો પ્રાણ હરવાનો, જગતને મહામોલાં રત્નો અર્પનારી નારીનો વિલાસ માટે કે કામ તૃપ્તિ માટે ઉપભોગ કે ઉપયોગ કરવાનો અધિકાર કોઇનેજ નથી. એવા અધિકારો ભોગવનારને સમજાવવાનું ન સમજે તો આગળ પગલાં ભરવાનું સાહસ આપણે સાથે રહીને ખેડીશું. પશુઓના પોકારો સૂણીને લગ્ન માટે જતા ભગવાન નેમિનાથ અધવચથીજ પાછા ફર્યા હતા. એમાંથી આપણે જે સાર ગ્રહણ કર્યો છે. તે જગતના ખૂણે ખૂણે વેરીશું.

આવા મહાન કાર્યો માટે રચાયેલી આ પૃથ્વીને ત્યાગીને–ભૂલીને તું એક આવા અંધારા–અર્થ વગરના ખૂણામાં માંકણની પેઠે ભરાઇ બેઠો છે, તે તને શોભે છે?

ચંદ્રની શીતળતાને અનુભવવાને બદલે તું આ દીવાઓના પ્રકાશના ઓળાઓમાં ગુંથાઇ ગયો છે. સૂર્યની પ્રખરતામાંથી કંઇક નવીનતા અનુભવવાને બદલે આ ઝાંખા પ્રકાશની આછી રેખાઓમાં અટવાઇ ગયો છે. વાયુદેવ તરફથી મળતા ખુલ્લા, ખુશનુમા પવનનો ઉપભોગ કરવાને બદલે તું આ નાના નાના પંખાઓના હલન ચલનમાં આનંદ માની રહ્યો છે.

ભાઇ, મોટો સમુદ્ર ત્યાગીને નાનકડું ખાબોચિયું તને કેમ ગમે છે? સમુદ્રનો મગર બનવાને બદલે તું નાનકડા ખાબોચિયાનો દેડકો બનીને જીવી રહ્યો છે. કૃતપુણ્ય સંસારનો સાર કોઇ પામી શકયું નથી. એ માન્યતાંઓને તુ ધિક્કારતો હતો. આજે તારૂં વર્તન બતાવી આપે છે કે, સંસાર પાપોની પરંપરા છે. અનીતિની અખૂટ ધારા છે, ખરી રીતે તે બંને તારા દર્શનીય પુરાવા કરતાં સંસારમાં જો સાચો સંસારી જાગૃત રહીને જીવેતો ઘણો સાર તેને મળી આવે તેમ છે. સત્ય પર જીવનાર માણસ જો શ્રદ્ધાથી

જીવે તો સંસાર અનીતિનો નહિ, પણ નીતિની અખૂટ ધારા છે. પણ તારા જેવા પાગલના દર્શનીય પુરાવાઓ જગતને અવળા વિચારોના વમળમાં ગૂંચવી નાંખે છે.

કૃતપુણ્ય, મારૂં કહેવું માનીજા. તારી આ અધોગતી તારી પત્નિની રગેરગમાં વિષ ભરી રહી છે. તે બિચારી આજે સમાજમાં કોઇને મોઢું બતાવી શકતી નથી, સ્ત્રીનુ સાચું કર્તવ્ય આજે તેજ બજાવી રહીછે. તેના જેવી સ્ત્રી દેવોને પણ દુર્લભ છે. હજી તો તે તારાજ યશોગાન ગાયા કરે છે. તારોજ પક્ષ લીધા કરે છે, એક વખત જમીને પોતાનું જીવન ગુજારી રહી છે. કોઇની આગળ હાથ ધરતી નથી. કોઇની દયા પર જીવતી નથી. મજૂરી કરીને પેટ ભરે તેના જેટલું કષ્ટ બીજી કોઇ સ્ત્રી પર પડયું હોત તો તે કયારનીય અધોગતીની ગર્તામાં ધકેલાઇ ગઇ હોત. કયારનીયે અનીતિના પંથે વળી ચૂકી હોત પણ જે સતી આજે પણ પોતાના પતિના જાપ જપે છે. તારા પાપ પોતાના માથે લઇને પોતાના પુણ્યે તારો ઉધ્ધાર થાય તેવી ભાવના સેવી રહી છે.

કૃતપુણ્યથી અનંતકુમારના શબ્દો સહન થઇ શકયા નહિ. તેણે પોતાના બંને હાથે પોતાનું મોં પોતાનો ચહેરો ઢાંકી દીધું. તેનાં નયનોમાં આંસુ વહેવા લાગ્યા. તેને પોતાની ભૂલનો—પોતાની અધોગતીનો પોતાના અવિચારી કાર્યનો પસ્તાવો થવા લાગ્યો.

દેવદેવો જેવાં માતપિતાનું મૃત્યુ સુધારવા જેટલી પણ માનવતા પોતે દાખવી ન શકયો ? પુત્રની અધોગતિમાં પણ પુત્ર પ્રેમને લઇને પોતાના સર્વસ્વનો ભોગ આપનાર માતા પિતાનાં અંતિમ દર્શન કરવા જેટલો વિવેક પણ ન દાખવી શકયો ? આના કરતાં બીજી કયી અધમતા હોઇ શકે !

તે એકદમ પોતાના સ્થાનેથી ઉઠીને અનંતકુમાર વિચાર કરે તે પહેલાં તેના પગમાં લોટી પડયો. આંખોમાંથી વહતાં આંસુએ તે રડતાં રડતાં બોલ્યો:

"અનંત, ભાઇ અનંત! મને માફ કર. મારા જેવો પાપી આ જગતમાં બીજો કોઇ નહિ હોય! માતા પિતાનો દ્રોહ કરનાર આ અધમ, આ દુરાચારી તારી પાસે માફી માગે છે. ધન્યા જેવી ભોળી, નિર્દોષ પત્નીને આવી દશામાં લાવી મૂકનાર તારો આ અપવિત્ર મિત્ર તારી ક્ષમા માગે છે. મને ક્ષમા આપ, અનંત, એક વખત મને મારી થયેલી ભૂલોને સુધારવાની તક આપ,"

હજી પણ કૃતપુણ્ય અનંતકુમારના પગ પકડી રહ્યો હતો. આંખમાંથી આંસુ વહે જતાં હતાં.

અનંતકુમારે તેને પોતાના બંને હાથે ઉઠાવતાં કહ્યું, "કૃતપુણ્ય, માફી મારી માગવાની નથી, પણ દેવી ધન્યાની માગવાની છે. તું તૈયાર થા. તેની માફી માગ. તેની આશિષ માગ. સતીનો એકજ આશિર્વાદ પતિને પાવન કરે છે. જેમ એકજ ભૂલ આખાં જીવનને નષ્ટ કરે છે. તેમ ખરો પશ્ચાતાપ અનેક પાપોને બાળીને ભસ્મ કરે છે"

અનંતકુમારે કૃતપુણ્યને પોતાની બાજુમાં બેસાડીને આશ્વાસન આપતાં કહ્યું. "મિત્ર, ભૂલ દરેકની થાય છે. પછી તે નાની હોય કે મોટી. પણ જે ભૂલને સુધારે તે માનવી. તું મર્દ છે, હોંશિયાર છે, શિક્ષિત છે. આવી અનેક ભૂલોને સુધારવાની તારામાં તાકાત છે. આમ નિરાશ ન થા. આ વિલાસ ભુવનનો ત્યાગ કર. તારી એ ગોરાંગી ત્યાગી દે. તેના વિચારોને બાળીને ખાખ કર. જેમ સર્પ કાંચળી ઉતારીને ફેંકી દે છે. તેમ તું તારા આ વિલાસોને વિલાસી વિચારોને, વિલાસી સાધનોને ફેંકી દે. તારામાં તેટલી દઢતા છે."

"પણ અનંત, આ અનંગસેના, તેની માતા, તેનો નોકર વર્ગ મને તું ધારે છે, તેમ અહીંથી નીકળવા નહિ દે." કૃતપુણ્ય કંઇક સ્વસ્થતા પ્રાપ્ત કરતાં બોલ્યો.

"તારૂં કહેવું ખોટું નથી, કૃતપુણ્ય." અનંતકુમાર બોલ્યો. "પણ તારે એક કામ કરવાની આવશ્યકતા છે. આ બધાંની નજરે ચઢીને તો તું આ આવાસનો ત્યાગ કરી શકે તેમ નથી. તારો અત્યા-

રનો ચહેરો જોઇને એ લોકો ચેતી જાય અને તારા પર વધુ દેખરેખ રાખે, એ પણ બનવા જોગ છે. તારે તો તે લોકોને રીઝવીને, તેમને અવળા માર્ગે દોરીને આ આવાસનો ત્યાગ કરવાનો છે. એક વખત તું આ મકાનમાંથી બહાર નીકળી ગયો, એટલે કોઇની તાકાત નથી કે તને અટકાવી શકે, તારી ઇચ્છા વિરૂદ્ધ થઇને આ આવાસમાં ફરીથી તને લાવી શકે."

"તું મને રસ્તો બતાવ, અનંત! હું તારો ઉપકાર કદિ નહિ ભૂલું." કૃતપુણ્ય ઉપકારવશ થઇને બોલ્યો.

માણસનું ભાગ્ય જ્યારે જાગે છે, ત્યારે તેની ઉન્નતિના દ્વાર આપોઆપ ખૂલી જાય છે, પડતીના બંધનો આપોઆપજ તૂટી જાય છે. કૃતપુણ્યનું અને ધન્યાનું ભાગ્ય જાગ્યું હતું. તેના વિચારોમાં એકદમ પલટો આવી ગયો હતો.

"કૃતપુણ્ય, સાહસ ખેડીને તને જોખમનું કાર્ય સોંપું છું. આજ સુધીની મારી મહેનત વ્યર્થ ન જાય એ જોવાનું કામ તારૂં છે." અનંતકુમારે કહ્યું.

"અનંત, મારા પર વિશ્વાસ રાખ. થયેલું ન થયું બનવાનું નથી. તારો વિશ્વાસભંગ નહિ કરૂં. આજે મારી આંખો ખૂલી ગઇ છે. મારૂં મન આજે ધન્યાને ભેટવા માટે તલસી રહ્યું છે. તું મને રસ્તો બતાવ." કૃતપુણ્ય બોલ્યો. હવે તે સંપૂર્ણ સ્વસ્થ બની ગયો હતો.

થોડો સમય અનંતકુમાર શાંત રહ્યો. પછી તેણે તેના મિત્રને બહુ જ શાંતિથી, બીજા કોઇના કાને અવાજ જાય નહિ, તેવી રીતે આછી રૂપરેખા કહી સંભળાવી.

અનંતકુમારનું માર્ગ દર્શન મેળવી લીધા પછી કૃતપુણ્ય એટલું જ બોલ્યો:

"અનંત, દેવી ધન્યાને કહેજે કે મધરાત પછી એક ઘટિકા વીત્યે હું જરૂર આવી પહોંચીશ."

## પ્રકરણ ૨૩ મું
## રાધિકા-નૃત્ય

અનંતકુમારના ગયા પછી કૃતપુણ્ય વિચારે ચઢયો હતો. માતા પિતાનું મૃત્યુ સાંભળીને તેના હૃદયને આઘાત લાગ્યો હતો. "મૃત્યુ સમયે પણ માતાપિતાની સેવા કરી શકયો નહોતો. પતિના વિયોગે ઝૂરતી બિચારી નિર્દોષ ધન્યા ગરીબીમાં પણ સંતોષ માની રહી હતી. સાસુ સસરાની સેવામાં તે પોતાને ધન્ય માની રહી હતી. પતિના આગમનની રાહ જોતી તે દિવસો પસાર કરી રહી હતી. પણ સાસુ સસરાના મૃત્યુ પછી તે કેવાં સંકટો વેઠી રહી હશે! આખા ઘરમાં તે એકલીજ હશે, એકાન્તમાં તે પોતાના વિચારોને કેવી રીતે કાબૂમાં રાખી શકતી હશે!

વિચારોમાં તલ્લિન બનેલા કૃતપુણ્યને અનંગસેનાએ આવીને જગાડયો.

"પ્રાણ! એવા તે કયા વિચારો સતાવી રહ્યા છે? કૃતપુણ્યની બાજુમાં લપાઈને બેસતાં અનંગસેના બોલી.

"વિચારો! અને તે મને સતાવે! અરે ગાંડી, તારા સિવાય મને બીજા વિચારો આવે ખરા? કૃતપુણ્ય અનંગસેનાનો હાથ પોતાના હાથમાં લેતો બોલ્યો.

"તો પછી મારા આગમનની પણ તમને કેમ ખબર ન પડી? અનંગસેનાએ પ્રશ્ન કર્યો.

"મેં તને તિર્છી નજરે જોઈ લીધી હતી, પણ મારે આજે તું શું કહે છે તે સાંભળવું હતું એટલે હું ન બોલ્યો." કૃતપુણ્ય તદ્દન અસત્ય બોલ્યો.

"હું તમને શું કહેવાની હતી ?"

"જે તું બોલી તે."

"એમ !" અનંગસેના બોલતાં બોલતાં હસી પડી. હાસ્યથી તેના ગુલાબી ગાલમાં સુંદર ખાડા પડ્યા.

થોડીવાર બંને મૌન રહ્યાં.

"સાચું કહોને, તમે શો વિચાર કરી રહ્યા હતા ? મૌન તોડતાં અનંગસેના બોલી.

"આજે મારે ત્હારૂં રાધિકા નૃત્ય જોવું છે,'

"ખાલી જોવું છે કે, જોવાની ઇચ્છા થઇ છે ?

"તને શું લાગે છે ?'

"આજે તમારા ચહેરા પરથી મને કંઈજ સમજાતું નથી."

"હું કહું તે સત્ય માનીશ ?"

"તમારા શબ્દો પર કોઇ દિવસ મેં અવિશ્વાસ રાખ્યો છે?"

"તો મારે તારૂં નૃત્ય જોવું પણ છે, ને જોવાની ઇચ્છા પણ થઈ છે."

"બંને સાથે !"

અનંગસેના ખડખડાટ હસી પડી.

"હા, હા. બંને સાથે."

અને કૃતપુણ્ય પણ તેની સાથે હસી પડયો. બંનેના હાસ્યથી આખો ખંડ ગર્જી ઊઠયો.

થોડી વારે બંને જણા નૃત્યખંડમાં પ્રવેશ્યાં.

ખંડની વ્યવસ્થા ગમે તેવા મુનિને પણ ચલાયમાન કરે તેવી હતી. ચિત્રો દોરવામાં ચિત્રકારે પોતાની બધી જ કળા તેમાં ઠાલવી નાંખી હોય, એમ લાગતું હતું. મેનકાનું નૃત્ય, તેની વસ્ત્ર પરિધાન કલા, તેના દેહનો મરોડ અને નયનોનાં જાદુ જોઈને મહા તપસ્વી વિશ્વામિત્રે પોતાનાં નયનો ખોલ્યાં હતાં. એ ચિત્રમાં તો કળાકારે હદ કરી નાંખી હતી. શ્રી કૃષ્ણની બંસરીના મીઠા સૂરના ઘેનમાં ભાન

ભૂલેલી રાધા જગતને વિસારીને ભગવાનમાં તન્મય બની હોય, તેવો ભાસ થતો હતો. આમાં તદ્દન નિર્દોષતા જ રાધાના ચહેરા પર દર્શાવવામાં ચિત્રકારે સફળતા પ્રાપ્ત કરી હતી. ભીલડી સ્વરૂપે પાર્વતીએ આરંભેલા નૃત્યમાં ઘેલા બનીને ભાન ભૂલેલા ભગવાન શંકર, પાર્વતીની સાથે નૃત્યમાં ગુંથાયેલા ચિતરવામાં આવ્યા હતા. તેમના નૃત્યને ચિત્રકારે બહુ જ કાળજીપૂર્વક ચિતર્યું હતું. ચોથું ચિત્ર હતું એક સ્ત્રીનું. અનંગસેના તેને રતિના નામે ઓળખાવતી હતી. તેનો માંસલ દેહ કોઈ પણ જાતની ઉણપ વિના દોરવામાં આવ્યો હતો. એક વૃક્ષની ડાળને બાંધેલી હીરની દોરીવડે એક નાના પાટિયાને બે બાજુએથી બાંધીને હીંચકાના ઉપયોગમાં લેવડાવવામાં આવ્યું હતું. તેના પર એક સુંદર સ્ત્રી બેઠેલી બતાવવામાં આવી હતી. તેણે પોતાના બંને હાથે તે બંને બાજુની હીરની દોરીઓ પકડી રાખી હતી. દોરી પકડેલા બંને હાથ ઊંચા હતા. માથાના વાળ તદ્દન છૂટા પણ પાછળની બાજૂએ વ્યવસ્થિત રીતે ઝુલી રહ્યા હતા. શરીર પર એક બારીક વસ્ત્ર શોભતું હતું. તે વસ્ત્રની અંદરથી તેનો આખો માંસલ, ગૌર દેહ સ્પષ્ટ રીતે દેખાઈ આવતો હતો. તે ગૌરાંગી ઝૂલા પર ઝૂલી રહી હતી.

બધાંય ચિત્રોમાં નિર્દોષતા દર્શાવવામાં આવી હતી, છતાં તે દોરાવવાનો ખરો ઉદ્દેશ તો વિલાસની જાગૃતિ માટેનો હતો.

ખંડની વચ્ચે એક ગોળ આસન ગોઠવવામાં આવ્યું હતું. તે આસન એકલા કાચમાંથી જ બનાવેલું હતું. ગમે ત્યારે તેને ફેરવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

કૃતપુણ્ય તે આસન પર બેઠો. અનંગસેના પોતાના પ્રિયપાત્રને રીઝવવા માટે નૃત્ય–શૃંગાર સજવા લાગી. કૃતપુણ્ય ભીંતપર દોરવામાં આવેલાં ચિત્રો નિહાળવામાં ગુંથાયો. થોડાજ સમયમાં અનંગસેના તૈયાર થઇ ગઇ તે કૃતપુણ્યની સન્મુખ આવી.

નૂપુર ઝંકાર થયો. નૃત્યનો આરંભ થયો. દેહની કમાન વળાવા લાગી. કૃતપુણ્યનાં નયનો અનંગસેનાના નૃત્ય તરફ મંડાયાં.

નૂપુર ઝંકાર વધ્યો. માથાની વેણીના વાળ છૂટા થવા લાગ્યા. અનંગસેના રાધાના સ્વાંગમાં હતી. શ્રી કૃષ્ણની મોરલીના સ્વર સાંભળવા તેના કાન મંડાયા. તે નૃત્ય કરતાં કરતાં અટકી ગઇ. પગના અંગુઠા પર ઊંચી થઇને તે દૂરદૂરથી કોઇને શોધવાનો પ્રયત્ન કરતી હોય, તેવો ભાવ શરૂ કર્યો. તેની દૃષ્ટિએ કોઇ પડયું નહિ. બંસરીના સૂર અથડાયા નહિ. તે નિરાશ થઇ કંટાળીને જાણે છણકો કરતી હોય. તેમ તેણે હાથના ચાળા કર્યા. કપાળપર કરચલીયો પડી. ચહેરા પર નિરાશાની છાયા ફરી વળી.

જાણે પોતે થાકી ગઇ હોય તેમ તેણે ફરીથી નિરાશાભર્યું નૃત્ય શરૂ કર્યું. પગે લથડીયાં ખાવા લાગી. હાથમાંથી જાણે શક્તિ ખૂટી ગઈ હોય તેમ નિરસપણે હાથના હાવભાવ થવા લાગ્યા.

વૃંદાવનમાં શ્રી કૃષ્ણને શોધતી હોય તેમ ધીમે પગલે આખા ખંડમાં બેબાકળી થઇ ઘૂમવા-ફરવા લાગી. તેનાં નયનો કંઇક શોધી રહ્યાં હતાં. કાન કંઇક સાંભળવાને મંથન કરી રહ્યા હતા.

અચાનક તેનામાં સ્ફુર્તિ આવી ગઇ. નૃત્ય એકદમ સરસ રીતે થવા લાગ્યું. પગમાં જોમ આવી ગયું. હાથમાં શક્તિ આવી ગઇ. જાણે તેણે મોરલીનો મધુર સૂણ્યો. તેના કાન સચેત બની ગયા.

ફરીથી તે પગના અંગુઠા પર ઊંચી થઇ. તેણે દૂર નજર કરી. મોરલી બજાવતો કૃષ્ણ કનૈયો આવતો હોય એવો એને ભાસ થયો. તે અતિ આનંદમાં આવી ગઈ. નૃત્ય રંગે ચઢયું. જાણે શ્રી કૃષ્ણ તેનું નૃત્ય જોવા માટે જલદી જલદી ચાલીને કાચની બેઠક પર બેસી ગયા હોય અને તેમને જોઇને-તેમને રીઝવવા માટે પોતે સખ્ત પ્રયત્ન કરતી હોય તેમ તેના નૃત્યમાં અધિક વેગ આવ્યો. નયનો કાચની બેઠક પર સ્થિર થયાં.

જાણે પોતે પોતાનું સર્વસ્વ શ્રી કૃષ્ણના ચરણમાં સમર્પણ કરતી હોય તેમ તે ધારેલા કૃષ્ણનાં-કૃતપુણ્યનાં-ચરણકમળમાં પોતાના બંને હાથ જોડતી ઢળી પડી.

•

## પ્રકરણ ૨૪ મું

## ધન્ય ઘડી

એક નાના ઘરમાં સુંદર છતાં દુઃખના ભારથી કરમાયેલી યુવાન સ્ત્રી કંઇક ગૂંથી રહી હતી. તેની આંખો ઉજાગરાના લીધે લાલ થઇ ગઇ હતી. લાલ થયેલી આંખો કંઇક સૂઝેલી પણ લાગતી હતી. દેહ પર સાદાં છતાં સ્વચ્છ કપડાં શોભી રહ્યાં હતાં. કેટલીક જગાએ તે સાંધેલાં પણ હતાં. તે તેની ગરીબાઇની સાક્ષી પૂરી રહ્યાં હતાં. ઘરમાં કામ પૂરતાંજ વાસણો હતાં. તદ્દન સાદા છતાં સ્વચ્છ ઘરમાં એક નાના પાથરણા પર તે બેઠી હતી. તેની બાજુમાં એક નાનો દીપક જળી રહ્યો હતો. રાત વધારે વીતી જવાથી તેની આંખો પણ કામ કરતી નહોતી. હાથ પણ થાકી ગયા હતા. ઘરનો જરજરીત દરવાજો બંધ કરીને અંદરથી સાંકળ વાસવામાં આવી હતી.

જ્યારે તેની આંખો એકદમ કામ કરતી બંધ થઇ જતી, ત્યારે તે ઊઠીને આંખો પર થોડું શીતળ પાણી છાંટતી. એકાદ બે ઘૂંટડા પી લેતી પણ ખરી. હાથમાં લીધેલું કામ સવારે પહોંચતું કરી દેવાનું હતું.

મધરાત પછી એક પ્રહર વીતી ગયો. રાજચોકી પર પહેરેગીરે નિયમ પ્રમાણે ટકોરા વગાડયા. તે સ્ત્રીએ કામ પૂરૂં કર્યું. એક જગાએ બેઠાં બેઠાં તેનું શરીર સંકોચાઇ ગયું હોવાથી તેણે બગાસું ખાધું. ગુંથાઇને તૈયાર થયેલી વસ્તુ વ્યવસ્થિત જગાએ મૂકવા માટે તે ઊઠી.

દરવાજાની બાજુમાં એક નાની બારી હતી. તે બારીમાં લોખંડ-

ના સળીયા જડવામાં આવ્યા હતા. ત્યાં તેની દૃષ્ટિ ગઇ. કોઇ વ્યક્તિ તેમાં ડોકિયાં કરતી હોય તેવો તેને ભાસ થયો. તે એકદમ થંભી ગઇ. તેનાથી પૂછી જવાયું.

"કોણ?"

તરતજ તે વ્યક્તિ ત્યાંથી ખસી ગઇ.

ફરીથી તે બાઇ બોલી, "કોણ હતું એ?"

જવાબમાં દરવાજા પર બહારથી બે ટકોરા થયા. સાથે સાથે તે વ્યક્તિના શબ્દો પણ સંભળાયા.

"હું છું."

"હું કોણ?"

"દરવાજો ખોલ એટલે કહું." બહારની વ્યક્તિ બોલી.

સ્ત્રીને અવાજ પરિચિત લાગ્યો. દરવાજો ખોલવો કે નહિ, તેના વિચારમાં તે પડી. ફરીથી બહારનો અવાજ આવ્યો.

"દરવાજો ખોલ, ધન્યા!"

અને ધન્યાએ ખાત્રી પૂર્વક બહારની વ્યકિતને અવાજ પરથી ઓળખી લીધી હોય તેમ તેણે હોંશભેર દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાંજ એક પરિચિત યુવક તેની દૃષ્ટિએ પડયો. તેને જોઇને આશ્ચર્ય પામતાં તે બોલી ઉઠી:

"તમે?"

"હા, કેમ નવાઇ લાગે છે.?

જવાબમાં ધન્યા કંઇજ બોલી શકી નહિ. તે તો એકી ટશે તે વ્યકિત સામે નિહાળી રહી હતી.

તને ભૂત લાગે છે, ધન્યા?" તે વ્યકિતએ ધન્યાને અવાક ઊભેલી જોઇને કહ્યું.

"ના, ના. તેમ હોય મારા નાથ!"

અને તરત જ તેણે તેના પતિના ચરણ પકડી લીધા.

અચાનક ધન્યાને ત્યાં આવી ચઢેલો યુવક, કૃતપુણ્ય હતો.

અનંતકુમારે બતાવેલા રાહે તેણે પોતાનું કાર્ય પાર પાડયું હતું. તે અનંગસેનાના દેખતાં પેતાના ઘેર જઈ શકે તેવા સંજોગો નહોતા. અનંગસેના તેને કોઇ પણ રીતે ત્યાંથી નીકળવા દે નહિ. તેને જો સાધારણ પણ શંકા આવે તો, તેને એક ક્ષણ પણ છૂટો મૂકે નહિ. જ્યારે સામી વ્યકિત પાસેથી કોઇ પણ પ્રકારનું કામ કઢાવી લેવું હોય કે તેની પાસે કોઇ પણ પ્રકારનું કામ કરાવી લેવું હોય, ત્યારે તેને ખૂબ રીઝવવી પડે છે. એ કારણથી તેના હૃદયમાં શંકાને સ્થાન રહેતું નથી. તે આભાર નીચે દબાઈ જાય છે.

કૃતપુણ્યે અનંગસેનાને ખૂબ રીઝવી. તેના રાધિકાનૃત્યનાં ખૂબ વખાણ કર્યાં. તેને પંપાળી, હસાવી, ને સુંદર બિછાનામાં સૂવાડી. તે થાકી ગઇ હતી. કૃતપુણ્યના વર્તનમાં તેને શંકા ઉદ્ભવી નહોતી. કૃતપુણ્ય બાજુના બિછાનામાં સૂઇ ગયો હતો છતાં ઊંઘી ગયો નહોતો. અનંગસેના નિદ્રાધિન થઇ જાય તેની તે રાહ જોતો હતો.

થોડાજ સમયમાં અનંગસેના નિદ્રાધિન થઇ ગઇ. આછો પ્રકાશ પ્રસારી રહેલા દીપક તરફ કૃતપુણ્યે દૃષ્ટિ કરી. ફરીથી અનંગસેના તરફ નજર કરી, અનંગસેનાનું મોં બીજી બાજુએ હતું. તે પોતાના બિછાનામાંથી હળવે રહીને ઊઠયો. ઓઢવાનું હતું તેને તેણે વ્યવસ્થિત રીતે ગોઠવ્યું. કદાચ અનંગસેના નિદ્રામાંથી જાગે અને પોતાના બિછાના તરફ નજર કરે તો તેને પોતે ઓઢીને સૂઇ ગયેલો છે એમ લાગે.

તેણે એક લાંબુ વસ્ત્ર લીધું. ધીમે પગલે બારી પાસે જઇને બહાર જોયું તો કોઇ દેખાયું નહિ. બારીની વચ્ચે એક પિત્તળનો સળીઓ આડો રાખવામાં આવ્યો હતો. તે સળીઆને ભરાવીને વસ્ત્ર નીચે લટકતું કર્યું. બંને છેડા નીચે અડી શકે તેવું લાંબુ તે વસ્ત્ર હતું. ફરીથી એક વખત તેણે અનંગસેના તરફ નજર કરી જોઇ. અનંગસેના ભર નિદ્રામાં હતી. તે વસ્ત્રની મદદ વડે બારીમાંથી નીચે ઊતર્યો. વસ્ત્ર સળીઆને બાંધવામાં આવ્યું નહોતું. એટલે એક બાજુનો છેડો ખેંચી લેતાં આખું વસ્ત્ર તેના હાથમાં આવી પડયું. વસ્ત્ર લઇને

તે ઝડપભેર ચાલી નીકળ્યો. રસ્તામાં કચરાનો ઢગલો આવતાં તેમાં તેણે એક બાજુએ તે વસ્ત્ર નાંખી દીધું.

રસ્તા પરની અવર જવર ઓછી થઇ ગઇ હતી. રાતના રાજાઓ સમા ફરતા દારૂડીઆઓ અને બદમાસો જ્યાં ત્યાં પાનની પિચકારીઓ મારતા અને દારૂની ઘેનમાં લથડિયાં ખાતા દેખાતા હતા. તેમાંના કોઇ કોઇ બિભસ્ત શબ્દો ઉચ્ચારીને આનંદ માની રહ્યા હતા. કેટલાક જમીન પર આળોટતા પડયા હતા અને કેટલાક ગમે તેવી જગાએ બેઠા બેઠા પોતાની મૂર્ખાઇનું પ્રદર્શન કરી રહ્યા હતા.

કૃતપુણ્ય તે તરફ નજર ન કરતાં જલ્દી જલ્દી પોતાના ઘર તરફ જઇ રહ્યો હતો. અનંતકુમારે તેને કહ્યું હતું કે, 'એક વખત તું તારા ઘેર પહોંચી જા. પછી કોઇની મગદૂર નથી કે તને ત્યાંથી કોઇ પણ જગાએ લઇ જાય.' તે કારણે કૃતપુણ્યના પગ જોરથી ઊપડતા હતા. તેણે ધાર્યું હતું કે અનંતકુમારની સાથે પોતે ઘેર આવવાના સમાચાર ધન્યાને મોકલ્યા છે એટલે તે સતી સ્ત્રી પોતાના પતિની વાટ જોતી બેઠી હશે. પણ જ્યારે તે ગયો ત્યારે તેને પરિસ્થિતિ જુદી લાગી. તેણે અનંતકુમારની પાસેથી જાણી લીધું હતું કે ધન્યા પોતાના જૂના પરચુરણ સામાન ભરવાના ઘરમાં રહે છે. એટલે તે તેજ મકાને આવીને ઊભો. પણ ઘરના દરવાજા બંધ હતા. તેણે જાળી વાટે અંદર જોવાનો પ્રયત્ન કર્યો કારણ કે પૂરી ખાતરી કરી લીધા સિવાય ઘરનો દરવાજો ઠોકવામાં આવે અને એમાં ધન્યાને બદલે બીજું કોઇ રહેતું હોય તો પોતાની ફજેતી થયા સિવાય રહે નહિ. કારણ કે લોકો તેને વંઠેલ અને અનીતિમાન માનતા થઇ ગયા હતા.

જાળી વાટે તેણે અંદર જોવાનો પ્રયત્ન કર્યો, પણ જમીન પર ઊભા રહીને અંદર જોઇ શકાય તેમ નહોતું. જાળી થોડી ઊંચી હતી. એક નાનો કૂદકો મારીને તેણે જાળીના સળીયા પકડી લીધા. અંદર નજર કરી તો નિર્દોષ ધન્યા પોતાની સૂઝી ગયેલી આંખોની મદદ વડે કંઇક ગૂંથી રહી હોય, એમ તેને લાગ્યું. પતિના વાંકે દુઃખી સ્ત્રીની

દીનદશા જોઇને તેનું હૃદય ચીરાઇ ગયું. તેને કંપારી વછૂટી. તે સળીઆ છોડીને નીચે ઊતરવા જતો હતો એટલામાં ધન્યાએ પોતાનું ગૂંથણ કાર્ય પૂરૂં કર્યું. તેણે બગાસું ખાધું. આવી નિર્દોષ સાધ્વી સ્ત્રી પોતાના નિર્વાહ માટે અખંડ રાતના ઉજાગરા કરે અને તેનો મૂર્ખ–અવિચારી પતિ નર્તિકાને ત્યાં વિલાસમાં રચ્યો પચ્યો રહે, એવી કુદરતની લીલા પ્રત્યે તેને તિરસ્કાર ઊપજ્યો.

ધન્યાને અનંતકુમાર તરફથી કોઇ પણ જાતનાસમાચાર મળ્યા નહોતા. જો અનંતકુમારે તેને 'કૃતપુણ્ય આવવાનો છે' એવા સમાચાર આપ્યા હોત તો તે સતી સ્ત્રી પતિના સ્વાગત માટે બનતી તૈયારી કરી રાખત.

જ્યારે તેની દૃષ્ટિ જાળી તરફ પડી અને 'કોણ' એવો પ્રશ્ન કર્યો ત્યારે કૃતપુણ્ય જાળીના સળીયા છોડી દઇને આઘો ખસી ગયો હતો. બીજા પ્રશ્નના જવાબમાં તેણે દરવાજા પર બે ટકોરા માર્યા અને 'હું છું' એવો જવાબ આપ્યો.

એ પછી 'દરવાજો ખોલ એટલે કહુ' એ શબ્દો જ્યારે તેણે કહ્યા ત્યારે ધન્યાએ પોતાના પતિનો અવાજ પારખી લીધો. તેનો અંતરાત્મા થોડા દિવસથી કહી રહ્યો હતો કે. 'તને પતિનો મેળાપ જેમ બને તેમ જલ્દી થશે.' તે ઉપરાંત પરિમલે પણ કહ્યું હતું કે ' તમારા ભાઇ મારા ભાઇને મળવા માટે જવાના છે. અને તેમને આજે તેમનો અંતરાત્મા કહી રહ્યો છે કે આજના તેમના પ્રયાસમાં તેમને સંપૂર્ણ યશ મળશે.'

એવી આગાહીઓને કારણે ધન્યાને ખાતરી થઇ કે જરૂર પોતાનો પતિજ આવી પહોંચ્યો છે. તેણે તરતજ દ્વાર ખોલ્યું. અને ખરેખરજ તેણે પોતાના પતિનાં દર્શન થયાં.

પહેલાં તો તેને આશ્ચર્ય લાગ્યું. પણ જ્યારે તેને પાકી ખાત્રી થઇ કે સામે ઊભેલી વ્યક્તિ પોતાના પતિદેવજ છે, ત્યારે જેમ એકાદા ભકતને અનેક વર્ષોની તપશ્ચર્યાને અંતે પ્રભુનાં દર્શન થાય અને તેમના ચરણ પકડી લે, તેમ તેણે પોતાના પતિના–પોતાના પ્રભુના ચરણ પકડી લીધા.

---

## પ્રકરણ ૨૫ મું

## ચરણકમળની દાસી

સવારે જ્યારે પરિમલે દરવાજા પર ટકોરા માર્યા, ત્યારે ધન્યા સફાળી જાગી ઉઠી.

પ્રાતઃકાળ થઇ ચૂકયો હતો. હંમેશાં પરોઢિયે ઊઠવાની ટેવવાળી ધન્યાને આજે શરમ આવી. કેટલાયે દિવસે તેણે આજે શાંતિમય નિદ્રા લીધી હતી. પતિની હુંફાળી ગોદ તેને સ્વર્ગથી પણ શ્રેષ્ઠ લાગી હતી.

કૃતપુણ્ય જ્યારે પોતાને ઘેર પાછો આવ્યો ત્યારે ધન્યાએ સહર્ષ વધાવી લીધો હતો. તેણે કોઇપણ જાતની આનાકાની કે પ્રશ્નાવલી કરી નહોતી. મહા મુશીબતે નિર્વાહ ચલાવતી સતીને ત્યાં દૂધ પણ નહોતું. તેને અત્યંત લાગી આવ્યું. પતિ આવે અને તેના સ્વાગત માટે પોતાના ઘરમાં થોડું પણ દૂધ ન હોય! તેની મુંઝવણ પરખી જતાં કૃતપુણ્ય બોલ્યો.

"ધન્યા, મારે કશાની જરૂર નથી. હમણાં થોડાજ સમયમાં પ્રાતઃકાલ થઇ જશે. તું અત્યાર સુધી જાગતી બેઠી છે. જો તારી આંખો સૂઝીને કેવી થઇ ગઇ છે.! ઉજાગરાને લીધે તે કેવી લાલચોળ થઈ છે. ચાલ. ઊંઘી જા, સવારની વાત સવારે"

"નાથ" ધન્યા બોલી. તેની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં "કેટલાયે વખતે તમે ઘેર પધાર્યા. તમારૂં સ્વાગત હું કાંઇ જ કરી ન શકી. થોડું દૂધ પણ નથી.

અને તે ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી.

"ધન્યા," તેના વાંસાપર અને શિરપર હાથ ફેરવતો કૃતપુણ્ય બોલ્યો. "આવું ગાંડમણ તને શોભે! તું મને ઘરમાં પેસવા દે, એના જેવું બીજું કયું સ્વાગત હોઇ શકે? તારી જગ્યાએ બીજી સ્ત્રી હોત તો મારા જેવા દુરાચારીને ઘરમાં પેસવા દેત ખરી?

"સ્વામિ!" પોતાની આંખો લૂછતાં ધન્યા બોલી." એવું બોલીને મને શા માટે શરમાવો છો? હું તો તમારા ચરણ કમળની દાસી છું. આ ઘર તમારૂં છે. તેમાં પ્રવેશતાં તમને મારાથી કેવી રીતે રોકી શકાય? મારા નાથ, મારાં ધન્ય ભાગ્ય કે તમારા પવિત્ર દર્શન કરવાનો મને લાભ મળ્યો. મારા દેવ તુલ્ય પતિને હું આજે ફરીથી પામી. પ્રભુ, હવે આ દાસીને પ્રાપ્ત થયેલી સેવા કરવાની તકથી વિમુકત કરશો નહિં."

"ધન્યા, સેવા તો હવે મારે કરવાની રહી." કૃતપુણ્ય શાંત સ્વરે બોલ્યો. "તેં મારાં માતા પિતાની સેવા કરવામાં તારી જાતને નીચોવી નાખી છે. તારા દુરાચારી પતિ તરફ પણ પ્રેમ દર્શાવતી તું હજી પણ સતીત્વ પર જીવી રહી છે. તારી સેવા મારાથી કેવી રીતે સ્વીકારી શકાય?"

"સ્વામિ! સેવા શુશ્રૂષા એ તો સ્ત્રીઓનો ધર્મ છે. તેમાંથી જો તે ચલિત થાય તો પૃથ્વી રસાતળ જાય." ધન્યા બોલી. "સેવામાં ગુલામી કે દાસત્વ નથી, નાથ! સેવા તો પરમાત્મા પણ ભકતની કરે છે. સતી દ્રૌપદિને શ્રીકૃષ્ણે વસ્ત્રો પૂરાં પાડવાની સેવા ઉઠાવી નહોતી?"

"પણ હું તો તારો ભકત થવાને પણ લાયક નથી રહ્યો, ધન્યા!" કૃતપુણ્ય ગદ્ગદ્ કંઠે બોલ્યો.

"એવું ન બોલો, નાથ!" ધન્યા બોલી. "તમે મારી ભકિત સ્વીકારવાને લાયક છોજ, સ્વામિ! પતિ એટલે પ્રભુ અને પત્ની એટલે ભકત. અને ભકિત પણ કયાં એક પ્રકારની હોય છે? સ્તુતિ કરવાથી

કે કઠિન પરિશ્રમ ઉઠાવવાથી ભક્તની ભક્તિ તેજસ્વિતા પ્રાપ્ત કરી શકતી નથી. ભક્તિમાં નિઃસ્વાર્થતા જોઇએ છે. અંતરના ભાવ અને નિર્દોષતાનાં તેજ જોઇએ છે."

ધન્યાના શબ્દો સાંભળીને કૃતપુણ્યને લાગ્યું કે આવી સરળ, ભોળી અને નિર્દોષ સ્ત્રીને ત્યાગવામાં પોતે કેટલી મોટી ભુલ કરી હતી! પુત્રના વિયોગે ઝૂરતાં માતા પિતા આવી નાની ઓરડીમાં મૃત્યુ પામ્યાં. શ્રીમંતાઇ મહાલતી આ સ્ત્રી આજે કેવી કસોટીમાંથી પસાર થઇ રહી છે. સાદાઇમાં જીવવા માટે અને નિર્વાહ પૂરતું મેળવવા માટે અખંડ રાતના ઉજાગરા કરી રહી છે. શું નીતિથી જીવવાને અને અનેક કષ્ટો વેઠીને પતિને વફાદાર રહેવાને સ્ત્રીઓજ બંધાયેલી છે? પતિને, પુરૂષને તે બંધનો લાગુ પડતાં નહિ હોય!

"ધન્યા, તારા સ્ત્રી ધર્મને તેં નીતિની અને ફરજની કસોટીએ ચઢાવીને નિષ્કલંક સાબિત કરી આપ્યો છે. હું બહારથી આવ્યો ત્યારે તેં મને કયાંથી આવ્યા, કયાં ગયા હતા, હવે પાછા જશો નહિને? વગેરે પ્રશ્નોમાંનો એક પ્રશ્ન પણ પૂછ્યો નહિ. તારૂં આ પતિવૃત્તપણું સતી સીતાથી ઊતરતું નથી. ધન્યા, સ્ત્રીઓ પોતાના પતિને મરણાંત સુધી વફાદાર રહે છે, જયારે પતિ પોતાની પત્ની પ્રત્યે શા માટે બેદરકાર બનતો હશે, તે મારાથી સમજાતું નથી."

"તે તમારાથી નથી સમજાતું. એટલુંજ સારૂં છે, નાથ." ધન્યા બોલી.

"કારણ? આશ્ચર્ય દર્શાવતાં કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

"કારણ કાંઇ ખાસ નથી. પણ જણાવવાથી ફાયદો પણ થોડો થવાનો છે!

ધન્યાનો જવાબ સાંભળીને કૃતપુણ્ય ચૂપ રહ્યો.

નાનો દીપક બુઝાવાની તૈયારી કરતો ઝાંખો ઝાંખો પ્રકાશી રહ્યો હતો. ઘરની જરજરી ભીંતોમાં પડેલા ચીરા ઝાંખા પ્રકાશમાં સર્પાકારનો ભાસ કરાવતી હતી. કૃતપુણ્યની દ્રષ્ટિ ધન્યાના દેહ પર

સ્થિર થઇ. દેહ પર સાદાં સ્વચ્છ પણ થીગડાં મારેલાં વસ્ત્રો તેની નજરે પડયાં. આજુબાજુ નજર કરતાં કંઇ સાધન નહોતું. ભીંત પર એક અભરાઇ હતી. તેના પર થોડાં વાસણો હતાં. બાંધેલી દોરી પર એક જોડી વસ્ત્રો લટકતાં હતાં.

ફરીથી તેણે ધન્યાના દેહ પર નજર કરી. તેની ધારણા નિષ્ફળ નીવડી. દેહપર સોનાનું નામ નિશાન પણ નહોતું. ગળામાં મંગળ સૂત્ર પણ નહોતું. અનંતકુમારે તેને કહ્યું હતું કે, 'ધન્યાએ પોતાનું મંગળ સૂત્ર પણ અનંગસેનાને તેની દાસી મારફતે મોકલી આપ્યું છે." તેને તે વખતે તે શબ્દો સત્ય ભાસ્યા નહોતા. આજે તેને સ્પષ્ટ જણાઇ આવ્યું. તેને વિચાર આવ્યો. 'શું પોતે વિલાસમાં આટલો બધો નીચે ઊતરી ગયો?

તેને વિચારમાં ગુંથાયેલો જોઇને ધન્યા બોલી. "સ્વામિ! હવે સૂઇ જાવ. તબીયત બગડશે."

કૃતપુણ્યે પત્નીના શબ્દો સાંભળીને આજુબાજુમાં નજર ફેરવી. પોતે એક નાના બિછાના પર બેઠો હતો. બાજુમાં ધન્યા બેઠી હતી. તે બિછાવેલી એક ગાદી સિવાય બીજી ગાદી ઘરમાં હોય એમ તેને લાગ્યું નહિ. તેણે પ્રશ્ન કર્યો. "તારી ગાદી કયાં છે ધન્યા?"

"આ રહી." કહીને ધન્યાએ પતિની ગાદીની પાસે પાથરેલું એક નાનું પાથરણું બતાવ્યું.

"તું આના પર સૂઇ જઇશ?"

"એમાં શો વાંધો છે, સ્વામિ?"

"આના પર સૂવાથી શરીર ન દુઃખે??

"હું તો ટેવાઇ ગઇ છું."

કૃતપુણ્ય આશ્ચર્ય પામ્યો. તે વિચારવા લાગ્યો. આવા કપરા સંજોગોમાં અને આવાં કષ્ટોમાં પણ જીવન વિતાવતી પતિપરાયણ સ્રીના જીવનની સાથે કોઇપણ પુરૂષનું જીવન સ્પર્ધામાં ટકી શકે ખરૂં?'

"ધન્યા, તું આ ગાદીમાં સૂઇજા." કૃતપુણ્ય બોલ્યો. આજે

મને તેના પર સૂવાનો લાભ લેવા દે.”

“એવું એવું બોલીને મને દુઃખી કરશો નહિ, નાથ! તમે તો સદાયે કોમળ સેજમાં સૂવાને ટેવાયેલા છો. આ ગાદીમાં પણ સૂતાં તમારૂં શરીર દુખશે. મને ઘણું લાગી આવે છે કે તમારા માટે આ ગાદી પર નાંખવા બીજી ગાદીયે ઘરમાં નથી. દુઃખી અવાજે ધન્યા બોલી.

તેનાં સાસુ સસરા ગૂજરી જતાં તેમની બે ગાદીઓ તેણે ઘરમાંથી તે જ વખતે કાઢી નાંખી હતી. અત્યારે તેની પોતાની એક જ ગાદી ઘરમાં હતી. તે જાણતી હતી કે એકાદ ગાદી વધારાની જોઇએ. પણ તે લાવવા માટે તેની પાસે સાધન નહોતું.

જગતમાં કોઇ પણ વસ્તુ મફત મળતી નથી, અને ઉપકાર વશ થઇને કોઇપણ વસ્તુ લેવાને તે તૈયાર નહોતી. તેમાં પણ સ્ત્રીથી તો કોઇપણ વસ્તુ મફત લઇ શકાય નહિ. તેમજ ઉપકાર વશ પણ થઇ શકાય નહિ.

કૃતપુણ્ય પોતાની પત્નિ પ્રત્યે એકી ટશે જોઇ રહ્યો. અનંગસેનાનાં મદભર્યાં નયનો અને ધન્યાનાં નિર્દોષ નયનો ક્યાં? બંનેમાં તેને નિર્દોષ નયનો જ શ્રેષ્ઠ લાગ્યાં. ચીપી ચીપીને શબ્દોનો ઉચ્ચાર કરતી અનંગસેના કરતાં મીઠું મીઠું એકધારૂ બોલતી ધન્યા તેને ચઢીયાતી લાગી. ટાપટીપ વિનાનો ચહેરો તેને અત્યંત સુંદર ભાસ્યો. અનેક કષ્ટોના ભારથી તે ચીમળાઇ ગયો હોવા છતાં આજે તેના પર તેજછાયા ફરી વળી હતી. પતિના મેળાપે તેને આનંદઘેલી બનાવી મૂકી હતી.

“ધન્યા...” કૃતપુણ્ય કંઇક કહેવા જતો હતો, તેને અટકાવીને ધન્યા વચ્ચે જ બોલી ઊઠી:

“જુઓ...પાછા બોલ્યા!”

અને તેણે પોતાના પતિને ધીમે રહીને ગાદી પર સૂવાડયો તે તેના પગ દાબવા લાગી.

"આવી સેવછા મને નથી ગમતી, ધન્યા." પોતાના પગ ખેંચી લેતા કૃતપુણ્ય બોલ્યો.

"આમાં સેવછા શાની, સ્વામિ!" ધન્યા બોલી. "આ તો સ્ત્રીનો ધર્મ છે."

"દુરાચારી પતિના પગ દાબવામાં સ્ત્રીનો ધર્મ સમાયેલો છે. એવું વળી તને કોણે કહ્યું?"

"એમાં કહેવાની શી જરૂર છે? સ્ત્રી સમજતી થાય છે, ત્યારથી જ તેનામાં તે ગુણ પ્રવેશે છે. આપણા આર્યાવર્તની હવા જ એવી છે. સતી સીતાને, દેવી દમયંતીને, મહાસતી દ્રૌપદીને અને મહાદેવી રાજુલને સ્ત્રી ધર્મ કોણે શીખવ્યો હતો? બાળક જન્મ્યા પછી આપોઆપજ ચાલતાં શીખે છે. તેને મા-બાપ ચાલતાં શીખવે છે એ તો એક જાતનું બહાનું છે. તેમ સ્ત્રી સમજતી થાય છે એટલે આપોઆપજ સ્ત્રીધર્મ શીખતી થઈ જાય છે તેને તે કોઈ શિખવવા જતું નથી. બીજા તરફથી આપવામાં આવેલી શિખામણ કોઈ પાળે છે ખરું?"

ધન્યા બોલે જતી હતી. તેની નજર પતિનાં નખો તરફ હતી. પગ દાબતાં દાબતાં થોડીવારમાં જ તેને જણાઈ આવ્યું કે પતિ નિદ્રાધિન થઈ ગયો છે. તે હળવે રહીને ઊઠી. બુઝાવાની તૈયારીમાં જલતો દીપક બુઝાઈ ગયો. તે પોતાના પાથરણામાં સૂઈ રહી. નિદ્રાદેવીએ જોતજોતામાં તેના પર પોતાની સત્તા જમાવી દીધી.

હંમેશાં વહેલી સવારે ઊઠીને કામે લાગી જતી ધન્યા આજે સૂર્યોદય થયા છતાં ઊઠી શકી નહોતી. લગભગ વહેલી સવારે જ તે ઊંઘી ગઈ હતી.

સૂર્યનાં સોનેરી કિરણો જગત પટ પર પથરાયાં હતાં. આખું નગર પોતપોતાના કામે લાગી ગયું હતું. એવા વખતે પરિમલે ધન્યાના બંધ દરવાજા પર ટકોરા માર્યા. ધન્યા સફાળી જાગી ઊઠી.

જાળી તરફ નજર કરતાં તેને જણાઇ આવ્યું કે પ્રાતઃકાળ થઇ ગયો છે. તેણે દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાં જ તેની નજરે પરિમલ પડી. પરિમલની નજર અચાનક અંદર સૂઇ રહેલા કૃતપુણ્ય પર પડી. કૃતપુણ્યનું મોં બીજી બાજુએ હતું. ઘરમાં પુરૂષને સૂતેલો જોઇને તે છક્ક થઇ ગઇ.

## પ્રકરણ ૨૬ મું

## પરાયા કાજે

પરિમલ અને ધન્યાની ધીમી વાતચીત ગણગણાટ સાંભળીને કૃતપુણ્ય જાગી ઊઠયો હતો.

"પણ ગઇકાલે રાત્રે તો તે મારીપાસે આવ્યો હતો." બંનેની વાતમાં ભાગ લેતાં તે બોલ્યો.

"તમને મળવા જતી વખતે તો મને કહેતા ગયા હતા." પરિમલ બોલી. "અને સાથે સાથે એ પણ કહ્યું હતું કે, ત્યાંથી હું બીજે ક્યાંય જવાનો નથી. સીધો ઘેરજ આવીશ."

"મારી પાસેથી તો તે મધરાત પહેલાંજ નિકળી ગયો હતો." કૃતપુણ્ય કહેવા લાગ્યો. "મેં તેની સાથે ધન્યાને સંદેશો પણ કહ્યો હતો કે, હું મધરાત વીતિ ગયા પછી એક ઘટીકાએ ઘેર આવીશ અને એટલા માટે તો રાત્રે અહીં આવ્યા પછી મને આશ્ચર્ય થયું હતું કે, મારો સંદેશો તેણે ધન્યાને કેમ કહ્યો નહિ હોય !

"કૃતપુણ્યભાઇ, કોઇ દિવસ તે આખી રાત બહાર વીતાવતા નથી. આજનો આ પહેલોજ પ્રસંગ છે. મારા સાસુ સસરાએ પણ આખી રાત ચિંતામાંજ વીતાવી છે. અમારાં ત્રણેમાંથી કોઇએ નિદ્રા લીધી નથી." અશ્રુભીનાં નયનો લૂછતી પરિમલ બોલી.

કૃતપુણ્યના પિતા પાસેથી અનંગસેનાની માતા પોતાની દાસી સાથે પુત્રીને ખબર ન પડે તેવી રીતે જેમ નાણાં મંગાવતી હતી, તેમ તે પોતાના સ્વભાવ પ્રમાણે કાવત્રા પણ કર્યે જતી હતી. અનંત-

કુમારનું કૃતપુણ્યપાસે વારંવાર આવવું તેને પસંદ પડતું નહોતું. તેને શંકા રહ્યા કરતી કે કૃતપુણ્ય તેના મિત્રના ચઢાવ્યાથી કદાચ અહીંથી ચાલ્યો પણ જાય. અને જો તે ચાલ્યો જાય તો અનંગસેના કદાચ મલ્લિકાની પેઠે સંસાર પરથી મોહ પણ ઉતારી નાખે ! તે જાણતી હતી કે, મલ્લિકાને સંસારથી વિરક્ત કરાવનાર અનંતકુમારજ હતો.

એકાદ બે વખત અનંતકુમારે મલ્લિકાને સદ્બોધ આપેલો તે બોધ મલ્લિકાના હૃદયમાં એવો ઠસી ગયેલો કે આખરે તેણે સંસાર ત્યાગ્યો; આ વાત અનંગસેનાની માતા સિવાય કોઇ જાણતું નહોતું. અનંગસેના તો એટલુંજ જાણતી કે અનંતકુમાર મોટી બહેનને એકાદ બે વખત મળેલો. મોટી બહેનના સંસાર ત્યાગમાં મુખ્ય ભાગ અનંતકુમારના ઉપદેશે ભજવ્યો છે, એવી એને શંકા આવેલી. પણ તે તેમ ખાત્રી પૂર્વક માનીતી નહોતી. તે કારણે તે અનંતકુમારનો અને કૃતપુણ્યનો મેળાપ થવા દેતી.

પણ તેની માતા પૂરી પહોંચેલી હતી. તેણે અનંતકુમારને વચ્ચેથી ખસેડી નાંખવાનો વિચાર કર્યો. જ્યારે તે પોતે દેહ વિક્રયનો ધંધો કરતી ત્યારે તે એક પઠાણને ક્યારે ક્યારેક વાપરવા માટે પૈસા આપતી.

ગણિકાઓ એવા પઠાણોને અને બદમાશોને વારંવાર કંઇક ને કંઇક આપ્યા કરતી હોય છે. તેના બદલામાં તે પઠાણો અને બદમાશો ગણિકાઓના કહેવા પ્રમાણે તેમના ઘરાકોને અગર તે જેને કહે તેને લૂંટવાનું, ઠગવાનું અને સમય આવે તેનું ખુન કરવાનું પણ કામ કરતા હોય છે. મોટા ભાગે તેમને તેજ ધંધો થઇ પડ્યો હોય છે. રાજ્ય તરફથી ફરતા શહેરના ગામના રક્ષકો તેમને સારી રીતે ઓળખતા હોય છે. પણ મોટે ભાગે તેવા રક્ષકો પણ તે લોકો પ્રત્યે બેદરકાર રહેતા હોય છે. અને બક્ષિસના બહાને લાંચ પણ લેતા હોય છે.

જ્યાં સુધી તેવો બક્ષિસો અને લાંચ રૂશ્વતો બંધ ન થાય ત્યાં સુધી અનિતી, અનાચાર અને બદમાશી સમાજમાંથી દુર થવી મુશ્કેલ છે.

પોતાના ધંધાર્થી જીવન વખતે જે પઠાણને અનંગસેનાની માતા વારંવાર નાણાં આપતી હતી, તે પઠાણના મૃત્યુ પછી તેના પુત્રને તે આપવા લાગી હતી. જ્યારથી મલ્લિકાએ નર્તિકાનો ધંધો શરૂ કર્યો, અને તેણે વંશપરંપરાનો દેહ વિક્રયનો ધંધો બંધ કર્યો ત્યારથી તેણે તે પઠાણને દ્વાર રક્ષક તરીકે પગારથી રાખી લીધો હતો.

અનંતકુમારના વારંવાર થતા આગમનથી અનંગસેનાની માતા બેચેન બની; તેણે તે પઠાણને સૂચના આપી રાખી કે "હવે જ્યારે અનંતકુમાર અહીં આવે ત્યારે તે પાછો પોતાના ઘેર ન પહોંચવો જોઇએ." પઠાણ તેના કહેવાનો અર્થ સમજી ગયો. તેણે પોતાનો છરો સંભાળી જોયો, તેની ધાર તપાસી જોઇ.

અનંતકુમાર જ્યારે ગઈ કાલે રાત્રે પોતાના મિત્ર પાસેથી નીકળ્યો ત્યારે તે પઠાણ પણ તેની પાછળ છુપાતો છુપાતો જવા લાગ્યો. થોડે દુર જતાં અંધારાનો લાભ લઇને પઠાણે અનંતકુમારના વાંસામાં છરો માર્યો. અનંતકુમારના મોંમાંથી એક તીક્ષ્ણ અવાજ નીકળી પડયો, અને તે સાથે જ પોતે પણ જમીન પર ફસડાઇ પડયો. અવાજ સાંભળીને એક રક્ષક આવી પહોંચ્યો. પણ તે રક્ષકના આવતા પહેલાંતો પઠાણ અદૃશ્ય થઇ ગયો હતો.

છરો બહુ ઊંડો પેસી ગયો હતો. રકત એકદમ વહેવા લાગ્યું રક્ષકને તે કંઇ પણ કહે તે પહેલાં તેનો પ્રાણ નીકળી ગયો.

રક્ષક બીજા રક્ષકોને બોલાવી લાવ્યો. બધા મળીને તે મૃત દેહને તેમના થાણે લઈ ગયા. તેના વસ્ત્રો તપાસીને તે કોણ છે, તેની ખાત્રી કરી લેવાનું કાર્ય તેમણે આરંભ્યુ. આખી રાતની મહેનત છતાં નિષ્ફળતા પ્રાપ્ત થઇ. સવારે તેમણે કોટવાલને સમાચાર આપ્યા. કોટવાલે તેની નોંધ લઇ લીધી. પછી બેચાર માણસોને બોલાવીને "આ માણસને તમે ઓળખી શકો છો ?" એવો પ્રશ્ન કર્યો.

જવાબમાં તે લોકોએ કાને હાથ મુકયા.

સવારસુધી અનંતકુમાર ઘેર ન આવવાથી તેના માતા પિતા

અને પત્ની ચિંતાતુર બન્યાં. આજુબાજુમાં તેમણે તપાસ શરૂ કરી કયાંય તેનો પત્તો ન લાગતાં પરિમલ ધન્યાને ત્યાં ગઇ. પણ ત્યાં તો પત્તો ન લાગતાં કૃતપુણ્યની તેને મુલાકાત થઇ.

"પરિમલ બહેન," કૃતપુણ્ય બોલ્યો. "તમે ચિંતા કરશો નહિ. હું હમણાંજ તેને શોધી લાવું છું.

"ભાઇ" પરિમલ કહેવા લાગી. "આજે તમારે બહાર નિકળવાનું નથી, તમે તમારા ભાઇની તપાસ કરવા નીકળશો તો લોકો તમને ફોલી ખાશે. આ સમાજમાં એટલી કદરદાની નથી. કે જે એક માણસને સારા માર્ગ પર જતો જોઇને આનંદ માને."

"પરિમલ બહેન, સમાજ તેમની નિંદા કરે તેની ચિંતા કરવાની જરૂર નથી ધન્યા કહેવા લાગી "આજે નિંદા કરતાં મારા ભાઇની શોધ કરવાની ખાસ જરૂર છે. તમારા ભાઇને સમજાવવા માટે અનંગસેનાને ત્યાં જતા અનંતકુમારભાઇએ લોકોની નિંદા પ્રત્યે દરકાર કરી હતી! બહેન, નિંદા કરવી, એતો સમાજનો સ્વભાવ છે. નિંદા અને સ્તુતિ અસત્ય અને સત્ય, અધર્મ અને ધર્મ, અન્યાય અને ન્યાય, અનીતિ અને નીતિ, એવી વિરોધાવલી તો જગતનું સૃજન થયું ત્યારથી ચાલી આવે છે."

"છતાં સમાજથી, સમાજની નિંદાથી ડરવું પડે છે. ધન્યા બહેન," પરિમલ બોલી. "નગ્ન સત્ય પર ચાલનારે કોઇ કોઇ વાર સમાજને માન આપવું પડે છે. પોતે ગમે તેટલો સત્યવાદી હોય છતાં "પંચમુખી પરમેશ્વર" માનીને સમાજને અનુસરવું પડે છે. સમાજ..."

તે આગળ બોલતી અટકી ગઇ. બહાર રસ્તાપર રાજ તરફથી દાંડી પીટાઇ રહી હતી.

"રાત્રે એક માનવીની લાશ મળી આવી છે, રાજચોકમાં તેને રાખવામાં આવી છે. જેના માનવીનો પત્તો ન હોય તેણે તે જોઇ જવી."

દાંડી પીટનાર જોરથી બોલ્યો. લોકોનું ટોળું તેની આસપાસ ભેગું થયું. પરિમલ, ધન્યા અને કૃતપુણ્ય પણ ત્યાં આવી પહોંચ્યાં હતાં. તેમણે દાંડી પીટનારના શબ્દો સાંભળ્યા.

"પરિમલ બહેન, હું રાજચોક સુધી જઈ આવું છું. તમે થોડી વાર થોભજો." કૃતપુણ્ય બોલ્યો. તે પરિમલના જવાબની રાહ ન જોતાં એકદમ પહેર્યાં કપડે ચાલી નીકળ્યો.

પરિમલ પણ ત્યાં ખોટી ન થતાં ધન્યાને કહીને પોતાને ઘેર ગઈ. તેના સસરા રાજચોક તરફ જવાને તૈયાર થયા હતા. પરિમલે તેમને પોતાની સાસુ દ્વારા કહેવરાવ્યું કેઃ "કૃતપુણ્યભાઈ તપાસ કરવા ગયા છે. તમે થોડો વખત થોભી જાવ. તમારી તબિયત સારી ન હોવાથી દોડધામ કરવાની જરૂર નથી. સમાચાર લઈને હમણાં જ તે આવી પહોંચશે."

પણ પિતાના પુત્રપ્રેમે પુત્રવધુની સલાહ માનવા ઇન્કાર કર્યો. તેના સસરા રાજચોક તરફ ચાલી નીકળ્યા.

રાજચોક આખો માનવ મેદનીથી ભરાઈ ગયો હતો. એક ઊંચી પત્થરની શિલા પર મૃતદેહને રાખવામાં આવ્યો હતો, તે દેહ સૌની નજરે પડતો હતો. કેટલાક લોકોએ તે દેહને—શબને ઓળખવામાં સફળતા મેળવી. એટલામાં કૃતપુણ્ય ત્યાં આવી પહોંચ્યો. તેની પાછળ જ અનંતકુમારના પિતા પણ આવી પહોંચ્યા તે બંનેએ શબને ઓળખ્યું. તે શબ હતું અનંતકુમારનું. શબને ઓળખતાં જ કૃતપુણ્ય અને અનંતકુમારના પિતા માનવ મેદનીમાંથી માર્ગ કરીને શબની પાસે પહોંચી ગયા. એક રક્ષક તે શબની બાજુમાં ઊભો હતો. તેને બંનેએ પોતાની ઓળખાણ આપી. પિતાએ પુત્રના મૃતદેહની માગણી કરી. રક્ષકે રાજ્યના નિયમાનુસાર તેમની પાસે લખાવી લીધું કૃતપુણ્યે તેમાં પોતાની સાક્ષી કરી. મૃતદેહ પિતાને સુપ્રત કરવામાં આવ્યો. પિતા ત્યાં બેસી રહ્યા. તેમની આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. એકનો એક લાડકવાયો પુત્ર આખા કુટુંબને ત્યાગીને ચાલ્યો ગયો હતો.

કૃતપુણ્ય સમાચાર આપવા માટે અને અગ્નિસંસ્કારનાં સાધનો માટે ઘેર ગયો. તેને જોઇને કેટલાયે લોકોએ તેના તરફ આંગળી ચીંધવા માંડી હતી. કેટલાક તો તે સાંભળી શકે તેટલા મોટા અવાજે તેની મશ્કરી કરવામાં આનંદ અનુભવવા લાગ્યા હતા. પણ તે બધાની પરવા કર્યા સિવાય તે ઝડપથી ઘર તરફ જઇ રહ્યો હતો. પોતાને સન્માર્ગે વાળનાર મિત્રે પોતાના કાર્યમાં સ્વાર્પણ કર્યું હતું. 'આવા મિત્રો જગતમાં કેટલા હશે ?'—એ વિચાર તેના મગજમાં ઘોળાયા કરતો હતો.

તેના રાજચોકમાંથી ગયા પછી અનંગસેનાની દાસી પણ ત્યાં આવી પહોંચી. સવારે પોતાના પ્રેમીને ન જોતાં અનંગસેના ગાંડા જેવી બની ગઇ હતી. તેને ધનની પરવા નહોતી. વિલાસની તમન્ના નહોતી. તે તો કૃતપુણ્યને પતિ માનીને તેને રીઝવવામાંજ પોતાના જીવનનું સાર્થક માની રહી હતી.

કોઇને પણ કહ્યા સિવાય કૃતપુણ્ય અહીંથી ચાલ્યો જાય, એમ માનવાને તે તૈયાર નહોતી. તેણે પોતે આખા આવાસનો પ્રત્યેક ખંડ તપાસી જોયો. મકાનની દરેક દરેક બારી પાસે જઇને રસ્તાપર જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી દૃષ્ટિ કરી જોઇ. પણ તેની મહેનત નિષ્ફળ નિવડી.

તેની માતાએ તેને આશ્વાસન આપવામાં કમીના રાખી નહિ. તેને પોતાને પણ ખબર નહોતી તેમજ તેના માનવામાં પણ આવતું નહોતું કે, કૃતપુણ્ય કોઇને કહ્યા સિવાય આવાં વિલાસનાં સાધનો મૂકીને એકાએક ચાલ્યો જાય.

અનંગસેનાની આંખો રડી રડીને સૂઝી ગઇ. પતિનું અનધાર્યું ગમન તેને અસહ્ય થઇ પડયું. ઊઠીને તેણે મુખ પ્રક્ષાલન પણ કર્યું નહિ. દૂધ તરફ નજર પણ કરી નહિ. તેનાં નયનોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. માતાનું આશ્વાસન નિષ્ફળ નિવડયું.

કૃતપુણ્ય સાથે કરેલા ગાંધર્વ લગ્ન પછી તેણે બીજા કોઇ તરફ

દૃષ્ટિ પણ કરી નહોતી. પોતાને ત્યાં કોઇને તે આવવા પણ દેતી નહોતી. રાજદરબારમાં તે એક વખત પણ નૃત્ય માટે ગઇ નહોતી. મોટી બહેન—મલ્લિકાએ માતાનો વ્યવસાય ત્યાગ્યો હતો અને નાની બહેન—અનંગસેનાએ મોટી બહેનનો વ્યવસાય ત્યાગ્યો હતો. એને ઉમેદ હતી કે આ જીવનભર એકજ પતિની પત્નિ તરીકે જીવવું. સમાજ ભલે નર્તિકા, નાયિકા કે ગણિકા કહે—માને, પણ પોતે તો ગૃહસ્થાશ્રમી તરીકેજ જીવવું. પોતે પોતાના માનવજીવનનું સાર્થક કરવું છે, તેમાં સમાજ શું માને છે ને શું કહે છે, તે જોવાની કે જાણવાની તેની આવશ્યકતા ભાસી નહોતી.

દાસી જ્યારે રાજચોકમાંથી પાછી આવીને બોલી કે, "તે મૃત દેહ—કૃતપુણ્યકુમારની પાસે વારંવાર આવતા અનંતકુમારનો છે." ત્યારે તો :અનંગસેનાનું હૈયું હાથ ન રહ્યું. તે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. જે પોતાને ત્યાં વારંવાર આવતો હોવા છતાં ઊંચી નજરે પણ જોતો નહિ, એવા નિર્દોષ, પવિત્ર યુવાનનું ખૂન થાય; એ એને અસહ્ય લાગ્યું. પણ તેને એ વાતની ખબર નહોતી કે 'અનંતકુમાર વારંવાર આવીને પોતાના પતિને શિખામણ આપતો હોય છે કે, આ અધ:પતનના માર્ગેથી પાછો વળ' તે તો એમજ માનતી કે 'તે પોતાના પતિને આનંદની ખાતર મળવા માટેજ આવે છે.'

અત્યંત રૂદનથી તેની આંખમાંથી વહેતાં આંસુ આંખ પર રાત્રે લગાડેલા કાજળમાં ભળીને તેના ગુલાબી ગાલને શ્યામરંગી બનાવી મૂકતાં હતાં. વસ્ત્રનો આખો છેડો કાજળ અને આંસુઓથી ભીંજાઇને શ્યામ બની ગયો હતો. આખું વાતાવરણ ગમગીન બની ગયું હતું.

તેનાં વસ્ત્રોનું ઠેકાણું નહોતું. માથાના વાળ અવ્યવસ્થિત થઇ ગયા હતા. પારિજાતકનાં પૂષ્પોની વેણી ક્યાંય પડી હતી. ચહેરો નિસ્તેજ બની ગયો હતો. કપાળ પરનો ચાંદલો ભૂંસાઇ ગયો હતો.

પુત્રીની આવી દશા જોઇને માતાનું હૃદય પણ રડી ઊઠ્યું. માતાએ ભલે ગણિકાનું જીવન વિતાવ્યું હોય, સમાજ પ્રત્યે ગમે

તેટલી તે નઠોર બની હોય, લોકોને લૂંટવામાં ગમે તેટલો આનંદ માન્યો હોય અને મનને તેમજ નજરને ન ગમતાઓનાં ભલે ખૂન કરાવ્યાં હોય, છતાં તે પણ એક સ્ત્રી હતી. પોતાના પેટની પુત્રી માટે તો તેને જરૂર લાગી આવે. સંતાન પ્રત્યેનો માતા પિતાનો પ્રેમ અનુભવ વિના ન સમજાય.

માતાએ પુત્રીને એનેક રીતે સમજાવવા માંડી. પણ પુત્રી હવે બાળક નહોતી કે સાધારણ વાતમાં સમજી જાય. અનંતકુમારના ખૂનમાં તેને માતાનો હાથ હોય, એમ લાગ્યું. માતા પ્રત્યે તેને તિરસ્કાર છૂટયો. વૃધ્ધાવસ્થામાં પણ હજી ખૂન કરાવવાનાંજ કાવત્રાં કર્યા કરવાનાં !

અધિક વિચારોથી તેના મગજ પર ગરમી ચઢી જતાં તે મૂર્છાવશ બની ગઈ.

---

## પ્રકરણ ૨૭ મું

## અનંગસેનાના પત્રો

અનંતકુમારના ખૂનના સમાચાર આખા નગરમાં પસરી ગયા. જે લોકો તેને ઓળખતા હતા, તેમણે તેના સદ્‌ગુણોનાં ગાન ગાતાં ગાતાં સ્મશાન યાત્રામાં ભાગ લીધો. જે લોકો તેને ઓળખતા નહોતા, તેમણે તેની દયા ખાધી.

કોઇપણ માણસનું ખૂન થાય ત્યારે લોકો તેના પ્રત્યે સહજજ સહાનુભૂતિ દર્શાવે છે. તે સમયે મરનારના દુર્ગુણો પ્રત્યે લક્ષ આપવા જેટલી ધૃષ્ટતા હજી માનવ સમાજમાં પ્રવેશી નથી. મરનારના સદ્‌ગુણોની ગાથાઓ ગવાતી હોય છે. મૃત્યુસમયે શત્રુતા પણ ભૂલી જવાય છે.

અનંતકુમારના દુર્ગુણો કોઇના જાણવામાં નહોતા અને તે દુર્ગુણી નહોતો, એ વાત પણ નિર્વિવાદ હતી. તેના કપટ રહિત આચાર વિચાર ઘણા લોકોના જાણવામાં હતા.

રાજના માણસોએ તરતજ ખૂનની તપાસ આરંભી દીધી. અનંતકુમાર ગાનારીઓના આવાસ તરફથી આવતો હોય કે તે તરફ જતો હોય, એમ જોનારને લાગતું હતુ. રક્ષકોને પણ તેવીજ ખાત્રી થઇ ચૂકી હતી.

તપાસ કરતાં તે લોકોને જણાઇ આવ્યું કે કૃતપુણ્ય નામનો એક યુવક અનંગસેનાને ત્યાં રહેતો હતો. તેને મળવા માટે મરનાર વારંવાર જતો હતો. આ કારણથી કોને ખબર, પણ કૃતપુણ્ય આજે

અહીં મેદનીમાં જોવામાં આવ્યો હતો. એટલે કદાચ તેણે અનંગ-સેનાનું ઘર ત્યાગ્યું પણ હોય !

રાજ્યના અમલદારોનું લક્ષ તે વિષય પર ખેંચાયું. તેમણે અનંગસેનાના મકાનની આસપાસ સાદાં વસ્ત્રોમાં બે ચાર માણસોને ફરતા કરી દીધા.

તે સમયનું જાસુસી ખાતું બાહોશ હતું. મહામંત્રી પોતે બાહોશ હોવા ઉપરાંત જાસુસી કાર્યમાં ઘણા પ્રવિણ હતા. કોઇ કોઇ વાર નગરચર્યા માટે પોતે વેશ પલ્ટો કરીને બહાર નીકળી પડતા. તેમની ગુન્હાશોધક શકિત પ્રશંસનીય હતી. બુધ્ધિમાં તો તેમને કોઇપણ પહોંચી શકતું નહોતું.

બે દિવસમાં જાસુસોએ ખૂન કરનાર પઠાણને ગુન્હેગાર તરીકે ઝડપી લીધો. ન્યાયમાં કોઇ દિવસ મુદતો પડતી નહિ. ખાસ અગત્યનું કારણ હોય, તો જ ન્યાય લંબાવવામાં આવતો. ન્યાયને લંબાવવામાં પ્રજાને હેરાન કરવાનો હેતુ સમાયેલો રહેતો નહીં.

પઠાણે પોતાના ગુન્હાનો એકરાર કરતાં જણાવ્યું કે, પોતે તો માલિક બાઇના કહેવાથી ગુન્હેગાર હતો. માલિક બાઇ તરીકે અનંગસેનાને હાજર કરતાં, તેણે કહ્યું. 'અનંગસેનાબાઇ નહિ પણ એમની મા.' અને તે પછી અનંગસેનાની માતાને પકડી લાવવા માટે બે રક્ષકો ગયા. પણ તે વૃધ્ધસ્ત્રી સમજી ગઇ હતી, કે અનંગસેના તો નિર્દોષ તરીકે છૂટી જશે પણ પોતાના માટે બીજો કોઇ રસ્તો નથી. એટલે અનંગસેના ન્યાયાસન આગળ હતી, ત્યારે તે ડોશીએ ઝેર ખાઇ લીધું હતું. જ્યારે રક્ષકો તેને પકડી લાવવા માટે તેના આવાસે ગયા ત્યારે તેમના હાથમાં તેની લાશ આવી.

પરિણામે આખો ભેદ ખુલી ગયો. પઠાણને ગુન્હેગાર—ખૂની ઠરાવીને દેહાન્ત દંડની સજા ફરમાવવામાં આવી. ગુન્હાની ઉત્પત્તિ કરનાર ડોશી આત્મહત્યા કરીને મૃત્યુ પામી હોવાથી તેને ગુન્હેગારજ ઠરાવવામાં આવી. અનંગસેનાને નિર્દોષ ગણીને છોડી મૂકવામાં આવી.

એ પછી અનંગસેનાને પોતાના જીવનમાં અને સંસારમાં રસ રહ્યો નહિ. કાવા દાવા, ખૂનામરકી, વિશ્વાસઘાત, અસત્યોની પરંપરા અને ભોગવિલાસ ભર્યા સંસાર પ્રત્યે તેને તિરસ્કાર આવ્યો.

એક દિવસે સવારે તેણે બે પત્રો તૈયાર કર્યા. એક પત્ર તેણે મહામંત્રી અભયકુમારને એક પરિચારીકા સાથે મોકલ્યો. તેમાં લખવામાં આવ્યું હતું કે,

"વડિલ બંધુ અભયકુમાર !"

મેં સંસાર ત્યાગ્યો છે. મારી મિલ્કત હું આપને સુપ્રત કરૂં છું. તેમાંનો થોડો પણ હિસ્સો રાજભંડારમાં આપવાનો નથી. બધી મિલ્કત ગરીબો માટે અને અનાથો માટે વાપરવાની છે. તે કરતાં પણ શ્રેષ્ઠ માર્ગ છે પતિતોદ્ધારનો જો આપને વાંધો ન હોય તો પતિતોદ્ધાર માટે જ વાપરશો. આપના પર મને સંપૂર્ણ વિશ્વાસ છે.

કોઇપણ જાતના અધિકારી સંબોધન વિના ફક્ત ભાઇ તરીકે સંબોધ્યા છે, તેથી માઠું લગાડશો નહિ. મેં આજથી સંસાર ત્યાગ્યો છે. જગતના પ્રત્યેક પુરૂષને ભાઇ અને સ્ત્રીને બહેન તરીકે માનવા લાગી છું. પહેલો ઉપયોગ આપના નામ આગળ કર્યો છે.

લી. અનંગસેનાના પ્રણામ."

બીજો પત્ર તેણે બીજી પરિચારિકા સાથે કૃતપુણ્યપર મોકલ્યો. પરિચારિકા જ્યારે પત્ર લઇને કૃતપુણ્યને ત્યાં ગઇ ત્યારે કૃતપુણ્ય અનંતકુમારને ત્યાં ગયો હતો. પરિચારિકાએ તે પત્ર ધન્યાને ન આપતાં કહ્યું: 'આ પત્ર હાથોહાથ આપવાનો છે.' ધન્યા તેને લઇને અનંતકુમારને ત્યાં ગઇ. કૃતપુણ્યે તે પત્ર લીધો. પરિચારિકાના ગયા પછી તેણે તે પત્ર અનંતકુમારના માતા, પિતા, પરિમલ અને ધન્યા સાંભળી શકે તેવી રીતે મોટેથી વાંચવા માંડયો.

"કૃતપુણ્ય કુમાર !

તમે મને કે બીજા કોઇને સમાચાર આપ્યા વિના ચાલ્યા ગયા. એથી મને અત્યંત દુઃખ થયું હતું તેમજ એ પણ સ્વભાવિક

હતું કે, જો તમે મને કહ્યું હોત તો હું તમને જવા પણ ન દેત! તમે મારો ત્યાગ કર્યો, તેમાં મુખ્ય ભાગ અનંતકુમારની સલાહે ભજવ્યો છે, એ પણ હું સમજી શકી છું. મારી–અમારી દ્રષ્ટિએ અનંતકુમારનું કૃત્ય અમારા માટે નુકશાન કર્તા હતું છતાં નીતિ અને ધર્મની દ્રષ્ટિએ યોગ્ય હતું તમારાં માતા પિતાની કરૂણા જનક સ્થિતિ, તેમાં તેમનું અવસાન અને તમારી સતી સ્ત્રીનું કપરા સંજોગોમાં વહેતું જીવન જાણીને મને પણ અત્યંત દુઃખ થયું છે.

તમારા પિતા પાસેથી વારંવાર ધન મંગાવતી મારી માતાનું કૃત્ય તમારી કે મારી–બંનેની જાણમાં નહોતું. આપણે બંને તેમાં નિર્દોષ હતાં. મારે ત્યાં લક્ષ્મીની કમીના નહોતી કે જેથી તમારે ત્યાંથી તે મંગાવવી પડે. પણ મારી માતાએ તેના સ્વભાવ પ્રમાણે વર્તન ચલાવ્યું. ખેર! બનવાનું બની ગયું.

એકવાત હું તમને જણાવું છે, જે કદાચ તમે જાણતા નહિહો! અનંતકુમાર નિર્દોષ યુવક હતા, એ તો તમે પણ જાણો છો. પોતાથી બની શકે તેટલી સેવા કરવાની તેમની ધગશ હતી. પતિતોદ્ધારમાં તે વધુ લક્ષ આપતા હતા. તેમના ઉપદેશથી મારી મોટી બહેન મલ્લિકાએ પોતાનો દેહ પવિત્ર રાખ્યો હતો. અંતે તેવીજ પવિત્રતા જાળવી રાખીને તે સંસારને ત્યાગીને આત્મકલ્યાણ માટે અહીંથી ચાલી ગઇ. અમારો ધંધો મેં ત્યાગી દીધો હતો. તમારી સાથે થયેલા ગાંધર્વ વિવાહ સુધી હું કુમારીકા હતી. કોઇના દિલને રીઝવવા માટે મારે નૃત્ય કરવું પડયું નથી કે મિષ્ટ ભાષા વાપરવી પડી નથી. તમારી સાથેના લગ્ન પછી હું એક સતી સ્ત્રી જેટલીજ પવિત્ર રહી શકી છું. મારૂં વર્તન મેં એક પવિત્ર સ્ત્રીને છાજે તેવું રાખ્યું હતું અને હજી પણ છે. મારી ભાવના હતી કે, હું આદર્શ ગૃહિણી તરીકે જીવન વીતાવું. પણ બાહ્ય નીતિમાં માનનારો સમાજ મને તેમ જીવવા ન દે, એ સ્વભાવિક છે. તમે મને ત્યાગીને ગયા છો, તેમાં નીતિની દ્રષ્ટિએ ખોટું નથી. પણ જે પગલું તમે ભર્યું તે, માનવતાની દ્રષ્ટિએ વ્યાજબી

યે નથી. મેં તમારી સાથે એક ગણિકા જેવું જીવન વીતાવ્યું નથી. પણ એક આદર્શ પત્ની તરીકે જીવન વીતાવ્યું છે. હું સમજી શકું છું કે, લગ્ન ગ્રંથીથી જોડાયેલી તમારી પહેલી પત્ની પ્રત્યે તમે બેવફા ન બની શકો. પણ જો તમે મારા પર દબાણ કર્યું હોત, તો હું તમને તમારી પત્ની સાથે રહેવા દેત. તમારી પત્નીને હું મોટી બહેન જેવી માનત, તેની સેવા પણ કરત. કારણ કે મારે તો આદર્શ ગૃહિણી તરીકે જીવવું હતું.

ખેર ! આજે હું મારી મોટી બહેન મલ્લિકાના પગલે જઇ રહી છું. મારી બધી મિલ્કત મેં મહામંત્રી અભયકુમારને સુપ્રત કરી છે. એ મિલ્કત ગરીબો અને પતિતોના ઉદ્ધાર માટે વાપરવાની મેં ભલામણ કરી છે.

હવે મને સંસારમાં મોહ રહ્યો નથી. ક્ષણભંગુર જીવન અને ક્ષણિક સુખને ખાતર જન્મ, જરા અને મૃત્યુના ફેરામાં ઘુમ્યા કરવું, એના કરતાં એ ફેરા ટળે તેવા માર્ગે જવું મને યોગ્ય લાગ્યું છે.

મારી સેવામાં જો તમને કોઇપણ પ્રકારની ખામી લાગી હોય, અગર પત્ની તરીકેના તમારી સાથેના સહવાસમાં તમને કોઇ-પણ પ્રકારે અયોગ્ય બોલાઇ ગયું કે વર્તાઇ ગયું હોય, તો હું શુભ-નિષ્ટાથી તે બદલ માફી માગું છું.

પ્રભુ તમને ધન્યા બહેનને અને પરિમલ બહેનને સુખી રાખે, એ અભ્યર્થના ! લી. અનંગસેનાના પ્રણામ"

પત્ર પૂરો વંચાઇ ગયા પછી અનંતકુમારના પિતા બોલ્યા. "કૃતપુણ્ય ! મારા પુત્રે પોતાનુ જીવન વ્યર્થ વિતાવ્યું નથી, એની આ પત્ર ઉપરથી ખાત્રી થાય છે. જે બનવાનું હતું તે બની ગયું આ પત્રથી બીજી એક વાત અમને જાણવા મળી કે, અનંગસેના ગણિકા સમાજમાંથી પણ એક આદર્શ ગૃહીણી બની શકી. અમે આજસુધી આ વાત જાણતા ન હોતા. ક્ષણભંગુર દેહ અને ક્ષણિક સુખને તે સમજી શકી. પણ હજી સુધી આપણે તે સમજી શકતા નથી.

"સમય સમયનું કામ કરે છે. કાકા !" કૃતપુણ્ય બોલ્યો.

થોડા સમય માટે ત્યાં શાંતિ પ્રસરી ગઇ.

## પ્રકરણ ૨૮ મું

## પરદેશ ગમનનો વિચાર

દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. કૃતપુણ્યને અનંગસેનાનો ત્યાગ કરે લગભગ બે માસ વીતિ ગયા હતા. તેણે કામકાજ માટે ઘણી શોધ કરી પણ તેની આબરૂ—સમાજની દૃષ્ટિએ—ઘટી જવાથી તેમાં સફળતા મળી શકી નહિ. જો અનંતકુમાર જીવતો હોત તો તેને કંઇ ને કંઇ કામ મળી ગયું હોત. પણ તે નિર્દોષ યુવાન પણ પોતાની મિત્ર ફરજ બજાવતાં સ્વર્ગવાસી થયો હતો.

તેનાં માતા પિતા અને પત્ની વજ્ર જેવું હૃદય કરીને તે અસાહ્ય ઘા સહન કરી રહ્યાં હતાં. તેમને સંતોષ એટલોજ હતો કે, પુત્રે બીજાનું ઘર સુધારી આપવામાં, એક સ્ત્રીનું ખંડન થતું સૌભાગ્ય સજીવન કરવામાં પોતાનું બલિદાન આપ્યું છે.

કૃતપુણ્યને કાજે પતિનું મૃત્યુ થવા છતાં પરિમલે કોઇ દિવસ ધન્યા પ્રત્યે કે તેના પતિ પ્રત્યે અણગમો વ્યક્ત કર્યો નહોતો. પતિના મૃત્યુના દિવસે અને તે પછી ચાર છ દિવસ તે ધન્યાને ત્યાં જઇ શકી નહોતી. તેના બદલામાં ધન્યા અને કૃતપુણ્ય વારંવાર તેને ત્યાં જતાં આવતાં. તે બંને જણાં અનંતકુમારના કુટુંબનાં ઉપકાર વશ હતાં. તેમનો સંસાર તેણે—અનંતકુમારે સુધારી આપ્યો હતો. થોડા દિવસ પછી પરિમલ કોઇકોઇ વાર તેમને ત્યાં જવા લાગી હતી.

ધન્યાની આવકથી તેનો ઘર સંસાર કરકસરથી ચાલી રહેતો હતો, પણ તે માટે તેણે બહુજ કામ કરવું પડતું હતું, અને ઘણી

વાર તો રાતના ઉજાગરા પણ કરવા પડતા હતા. એક દિવસે કૃતપુણ્યે પોતાના હાથમાંની હીરાની વીંટી વેચી નાખી. તેની કિંમત પણ સારી આવી. ધન્યાએ તે પૈસા ઘર માટે વાપરવાનો વાંધો લેતાં કહ્યું:

"એ નાણાં મારાથી—આપનાથી ઘરમાં આપણા ઉપયોગ માટે વાપરી શકાય નહિ."

"કેમ?" આશ્ચર્ય પામતાં કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

"અનીતિનાં, વગર પરિશ્રમનાં અગર ચોરીનાં નાણાં વાપરનારનાં મન અને તેના વિચારો પણ તેવાજ થઇ જાય છે." ધન્યાએ પોતાના વિચારો દર્શાવ્યા.

"પણ એ વીંટી અનીતિની, વગર પરિશ્રમની કે ચોરીની નહોતી." કૃતપુણ્યે ખુલાસો કર્યો.

"તેને ત્યાં કંઇ નીતિના કે ખરી મહેનતના પૈસા આવતા હશે! ધન્યા બોલી. તેના કહેવાનો આશય અનંગસેના વિષેનો હતો.

"તારી સમજફેર થાય છે, ધન્યા! કૃતપુણ્ય બોલ્યો. "એ વીંટી અનંગસેનાની નહોતી. તે તો આપણી માલિકીની હતી. હું જ્યારે અહીંથી ચાલ્યો ગયો, ત્યારે તે મારા હાથમાં હતી અને હજી સુધી તે તેમજ રહી હતી."

"મારા માન્યામાં ન આવી શકે, નાથ!"

"હજી હું અસત્ય બોલતો નથી થયો, ધન્યા!"

"સાચું કહો છો?"

"એટલો પણ વિશ્વાસ નથી?"

"મેં કોઇ દિવસ તમારા પર અવિશ્વાસ રાખ્યો છે?"

"તો હું સાચું કહું છું, એમ માની લે."

"ભલે."

તે બાબતમાં બંને એકમત થઇ ગયાં, છતાં ધન્યાએ હજી સુધી તેમાંથી કંઇજ ઉપયોગમાં લીધું નહોતું. તે તો પોતાની આવકમાંથીજ

વાપર્યા કરતી હતી.

"સ્વામિ! આ મોટી વણઝાર આવી છે. આવતી કાલે તે અહીંથી નીકળશે. તેમને અહીં કોઇ કામ આપતું નથી. તમે પૈસા કમાવી લાવો અને હું મોજ કરૂં એવી મારી ઇચ્છા નથી, પણ કામ વિનાના માણસોનો સમય આળસમાં જાય છે. તેના મગજમાં વિચારોની પરંપરા ચાલ્યા કરતી હોય છે. મને લાગે છે કે તમે જો તેની સાથે જાવ તો અહીંના લોકોની નિંદામાંથી બચી જાવ અને ધન કમાઇને આવો ત્યારે ઉન્નત મસ્તકે તેમના સામે ઊભા રહી શકો." કેટલાક દિવસથી પોતાના મનમાં ઘોળાતા વિચારો ધન્યાએ કૃતપુણ્યને કહી સંભળાવ્યા.

ઘણા સમયથી એક વણઝાર રાજગૃહિની પાધરે આવીને પડી હતી. તેનો માલિક બહુ ઉદાર હતો. વેપારમાં તેની જાહોજલાલી હતી. તે બહુ કુનેહબાજ હોવાથી ધન પણ સારૂં પેદા કરી શકતો હતો. તેની સાથે ઊંટ, ઘોડા, ખચ્ચર, ગાડાં, બળદ વગેરે પ્રકારનાં સાધનો હતાં.

તે સમયે વેપારનું મોટું સાધન તેવાં વાહનો ગણાતાં. દેશ-પરદેશ સાથેનો વહેપાર બનતાં સુધી વણઝારની મારફતે થતો. વણઝારનો માલિક વણઝારો કહેવાતો. તેની સાથે તેના અનેક માણસો રહેતા. સૌને તે સારા પગારો આપતો. રસ્તાની મુસાફરી કરવી પડતી હોવાથી રક્ષણ માટે કેટલાક સશસ્ત્ર રક્ષકો પણ રાખતો. કોઇ કોઇ વાર તે સમુદ્રની પણ મુસાફરી કરતો. તેની મુસાફરી કેટલાય વરસોની લાંબી થતી. તેનો વહેપાર દેશ પરદેશ સાથે ચાલુ રહેતો. જ્યાં જ્યાં જે જે માલની અછત હોય, ત્યાં ત્યાં પોતે માલ આપતો અને જે જે માલ ત્યાં થતો હોય, તે માલ તે પોતાના માલના બદલામાં ખરીદ કરી લેતો. એ રીતે એને આવક સારી થતી.

જે દેશમાં જે માલની ઉત્પત્તિ થતી હોય, ત્યાંથી તે માલ સસ્તા ભાવે લેતો, અને જ્યાં જે માલની અછત હોય, ત્યાં તે માલ

મોટી કિંમતે આપતો. એ રીતે તેને મોટી પેદાશ થતી.

રાજગૃહિમાં તેનું કામકાજ પતી ગયું હતું. બીજે દિવસે સવારે તે ત્યાંથી પોતાનો પડાવ ઉપાડવાનો હતો.

"બે ત્રણ દિવસથી હું પણ તેજ વિચાર કરૂં છું, ધન્યા !" કૃતપુંણ્ય બોલ્યો. "પણ હું તને કહી શકતો નહોતો :"

"કેમ ?"

"આજસુધી મેં તને આવી મહેનત મજુરી કરતી એકલી રાખી છે. અને પાછી આવીજ દશામાં તને મૂકીને હું ચાલ્યો જાઉં તો તારા હૃદયને દુઃખ ન થાય ?

"સ્વામિ !" પહેલાં તમે જે માર્ગે ગયા હતા, તેથી જરૂર દુઃખ થાય પણ હવે જો તમે ધંધાર્થે બહાર જાવ તો બિલ્કુલ દુઃખ ન થાય. લક્ષ્મી અને આબરૂ મેળવવા માટે તો પરદેશજ શ્રેષ્ઠ ગણાય છે, સ્વામિ !"

"એ તો હું પણ સમજુ છું ધન્યા, કે પુરૂષના માટે પરદેશજ શ્રેષ્ઠ છે." કૃતપુણ્ય બોલ્યો. "મને ફક્ત તારૂ નિઃસહાય જીવનજ સાલ્યા કરે છે. પહેલાં અનંતકુમાર હતો તો તને કંઈક આશ્વાસન પણ મળતું હતું. હવે તો તે પણ નથી. પરિમલ બહેન પણ દુખીયારાં થઇ ગયાં છે. હું જ્યારે જ્યારે તેમનું નિર્દોષ પણ શોકમય મુખકમળ જોઉં છુ. ત્યારે ત્યારે મારી અંતરવ્યથાનો પાર રહેતો નથી. ધન્યા, ! તારા સુખને ખાતર નિર્દોષ અનંતકુમારે પોતાના પ્રાણુની આહુતિ આપી. હું તો ખાલી વાતોજ કર્યા કરતો હતો પણ તેણે તો પરાર્થે સ્વાર્પણ કરી બતાવ્યું.

તેનાં નયનોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. "મને સન્માર્ગે વાળવાનો તેનો નિશ્ચય ફળીભુત થયો. જાણે તારા ડુબતા સૌભાગ્યને તારવા માટે જ જન્મ લીધો હોય. તેમ તે પોતાનું કાર્ય પાર પાડીને આ લોક છોડીને ચાલ્યો ગયો." તેણે પોતાના અશ્રુઓ લૂછતાં કહ્યું.

એટલામાં પરિમલ આવી પહોંચી. પરિમલે તેને આંસુ લૂછતો જોઇને પ્રશ્ન કર્યો.

"શું થયું કૃતપુણ્ય ભાઇ!"

કૃતપુણ્યનું હૈયું ભરાઈ આવવાથી તે બોલી શકયો નહિ. તેના બદલામાં ધન્યાએ જવાબ આપ્યો.

"અનંતકુમાર ભાઇ યાદ આવે છે, બહેન!"

"એમાં રોવાનું હોય?" પરિમલ આશ્વાસન આપતાં બોલી "જગતમાં જન્મ લેનાર માટે મૃત્યુ તો નિર્માયેલુંજ છે, ભાઇ! જન્મ જરા અને મૃત્યુ એતો સંસારની ઘટમાળ છે. જો તે ફરતાં ન રહે તો તેને ઘટમાળ કેમ કહેવાય! અને તેની હસ્તી ન હોય તો માણસો પરમાત્માને માને પણ ખરા? ભાઇ, કોઇના મૃત્યુ બદલ–પાછળ રોતા બેસવાનું ન હોય. તેના મૃત્યુ પાછળ તો તેના સદ્‌ગુણોને પોતાના જીવનમાં ઉતારવાના હોય. જેમ તમારા વિકૃત જીવન પથને તેમણે શ્રેષ્ઠ બનાવ્યો, તેમ તમે બીજાઓનાં જીવન પથને શ્રેષ્ઠ બનાવો, તેમાંજ તમારી શોભા છે.

માનવજીવન એટલે કર્તવ્યોની પરંપરા. જગતમાં તે પરંપરાનો અંત નથી. ભગવાન શ્રીકૃષ્ણે કર્મવાદનો બોધ આપ્યો અને નેમિનાથે અહિંસાવાદની ગાથા સુણાવી. લોકોની અર્વાદગ્ધ બુધ્ધિએ તેમાં ભેદ પાડવાનો પ્રયત્ન કર્યો છે. ખરી રીતે બંનેના માર્ગ આખરે તો એકજ છે. કર્મવાદમાં શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કર્યા પછીજ અહિંસાવાદમાં સફળતા પ્રાપ્ત થાય છે. ભગવાન નેમિનાથ શ્રીકૃષ્ણથી આગળ વધી ગયા હતા.

શ્રીકૃષ્ણે અન્યાય અને અસત્યનો નાશ કરવા માટે ન્યાય અને સત્યનો પક્ષ લીધો. અન્યાય અને અસત્યને માર્ગે જતા દુરાચારી માનવોના સંહારમાં તેમણે પોતાનું કર્તવ્ય માન્યું. ભગવાન નેમિનાથે પણ અન્યાય અને અસત્યને વખોડી કાઢયાં હતાં. સત્ય અને ન્યાય એ એમનાં ધ્યેય હતાં. પણ સંહાર એ એમના મત પ્રમાણે ભયંકર પાપ

હતું. પાપીને સંહારવામાં શ્રીકૃષ્ણે કર્તવ્ય માન્યું હતું; ને ભગવાન નેમિનાથે પાપીને સદ્દબોધથી સન્માર્ગે વાળવામાં કર્તવ્ય માન્યું હતું. બંનેના મત પ્રમાણે પાપ એ અપવિત્ર તો હતુંજ અને એવા કર્મ-વાદી શ્રીકૃષ્ણનું મૃત્યુ પણ આખરે કેવી રીતે થયું, તે તમે કયાં નથી જાણતા, ભાઈ! એવા મહાપુરૂષોનું મૃત્યુ એક પારધિના બાણથી જંગલમાં અકાળે—જગતની નજરે—થયું, ત્યાં તમારા ભાઈ તો એક સાધારણ માનવી હતા. કર્તવ્યોની પરંપરામાં જીવતા એવા સાધારણ માનવીનું મૃત્યુ એવી રીતે થાય, એમાં રડવાનું શું હોય!

હું અને તે કયાં જુદાં હતાં? એકજ મને સંકળાયેલા બે દેહ રૂપી જીવતાં અમે આખરે છૂટાં પડયાં. શું મને એનું દુઃખ નહિ થતું હોય, ધન્યા બહેન? પણ પૂર્વભવના ઋણાનુબંધ પૂરા થાય અને પરમાત્માજ સંબંધ તોડી નાંખે, ત્યાં માનવનો ઉપાય કેવી રીતે ચાલી શકે! પરમાત્માની ઇચ્છા વિરૂદ્ધ કે તેમની કરણી વિરૂદ્ધ રોવું અને દુઃખી થવું, એમાં પણ શો લાભ!"

બોલતાં બોલતાં પરિમલનું હૃદય ભરી આવ્યું. માણસ પોતાનું હૈયું ગમે તેટલું કઠિન રાખે, છતાં સંસારી સંબંધો તેને કુસુમવત નરમ બનાવી નાંખે છે.

પરિમલનો ચહેરો જોઈને ધન્યા તરતજ તેનું હૈયું પારખી ગઈ.

"પરિમલ બહેન!" ધન્યા કહેવા લાગી. "બનવાનું હતું તે બની ગયું. સંસારી માણસો થોડાજ સમયમાં સંબંધ કે દુઃખ ભૂલી જાય, એવાં દૃઢ મનનાં નથી હોતાં."

"ધન્યા, હવે એ વાત લંબાવીને પરિમલ બહેનને દુઃખી કરવાની જરૂર નથી." કૃતપુણ્ય બોલ્યો. "આપણે તેમની સલાહ લઈએ." અને તે પરિમલને ઉદ્દેશીને કહેવા લાગ્યો. "બહેન! મારો વિચાર છે કે આ વણઝારની સાથે જઉં."

"તેમાં ખોટું નથી, ભાઈ!" પરિમલ બોલી. "જો ધન્યા

ખુશી હોય, તો રાજી ખુશીથી જાવ. પુરૂષ તો પરદેશે જ શોભે !

પરિમલ સમજતી હતી, કે કૃતપુણ્યને અહીં કામ ધંધો મળવો મુશ્કેલ છે. જો તે વણઝારની સાથે જાય તો કામે લાગી જશે અને કમાઇને પણ આવશે. નિર્દોષ ગરીબને ન અપનાવી લેનાર લક્ષ્મીલોભી સમાજ ગમે તેવા પાપી ધનવાનને સન્માન સહ અપનાવી લેવામાં ગર્વ માને છે. કારણ કે પાપી છતાં ધનવાન તે ધનવાન છે, લક્ષ્મી-લોભી સમાજને પાપ કે પુણ્યની પડી નથી.

“ હું તો ખુશી છું, પરિમલ બહેન ! ” ધન્યા બોલી.

“ તો જરૂર જાવ, ભાઇ ! ” પરિમલ બોલી. “મારૂં અંતર કહે છે કે તમે જરૂર સફળ થાશો...વણઝાર અહીથી ક્યારે નીકળવાની છે ? ”

“ આવતી કાલે વહેલી સવારે.” કૃતપુણ્ય બોલ્યો.

“ તો તૈયાર થઇ ને હમણા જ તેના માલિકને મળી આવો, ને સાંજે તેમાં દાખલ થઇ જાઓ, ” પરિમલે કહ્યું.

” તમે બંને જણાં અહીં બેસો. હું તમારાં સાસુ સસરાના આશિર્વાદ લઇ આવું. ” કૃતપુણ્ય બોલ્યો.

“ પહેલાં તમે નક્કી કરી આવો, ભાઇ ! ” પરિમલ બોલી. “ આશિર્વાદ તો ઘેરથી નીકળતી વખતે લેજો. ”

” ભલે. ” કૃતપુણ્ય બોલ્યો, ને જોતજોતામાં તે વણઝારના માલિકને મળવા જવા માટે તૈયાર થઇ ગયો.

***

## પ્રકરણ ૨૯ મું

## આશ્ચર્યાવસ્થા

તેજસ્વી સૂર્યનાં સોનેરી કિરણો જગતપટ પર પથરાઇ ચૂક્યાં હતાં. કિરણોની પ્રખરતા વધતી ચાલી હતી. ગ્રામ્યજનો કામે લાગી ગયા હતા. રાત્રે સ્તબ્ધતા જેવી પથરાયેલી શાંતિ અદ્રશ્ય થઇ ગઇ હતી. થોડા વખતથી પાછો વહેલી સવારે ઊઠવાને ટેવાયલો કૃતપુણ્ય હજી સ્પષ્ટ જાગૃતિ પામી શક્યો નહોતો. તેની આંખો હજી બરાબર ખુલી શકતી નહોતી, પણ તેની ધ્રાણેન્દ્રિય કંઇક નવું તત્ત્વ અનુભવી રહી હતી. રાત્રે સૂતી વખતે ખુલ્લી જગાએથી આવતો મંદ મંદ શિતળ પવન તેના દેહને સ્પર્શતો નહોતો;

શરીરને અડીને વહેતા સુવાસિત પવન અને સુગંધમય તત્ત્વથી નાકને થતી અસરથી તે જાગી ઊઠયો. મહામહેનતે તેણે આંખ ખોલી.

પણ આ શું !

પોતે સદેહે અમરાપુરીમાંતો નથી ને !

પોતે એક ચંદનના કાષ્ટમાંથી બનાવેલા પલંગ પર સૂતો છે. પલંગની ચારે બાજુએ સ્વર્ગની અપ્સરાને પણ ભુલાવે એવી સુંદર નાજુક ચાર સ્ત્રીઓ ઊભી છે. એકના હાથમાં મુખપ્રક્ષાલનના સાધનો છે. બીજીના હાથમાં અરીસો છે, ત્રીજીના હાથમાં મુખ પ્રક્ષાલન પછી મુખ લૂંછવાનું સુંદર, સ્વચ્છ શુભ્ર વસ્ત્ર છે અને ચોથાના હાથમાં મયૂર પીછનો નાજુક પંખો છે.

ભીંત પર નજર પડતાંજ તે આશ્ચર્ય પામ્યો. ચારે ભીંતો

અખંડ અરીસાથી મઢી દેવામાં આવી હતી. ઉપરનો ભાગ પણ અરીસાથીજ મઢેલો હતો. જમીનપર પણ મજબૂત અરીસો જડવામાં આવ્યો હતો. ચારે દીવાલો પર' ઉપર કે નીચે જોતાં ફક્ત પ્રતિબિંબજ દેખાતાં હતાં. આખો ખંડ અરીસામયજ બનાવી નાખવામાં આવ્યો હતો.

કૃતપુણ્ય આશ્ચર્ય પામ્યો. તેણે ફરીથી પોતાના નયનો ચોળી જોયાં પણ તેની નજરે તો પહેલાં હતું તેજ પડયું. તે વિચારવા લાગ્યો કે, ' આ અમરાપુરીમાં પોતે કયાંથી આવી પહોંચ્યો ! અને પછી ગઇ કાલે રાત્રે કયાં અને કેવી રીતે સૂઇ ગયો હતો. તે યાદ કરવા લાગ્યો

બીજે દિવસે સવારે વણઝાર ઉપડી જવાની હોવાથી તે ધન્યાની અને પરિમલની સલાહથી વણઝારના માલિકને મળવા ગયો હતો. માલિક ઉદાર સ્વભાવનો અને લાગણીવાળો માણસ હતો. વય જોતાં તે હજી પ્રૌઢાવસ્થામાં પ્રવેશ્યો હોય, એમ લાગતું નહોતું.

કૃતપુણ્ય તેને મળ્યો. બંનેની વચ્ચે વાતચીત થઇ અને પોતાની વણઝારના નિયમ પ્રમાણે વણઝારના માલિકે પગાર આપવાનું નક્કી કર્યું.

પગાર નક્કી કરીને કૃતપુણ્ય ઘેર ગયો. તેણે ધન્યાને સઘળી વાત કરી. પતિના શુભ ભવિષ્યની આશાએ પત્નીને ઘણો આનંદ થયો. બંને જણાં પરિમલને ત્યાં ગયાં. પરિમલના સસરા પાસે જઇને કૃતપુણ્યે બધી વાત કરી, પરિમલના સસરાએ આશીર્વાદ આપતાં કહ્યું.

" કૃતપુણ્ય, મારા અનંતના મૃત્યુ પછી હું તને તેની જગાએ માનતો આવ્યો છું. એટલે તારૂં શુભ ઇચ્છું એમાં નવાઇ નથી. પણ તે ઉપરાંત તારા બાલ્યકાળથી મને તારા પર અત્યંત પ્રેમ છે. મારા અંતઃકરણના આશીર્વાદ છે કે, તું સુકીર્તિને લક્ષ્મી પ્રાપ્ત કરીને જલદી પાછો આવ અને જેવા નિષ્કલંકિતપણે તારા પિતા સમાજમાં ઉન્નત મસ્તકે જીવન વીતાવતા હતા, તેવા નિષ્કલંકિતપણે

આ પોકળ આબરૂ વાંછતા સમાજમાં ઉન્નત મસ્તકે જીવન વીતાડ."

"કાકા," નમ્રતાપૂર્વક કૃતપુણ્ય બોલ્યો. "આપના હાર્દિક આશીર્વાદ એજ કાર્યની સિદ્ધિ છે, મારી આટલી નાની ઉમરમાં મેં જે જોયું અને અનુભવ્યું છે તે સાધારણપણે ઓછું નથી. મારા આટલા અનુભવે મને ઘણું શીખવ્યું છે. સમાજ આડાડંબરને પૂજે છે. સત્ય અને અહિંસા ગમે તેટલાં શ્રેષ્ઠ અને સંસારતારક હોય. છતાં સમાજને તે તરફ લક્ષ આપવાની આવશ્યકતા બહુ ઓછી ભાસે છે. જ્યારે જ્યારે આંધી ચઢે છે. ત્યારે ત્યારે આંધીનાં તત્ત્વોને ઓળખી લઇને સમાજ પોતાનાં વહેણ બદલે છે. જ્યારે સત્ય અને અહિંસાનો વંટોળ વાય છે ત્યારે સમાજ મને કે કમને અસત્ય અને હિંસા પ્રત્યે ઘૃણા દર્શાવે છે. પણ તે વંટોળ શમી જતાં પાછો સમાજ પોતાના અસલ સ્વભાવને વળગી પડે છે.

"તારૂં કહેવું અસત્ય નથી, બેટા!" પરિમલના સસરા બોલ્યા." જગતમાં ગુન્હેગારોને વધારનાર પોકળ કીર્તિમાં માનતો સમાજ છે. સમાજની પ્રથમ ફરજ એ છે કે ગુન્હેગાર જો ગુન્હેગારની વૃત્તિ ત્યાગીને ન્યાયના પંથે જવા ઇચ્છતો હોય, તો તેને અપનાવી લેવો જોઇએ. પણ એ રીતે વર્તવાને આપણો અર્ધદગ્ધ સમાજ તૈયાર નથી. સમાજને પોતાની ભૂલો સુધારવાનો સમય મળતો નથી. તે તો સામાની ભૂલો જોવાને અને તેની ટીકા કરવાને ટેવાયલો હોય છે. એટલે એવા સમાજ જેવો ટીકાખોર નહિ, પણ સત્યને પડખે હિંમતથી ઊભો રહી શકે, અને નિર્દોષોને સહાય કરી શકે તેવો પરિપૂર્ણ બનીને જલ્દી આવજે, એવા મારા તને આશીર્વાદ છે.

"આપના આશીર્વાદ પ્રમાણે હું પરિપૂર્ણ બનીને આવીશ, કાકા!" કૃતપુણ્ય બોલ્યો. પણ ધન્યાને બીજો કોઇ સહારો નથી. એટલે મારા ગમન પછી તેને ઓછું ન આવે એટલી કાળજી રાખવા હું વિનંતિ કરૂં છું."

"ધન્યા વિષે તું ચિંતા કરીશ નહિ, બેટા!" પરિમલના સસરા

બોલ્યા. "જેમ પરિમલ છે તેમ ધન્યા પણ છે. બંનેને હું સમદષ્ટિથી જોઇશ."

અને પછી બીજી કેટલીક વાતચીત પછી કૃતપુણ્ય અને ધન્યા પોતાનાં ઘેર ગયાં. પરિમલ પણ તેમની સાથે ગઇ. ધન્યા અને પરિમલે મળીને કૃતપુણ્યને સાથે લઇ જવા માટે ભાથું બનાવ્યું. વણઝારમાં નિયમિત રીતે રસોઇ થતી હોવાથી જમવાની અગવડ પડે તેમ નહતું. પણ વ્યવહારની દષ્ટિએ અને પતિ પ્રત્યેના પ્રેમે ધન્યાએ ચાર લાડુ બનાવ્યા. તે લાડુ એક નાના ડબ્બામાં ભરવામાં આવ્યા.

નિકળવાનો સમય થતાં પરિમલ બોલી: " કૃતપુણ્યભાઇ ! અત્યારે તમે લાંબા સમય માટે બહારગામ જઇ રહ્યાછો, એટલે તમને એક વાત જણાવવાની આવશ્યકતા ઊભી થઇ છે."

" મારે હવે નવું જાણવા જેવું શું બાકી રહ્યું છે, બહેન ?" કૃતપુણ્ય બોલ્યો "મેં તો ઘણું જાણી લીધું છે. મારા જેવા અવિચારીની પત્નીને અખંડરાત ઉજાગરા કરી ને જીવન નિર્વાહ ચલાવવો પડે છે, એટલું પણ જાણવાનું મેં બાકી રાખ્યું નથી."

"એમાં કંઇ જ નવું નથી, ભાઇ !" પરિમલ બોલી. "સ્ત્રીઓનો તો તે ધર્મ છે. સ્ત્રી તેજ કહેવાય, કે જે ગમેતેવા કપરા સંજોગોમાં પોતાના અધોગતિએ પહોંચેલા પતિનું શુભ ઇચ્છે. ગમે તેવી મુશ્કેલીઓમાં પણ નિષ્કલંકપણે જીવી શકે અને જીવી જાણે."

"ત્યારે બીજું શું કહેવાનું છે?" કૃતપુણ્યે પૂછ્યું.

"ધન્યા બહેન થોડા જ મહિનામાં બાળકની માતા થવાના છે." પરિમલ સરળતાથી કહેવા લાગી. "વરસો બાદ જ્યારે તમે સુખરૂપ પાછા આવો ત્યારે આટલી વાત યાદ રાખજો."

કૃતપુણ્યે ધન્યા તરફ નજર કરી. ધન્યા જમીન તરફ જોઇ રહી હતી.

"બહેન, મને તો આ વાતની ખબર પણ નથી." કૃતપુણ્ય બોલ્યો.

"તમને ખબર નથી માટે જ કહેવું પડયું છે. કારણ કે પુરૂષ

સ્વભાવ શંકાશીલ હોય છે." પરિમલે ખુલાસો કર્યો.

"જેમ સ્ત્રીઓનો સ્વભાવ સહનશીલ હોય છે. તેમ' નહિ?" કૃતપુણ્ય હસતાં હસતાં બોલ્યો.

"આ વાત મજાક કરવાની નથી, ભાઇ!" પરિમલ બોલી. "તમારા ભવિષ્યના સુખી સંસાર માટે અતિ મહત્ત્વની છે. જ્યારે તમે પાછા આવશો ત્યારે તમારા આ નાના ઘરમાં વાતાવરણને ઉમંગીત કરતું એક બાળક કલ્લોલ કરતું હશે. એ વખત તમને બીજી કોઇ જાતના પ્રશ્નો–વિચારો ન મૂઝવે, તે માટે મેં આટલો જરૂરી ખુલાસો કર્યો છે.

"એ માટે હું તમારો ઉપકાર માનું છુ, બહેન!" કૃતપુણ્ય બોલ્યો. "તમે પુરૂષ સ્વભાવને સારી રીતે પિછાની શકયા છો."

એ પછી કેટલીક વાતચીત થઇ. ધન્યાએ અને પરિમલે કૃતપુણ્યનું શુભ ઇચ્છયું અને વિદાય આપી.

ત્રણેનાં નયનો ભીંજાયાં. પણ તે અશ્રુ દુઃખનાં નહોતાં. સુખદ ભવિષ્યની આશાએ અપાતી વિદાયનાં હતાં.

એ રીતે કૃતપુણ્યે વિદાય લીધી. સાથે ભાતાનો ડબો અને થોડાં કપડાં લીધાં. વણઝારમાં જઇને કોઠારી પાસેથી એક ખાટલો અને એક ગાદી તથા ઓઢવાનું લીધાં.

રાત થતાં ભાથાનો ડબો અને કપડાં તેણે ઓશીકાનીચે મૂકયાં. ખાટલા પર જૂની ફાટેલી ગાદી નાંખીને તે સૂઇ ગયો. પોતે વણઝારનાં માનવીઓથી અજાણ્યુ હોવાથી એકદમ છેવાડે એક નાના વૃક્ષની નીચે તેણે પોતાનો ખાટલો નાખ્યો હતો. સવારે પરોઢ થતા પહેલાં પણ વણઝાર ઉપડવાની હોવાથી તેને પણ વહેલું ઊઠવાનું હતું.

થોડી વારે વિચારમાં ને વિચારમાં તે ઊંઘી ગયો. ખુલ્લી જગાનો મંદમંદ વહેતો ઠંડો પવન તેના દેહને આરામ આપતો હતો. પવનના મીઠા ગુંજનમાં તેને તત્કાળ ઊંઘ આવી ગઇ.

પણ.........

જ્યારે તેણે આંખ ઉઘાડી ત્યારે તેને આશ્ચર્ય થયું. પોતે ક્યાં અને કેવી સ્થિતિમાં સૂઇ ગયો હતો, ને અત્યારે ક્યાં અને કેવી સ્થિતિમાં છે? શુદ્ધ પ્રતિબિંબ પાડતા અરીસાની આ ચાર દિવાલો વચ્ચે ચંદનના પલંગ પર દોઢ વેંત ઊંચી મખમલની ગાદી પર પોતે સૂતો છે. ચાર ચાર પરીઓ પોતાના જાગૃત થવાની રાહ જોતી ઊભી છે. એકના હાથમાં મુખ પ્રક્ષાલનનાં સાધનો છે, બીજાના હાથમાં સુંદર અરીસો છે, ત્રીજાના હાથમાં મુખ પ્રક્ષાલન પછી મુખ લૂછવાને સુંદર, સ્વચ્છ શુભ્ર વસ્ત્ર છે અને ચોથીના હાથમાં મયૂર પીછનો નાજુક પંખો છે.

તેણે ખાત્રી કરી જોઇ કે પોતે સ્વપ્નામાં નથી પણ જાગૃતાવસ્થામાં છે. ખાત્રી કરી લીધા પછી ધીમે રહીને ખુલ્લીરીતે નયનો ખોલ્યાં. નયનો ખૂલેલાં જોઇને અરીસો પકડીને ઊભી રહેલી સ્ત્રીએ પોતાના હાથમાંનો અરીસો તેના ચહેરા સામે ધર્યો. કૃતપુણ્યને તેમાં પોતાનું મુખ સ્પષ્ટ દેખાયું. તેને યાદ આવ્યું કે પવિત્ર માણસો હંમેશાં પ્રાતઃકાળે ઊઠીને બીજાનું મુખ જોતાં પહેલાં પોતાનું મુખ અરીસામાં જોતા હોય છે. મયૂરપીછનો પંખો પકડીને ઊભી રહેલી સ્ત્રીએ પવન નાંખવા માંડયો.

કૃતપુણ્યને ખાત્રી થઇ કે પોતે અમરાપુરિમાંજ છે. જો તેમ ન હોય, તો આવાં સાધનો, આવો આવાસ, આવી અપ્સરાઓ અને આવી સુવ્યવસ્થા સંભવેજ શી રીતે! દુનિયા પર આવી સાહેબી અને આવી સુવ્યવસ્થા ન જ હોય!

સ્વસ્થતા પ્રાપ્ત કરતાં તેણે પ્રશ્ન કર્યો: "હું ક્યાં છું?"

જવાબમાં પંખો ઢાળતી સ્ત્રીએ કહ્યું: "અહીં આપણે ત્યાંજ છો, પ્રાણનાથ!"

## પ્રકરણ ૩૦ મું
## મુનિમજીએ નવો માર્ગ શોધ્યો.

સંધ્યા વીતી ગઇ હતી. રાત્રિનો અંધાર પછેડો કાળાં કૃત્યો કરનારને માટે પથરાઇ ચૂક્યો હતો. કાદવમાં પણ જેમ કમળ સ્વચ્છ અને નિષ્કલંક રહે છે, તેમ સત્પુરૂષો–સાધુસંતો તેવા અંધાર પછેડામાં પણ પોતાના અને જગતના ઉધ્ધાર માટે નિષ્કલંક રહીને સત્કાર્યો કરવામાં અને ભક્તિ કરવામાં મશ્ગુલ રહેતા હોય છે.

રાજગૃહિના એક શ્રીમંત શ્રેષ્ઠિના ઘરમાં પાંચ સ્ત્રીઓ અને બે પુરૂષો ખાનગી મસલત ચલાવી રહ્યાં હતાં. સંસારમાં જીવતા માણસો માટે ખાનગી નામનો શબ્દ બહુ મહત્ત્વનો હોય છે. પણ એની સાથે આ પણ સ્પષ્ટ છે કે ખાનગી નામના શબ્દની સાથે સંકળાયેલાં કૃત્યો સારા કરતાં ખોટાં વધુ પ્રમાણમાં હોય છે. ગુન્હા કરવાના વિચારો પણ ખાનગીમાં થાય છે અને તેનો અમલપણ ખાનગીમાંજ થાય છે.

જિનદત્ત નામના એક શ્રીમંત વહેપારી અચાનક મૃત્યુ પામ્યા હતા. તેમના મૃત્યુની ખબર સાત વ્યક્તિઓનેજ હતી. તેમનાં સિવાય હજી સુધી કોઇના કાન પર તે વાત ગઇ નહોતી, તેમજ કોઇના કાન પર જાય નહિ, તેની પણ ખાસ કાળજી રાખવામાં આવી હતી.

પાંચ સ્ત્રીઓમાં એક વૃદ્ધ સ્ત્રી હતી. તેનું નામ હતું શેઠાણી રૂપવતી. નામ પ્રમાણે ખરેખરજ તે રૂપવતી હતી. બીજી ચાર સ્ત્રીઓનાં

રૂપની વાત તો જગ જાહેર હતી. લોકો કહેતા, કે સુંદરતા જોવી હોય, તો જિનદત્ત શેઠની ચારેય પત્નીઓ જુવો. સ્વર્ગની અપ્સરાઓ પણ એમના આગળ ઝાંખી લાગે! પાણી પીએ ને ગળામાથી ઊતરતું તે દેખાય! હસે ને ફૂલ વેરાય! ચાલે ને કિન્નરીઓનાં પગલાંનો ખ્યાલ આવે! જવલ્લેજ ઘરની બહાર પગ મૂકે! શ્રીમંતાઇતો તેમના કૂંટુબનેજ વરેલી છે. અને ખરેખર, લોકોનું કહેવું પણ સત્ય હતું.

એ પુરૂષોમાં એક હતા તેમના જૂના, અનુભવી ને વિશ્વાસુ મુનિમ અને બીજા હતા વૃદ્ધ, અનુભવી ને મરતાને પણ ઘડીભર જીવાડે તેવા વૈદ્ય.

"પણ હવે કોઇ રસ્તો કાઢવોજ પડશે ને, મુનિમજી!" શેઠાણી બોલ્યાં.

"એ વિના છુટકો નથી બહેન, !" મુનિમજી બોલ્યા "તેમના મૃતદેહને રાખ્યો છે તો બરાબર ખાનગીમાં ને?

"એમાં કંઇ કહેવું પડે તેમ નથી. શેઠાણી બોલ્યાં " હજી સુધીતો નોકર ચાકરને પણ ખબર પડવા દીધી નથી. પતિના મૃત્યુનો શોક પણ દર્શાવવાની આ ચારે વહુઓને મનાઇ કરી છે. પતિના અણધાર્યાં મૃત્યુ છતાં તેમના ચહેરાપર શોકની છાયા તમે જોઇ શકોછો?

મુનિમે અને વૈદે ચારે વહુઓના ચહેરાપર નજર કરી. તેમને શેઠાણીનું કથન સત્ય જણાયું. પતિનું અણધાર્યું મૃત્યુ થયુ હોવા છતાં એ ચારે સ્ત્રીઓએ મન પર અત્યંત કાબૂ રાખીને પોતાના ચહેરાઓ પર શોક કે દુઃખની છાયા સરખીયે પ્રકટ થવા દીધી ન હોતી. સાસુની સૂચનાનો તેમણે બરાબર અમલ કર્યો હતો.

પતિનું મૃત્યુ એટલે કોઇપણ સ્ત્રીને માટે આખા જીવનમાં મોટામાં મોટો દુઃખદ પ્રસંગ. સ્ત્રીને માટે તેવો દુઃખદ પ્રસંગ તેના આખા જીવનમાં હોતો નથી. પતિના મૃત્યુથી તે વિધવા બને છે. વિધવાની સ્થિતિ ઘણી કફોડી બને છે. સંસાર સાગરમાં સુકાની પતિ જ હોય છે. ચારે સ્ત્રીઓ હજી નાની હતી. સંસારનું સુખ જોયુ

ન જોયું ને પતિ મૃત્યુ પામ્યા હતા. પતિના મૃત્યુને હજી અર્ધી ઘટિકા પણ વીતી ગઇ નહોતી. મૃતદેહને એક નાના ખંડમાં મૂકીને તે ખંડ બંધ કરવામાં આવ્યો હતો.

જિનદત્ત ધનદશેઠના એકના એક પુત્ર હતા. ધનદશેઠે નીતીથી જ લક્ષ્મી પેદા કરી હતી. તેમના મકાન પર કોટયાધિશની નિશાની-વાળી કેટલીયે પતાકાઓ ઊડતી હતી. શેઠે પોતાના જીવનમાં ઘણું સુખ ભોગવ્યું હતું. પુત્ર જિનદત્ત ગુણી હતો. વિદ્વતા પણ તેનામાં સારી હતી. પિતાએ વિચાર્યું, કે પોતે ઘણું સુખ ભોગવ્યું છે. પુત્રને મારાથી પણ વધુ સુખી બનાવવો જોઇએ. જેટલી લક્ષ્મી મારે ત્યાં છે, તેટલી લક્ષ્મીના પ્રમાણમાં જો તેને સુખ આપવામાં નહિ આવે: તો તે સદ્‌વર્તનથી ચલિત થશે. એ કારણે એમણે ચાર સુંદર બાળાઓ સાથે પુત્રનાં લગ્ન કરાવી આપ્યાં. પુત્ર એ ચારે સ્ત્રીઓ સાથે આનંદમાં સમય વીતાવવા લાગ્યો.

જન્મનારને માટે મૃત્યુ નિર્માયેલું છે, એ ન્યાયે એક સમયે ધનદશેઠ આ લોક છોડીને ચાલ્યા ગયા. પિતાના મૃત્યુ પછી પુત્રે બધો વેપાર સંભાળી લીધો. જોતજોતામાં જિનદત્તશેઠની ખ્યાતિ ચારે તરફ પ્રસરી ગઇ. કમભાગ્યે હજી સુધી ચારેમાંથી એકેય સ્ત્રીને સંતાન થયું નહોતું. એ કારણે શેઠના મનમાં કોઇકોઇ વાર ચિંતા થયા કરતી.

આજે શેઠનું માથું દુખતું હતું. ચારે સ્ત્રીઓ તેમની સેવામાં હતી. કોણ જાણે શા કારણથી, પણ એકાએક શેઠનું શરીર ઠંડુ પડી ગયું. સ્ત્રીઓએ સાસુને વાત કરી. સાસુએ પુત્રનો દેહ જોઇને તે વાત ખાનગી રાખવા માટે વહુઓને જણાવ્યું. એક નોકર સાથે મોટા મુનિમને બોલાવવામાં આવ્યા. મુનિમ વિશ્વાસુ હતા. ધનદ-શેઠના સમયથી તે તેમને ત્યાં નોકરી કરતા હતા. મુનિમે બધાંને આ વાત ખાનગી રાખવા જણાવ્યું. થોડીવારમાં તે જાતેજ જઇને વૈદ્યને બોલાવી લાવ્યા. વૈદ્ય પણ કુટુંબના વિશ્વાસુ હતા. તેમણે શેઠનો મૃત-દેહ તપાસી જોયો. નાડ અને આંખ પણ તપાસી જોયાં. પાકી

ખાત્રી કરી લીધા પછી તેમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

"મુનિમજી, શેઠનો દેહ પ્રાણરહિત છે."

"બીજો કોઈ ઉપાય નથી?" મુનિમજીએ પૂછ્યું.

"જો તેમના દેહમાં સાધારણ પણ ગરમી હોત તો હું તે તેમને થોડો સમય જીવાડી શકત. પણ હવે ઉપાય નથી. દેહને છોડી ગયેલા પ્રાણને પાછો લાવવાની શક્તિ કોઈનામાં નથી, મુનિમજી!" વૈદ્યે કહ્યું.

"આટલી વાત ખાનગી રાખવા જેટલી તો મદદ આપ કરી શકશો ને વૈદ્યરાજ?" રૂપવતીએ પૂછ્યું.

"શા માટે નહિ, બહેન!" વૈદ્યરાજ બોલ્યા. "પોતાના સગા પુત્રના મૃત્યુને ખાનગી રાખવા જેટલી હિંમત જો માતા કરી શકતી હોય, તો હું તો એક વૈદ્ય છું. શું મારાથી એટલું પણ ન બની શકે?"

"એ માટે હું આપનો ઉપકાર માનું છું, વૈદ્યરાજ!" મુનિમજી બોલ્યા. "તમે રાજ્યના કાયદા જાણો તો છો જ, કે જે માણસ બિનવારસ મરી જાય, તેની બધીજ મિલ્કત રાજ્યના ભંડારમાં જાય. જો આપણે શેઠનું મૃત્યુ જાહેર કરીશું તો આ કરોડોની મિલ્કત રાજ્યના ભંડારમાં જશે, ને આ બિચારી ચાર સ્ત્રીઓની સ્થિતિ બહુ કફોડી થશે."

"પણ એ કાયદાને આપણે થોડાજ ફેરવી શકીએ તેમ છીએ, મુનિમજી!" વૈદ્યરાજ બોલ્યા.

"આપણે કાયદાને ફેરવવા નથી, વૈદ્યરાજ!" મુનિમજી બોલ્યા. આપણે તો આ મિલ્કત વારસના અભાવે રાજ્યના ભંડારમાં ન જાય, તેના માટે કોઈક માર્ગ શોધી કાઢવાનો છે. એક માણસ નિઃસંતાન મૃત્યુ પામે તેમાં માણસનો દોષ હોતો નથી. વિધિએ લખેલા લેખ મિથ્યા કરવા જેમ તમે કે કોઈ સંતપુરૂષ શક્તિમાન નથી, તેમ ભાગ્યવિના સંતાન પ્રાપ્તિ પણ અશક્ય છે. પૂર્વભવના કોઈ સંજોગો-વશાત આ ભવે પુત્ર પ્રાપ્તિ ન થાય, એ કારણે લક્ષ્મીવાનને ભિખારી બનાવવો, એવા નિષ્ઠુર કાયદા તો આપણા આ રાજ્યમાં જ છે.

વૈદ્યરાજ !"

"મુનિમજી, કાયદાને માન આપ્યા સિવાય આપણે બીજું શું કરી શકીએ તેમ છીએ ?" વૈદ્યરાજ બોલ્યા.

"જ્યારે આપણી પાસે બીજો કોઇ માર્ગ ન હોય, ત્યારે આપણે એવા અગર તો એથી પણ ખરાબ કાયદાઓને માન આપવું જોઇએ, વૈદ્યરાજ !" મુનિમજી બોલ્યા. "પણ હું તો એક સિદ્ધાંત માં માનું છું, કે જેવાની સાથે તેવા થવું. રાજ્ય એવા કાયદા ઘડે તો આપણે એવા કાયદાના બંધનમાંથી છટકી જઇએ, એવો માર્ગ શોધી કાઢવો જોઇએ."

"જો કોઇ એવો માર્ગ જડી આવે તો ગ્રહણ કરી લો. મુનિમજી !" સંમતિ આપતાં વૈદ્યરાજ બોલ્યા. "તેમાં મને વાંધો નથી. તમારી ઇચ્છા પ્રમાણે તમારી વાત ખાનગી રાખવાનું હું વચન આપું છું.

"તમારે એકજ વાત ખાનગી રાખવાની છે, કે શેઠ મૃત્યુ પામ્યા નથી પણ જીવતા છે." મુનિમજીએ વૈદ્યરાજને શું ખાનગી રાખવાનું છે તે જણાવ્યું. વૈદ્યરાજે તેમાં સંમતિ આપી.

એ પછી થોડીવારે વૈદ્યરાજ ગયા. તેમના ગયા પછી મુનિમજીએ શેઠાણીને કહ્યું. "બહેન ! જો ખોટું ન લાગે તો એક માર્ગ બતાવુ."

"તમારા કહેવાથી ખોટું લાગે, મુનિમજી ? શેઠાણી બોલ્યાં." તમે તો અમારા કુટુંબના હિતચિંતક છો.'"

"મને એમ લાગે છે કે, શેઠનો દેહ આપણા ભોંયરામાં આપણેજ દાટી દઇએ." મુનિમજી શાંતિથી બોલ્યા. અને પછી આપણે શેઠના બદલે બીજી કોઇ વ્યક્તિને તેમની જગાએ ગોઠવી દઇએ.

શેઠાણી મુનિમજીના વિચારો જાણીને થોડીવાર વિચારમાં પડ્યાં પછી તે બોલ્યાં. "પણ લોકો નવા શેઠને જોયા પછી ઓળખી નહિ જાય ?"

એના માટે પણ મેં વિચાર કરી રાખ્યો છે." દીર્ઘદ્દષ્ટિ

દોડાવતાં મુનિમજી બોલ્યા." વહેલી સવારે આપણે જાહેર કરી દઈએ કે શેઠ વેપારમાટે ઓચિંતા પરદેશ ચલ્યા ગયા છે."

" અને પછી નવા લાવેલા માણસનું શું કરવું.?

" તેને વહુઓના પતિ તરીકે રાખવો."

" પણ તે સમજ્યા સિવાય રહી શકે ખરો ?"

" ભલેને સમજે તેથી આપણે શું ?"

" પણ ગમે ત્યારે આપણે શેઠને જાહેર તો કરવા પડશે ને ?"

" તે વખતે જેવો સમય હશે તેમ વર્તીશું હમણાતો તે પુરૂષને તમારી ચારે વહુઓએ પતિ તરીકે સ્વીકારી લેવો જોઈએ. અને તે માણસને એવા ખંડમાં રાખવો, કે પોતે કોના મકાનમાં છે તે પણ તે સમજી ન શકે. બહારની દુનિયા તેની નજરે પડવી ન જોઈએ. અને બહારની દુનિયાનો તેને વિચારપણ આવવો ન જોઈએ. એને એવા વિલાસમાં અને સુખમાં રાખવો જોઈએ કે, તેને ત્યાંથી બહાર જવાની ઈચ્છા પણ ન થાય." મુનિમજીએ સમજાવ્યું.

" પણ એવો માણસ લાવવો કયાંથી ?" શેઠાણીએ પ્રશ્ન કર્યો.

" એનો પણ મેં વિચાર કરી રાખ્યો છે. મુનિમજી બોલ્યા. " પણ તમારી ચારે વહુઓ નવા પુરૂષને પતિ તરીકે સ્વીકારી લેવાને પહેલાં નક્કી કરી લેવા." તૈયાર છે કે નહિ !

શેઠાણીએ વહુઓને પૂછતાં વહુઓએ જવાબ આપ્યા કે, "તમે જે કંઇ કરશો તે અમને માન્ય છે."

એ પછી કોઇને ખબર ન પડે તેવી રીતે છએ જણાંએ મળીને મૃતદેહને એક ભોંયરામાં દાટી દીધો. ત્યાર પછી મુનિમજી શેઠની મોટી ગાડી લઈને જ્યાં વણઝારનો મુકામ હતો ત્યાં ગયા. સાથે ચારે વહુઓ હતી. ગાડી હાંકનારને તેમાંની કંઇ ખબર નહોતી. તે તો એટલુંજ જાણતો હતો, કે ગાડીમાં શેઠ અને મુનિમજી છે. વણઝારથી થોડે દૂર ગાડી ઊભી રખાવીને મુનિમજીએ ગાડી હાંકનારને કહ્યું, કે " શેઠ તેમની લાકડી ભૂલી ગયા છે તે લઈ આવ."

ગાડી હાંકનાર ગાડી ત્યાં રાખીને ઘેર જઇને શેઠાણી પાસેથી લાકડી લઇને પાછો આવ્યો. મુનિમજીએ શેઠાણીને તે વિષે કહી રાખેલું હોવાથી શેઠાણીએ તરતજ લાકડી આપી હતી. ગાડી હાંકનાર પાછો આવ્યો તેટલામાં તો મુનિમજીએ પોતાનું કાર્ય પતાવી લીધું હતું.

ગાડી હાંકનારો ત્યાંથી ઘેર જવા નીકળ્યો, કે તરત જ મુનિમજી અને તેમની સાથે ચારે સ્ત્રીઓ ગાડીમાંથી નીચે ઊતરીને વણઝાર તરફ ગયાં હતાં. તપાસ કરતાં તેમને જણાઇ આવ્યું, કે વણઝારના છેવાડે એક માણસ એક ભાંગેલા ખાટલામાં એકલો સૂતો છે. ચંદ્રના આછા પ્રકાશમાં તેમણે જોયું, કે સૂનારનો ચહેરો કદરૂપો નથી. તેમણે તરત જ પોતાની પાસે રાખેલી એક વસ્તુ સૂનારના નાકે ધરી. જોતજોતામાં તેને તેનું ઘેન ચઢી ગયું. પાંચે જણાંએ મળીને તેને પોતાની ગાડીમાં લઇ લીધો. પછી તે ભાંગેલો ખાટલો, તેના પરની ગાદી, અને સાથેનો સામાન પણ ગાડીમાં લઇ લીધાં. પોતાનું કામ જલ્દીથી પતાવી લઇને સૌ પાછાં ગાડીમાં બેસી ગયાં હતાં. થોડીવારે ગાડીવાળો શેઠની લાકડી લઇને આવી પહોંચ્યો.

મુનિમજીએ થોડો સમય ગાડી આમ તેમ ફેરવાવી અને પાછી ઘેર લેવડાવી.

વહેલી સવારે તેમણે પેઢી પર કહી દીધું કે, “જરૂરીના કામે શેઠ પરદેશ ગયા છે, એટલે તેમને મળવા આવનારને મારી પાસે મોકલવા.”

# પ્રકરણ ૩૧ મું

## નવું જ નવું

કૃતપુણ્યને લાગ્યું કે પોતે સ્વપ્નામાં હોવો જોઇએ અગર તો રાત્રે ઊંઘમાં ને ઊંઘમાં મૃત્યુ પામીને સ્વર્ગમાં અપ્સરાઓના આવાસમાં આવી પહોંચ્યો હોવો જોઇએ. પણ પાકી ખાત્રી કરી જોતાં તેને લાગ્યું, કે પોતે સ્વપ્નામાં તો નથીજ. તેણે પોતાના મનની સાથે નક્કી કરી લીધું, કે શું શું બને છે તે જોયા કરવું.

રાત્રે મુનિમજી જે યુવાનને ઊંઘમાંજ ઉપાડીને લાવ્યા હતા, તેજ કૃતપુણ્ય હતો. પણ તેને બિચારાને ઘેનની અસરમાં કંઇજ સમજ પડી નહોતી. તેનો ખાટલો, ભાતાનો ડબો, ગાદી અને પહેરવાના સઘળાં વસ્ત્રોને રૂપવતીએ એક ખંડમાં મૂકી દઇને તેને તાળું વાસી દીધું હતું. ચારે સ્ત્રીઓને તેણે કહી દીધું હતું કે, 'જે માણસને તમે રાત્રે ઉપાડી લાવ્યા છો, તે જિનદત્ત શેઠ છે એમજ માની લેવું ને જિનદત્ત શેઠ એટલે આજ પુરૂષની સાથે તમે લગ્ન કર્યાં છે એમ માનીને જેમ તમે મારા પુત્રને પતિ તરીકે માનતા હતા, તેમ તેને માનીને તેની સાથે રહેવું.'

જિનદત્ત શેઠ જ્યારે ઊંઘમાંથી સવારે જાગતા, ત્યારે ચારે સ્ત્રીઓ તેમની પાસે જે રીતે હાજર રહેતી, તેજ રીત આજે પણ કૃતપુણ્યના ઊઠવાના સમયે તે હાજર રહી હતી. તે ઉપરાંત આજે તેમણે વધુ કાળજી રાખવાની હતી. નવા અને અજાણ્યા પુરૂષને પતિ તરીકે ગ્રહણ કરવાનો હતો.

કૃતપુણ્યે પોતાનું મુખ અરીસામાં જોઇ લીધા પછી જ્યોત્સ્ના પાસેથી મુખ પ્રક્ષાલનનાં સાધનો લઇને મુખ પ્રક્ષાલન કર્યું. તે પછી વિનોદિનીના હાથમાંનો રૂમાલ લઇને મુખ લૂછી નાંખ્યું. પંખો લઇને ઊભેલી કમલિની પલંગ પાસેજ ઊભી હતી. કૃતપુણ્યે આજુ બાજુ જોયું. તેને તેમ જોતો નિહાળીને કમલિની બોલી."

" અભયા માતાજીને બોલાવવા ગઇ છે."

કૃતપુણ્યે જાણી લીધું કે અરીસો પકડીને ઊભી રહેલી સ્ત્રીનું નામ અભયા હતું.

" કેટલી વાર લાગશે ? " કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

" હમણાં જ આવશે, નાથ ! " વિનોદિની બોલી.

" નાસ્તાને કેટલી વાર છે ? "

" માતાજી પોતાની સાથે જ નાસ્તો લેતાં આવશે. " વિનોદિનીએ કહ્યું. એટલામાં રૂપવતી અભયા સાથે ખંડમાં પ્રવેશી.

" કેમ, બેટા ! ઊઠયો ? " રૂપવતી પુત્ર પ્રત્યે અત્યંત વહાલ ઉભરાઇ જતું હોય, તે રીતે બોલી.

" હા, માતાજી ! " અત્યાર સુધીના વાતાવરણથી સચેત બનીને બુદ્ધિશાળી કૃતપુણ્ય સમય સૂચકતા વાપરીને બોલ્યો.

" લે, નાસ્તો કરી લે. "

પોતાની સાથે લાવેલો એક ચાંદીનો થાળ તેણે કૃતપુણ્યની સામે મૂકયો. તેમાં કેશર નાંખીને ગરમ કરવામાં આવેલું મસાલાનું દૂધ એક ચાંદીના પાત્રમાં હતું. બાજુમાં કેટલોક સૂકો મેવો અને બીજી વસ્તુઓ હતી.

થાળમાંની કેટલીક વસ્તુઓ આરોગી લીધા પછી તેણે દૂધનું પાત્ર મોંએ માંડયું. એકાદ બે ઘૂંટડા પીધા પછી તે સમજી શકયો, કે દૂધ અનેક પ્રકારની વસ્તુઓ નાંખીને તૈયાર કરવામાં આવ્યું છે. તેણે શાંતિથી બધુંએ દૂધ પી લીધું. તે અરસામાં વિનોદિની મુખવાસના સાધનોનો એક ચાંદીનો નાનો ડબો લઇને આવી પહોંચી હતી. કૃતપુણ્યે

તેમાંથી એક તૈયાર પાન હાથમાં લીધું. પાનની ઉપર સોનેરી વરખ ચઢાવવામાં આવ્યો હતો. પાનને મુખમાં મકતાંજ તે સમજી શક્યો, કે તેમાં કસ્તુરી, અંબર અને સુવાસિત વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આટલા સમયમાં તે કલ્પનાના ઘોડે ચઢીને માનવા લાગ્યો, કે જરૂર કોઇપણ પ્રકારની ભેદી રમત રમાતી હોવી જોઇએ. આવી સુંદર અજાણી સ્ત્રીઓ અજાણ્યા યુવકને પતિ તરીકે સ્વીકારી લે, તેની આવી સેવા કરે અને આટલા સહવાસમાં આવે, એ વાત સાધારણ ન કહેવાય.

અત્યારે પોતે ક્યાં છે અને કયી ભેદી રમતમાં સંડોવાયો છે, તે એકદમ સમજવું મુશ્કેલ છે. માટે શાંતિથી અને સમયને માન આપીને વર્તવામાં આવશે તો જરૂર ઊકેલ પામી શકાશે.

પોતે એક વિલાસની જાળમાંથી મહા મહેનતે છૂટીને નીતિને પંથે જવા લાગ્યો, ત્યાં નવા અને તેથી પણ વિશેષ ઉત્તેજક વિલાસની અટપટી જાળમાં ફસાઇ પડયો હોવાનું તેને માલમ પડયું. પણ એક વાતનો તેને સંતોષ હતો, કે આ વિલાસમાં પોતે ગુન્હેગાર નહોતો. કુદરતે જે પોતાના માટે નિર્માણ કર્યું હશે, તે તો ભોગવવાનુંજ છે. માટે મન પર અત્યંત કાબૂ રાખીને જે જે પરિસ્થિતિનો સામનો કરવો પડે, તેનો સામનો કરીને સંસારને તરી જવાના પ્રયાસો ચાલુ રાખવા.

તેણે આજુબાજુમાં દૃષ્ટિ ફેરવી જોઇ. જો દિવાલમાં એક પણ બારી હોય અને તેમાંથી બહાર દૃષ્ટિ પડે તો સાધારણપણે ખ્યાલ આવી શકે, કે પોતે કઇ દિશામાં છે. પરંતુ આશ્ચર્ય તો એ હતું કે આખા ખંડમાં એક પણ બારી નહોતી, અને એક પણ બારી નહોતી છતાં ઠંડો પવન તો આવ્યા જ કરતો હતો. આવા પ્રકારનું કૌતુક તો તેણે પ્રથમ વાર જ નિહાળ્યું. પવન આવવાને ક્યાંય પણ જગા નહોતી, છતાં પવન તો આવતો જ હતો.

થોડી વારે રૂપવતી ત્યાંથી ચાલી ગઈ. તેના ગયા પછી અભયા કૃતપુણ્યને નહાવાની ઓરડીમાં લઈ ગઈ. ઓરડી જોતાંજ તેને લાગ્યું કે અનંગસેનાનો વિલાસખંડ કે નહાવાનો ખંડ આના આગળ તુચ્છ હતો. તે ઓરડી, ઓરડી કરતા ખંડ તરીકે દીપી નીકળે તેવી હતી. તેની અંદર ચાર ખૂણાઓમાં એક એક ફુવારો ગોઠવવામાં આવ્યો હતો. તે ઉપરાંત ઉપરની બાજુએ પણ એક સુંદર ફુવારો ગોઠવવામાં આવ્યો હતો.[1]

કૃતપુણ્ય વધારાનાં વસ્ત્રો કાઢી નાખીને એકજ વસ્ત્રે વિનોદિની-એ બતાવેલા બાજોઠ પર બેઠો. જ્યોત્સ્નાએ ભીંતના એક ગોખમાંથી સુવાસિત તેલનું એક પાત્ર લીધું. તે તેલ વડે ચારે સ્ત્રીઓએ પોતાના પતિના દેહનું મર્દન કર્યું. મર્દનનું કાર્ય પતી જતાં ઉપરનો ફુવારો શરૂ કરવામાં આવ્યો. તેમાંથી ઝીણી ઝીણી ધારાઓ ઝરવા લાગી. તે અત્તર મિશ્રિત જળધારાઓ કૃતપુણ્યના દેહ પર છંટાવા લાગી. તે પછી ચારે બાજુના ફુવારા ચાલુ કરી નાંખવામાં આવ્યા. ચારે પત્નીઓએ તેને સારી રીતે સ્નાન કરાવ્યું. પછી તેનુ શરીર લૂછી નાંખીને એક વસ્ત્ર પહેરવા માટે આપ્યું. ત્યારબાદ તેને બાજુના ખંડમાં લઈ જવામાં આવ્યો. ત્યાં તેને બીજાં શુભ્ર કિંમતી વસ્ત્રો આપવામાં આવ્યાં. અને માથાના વાળ વ્યવસ્થિત કરવામાં આવ્યા.

તે ખંડમાં એક સોનાની સાંકળે બાંધેલો સુંદર હીંચકો હતો. કૃતપુણ્ય પોતે કોઈના કહેવાની રાહ જોયા સિવાય તેના પર બેઠો. વિનોદિનીએ તેના ભવ્ય ભાલ પ્રદેશમાં કેસરનું તિલક કર્યું' કમલિની મયૂર પીછનો સોનાની દાંડીવાળો પંખો લાવીને તેની બાજુમાં બેઠી અને પવન નાંખવા લાગી.

કૃતપુણ્યનું તો મગજજ બહેર મારી ગયું હતું. પોતે શું અનુ-ભવી રહ્યો હતો. તે તે પોતે જ સમજી શકતો નહોતો. અનંગસેનાની સાહેબી અને તેનું તેમજ મલ્લિકાનુ સૌંદર્ય તેને અહીંના વાતાવરણ

[1] હવેથી કૃતપુણ્યને તે ચાર સ્ત્રીઓના પતિ તરીકે ઓળખાવવામાં આવે છે.

આગળ ઝાંખા લાગવા લાગ્યાં હતાં. તેણે પોતાના મનને ઠપકો આપતાં કહ્યું, "હે મૂર્ખ ! જગતમાં આવી શ્રેષ્ઠ સાહેબીઓ પડી હોવા છતાં તું શું જોઇને એક નર્તિકાના મોહમાં અંધ બન્યું હતું.

ચાર સ્ત્રીઓ અને રૂપવતીની બોલચાલ પરથી અને અત્યાર સુધીના કાર્યથી તે એટલું તો ખાત્રીપૂર્વક માની શકયો હતો કે પોતે આ જગત પરજ છે. હવે એટલું નક્કી કરવાનું બાકી હતું કે પોતે કયાં અને કોને ત્યાં છે !

જે ખંડમાં તે બેઠો હતો. તે ખંડમાં પણ બારીઓ નહોતી. પરંતુ બે જગાઓ ત્યાં એવી રીતે બનાવવામાં આવી હતી કે, જ્યારે ઇચ્છા થાય ત્યારે ત્યાંથી બહારની ખુલી હવા મેળવી શકાય. અને બહાર દૃષ્ટિ કરી શકાય, પણ દૃષ્ટિએ આકાશ સિવાય કંઇ પણ પડી શકે તેમ નહોતું. તેની ગોઠવણી જ એવા પ્રકારની હતી કે આકાશ સિવાય તેની નજરે બીજું કંઇ જ ન પડે.

કૃતપુણ્ય સમયને અનુસરીને ચારે સ્ત્રીઓના વર્તાલાપમાં ભળી ગયો. કેટલોક સમય ત્યાં વાર્તાલાપમાં અને આનંદોલ્હાસમાં પસાર થઇ ગયો. તે પછી બધા ભોજનખંડમાં ગયાં. તે ખંડમાં એક સુંદર બાજોઠ મૂકવામાં આવ્યો હતો. બાજુમાં હાથ ધોવા માટે પાત્ર રાખવામાં આવ્યું હતું. વિનોદિનીએ તે પાત્રમાં તેના હાથ ધોવરાવ્યા અને રૂમાલ આપીને હાથ લુછાવ્યા.

તે બાજોઠ પર જમવા માટે બેઠો એટલે કમલિનીએ તેને પંખો નાખવો શરૂ કર્યો. જ્યોત્સના, વિનોદિની અને અભયા તેને જમાડવામાં અને આનંદી વાતાવરણ ઊભું કરવામાં ગુંથાયાં. કહેવાતી બત્રીસે વાનીઓ તેના થાળમાં પીરસવામાં આવી હતી. બાજુમાં અગરબત્તી જલતી હોવાથી હવા ખુશનુમા બની હતી.

જમી રહ્યા પછી હાથ લૂછીને તે, જ્યોત્સના અને કમલિની પાછાં બેઠક ખંડમાં ગયાં. ત્યાં તેને સોનેરી વરખનું સુવાસિત પાન ખાવા આપવામાં આવ્યું. થોડા સમયમાંજ અભયા અને વિનોદિની

જમીને આવી પહોંચ્યાં. તેમના આવ્યા પછી જ્યોત્સના અને કમલિની જમવા ગયાં. તેમના ગયા પછી કૃતપુણ્ય અભયા અને વિનોદિની આરામખંડ–શયનખંડમા ગયાં. કેટલાયે દિવસે આજે સુંદર ભોજન કૃતપુણ્યને આરોગવા મળ્યું હતું. તે ઉપરાંત તેની સેવા પણ સારી ઉઠાવવામાં આવી હતી.

તે પલંગ પર આડો પડયો. કમલિનીની ગેરહાજરીમાં અભયા તેને પંખો નાખવા લાગી. વિનોદિની તેના માથા પાસે બેસીને તેના કપાળપર પોતાનો નાજુક હાથ ધીમે ધીમે ફેરવવા લાગી, એટલા વારમાં જમવા ગયેલાં જ્યોત્સ્ના અને કમલિની આવી પહોંચ્યાં. અભયાએ કમલિનીને પોતાના હાથમાંનો પંખો આપ્યો. કમલિની પોતાના પતિને અત્યંત ઉમળકાથી મંદ મંદ પવન લાગે, તેવી રીતે પંખો ઢોળવા લાગી. અભયા અને જ્યોત્સ્ના પતિના પગ દાબવા લાગી.

કૃતપુણ્યે તો જે કંઇ બને તે જોયા કરવાનું નક્કી કર્યું હોવાથી, કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના આરામજ લેવા માંડયો. થોડું વધારે ખવાઇ ગયું હોવાથી અને આરામમય વાતાવરણથી જોતજોતામાં તેની આંખ મળી ગઇ.

પા એક ઘટિકામાં તો તે જાગી ઊઠયો. જાગૃત થતાં તે જાણી શકયો કે માની લીધેલી પોતાની ચારેય પત્નીઓ પોતે આરામ માટે જ્યારે આડો પડયો હતો ને જે સેવા કરી રહી હતી, તે સેવા હજી પણ કરી રહી છે.

આટલું બધું જોયા પછી તેને આશ્ચર્ય એક પ્રકારનું થયું કે, આટલી બધી શ્રીમંતાઇ દેખાતી હોવા છતાં, એક પણ નોકરચાકર કેમ નજરે પડતો નહિ હોય ! સવારે પોતે ઊઠયો ત્યારથી અત્યાર સુધી તેની બધી સેવા તેની સુંદર, કોમળાંગી સ્ત્રીઓજ કરી રહી છે. અને તેને ઉદ્ભવેલી તે શંકા ખોટી પણ નહોતી. આટલી શ્રીમંતાઇ અને આવા વૈભવ વિલાસભર્યા આવાસમાં એકપણ નોકર ચાકર ન હોય, એ બને ખરૂં ? પંખો નાંખે પત્ની, જમાડે પત્ની. સ્નાન કરાવે

પત્ની, પગ દબાવે પત્ની અને હાથ પગ પણ ધોવરાવે પત્ની. શું આવા સુખી ઘરમાં આવી અપ્સરા જેવી સુંદર સ્ત્રીઓજ બધું કામ કરે, એ સંભવિત છે ?

તે પછીનો સાંજના ભોજન સુધીનો બધો સમય તેમણે આનંદમાંજ વીતાવ્યો. સંધ્યાના ભોજન પછી મુખ વિલાસ કરીને જ્યોત્સના, અભયા અને વિનોદિની વિણા વિગેરે સુંદર વાદ્યો લઈને આવી પહોંચ્યાં. કૃતપુણ્ય તો એક પછી એક નવિનતા જોતો ગયો અને આશ્ચર્ય પામતો ગયો.

જ્યોત્સનાએ એક સુંદર રાગણી છેડી. અભયા અને વિનોદિનીએ વાજીંત્રોમાંથી સૂર કાઢવા માંડયા. કૃતપુણ્ય પોતે સંગીતનો શોખીન હતો. તેને સંગીત અત્યંત પસંદ પડયું. તેણે બધાને શાબાશી આપી. જ્યોત્સના વગેરે બધી સ્ત્રીઓ સમજી ગઈ કે, તેમના નવા પતિને સંગીત અત્યંત પ્રિય છે.

સંગીતનું કાર્ય પૂરૂં થતાં નિદ્રાનો સમય થઇ ગયો હતો. સવારે જે પલંગમાં કૃતપુણ્ય સૂઈ ગયો હતો, તે જ પલંગ અત્યારે પણ તેના ઉપયોગ માટે વપરાઇ રહ્યો હતો.

થોડા સમયમાં તો તે નિદ્રાધિન બનીને મીઠાં-મધુરાં સ્વપ્નાં અનુભવવા લાગ્યો.

卐

# પ્રકરણ ૩૨ મું

## ધન્યા માતા બની

કૃતપુણ્યના ગૃહ ત્યાગ પછી ધન્યા અને પરિમલનો સહવાસ વધુ ગાઢ બનતો ચાલ્યો. ધન્યાનું શરીર દિન પ્રતિદિન કામ કરવાને અશક્ત બનતું ચાલ્યું. તેનો ગર્ભ જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તે કામ કરતા થાકી જવા લાગી. પરિમલ તેની તેવી અવસ્થામાં વધુ કાળજી રાખવા લાગી.

જેટલા લોકો કૃતપુણ્યને ઓળખતા હતા, તેટલા લોકો જાણતા થઇ ગયા હતા કે, કૃતપુણ્ય કમાવા માટે વણઝારની સાથે બહાર ગામ ગયો છે. કેટલાક લોક તેના વખાણ કરવા લાગ્યા, તો કેટલાક કેવળ નિંદામાં જ આનંદ માનવા લાગ્યા. જન સ્વભાવ બહુતઃનિંદાખોર જ હોય છે. તેજોદ્વેષી માનવ સ્વભાવ "સારી બાજુ જોવા કરતાં કાળી બાજુ જોવામાં વધુ આનંદ માનતો હોય છે. એવા માનવ-સ્વભાવે કૃતપુણ્ય માટે અનેક પ્રકારની વાતો વહેતી મૂકી. તેમાંની કેટલીક તો ધન્યાના કાન સુધી પણ પહોંચી ગઇ હતી. પણ ધન્યા તો એક જ ધ્યેય પર જીવી રહી હતી, કે જગત તો શ્રીરામને અને શ્રીકૃષ્ણને, સતી સુભદ્રા અને સતી સીતાને પણ નિંદતું જ આવ્યું છે. એવી નિન્દા પ્રત્યે જો બહુ ધ્યાન આપવામાં આવે, તો સત્યને માર્ગે જીવનારા માટે જગતમાં સ્થાન જ ન રહે. કોઇ પણ જાતની ભૂલની કે પાપની નિન્દા થતી હોય તો જરૂર ડરવું જોઇએ. પણ જો નગ્ન સત્યની કે સદ્વર્તનની નિન્દા થતી હોય તો તે તરફ દુર્લક્ષ જ કરવું જોઇએ.

નિન્દા અને ટીકા તો મોટા ભાગે કાર્યની કે સારા માણસો-ની થતી હોય છે. જે સારા નથી, તેમનો સમૂહ જગતમાં મોટો હોય છે. તે સમૂહમાંના માણસો એક બીજાના પરિચયમાં રહીને સામા પક્ષની નિન્દા કરવામાં જ સમય પસાર કરતાં હોય છે, ને તેમાં જ આનંદ માનતાં હોય છે.

ધન્યા તેવી વાતો પ્રત્યે બહુ લક્ષ આપતી નહોતી. પરિમલનાં સાસુ સસરાની ઓથ તેને સારી હતી.

એ રીતે સુખદુઃખમાં પસાર થતા છ માસ વીતી ગયા. ધન્યાને પૂરા નવ માસે એક સુંદર પુત્ર અવતર્યો. પરિમલે છેલ્લા દિવસોમાં અને સુવાવડ પછી એક માસ સુધી ધન્યાની ઘણી કાળજી રાખી હતી.

પુત્ર શરીરે તંદુરસ્ત ઘઉંવર્ણો હતો, તેનો હસતો ચહેરો જોઇને ધન્યાને દુઃખના અને પતિના વિયોગના સમયમાં પણ આશ્વાસન મળવા લાગ્યું

ધન્યા સુવાવડમાંથી ઊઠી ન ઊઠી ને પરિમલના શિરે નવી જવાબદારી આવીને ઊભી રહી. તેની સાસુને તાવ લાગુ પડયો. સાસુની માંદગીમાં તે રાતદિવસ જાગરણ કરવા લાગી. દિન અને રાતની પ્રત્યેક ક્ષણ સાસુની કાળજીમાં વીતાવવા લાગી. ધન્યાનું શરીર પણ તદ્દન ઘસાઇ ગયું હતું. ખોરાકના અભાવે તેને તેની સુવાવડ ભારે પડી ગઇ હતી. પરિમલ તેને પોતાને ઘેર લઇ ગઇ હતી. પરિમલની સાસુની માંદગી જોઇને ધન્યાને લાગ્યું કે 'પોતે પરિમલને બોજારૂપ છે. એક તો એ બિચારી સાસુની પરિચર્યામાંથી ઊંચી આવતી નથી. ત્યાં પોતાની સેવા તેને વિષમ પરિસ્થિતિમાં મૂકે એમાં નવાઇ નથી.' એક વખતે સમય સાધીને તેણે પરિમલને કહ્યું. "બહેન, આવતી કાલે હું મારે ત્યાં જવાની છું."

"કેમ?" આશ્ચર્ય પામતાં પરિમલે પૂછ્યું.

"કારણ કંઇ નથી," ધન્યા બોલી.

"ત્યારે અચાનક આવતી કાલે કેમ ઘેર જવાનો વિચાર કર્યો?

"હું ત્રણ ચાર દિવસથી તમને કહેવાનો વિચાર કરતી હતી, પણ કહેવાને જીભ ઊપડતી નહોતી."

"તમે તે કાંઈ ગાંડાં થયાં છો ? ધન્યા બહેન !" પરિમલ બોલી. "હજી તો સ્વતંત્રપણે ચાલવાની શક્તિ પણ તમારામાં આવી નથી. ત્યાં તમે ઘેર જવાની વાત શી રીતે કરો છો?

"શક્તિ તો આપોઆપ આવી જશે. પરિમલ બહેન." ધન્યા કહેવા લાગી. કોઈકોઈ વાર તે પરિમલને બહેન કહેતી અને કોઈકોઈ વાર ભાભી પણ કહેતી. "શું સુવાવડ જગતમાં મને એકલીને આવી છે, કે હું આમ પથારીમાં ને પથારીમાં પડી રહું !"

"સુવાવડ તો ઘણી સ્ત્રીઓને આવે છે, બહેન ! પણ તેમનાં શરીર સારાં હોય છે. માથે ચિંતા હોતી નથી. સુવાવડ સમયે તેમને સાત્વિક ખોરાક મળે છે અને તેમની પરિચર્યા પણ સારી થાય છે." પરિમલે કહ્યું.

"અને મારી પરિચર્યા ક્યાં ઓછી થઈ છે. બહેન !" ધન્યા બોલી. "સગી બહેન કે માતા કરતાં પણ તમે મારી વધુ કાળજી રાખી છે. મને ખોરાક પણ સારો આપ્યો છે અને હવે મને ચિંતા પણ શી છે ?"

"હવે એ બધી વાતો જવા દો, બહેન !" પરિમલ ધન્યાને સમજાવતાં બોલી. "તમે પંદરેક દિવસ હજી અહીં રહો. ત્યાં સુધીમાં તમારી તબિયત સુધરી જશે અને તમે હરતાં ફરતાં પણ થઈ જશો."

"તબિયત તો હવે સુધરી ગઈ છે, બહેન. "ધન્યા કહેવા લાગી. "અને જે થોડી ઘણી અશક્તિ છે તે પણ એક બે દિવસમાં ચાલી જશે." આટલું બોલતાં બોલતાં તો તે થાકી ગઈ હતી. પરિમલની નજર બહાર તે નહોતું.

"આટલું બોલતાં બોલતાં થાકી ગયાં છો, એટલી તો તમારામાં અશક્તિ છે, ધન્યાબહેન ! અને તમે કહો છો કે મારે આવતી કાલે ઘેર જવું છે."

" આને અશક્તિ કહેવાય, બહેન ? સ્વાભાવિકપણે સુવાવડ પછી આટલી અશક્તિ તો હોય જ. જો આપણે આવા વિચારો કરતાં રહીએ અને આને અશક્તિ ગણતાં રહીએ, તો પથારીમાંથી ઊઠી પણ શી રીતે શકાય ! "

" તમને ખબર છે ધન્યા બહેન, કે તમારા માથે હવે તમારી એકલાંની જવાબદારી નથી. આ બાળકની પણ જવાબદારી હવે તમારા શિરે છે. તમારા શરીરની અશક્તિ તમારા બાળકને તંદુરસ્તી નહિ આપી શકે, એટલું ધ્યાનમાં રાખજો."

" પરિમલ બહેન, " આંખમાં આવેલાં આંસુ લૂછતાં ધન્યા બોલવા લાગી. " હું બધું સમજું છું. તમારી હાર્દિક લાગણીને અવગણીને જવાથી તમારા આત્માને દુઃખ થશે, એ પણ મારા ખ્યાલ બહાર નથી. પણ બહેન, મારૂં હૃદય કહે છે, કે હવે અહીંથી જવું જોઈએ. મારા જીવનનું ધન, સત્ત્વ કે નૂર જે કંઇ કહો તે આ મારૂં બાળક જ છે, એ પણ હું વિસરી નથી. તમારા ભાઈ પરદેશથી ક્યારે પાછા આવશે, એ નક્કી નથી. તે પાછા આવે ત્યાં સુધી મારે આ મારા ફૂલનુંજ મુખ જોઇને દિવસો વીતાવવાના છે. બહેન..."

તે વધુ બોલી શકી નહિ. તેનું હૈયું તેના હાથમાં રહ્યું નહિ. તે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. પતિની ગેરહાજરી, પુત્રને ઉછેરીને મોટો કરવાની જવાબદારી અને નિર્વાહ માટે ધન પ્રાપ્ત કરવાની આવશ્યકતાએ તેના દિલને વધુ નિર્બળ બનાવી મૂક્યું. પોતે ગમે તેટલી સમજુ અને સંસ્કારી હતી છતાં તેનો દેહ બહુ મજબૂત નહોતો. કેટલાયે વખતથી તે ચિંતાના ભારથી મુંઝાઇ રહી હતી. એવા સંજોગોમાં સુવાવડના પ્રસંગે તેનો દેહ વધારે અશક્ત બની ગયો.

"આમ રડવાથી તો શરીર વધારે બગડશે, બહેન ! " ધન્યાના વાંસા પર પ્રેમથી હાથ ફેરવતી ફેરવતી પરિમલ બોલી. "પરમાત્મા જે જે સ્થિતિમાં રાખે, તે તે સ્થિતિમાં આનંદ માનવો એ માનવમાત્રની ફરજ છે. અને બહેન, માણસની અને તેની સહનશીલતાની કિંમત

તો કપરા પ્રસંગોમાંજ થાય છે.”

“ હું બધું સમજુ છું, બહેન ! ” મનને કાબૂમાં લેતી ધન્યા બોલી. “ પણ માણસ જેટલો ધારે તેટલો સંયમ મન પર રાખી શકતો નથી. દુઃખમાં હિંમત રાખવી જોઇએ, એમ કહેનાર માણસ જ્યારે પોતાના પર ખરેખર દુઃખ આવી પડે છે ત્યારે તે પોતે પણ હિંમત હારી જાય છે. ઉપદેશની વ્યાખ્યાઓને દરેક માણસ પોતાના જીવનમાં ઉતારી શકતો નથી.”

“ તમે આવી વાતોમાં મન ન પરોવો, બહેન ! ” પરિમલ બોલી. “ અતિ વિચારો માણસને મૂઢ બનાવી નાંખે છે. માટે બધી વાતો પડતી મૂકીને મારૂં કહ્યું માની જાવ અને પંદર દિવસ વધુ અહીં રોકાઇ જાવ.”

પરિમલના શબ્દો સાંભળીને ધન્યા કંઇ પણ બોલી શકી નહિ. તે પોતે જાણતી હતી કે, ઘેર ગયા પછી પોતે કંઇજ કામ કરી શકે તેમ નથી. બાળકને સંભાળવો પણ મુશ્કેલ થઇ જાય તેમ છે. પરિમલને ત્યાં રહેવામાં તેને પોતાને વાંધા જેવું પણ લાગતું નહોતું પોતાને ઘેર જવાની ઉતાવળ તે એટલા જ માટે કરતી હતી કે, પરિમલની સાસુ બિમાર હતી. તેની બિમારીમાં પરિમલના શિરે કામનો બોજો વધી પડયો હતો. અને તેવા સંજોગોમાં પોતે સમજીને અહીંથી પોતાના ઘેર જવું જોઇએ, એમ એને લાગતું હતું.

તે પછી બંને વચ્ચે ઘણી રકઝક થઇ, અને પરિણામે એમ નક્કી કરવામાં આવ્યું કે હજી આઠેક દિવસ ધન્યાએ પરિમલને ત્યાં રહેવું. તે અરસામાં જો તેની તબીયત સુધરી જાય તો પરિમલે તેને વધુ રોકવાનો આગ્રહ ન કરવો. પણ આઠ દિવસના ગાળામાં જો તેની તબિયત સુધરે નહિ અને આવીને આવી જ રહે તો બીજા આઠ દિવસ તેણે વધુ રોકાઇ જવું.

## પ્રકરણ ૩૩ મું

## ગાઢ પરિચયમાં

બીજા દિવસનો પ્રાતઃકાળ થયો. સૂર્યના તેજસ્વી કિરણો જગતપટ પર પથરાયાં. રાત્રિના સામ્રાજ્યનો નાશ થતાં કૃતપુણ્યનાં નેત્રો આપોઆપ ઊઘડી ગયાં. ગઇ કાલ પ્રમાણે આજે પણ અભયા વગેરે ચાર સ્ત્રીઓ તેની સેવામાં હાજર હતી. આંખ ખુલતાંજ તેની સામે ધરવામાં આવેલા અરીસામાં તેણે પોતાનું મુખ જોયું.

અને પછીતો ગઇ કાલનો આખો કાર્યક્રમ શરૂ થયો.

એ રીતે દિવસો પસાર થવા લાગ્યા. કૃતપુણ્ય બહારનું વાતાવરણ વીસરી જઇને ચારે સ્ત્રીઓ સાથે રચ્યો પચ્યો રહેવા લાગ્યો. કોઇ કોઇ વાર તેને ધન્યા યાદ આવતી, ને તેના હૃદયમાં તેના પ્રત્યે લાગણી ઉદ્‌ભવતી. કયારેક પરિમલનો નિર્દોષ ચહેરો તેની નજર સામે ખડો થઇ જતો. તે નિર્દોષ સ્ત્રીએ પોતાનો પતિ બીજાના સુખની ખાતર ગુમાવ્યો હતો, એ યાદ આવતાં તેનાં નયનો અશ્રુભીનાં બનતાં. કોઇ કોઇ વાર તેને પોતાનો ભુતકાળ યાદ આવતો ને બાળમિત્ર અનંતકુમાર માટે અનહદ માન ઊપજતું.

મલ્લિકા જયારે સંસારનો ત્યાગ કરીને કયાંક ચાલી ગઇ, ત્યારે કૃતપુણ્યને તેના પ્રત્યે માન ઊપજ્યું હતું. અનંગસેના પ્રત્યે તો તેને મોહજ હતો. તેને તે વિલાસી માનતો હતો. પણ જયારે અનંતકુમારના ઉપદેશથી તેનો ત્યાગ કરીને તે પોતાના ઘેર છાનોમાનો ચાલ્યો ગયો અને તે પછી અનંગસેનાનો પત્ર તેને મળ્યો ત્યારે તેને

પોતાની મૂર્ખાઇ માટે ઉપજ્યું અને અનંગસેના માટે અનહદ માન ઉપજ્યું.

અનંગસેનાને ત્યાં તે રહેતો હતો ત્યારે તેને વિલાસ પ્રિયતા પસંદ હતી. આજે તે વિલાસ માણતો હતો, પણ તે તેને અનુકૂળ થઇને. ધન્યા પ્રત્યે બેદરકાર બનીને વિલાસ ભોગવવાની તેની ઇચ્છા નહોતી. કેટલાયે પ્રયત્નો છતાં તે જાણી શકયો નહોતો કે પોતે કયાં છે, પહેલાં તેને નવા આવાસમાં અને નવી સ્ત્રીઓના સહવાસમાં જે નવિનતા અને અતડાપણું લાગતું હતું, તે હવે નાશ પામ્યું હતું. થોડાજ દિવસોમાં તે પોતાનું ઘર હોય તેમ વર્તવા લાગી ગયો હતો. ચારે સ્ત્રીઓનો પોતે હકકદાર–લગ્નગ્રંથીથી જોડાયેલો પતિ હોય તેમ તે તેમની સાથે ખુલ્લા દિલથી વર્તવા લાગ્યો હતો.

શરુશરુમાં સાંજનો સમય સંગીતમાં પસાર થતો હતો, તે હવે ચોપાટ વગેરે ખેલવામાં પસાર થવા લાગ્યો. પોતાની ઇચ્છા પ્રમાણે તે સ્ત્રીઓ પાસેથી સંગીતની ઇચ્છા પણ પૂર્ણ કરતો હતો.

ડોશી રોજ એક બે વખત આવતી અને કૃતપુણ્યને પોતાના માતૃપદના હકક પ્રમાણે ખબર પૂછી લેતી. કૃતપુણ્ય પણ તેની તે ટેવને સમજી ગયો હતો અને ડોશીનો તે કાર્યક્રમ છે એમ માની લેતો.

એવી રીતે વિલાસમાં દિવસો પસાર થઇ રહ્યા હતા.

એક વખતે ચોપાટ ખેલતાં ખેલતાં અભયા બોલી: "આજે આપણા નગરમાં એક પ્રસંગ બની ગયો છે, તે આપના જાણવામાં આવ્યો, સ્વામિ?"

"મારા જાણવામાં કયાંથી આવે, અભયા!" કૃતપુણ્ય બોલ્યો.

"કેમ, આખા નગરમાં બધાને ખબર પડી ગઇ અને આપને ખબર ન પડી?"

"મને કયાંથી ખબર પડે, અભયા!" ચિંતાતુર વદને કૃતપુણ્ય કહેવા લાગ્યો. "તમે લોકોએ મને અહીં એક ગુન્હેગારની પેઠે કેદ ખાનામાં પૂરી રાખ્યો છે. કેટલોયે સમય થયો, તમારાં પાંચ સિવાય

મેં કોઇના ચહેરા પણ જોયા નથી." તેના શબ્દોમાંથી પરવશતાની અકથ્ય વેદના ઝરતી હતી.

કૃતપુણ્યના શબ્દો સાંભળીને તરત જ અભયાને પોતાની ભૂલ સમજાઇ આવી. માનવસ્વભાવ પ્રમાણે તેને લાગેલું કે આખાનગરમાં જે વાત વાયુ વેગે પ્રસરી ગઇ હતી. તે વાત કૃતપુણ્યે પણ જાણી હોવી જોઇએ. પણ હવે તેને ખ્યાલ આવ્યો કે પતિને તો પરવશ બનાવીને રાખવામાં આવ્યો હતો.

કૃતપુણ્યને આવા વૈભવવિલાસમાં પણ ધન્યા અને સાદું છતાં સ્વતંત્ર જીવન-ભૂતકાળ યાદ આવ્યાં.

**પ્રત્યેક માનવ, પ્રત્યેક પશુ પક્ષી અને પ્રત્યેક જીવજંતુ સ્વતંત્રતા ઇચ્છે છે. પરતંત્રતાનું અસહ્ય દુઃખ કોઇને પ્રિય હોતું નથી.** કોઇ પણ પક્ષીને પાંજરામાં પૂરવામાં આવે તો તે પાંજરૂ તેને બંધન સમું જ ભાસવાનું. પછી ભલે તે સોનાનું હોય કે હીરા માણેક જડેલું હોય. પાંજરૂ એ તો પાંજરૂ જ છે.

પોતાની ભૂલ સુધારતાં અભયા બોલી; સ્વામિ! એ તો હું ભૂલી જ ગઇ કે આપ બહાર નીકળતા નથી."

"હું કેવી રીતે બહાર નીકળી શકું, પ્રિયે? મારી તો ઘણી ઇચ્છા છે કે હું સ્વતંત્ર વાતાવરણમાં હરૂં ફરૂં, નગરજનો સાથે આનંદમાં સમય વીતાવું, ને ખુલ્લી હવાનો ઉપભોગ કરૂં. પણ તમે લોકો તો મને બંધનમાં જ રાખી મૂકો છો. હું કયાં છું તે પણ જાણવા દેતા નથી."

"આપની સમજ ફેર થાય છે, નાથ!" અભયા નમ્ર સ્વરે પતિને પોતાની પરવશતાનું ભાન ભુલાવવાનો પ્રયત્ન કરતાં બોલી. "આપ પરવશ નથી. આપને બહાર ન જવા દેવાનો ઉદ્દેશ એ છે, કે આપને તડકો છાંયો ન પીડે. બહારનું કલુષિત વાતાવરણ, લોકોનાં કઠોર વચનો અને સુખની અખંડ ધારા ન તૂટે; એ કારણેજ માતાજી આપને બહાર જવા દેતાં નથી. આપે એને પરવશતા માનવી ન જોઇએ. પુત્રની

બને તેટલી વધુ કાળજી રાખવાની માતાજીની ફરજ છે, અને પતિની-આપની અમારા પ્રાણ કરતાં વધારે કાળજી રાખવી તે અમારી ફરજ છે."

"એતો ખાલી બહાનાં છે, અભયા !" કૃતપુણ્ય નિરસ સ્વરે કહેવા લાગ્યો. અસત્ય ભાષા માણુસને અધોગતિને પંથે લઇ જાય છે એ વાત તારા જેવી શાણી સુંદરીએ ભૂલવી ન જોઇએ. પાપ ગુન્હા, અત્યાચાર અને અનાચારનાં મૂળ અસત્ય છે, એક વાર માણુસ અસત્ય બોલતો થાય છે, પછી તેને તેમ કરવામાં નવીનતા ભાસતી નથી. તેમજ એક વખત અસત્ય બોલેલો માણુસ અનેક વખત અસત્ય ભાષણ કરતો થઇ જાય છે. અભયા, જેમ એક ગુન્હો છુપાવવા માટે અનેક ગુન્હા કરવા પડે છે, તેમ એક અસત્ય છુપાવવા માટે અનેક અસત્ય વાતાવરણ ઊભાં કરવાં પડે છે. તમારા જેવી સંસ્કારી સન્નારીઓ અને માતાજી જેવી યુવાની વટાવી ચૂકેલી પ્રૌઢાઓ અને વૃદ્ધાઓ જો અસત્ય બોલતી થાય, તો આર્યાવર્તના સંસ્કારની જે જાહોજલાલી આખા જગતમાં પ્રચલિત છે, તે ટકી રહે ખરી ?

અભયા, સત્ય અને અહીંસા તો જગતની સમૃધ્ધિના પાયા છે. આર્યવર્તની કીર્તિનાં અને ઉધ્ધારનાં એ મૂળ છે. આર્યભૂમીની એ જાહોજલાલી છે. ઋષિ મુનિઓએ અને મહાપુરૂષોએ સત્ય અને અહિંસાના જે બીજ વાવ્યાં છે. તેનું ઉચ્છેદન આપણાથી ન કરી શકાય. તેમણે પોતાનાં તન, મન, ને ધન અર્પીને તે વૃક્ષોને મોટાં કર્યાં છે. આપણે આજે તે વૃક્ષોનાં અમૃત જેવાં ફળો આરોગી રહ્યા છીએ. એક વૃક્ષ મીઠાં ફળ આપેતું હોય, તેને વગર સમજે અને મૂર્ખ બનીને વિના કારણુ ઉચ્છેદી ન નંખાય અભયા ! કોઇપણુ વૃક્ષને ઉચ્છેદતાં વાર નથી લાગતી, પણ તેને ઉછેરતાં વાર લાગે છે. જે મકાનને આપણે એકજ દિવસમાં તોડી શકીયે છીએ તે મકાનને તૈયાર કરતાં કેટલાંયે દિવસો લાગ્યા હોય છે, એ આપણે ભૂલવું ન જોઇએ.

અનેક સત્કર્મોના પરિણામે માનવજન્મ આપણને પ્રાપ્ત થયેલ છે, આપણે તેથી પણ ઊંચે જવા માગીએ છીએ. કોઇ માણસ નીચે જવા નથી માગતો, એ વાત તો નિર્વિવાદ છે અને દરેક જણ કબૂલ પણ કરે છે. તો પછી આપણે અસત્ય અને હિંસાને શા માટે અપનાવી લેવાં જોઇએ ? એ બંને ઉન્નતિના પ્રખર સુત્ર છે.

અને આ સુખ, આ વૈભવ વિલાસ તો પૂર્વભવનાં સત્કર્મોનાં ફળ છે. આ ભવે પણ આપણે સત્ કર્મો કરતાં રહેવું જોઇએ. વિના કારણ અસત્ય શબ્દો ઉચ્ચારીને અધોગતિના માર્ગે શા માટે જવું જોઇએ, અભયા !"

કૃતપુણ્યનું ભાષણ ચારે સ્ત્રીઓ સાંભળી રહી હતી. તેમને પોતાની અને સાસુની ભૂલ સમજાઇ ગઇ હતી. પોતે જે પગલું ભર્યું છે તે અયોગ્ય છે. એમ પણ તેમને લાગવા માંડયું. પણ હવે ઉપાય નહોતો. ઉપાય શોધી કાઢવાની તેમને અભિલાષા જાગી, તેને માટે પણ સમયની જરૂર હતી.

ચારે સ્ત્રીઓને મૌન અને વિચારવશ થયેલી જોઇને થોડી વારે કૃતપુણ્ય બોલ્યો. "તમને દુભાવવાની કે માઠું લગાડવાની મારી ભાવના નહોતી અને હજી પણ નથી. મારા જે વિચારો છે, તે મેં દર્શાવ્યા છે. તેનો અમલ કરવો કે નહિ, એ તમારે જોવાનું છે. તમારા પર કે તમારાં સાસુ પર દબાણ કરવાનો મને અધિકાર નથી, છતાં મને જે યોગ્ય લાગે તે કહેવાનો અધિકાર તો છેજ. તેટલી સ્વતંત્રતા પ્રત્યેક માનવીને હોય છે. પછી તે સ્ત્રી હોય કે પુરૂષ. તમારા વર્તનની દાંભિકતા, વાણીની અસત્યતા અને વિચારોની ગૂંચવણ તમે પોતે પણ કબૂલ કરી શકશો અને સમજી પણ શકશો. હું એટલું તો સમજી શકયો છું, કે તમે તમારા કોઇપણ કાર્યની સિધ્ધિને અર્થે મને પતિ તરીકે સ્વીકાર્યો છે. અનિચ્છાએ મને પતિ તરીકે સ્વીકાર્યા પછી મારા પ્રત્યે તમારા દિલમાં લાગણી અને પ્રેમના અંકુરો પણ ફૂટવા લાગ્યાં છે, અને તેમ બને તેમાં નવાઇ જેવું પણ કંઇ નથી. જેમ અતિ

પરિચયથી અવજ્ઞા ઉદ્ભવે છે. તેમ જો બધાંનાં દિલ નિષ્પાપ હોય તો પ્રેમ પણ ઉદ્ભવે છે. મને પતિ તરીકે સ્વીકારવામાં તમારો હેતુ તમારા કાર્યની સિધ્ધિનો છે, મને નુકશાન કરવાનો નથી. તે કારણે તમારા મનમાં મારા પ્રત્યે ઘૃણા ન ઉપજે પણ પ્રેમનાં–લાગણીનાં અંકુરો ફૂટે, એ સ્વાભાવિક છે."

કૃતપુણ્યના શબ્દો સાંભળીને ચારે સ્ત્રીઓનાં દિલ તેના તરફ વધુ આકર્ષાયાં. મીઠી અને નિર્દોષ વાણીનો ઉપયોગ કરનાર કૃતપુણ્ય હંમેશાં પોતાના વાણી પ્રવાહે સામાનાં દિલ આકર્ષવામાં યશસ્વી નિવડતો હતો. આજે પણ તેને તેના વાણી પ્રવાહે સારો સાથ આપ્યો. ચારે સ્ત્રીઓ તેના તરફ આપોઆપજ આકર્ષાઇ. કૃતપુણ્યને લાગ્યું કે દરેકનાં દિલ લાગણીની મધુરતા અનુભવી રહ્યાં છે, એટલે પોતે શાંતિ જાળવી રાખવી યોગ્ય છે.

"હશે, અભયા! હવે તે વાત જવા દઇએ. ભાવિમાં જે લખાયું હશે તે થયાજ કરવાનું. તેમાં તમારો કે મારો કોઇજ ઉપાય નથી. પણ હવે કહે જોઇએ, કે આજે નગરમાં કયો મહત્ત્વનો પ્રસંગ બની ગયો છે?" કૃતપુણ્યે નગરમાં શો પ્રસંગ બની ગયો છે, તે જાણવાના ઇરાદાથી પૂછ્યું.

"એ વાત હું આવતી કાલે કહું તો નહિ ચાલે, સ્વામિ?" અભયા બોલી.

"કેમ, આજે શો વાંધો છે?" આશ્ચર્ય પામતા કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

"આજે સમય પણ થઇ ગયો છે, ને તમારા શબ્દોએ અમારા મનમાં વિચારોનું મંથન જગાવ્યું છે." અભયાએ ખુલાસો કર્યો.

"ભલે, આવતીકાલે કહેજે," કૃતપુણ્યે અનુમતી દર્શાવી.

# પ્રકરણ ૩૪ મું

## વીર સાળો બનેવી

બીજે દિવસે સાંજે ચોપાટ અને સંગીતની મઝા બંધ રાખવામાં આવી. કૃતપુણ્યે વાત કહેવાનું સૂચન કરતાં જ અભયાએ નગરમાં બનેલી નવીનતા કહેવી શરૂ કરી.

" આઠેક દિવસ થયા. એક પરદેશી પોતાનો માલ વેચવા માટે અહીં આવ્યો હતો. તેની પાસે હતી રત્ન કંબળો. તેની કીમત એટલી બધી હતી, કે નગરમાં કોઈએ ખરીદવાની હીંમત કરી નહિ. છેવટે તે રાજદરબારે ગયો. ત્યાં પણ તેને નિષ્ફળતા જ પ્રાપ્ત થઈ. અંતે તે નિરાશ થઈને તે નગર છોડીને જવા તૈયાર થયો. જ્યારે તે જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં તેને એક સ્ત્રી મળી. તે સ્ત્રીએ પરદેશીના ચહેરા પર નિરાશાના ભાવ જોતાં પ્રશ્ન કર્યો.

" કેમ ભાઈ આમ નિરાશ થઈને નગર ત્યાગી રહ્યા છો ? "

" શું કરૂં બહેન," પરદેશી જવાબ આપતાં બોલ્યો. " બહુ મોટી આશાએ રાજગૃહિમાં આવ્યો હતો. નગરની ખ્યાતિં ચારેબાજુ પ્રસરેલી હોવાથી અહીં આવવાનું યોગ્ય ધાર્યું હતું- પણ મારી ધારણામાં હું નિષ્ફળ નીવડયો."

": શું થયું તેતો કહો."

" શું થાય, બહેન ! નિરાશાભર્યા સ્વરે પરદેશી કહેવા લાગ્યો. " આ માલ વેચવા માટે હું બહુ મોટી આશાએ આવ્યો હતો, પણ નગરમાં તેને ખરીદનાર કોઈજ નીકળ્યો નહિ. થાકીને રાજ-

દરબારે ગયો. પણ નિરાશા સિવાય કંઇજ પરિણામ ન આવ્યું."

"એમાં આટલા બધા નિરાશ થઇ ગયા છો?" સ્ત્રી બોલી.

"તમને આ વાત નાની લાગે છે, બહેન?

"ત્યારે બહુ મોટી છે? ચાલો તમે મારી સાથે. અમારા શેઠ તમારો બધો માલ ખરીદી લેશે.

"જે માલ રાજાએ ખરીદવાની ના કહી, તે માલ પ્રજાજન ખરીદી શકે એ કેમ માની શકાય?

"તમારો ફેરો નિષ્ફળ નહિ જાય. ભાઇ! મારા શબ્દોપર વિશ્વાસ રાખો.

અને પરદેશી તે સ્ત્રીની સાથે ગયો. એક સુંદર મકાનમાં પ્રવેશ કર્યો. તેણે માની લીધું કે, જરૂર પોતાનો સઘળો માલ અહીં ખપી જશે.

તે મકાન હતું શાલિભદ્ર શેઠનું. તે સ્ત્રીએ શાલિભદ્રશેઠની વિધવા માતા ભદ્રા શેઠાણીને કોઇ પરદેશીને પોતે તેડી લાવ્યાના સમાચાર આપ્યા. શેઠાણીએ તેને-પરદેશીને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું.

"કેમ ભાઇ, તમને આ નગર પર ખોટું લાગ્યું?"

"માતાજી!" શેઠાણીનું વય અને તેમની પ્રતિભા જોતાં પરદેશી તેમને માતાના સંબોધને બોલાવતાં બોલ્યો: "મારી વસ્તુ મહારાજાયે પણ ન ખરીદી."

"તમે તેનો અર્થ ઊંધો કર્યો છે, ભાઇ!" શેઠાણી રાજાનું અને રાજ્યનું મહત્ત્વ ન ઘટવા દેવાના ઇરાદાથી બોલ્યાં. "અમારા મહારાજા તમારી કીંમતિ વસ્તુ ન ખરીદે, એ સ્વાભાવિક છે. કારણ કે રાજભંડારમાં જે લક્ષ્મી છે, તે પ્રજાની છે. પ્રજાની લક્ષ્મી ગમે તેમ વાપરી નાખવાનો રાજાને અધિકાર હોય નહિ, એમ તે માને છે, ને વર્તનમાં ઉતારે છે."

"મારી સમજફેર થઇ છે, તે માટે હું ક્ષમા માગું છું, માતાજી!" નમ્ર સ્વરે તે પરદેશી પોતાની ભુલ કબુલ કરતાં બોલ્યો.

"કંઇ વાંધો નહિ. ભૂલ તો દરેક માનવીની થાય છે. હં... તમે શું લાવ્યા છો?"

"મારી પાસે આ રત્નકંબળો છે. મારી આટલી જીંદગીમાં મેં આટલુંજ બનાવ્યું છે."

"એની કિંમત શી છે?"

"દરેકની કિંમત સવા લક્ષ સુવર્ણ મુદ્રા છે."

"તમારી પાસે કેટલી રત્નકંબળો છે?"

"સોળ નંગ છે, માતાજી!"

"મારે તો બત્રીસ નંગ જોઇએ, ભાઇ!"

શેઠાણીના શબ્દો સાંભળીને જાણે પોતે તે માનવાને તૈયાર ન હોય તેમ તે અવાક્ બની ગયો. તેને મૌન રહેલો જોઇને શેઠાણી આગળ બોલ્યાં.

"મારા પુત્રને બંત્રીસ સ્ત્રીઓ છે, ભાઇ! એટલે મારે બત્રીસ નંગ જોઇએ. તમારી પાસેથી વધુ નહિં મળી શકે?"

"અશક્ય છે, માતાજી."

"ભલે. ચંપા..." દાસીને ઉદ્દેશીને શેઠાણી બોલ્યાં. "આ સોળ નંગને વચ્ચેથી ફાડીને તેનાં બત્રીસ નંગ બનાવ, અને તેનો એક એક ટુકડો દરેક વહુને વહેંચી આપ. તેમને એક એક દિવસ પગ લૂછવાના કામમાં આવશે."

"આપ આ શું બોલો છો, માતાજી!" ચિત્રવત બની જતાં પરદેશી બોલી ઉઠયો. "આ રત્નકંબળનો ટુકડા કરવા ઇચ્છો છો?"

"મારે બધી સ્ત્રીઓ સરખી છે. બધી સ્ત્રીઓને સરખા ભાગે વહેંચી આપવા માટે જો ટુકડા ન કરૂં તો કેમ ચાલે?" જાણે સાધારણ વાત કરતાં હોય એમ શેઠાણી બોલ્યાં.

"પણ મેં મારી આજ સુધીની આખી જીંદગી તેમાં બરબાદ કરી છે." પરદેશી કપાતા દિલે બોલ્યો.

"તમને તો પૂરી કિંમત આપવામાં આવશે, ગભરાશો નહિ"

અને તે દાસી તરફ ફરીને બોલ્યાં." ચંપા, મુનિમજીને કહે કે આ બાઇને વીસ લક્ષ સુવર્ણ મહોર આપે."

અને તે પછી તેમની ઇચ્છા પ્રમાણે બધું થયું.

બીજે દિવસે સવારે તે રત્નકંબળમાંનો એક ટુકડો રસ્તા પરથી કચરો કાઢનારી એક બાઇના હાથમાં આવ્યો. તે ટુકડો પહેરીને તે રાજમહેલે ઝાડુ કાઢવા ગઇ. સુમધુર વાસ આવતાં મહારાજાની એક રાણીએ વાતાયનમાંથી બહાર દૃષ્ટિ કરતાં ઝાડુવાળીના દેહ પર રત્નકંબળ જોઇ. તપાસ કરાવતાં તેને સમાચાર મળ્યા કે શાલિભદ્રના મકાનની પાછલી બાજુએ આ રત્નકંબળનો ટુકડો તેને–ઝાડુવાળીને મળ્યો હતો.

રાણીએ મહારાજા પાસે હઠ લીધી. મહારાજાને થયું કે 'શું આવી કિંમતી વસ્તુઓ ખરીદનાર મારા નગરમાં હસ્તી ધરાવે છે?'

ને તરતજ તેમણે શાલિભદ્રને ત્યાં સમાચાર મોકલીને તેને મળવા જવા માટે પ્રયાણ કર્યું.

શાલિભદ્રના મકાને પહોંચતાં શેઠાણીએ તેમનું યોગ્ય સ્વાગત કર્યું. તે વખતે શાલિભદ્ર પોતાના મકાનના સાતમા માળે પોતાની બત્રીસ સુંદર સ્ત્રીઓ સાથે આનંદ ક્રીડા કરી રહ્યા હતા. તેમને શેઠાણીએ સમાચાર કહેરાવ્યા કે, "મહારાજ તમને મળવા માટે પધાર્યા છે, માટે નીચે આવો,"

તેમણે નીચે આવીને મહારાજાનું સ્વાગત કર્યું પણ માતાના કહેવાથી તેમણે જાણ્યું કે મહારાજા આપણા શિરછત્ર કહેવાય. શાલિભદ્રને લાગ્યું કે હજી પણ મારા માથે રાજા છે? અને તેમણે જ્યાં પરમાત્મા સિવાય કોઇ મોટું ન હોય, ત્યાં જવાની ઇચ્છા દર્શાવી. માતાની અને પત્નીઓની અનેક વિનંતીઓને તરછોડી ન કાઢતાં તેમણે રોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરવા માંડયો. બધી સ્ત્રીઓને ત્યાગ કરી રહ્યા પછી સંસાર ત્યાગવાનો તેમણે નિર્ણય કર્યો.

બીજે દિવસે શાલિભદ્રની બહેન સુભદ્રા પોતાના પતિને સ્નાન

કરાવી રહી હતી. તેના પતિ ધન્યકુમાર એક બાજોઠ પર એક વસ્ત્ર પહેરીને બેઠા હતા. તેમની આઠે સ્ત્રીઓ તેમને સ્નાન કરાવી રહી હતી. તે સમયે સુભદ્રાના નયનમાંથી સરકી ગયેલું એક ઉષ્ણ અશ્રબિન્દુ તેમના શરીર પર પડયું. ધન્યકુમારે ઊંચું જોયું. સુભદ્રાના નયનોમાં અશ્રુ જોતાં તેમણે પૂછ્યું.

"સુભદ્રા, ધન્યકુમાર જેવો પતિ અને શાલિભદ્રજેવો બંધુહોવા છતાં તારાં નયનોમાં આંસુ શાનાં?"

"નાથ, આંસુ તો સુખદુઃખનાં સાથી છે."

"તારાં આંસુ શાનાં છે?"

"દુઃખનાં, નાથ!"

"દુઃખનાં?"

"હા, નાથ"

"તને એવું તે શું દુઃખ છે, સુભદ્રા?"

"બીજું તો શું હોય, સ્વામિ! પણ મારા ભાઇ રોજ એક એક સ્ત્રી ત્યાગે છે."

"બસ? એમાં તું રડે છે?" ધન્યકુમાર હસતાં હસતાં બોલ્યા. "તારા ભાઇ તો નિર્બળ કહેવાય."

"કેમ?" આશ્ચર્ય પામતાં સુભદ્રા બોલી.

"એક એક સ્ત્રી ત્યાગવામાં કઈ મહત્તા છે? તેમણે તો બત્રીસે સ્ત્રીઓને એકી સાથે ત્યાગવી જોઇએ. જેને સુખ માણતાં આવડતું હોય, તેણે ત્યાગ કરવામાં પણ વીર બનવું જોઇએ."

"બોલવું સહેલું છે, સ્વામિ! કાર્ય અતિ દોહ્યલું હોય છે."

"તો એ દોહ્યલું કાર્ય હું તને સાવ નજીવું કરી બતાવું છું, સુભદ્રા."

"એટલે?" આશ્ચર્ય સુભદ્રા બોલી.

"અત્યારેજ હું એકી સાથે આઠે સ્ત્રીઓનો ત્યાગ કરીને સંસાર ત્યાગું છું."

અને ધન્યકુમાર પહેર્યાં કપડે ઊભા થયા. તેમણે સ્નાન માટે જે એક વસ્ત્ર દેહ પર રાખ્યું હતું, તે ભીંજાયેલું હતું, તેની દરકાર ન કરતાં તેમણે ઘર બહાર પગ મૂકયો. તેમની સ્ત્રીઓએ ઘણી વિનંતિઓ કરી પણ તેમણે તે તરફ લક્ષ આપ્યું નહિ. માતાના આક્રંદને પણ તેમણે ગણકાર્યું નહિ.

ઘેરથી નીકળીને તે સીધા શાલિભદ્રના મકાન પાસે ગયા. બહારથી તેમણે હાકલ કરી. "શાલિભદ્ર, રોજ એક એક પત્ની ત્યાગવાની નિર્બળતા શા માટે કેળવી છે? નીચે ઊતરો, મેં આઠે સ્ત્રીઓ ત્યાગીને સંસાર ત્યાગ્યો છે. નીચે ઊતરો, આપણે બંને સાથે મહાવીર સ્વામીને શરણે જઈએ."

અને તરતજ શાલિભદ્ર નીચે ઊતર્યાં. પત્નીઓનાં અને માતાનાં રૂદન તેમને રોકી શકયાં નહિ. સાળો અને બનેવી– એમ બંને જણાએ સંસાર ત્યાગ્યો.

ગઈ કાલથી આજ વિષય આખા નગરમાં ચર્ચાઈ રહ્યો છે, નાથ!"

પોતાનું કથન પૂરું કરતાં અભયા બોલી.

"ધન્ય છે એ વીર સાળા બનેવીને" શાંતિથી કૃતપુણ્ય બોલ્યો. "જેમણે સંસારનાં સુખ ભોગવી જાણ્યાં તેમણે સંસારનાં સુખ ત્યાગી પણ જાણ્યાં, અભયા !"

"હા, નાથ !" અભયા બોલી.

કૃતપુણ્ય વિચાર મગ્ન બની ગયો.

થોડી વારે તે બોલ્યો: "અભયા, શાલિભદ્રને ત્યાં રોજ દેવતા તરફથી તેત્રીસ પેટીઓ વસ્ત્રાભૂષણની આવતી હતી, તે તું જાણે છે ને !"

"મારા સાંભળવામાં આવ્યું છે, નાથ !"

"જે તારા સાંભળવામાં આવ્યું છે તે સત્ય છે, અભયા !" કૃતપુણ્ય કહેવા લાગ્યો. "તેમના પૂર્વજોમાંથી કોઈ એક વ્યક્તિ દેવલોક ગયેલી છે. તે બત્રીસ પત્નીઓ માટે અને એક શાલિભદ્ર માટે એમ તેત્રીસ પેટીઓ રોજ મોકલે છે."

"છતાં તેવા સુખનો તેમણે ત્યાગ કર્યો." શાલિભદ્ર પ્રત્યે માન દર્શાવતાં અભયા બોલી. "ધન્ય છે એમને."

"એવા–શાળાબનેવી જેવા મહા પુરુષો જ સુખ અને વૈભવ વિલાસ ભોગવવાને લાયક છે, અભયા! કૃતપુણ્ય બોલ્યો. "જેનામાં ત્યાગ વૃત્તિ નથી, તેની ભોગ વૃત્તિ નર્કાધિકારી છે."

મહાવીર પ્રભુ પણ એમજ કહે છે ને, નાથ!

"જેનામાં ત્યાગ છે, તે પ્રભુપદને પામે છે."

એવી રીતે વાર્તાલાપ કરતા કૃતપુણ્યે નગરમાં બની ગયેલા એક મહાન પ્રસંગને જાણી લીધો. આ મકાનમાં આવ્યા પછી બહારની વાત પહેલ વહેલી જ તેના જાણવામાં આવી હતી.

## પ્રકરણ ૩૫ મું

## માતા અને પુત્ર

ધન્યાનું શરીર તંદુરસ્ત બની ગયું હતું. તેનો પુત્ર કલ્યાણ સાત વરસનો થઇ ગયો હતો. જીવન નિર્વાહમાં તેને બહુ તકલીફ પડતી ન હોવાથી એક નાની શાળામાં તે કલ્યાણને શિક્ષણ અપાવી રહી હતી.

કલ્યાણ શરીરે તંદુરસ્ત, ગૌર વર્ણીય, હસમુખો અને દેખાવડો હતો. સ્વભાવવડે તે લોકોને પ્રિય થઇ પડયો હતો, તેના શિક્ષક સ્વભાવે કડક હોવા છતાં, તેના તરફ બહું માયાળુ રહેતા હતા. તેનો નમ્ર અને સેવાભાવી સ્વભાવ તેમને બહુ ગમી ગયો હતો, તેની ચાલાકી સૌથી જુદી તરી આવતી હતી. અભ્યાસમાં પણ તે અગ્રગણ્ય જ રહેતો. સાદાં છતાં સ્વચ્છ વસ્ત્રોમાં પણ તે શ્રીમંતોનાં કિંમતી વસ્ત્રો પહેરેલાં બાળકો કરતાં વધુ દીપી નીકળતો હતો.

પુત્રને ઉછેરવામાં અને તેને મહાન બનાવવાના વિચારોમાં જ ધન્યાનો મોટો ભાગ પસાર થતો હતો. તેને મોટો સહારો પરિમલનો હતો. પણ કુદરતને તે ગમ્યું ન હોય, તેમ તે પણ ખૂંચવી લીધો હતો.

પરિમલે રાત દિવસ જોયા શિવાય બિમાર સાસુ સસરાની સેવા કરી હતી. પતિના મૃત્યુથી તેનું હૃદય ભાંગી પડયું હતું. છતાં જીવનની અંતિમ ઘડી સુધી દુઃખો સામે ઝઝૂમી લેવાની તેની તૈયારી હતી. તે સદાયે કહ્યા કરતી કે દુઃખ સુખતો માનવજીવનની રમતો

છે. તે રમતોમાં જીતવાની શકિત અને મનોભાવના દરેકે કેળવવા જોઇએ. જીવનજ જ્યાં એક જાતની રમત છે, ત્યાં આવી નજીવી આંટીઘૂંટીથી ડરવાનું શા માટે હોય? જેને જીવી જાણતાં આવડતું ન હોય, તેણે જીવવુંજ શા માટે જોઇએ? તેને જીવવાનો અધિકાર પણ શામાટે હોય?"

તેના વિચારો સાંભળીને ઘણીવાર લોકો તેને મૂર્ખ કહીને હસી કાઢતા. 'એક સ્ત્રીના વિચારો તે વિચારો કહેવાય? એવી ભાવના મોટા ભાગે પુરૂષવર્ગમાં પ્રવર્તતી હોય છે. એ ભાવના પરાપૂર્વથી ચાલતી આવી છે.

સાસુ સસરાની અંતિમ ઘડી સુધી સેવા કરવા છતાં પરિમલ તેમને ગુમાવી બેઠી હતી. જે કંઇ છાયા તેના શિર પર હતી, તે પણ વડીલોના મૃત્યુથી ચાલી ગઇ. ભરજુવાનીએ તે વૃદ્ધ જેવી બની ગઇ.

**ભર યુવાનીએ વિધવા બનવું અને વડીલોની છાયા ન હોવી એના જેવું વિકટ દુઃખ સ્ત્રીને માટે જગતમાં બીજું કોઇજ નથી.**

પરિમલ અને ધન્યા એક બીજાના 'સહારે જીવન વીતાવવા લાગ્યાં. તેમનાં માટે આનંદ અને સમય વીતાવવાનું સ્થાન ફક્ત કલ્યાણ જ હતો. કલ્યાણની કાલીકાલી ભાષા, તેનો બાળવિનોદ અને તેની બાળ રમતો તેમને દુઃખમાં પણ હસાવી શકતાં.

**માનવીને જો આનંદનું એક પણ સ્થાન ન હોય તો તે મૂઢ અગરતો ગાંડો જ બની જાય.**

પરિમલ અને ધન્યા સાથેજ રહેવા લાગ્યાં હતાં. પરિમલે પોતાનો મોટા ભાગનો સામાન વેચી નાંખ્યો હતો. તેનાં આવેલાં નાણાંમાંથી અરધો ભાગ તેણે ગરીબોને માટે વાપરવા જુદો રાખ્યો હતો ને બાકીનો પોતાના પાસે રાખ્યો હતો.

ધીમે ધીમે તે સાસુ સસરાનાં મૃત્યુને પણ વિસારવાને સમર્થ-

બની હતી. સમય એ દુ:ખ વિસારવાનું મહામોલું સાધન છે. ગમે તેવાં મહાદુ:ખો સમય જતાં ભૂલી જાય છે.

ધન્યા, પરિમલ અને કલ્યાણ સાથે જ જમતાં. કલ્યાણને કેળવવામાં પરિમલ મોટો ભાગ ભજવવા લાગી હતી. પણ અચાનક એક દિવસે સાંજે તેના પેટમાં દુખાવો ઊપડયો. તે દુખાવો થોડાજ સમયમાં છાતીમાં સ્થાન જમાવી ચૂકયો ને મધરાત વીતતાં તો તેણે પરિમલનો ભોગ લીધો.

દુ:ખાવો શરૂ થતાંજ એક વૈદ્યને બોલાવવામાં આવ્યો હતો. વૈદ્ય પરિમલના કુંટુંબનો પરિચિત હતો. તેણે તેને બચાવવા માટે ઘણી મહેનત કરી, પણ જ્યાં જીવનદોરી તૂટી હોય ત્યાં ઔષધ કે મહેનત શા કામમાં આવે.

પરિમલ નિર્જીવ બનતાંજ ધન્યા તેની છાતી પર પોતાનું મસ્તક મૂકીને ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડી. તેનો એકનો એક સહારો પણ ચાલ્યો ગયો.

સમય વીતતાં પરિમલની યાદ પણ ઓછી થવા લાગી. જાણે પોતે નવીન જીવનયાત્રા શરૂ કરતી હોય તેમ કલ્યાણના જીવનમાં અને તેના અભ્યાસમાં વધુ રસ લેવા લાગી. કયારેક કયારેક તે મહાપુરૂષોનાં જીવન પ્રસંગો તેને કહી સંભળાવતી હતી. અભયકુમારની બુધ્ધિ માટે તેને અનહદ માન હતું. બે ચાર દિવસે એકાદ વખતે તો તે કલ્યાણને કહેતી જ, કે 'બેટા! મહામંત્રી અભયકુમાર જેવો બુદ્ધિશાળી થજે.'

વારંવાર અભયકુમારની જ બુદ્ધિનાં યશોગાન સાંભળવાથી કલ્યાણને તેમનું જીવન જાણવાની જિજ્ઞાસા ઉદભવી. તેણે એક સમયે નિત્ય નિયમ પ્રમાણે રાત્રે સૂતી વખતે પોતાની માતાને પ્રશ્ન કર્યો.

માતાજી, તમે મને હંમેશાં કહો છો, કે મહામંત્રી અભયકુમાર જેવો થજે. તો અભયકુમાર કેવા છે તે તો કહો."

"તે મહા બુદ્ધિશાળી છે, બેટા!" માતા બોલી.

રોજ રાત્રે સૂતી વખતે તે પોતાના પુત્રને કંઇકને કંઇક નવું કહી સંભળાવતી હતી. પુત્રને જો કોઇ શંકા ઉદ્ભવે તો તે પૂછતો પણ હતો. માતા પુત્રની જિજ્ઞાસા સંતોષવામાં માનતી હતી. પિતાની ગેરહાજરીમાં પુત્રને કેળવવાની જવાબદારી પોતાના શિરે છે, એ વાત તે ભૂલી નહોતી.

"બુધ્ધિશાળી છે એમ તો બધા કહે છે, માતાજી." કલ્યાણ બોલ્યો, "પણ તમે તો હમેશાં તેમની બુધ્ધિનાં વખાણ કરો છો, એટલે મને તેમાંનું કંઇક કહો તો ખરા!"

"બેટા, આજે તેમનું બાળપણ–તેમના બાલ્યકાળનો પહેલો પ્રસંગ તને કહી સંભળાવવાની મારી ઇચ્છા છે." માતા બોલી.

"મારે પણ આજે તેજ સાંભળવું છે, માતાજી." સંમતિ દર્શાવતાં કલ્યાણે કહ્યું.

"અભયકુમાર જ્યારે તેમની માતાના હૃદયમાં હતા, ત્યારે તેમના પિતા બિમ્બિસાર અચાનક બેન્નાતટ નગરેથી નીકળી ગયા હતા. તેમણે જતી વખતે પોતાની પત્ની સુનંદાને કહ્યુ હતું, કે પોતે પોતાના વતનમાં સહિસલામત રીતે પહોંચી ગયા પછી તેને તેડાવી લેશે. પણ રાજકાજની ધમાલમાં તે પોતાના વચનને ભૂલી ગયા.

યોગ્ય સમયે સુનંદાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. પુત્રનું નામ અભયકુમાર રાખવામાં આવ્યું. અભયકુમાર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેની બુધ્ધિ ખીલતી ગઇ. આખા બેન્નાતટ નગરમાં તેની બુધ્ધિ અજોડ ગણાવા લાગી. અચાનક એક વખતે તેને ભાન થયું, કે પોતે બાલ્યકાળથી માતાના સહેવાસમાં રહ્યા કરે છે. પોતે પિતાને જોઇ શક્યો નથી, કોણ છે ને ક્યાં છે તે પણ જાણી શક્યો નથી. માતાએ પણ કોઇ દિવસ એ વાત ઉચ્ચારી નથી. શું આમાં કોઇ રહસ્ય સમાયેલું હશે?

અને તરતજ તેણે પોતાની વ્હાલી માતા પાસે પોતાના વિષે ખુલાસો માગ્યો. માતા સમજુ હતી. પુત્રના તેજને તે સમજી શકી

હતી. તેણે પુત્રને અંધારામાં ન રાખવાના ઇરાદાથી આખી વાત વિગતવાર કહી સંભળાવી.

પુત્ર માતાને લઇને રાજગૃહીમાં આવ્યો. એકદમ પિતાને ન મળતાં તે બંને એક માણસને ત્યાં ઊતર્યાં. અભયકુમાર નગર ચર્ચા માટે સવારે બહાર નીકળ્યો. રાજમાર્ગ પરથી તે પસાર થઇ રહ્યો હતો ત્યારે રાજ્ય તરફથી દાંડી પીટાઇ રહી હતી, કે 'મહારાજાએ એક વીંટી કૂવામાં નાંખી છે. તે કૂવામાં પાણી નથી. જે વ્યક્તિ તેમાં ઊતર્યા સિવાય તે વીંટી બહાર કાઢી આપશે, તેને રાજ્ય તરફથી મોટું ઇનામ મળશે.'

અભયકુમારે તે કામ કરવાનું માથે લીધું. લોકો તેની મશ્કરી કરવા લાગ્યા. કૂવો ઊંડો હતો. તેમાં ઊતર્યા સિવાય વીંટી બહાર નીકળે શી રીતે ?

પણ અભયકુમારને તો પોતાના ચાતુર્ય પર શ્રધ્ધા હતી. લોકોને હસતા જોઇને તે બોલ્યો: "હસો, ભાઇઓ ! જે માણસ કાર્ય કરે છે, તેને જ લોકો હસે છે. કાર્ય ન કરનારને કોણ હસવાનું હતું ?"

તેના શબ્દો સાંભળીને બધા ચૂપ થઇ ગયા.

પહેલાં તો તેણે થોડું છાણ લીધું. તેનો નાનો ગોળો બનાવીને તે વીંટી પર નાખ્યો. વીંટી તેમાં ચોંટી ગઇ. પછી થોડું સૂકું ઘાસ લાવીને તે ગોળા પર નાંખ્યું. ઘાસ ગોળા ઉપર વ્યવસ્થિત રીતે પડતાં તેના પર થોડો અગ્નિ નાખ્યો. અગ્નિ અડવાથી ઘાસ સળગી ઊઠયું. લોકોને તો આ પ્રકારની રમત જોવા મળવાથી આનંદ થવા લાગ્યો. પણ અભયકુમાર તો પોતે પોતાનું કાર્ય શાંતિથી કરી રહ્યો હતો.

બધું ઘાસ બળી જવાથી છાણનો જે ગોળો ઢીલો હતો, તે તદ્દન સૂકાઇ ગયો. સૂકાઇ ગયેલો ગોળો વજનમાં તદ્દન હલકો બની ગયો. પછી તેણે બીજાઓની મદદથી આખો કૂવો પાણીથી ભરી કાઢયો. કૂવો પાણીથી ભરાઇ જતાં સૂકાયેલો છાણનો ગોળો વીંટી સાથે

ઉપર તરી આવ્યો. તેણે તે લઇ લીધો અને તેમાંથી વીંટી કાઢી લીધી.

ત્યાં બહાર રહેલા બધા લોકો તેના ચાતુર્ય પર મુગ્ધ બની ગયા. તેની મશ્કરી કરનારાઓ છોભીલા પડી ગયા. કોટવાલ તેને રાજદરબારમાં લઇ ગયો. મહારાજાએ જ્યારે વીંટી કાઢવામાં વપરાયેલું ચાતુર્ય જાણ્યું ત્યારે તેમણે તેની પીઠ થાબડી. તે કોણ છે, ક્યાંનો છે, ક્યાં ઊતર્યો છે, વગેરે પૂછતાં તેમણે જાણ્યું, કે 'આ તો પોતાનોજ પુત્ર છે. રાજકાજના જીવનમાં પોતે મોટામાં મોટી ભૂલ કરી છે. પોતે પોતાની હૃદયરાણીને ભૂલી ગયા છે.'

અને તરતજ તેમણે પોતાના પુત્રને બાથમાં લીધો. સ્નેહભર્યાં ચુંબનોનો વરસાદ વરસાવ્યો અને જાતે પગે ચાલીને જઇને પોતાની પત્ની સુનંદાને સન્માનસહ રાજમહેલમાં લાવ્યા અને તેને મહારાણી પદે સ્થાપી. અભયકુંમારનું ચાતુર્ય જોઇને તેને મહામંત્રીની પદવી આપી. તે અભયકુમાર એજ આપણા અત્યારના મહામંત્રી અભયકુમાર. રાજ્યની ગમે તેવી આંટીઘૂંટી આજે તે ઊકલી શકે છે. દેશ પરદેશમાં આજે આપણા મહારાજા કરતાં પણ તેમના યશોગાન વધારે ગવાય છે."

" પણ માતાજી' " વચ્ચેજ કલ્યાણે પ્રશ્ન કર્યો. " મહારાજા બેન્નાતટ નગરે શા માટે ગયા હતા અને એકદમ ત્યાંથી કેમ ચાલ્યા ગયા, તે તો તમે મને કહ્યું જ નહિ. "

" તે પણ હું તને કહું છું બેટા ! " ધન્યા બોલી.

તેને પોતાના પુત્રનો પ્રશ્ન વ્યાજબી લાગ્યો. પુત્રની જિજ્ઞાસા સંતોષવાનું માતાને યોગ્ય લાગ્યું.

— અને માતાએ પુત્રને બિમ્બિસારનો બાલ્યકાળથી તે અત્યાર સુધીનો આખો વૃત્તાંત કહી સંભળાવ્યો.

卐

# પ્રકરણ ૩૬ મું

## બાજી સંકેલવાની શરૂઆત

કૃતપુણ્યનો આખો ખંડ બાળકોના કિલકિલાટથી ગર્જી રહ્યો હતો. કેવળ ચાર સ્ત્રીઓના સહવાસથી કંટાળેલો કૃતપુણ્ય બાળકોના આનંદથી ઉત્સાહિત રહેવા લાગ્યો. તેનો સમય આનંદમાં વીતવા લાગ્યો.

તેની ચારે સ્ત્રીઓએ એક એક પુત્રને જન્મ આપ્યો હતો. ચારે બાળકો લગભગ પાંચ છ વરસના થયા હતા. તેમને કૃતપુણ્ય સારી રીતે કેળવી રહ્યો હતો. શિક્ષણ આપવાની સારી પધ્ધતિથી ચારે પુત્રો તેની પાસે આનંદથી શિક્ષણ લઇ રહ્યા હતા. ચારેય માતાઓ હળીમળીને રહેતી અને પોતાના સિવાયના બીજા પુત્રો પોતાના નથી એવી ભાવનાને તિલાંજલી આપીને દરેક પ્રત્યે સમભાવથી જોતી.

કૃતપુણ્યને આ મકાનમાં આવ્યા પછી મુનિમજીએ અગમચેતી વાપરી હતી. શેઠ બહારગામ ગયા છે એમ જાહેર કર્યા પછી લગભગ બે માસે તેમણે જાહેર કર્યું હતું, કે 'શેઠ પરદેશમાં લાંબો સમય રહેવાના હોવાથી તેમની ચારેય સ્ત્રીઓ ત્યાં ગઇ છે.' પણ સાથે સાથે એટલી પણ ખાસ સાવચેતી રાખવામાં આવી હતી, કે 'બને એટલો આ વાતનો પ્રચાર ઓછો કરવો ખાસ કારણ હોય તોજ એ વાત જાહેર કરવી.'

લગભગ પંદર દિવસથી મુનિમજી અને કૃતપુણ્યના કહેવાતી માતા મંત્રણા ચલાવી રહ્યા હતાં. જે ઉદ્દેશથી કૃતપુણ્યને ઉપાડી લાવવામાં આવ્યો હતો અને શેઠ બહારગામ ગયા છે, એ વાત પ્રકટ

કરવામાં આવી હતી તે ઉદ્દેશ પાર પડતાં તે વાત હવે કેમ સમેટી લેવી, તેનાજ વિચારોનું મથંન ચાલી રહ્યું હતું.

ચારેય સ્ત્રીઓમાંથી અભયા કૃતપુણ્ય પ્રત્યે વધુ આકર્ષાએલી રહેતી હતી. સ્વાભાવિક રીતેજ તેનું દિલ નવા પતિ પ્રત્યે ખેંચાયા કરતું. અનિચ્છાએ સાસુના દબાણના કારણે નવા પતિનો સ્વીકાર કરતાં તેના હૃદયમાં અનહદ દુઃખ થયું હતું. પતિનું મૃત્યુ થાય અને તેને ખાનગી રીતે દફનાવી દેવામાં આવે, તે કાર્ય ગમે તેવી પત્નીના દિલને પ્રજાળે. ચારેય સ્ત્રીઓને પોતાના પતિનું મૃત્યુ મૂઝવી રહ્યું હતું. પણ સૌથી વધુ તો અભયાને મૂઝવણ થઇ રહી હતી.

તેનો સ્વભાવ લાગણીવશ હતો. શરૂશરૂમાં તે કૃતપુણ્યને પોતાનું કર્તવ્ય માનીને ચાહવા લાગી હતી. પરંતુ થોડાજ સમયમાં નવા પતિની મીઠી ભાષાએ તેને આકર્ષી લીધી. કૃતપુણ્યના આનંદી સ્વભાવે ચારેય પત્નીઓનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું.

સમય વીતતાં ચારેય સ્ત્રીઓને એક એક પુત્રની પ્રાપ્તિ થઇ. તે દરેક બાળકનો ચહેરો લગભગ કૃતપુણ્યના ચહેરાને મળતો આવતો હતો. બાળકો પાંચ છ વરસના થતાં મુનિમને અને વિધવા શેઠાણીને એક વાતની મૂંઝવણ થવા લાગી. તે મૂંઝવણનો ઉકેલ લાવવા માટે બંને જણાં એક રાત્રે એકાન્તમાં મળ્યાં.

"તમારા કહેવા પ્રમાણે આપણે પગલું ભર્યું અને તેમાં આપણા કાર્યની સિધ્ધિ પણ થઇ, મુનિમજી! પણ હવે આગળ શું કરવું?" શેઠાણી મુનિમજીને પૂછી રહ્યાં હતાં.

"એજ પ્રશ્ન મને પણ મૂંઝવી રહ્યો છે, બહેન." મુનિમજી બોલ્યા, "જે કાર્યની શરૂઆત કરવામાં આવે છે, તે કાર્યની સિધ્ધિ પ્રાપ્ત થતાં તેને સમેટી લેવામાં પણ મૂંઝવણ ઊભી થાય છે."

"મૂંઝવણ થાય કે ન થાય, મુનિમજી!" રૂપવતી બોલ્યાં. "પણ હવે આ કાર્યને સમેટી લેવાની આવશ્યકતા તો છેજ. અને એ પણ હવે જેમ બને તેમ જલ્દી સમેટી લેવું જોઇએ. કારણ કે

છોકરાઓ પાંચ છ વરસના થયા છે. એટલે જો કોઇ કારણ સર આપણી આ રમત એમના કાને જાય તો પરિણામ સારૂં ન આવે. તે ઉપરાંત હવે રાજ્યથી પણ ચેતતા રહેવાની આવશ્યકતા છે."

"એ બધું મારા ખ્યાલમાં છે, બહેન." મુનિમજી માથા પર હાથ ફેરવતા બોલ્યા. "કેટલાક સમયથી હું આ રમતને સંકેલી લેવા-નાજ વિચારો કરી રહ્યો છું."

"પણ હવે વિચારમાં સમય ગુમાવવો પાલવે તેમ નથી." શેઠાણી કહેવા લાગ્યાં. "શેઠના મૃત્યુને લગભગ બાર વરસ વીતવા આવ્યા છે. હવે વધુ સમય આ રમત ચાલી શકે તેમ નથી."

"એ તો હું પણ સમજું છું. પણ કંઇક માર્ગ તો સૂઝવો જોઇએ ને!"

"આજે કોઇ પણ માર્ગ શોધી કાઢીનેજ આપણે અહીંથી ઊઠીએ તો સારૂં."

"મને કંઇ વાંધો નથી." મુનિમજીએ કહ્યું.

બંને જણાં થોડો સમય મૌન રહ્યાં.

મુનિમજીનું મગજ તેમની મૌનદશામાં ઝડપભેર કામ કરી રહ્યું હતું. શેઠનું મૃત્યુ કેવી રીતે જાહેર કરવું, ચારેય પુત્રો શેઠનાજ છે, એવી વાત કેવી રીતે વહેતી મૂકવી અને નવા શેઠને–શેઠના સ્થાને ઠસાવી દેવા માટે લાવવામાં આવેલા યુવકને–કેવી રીતે અહીંથી ખસેડવો, એના વિચારોએ તેમના મગજમાં તુમુલ યુધ્ધ જગાવ્યું.

શેઠાણી મુનિમજીના ચહેરાનું અને ચહેરા પરના ભાવોનું બારિકાઇથી અવલોકન કરી રહ્યાં હતાં. મુનિમજીનું લક્ષ તે તરફ નહોતું. તેમની નજર જમીન તરફ હતી. વિચારોનું જોર પ્રતિક્ષણે વધી રહ્યું હતું. કોઇ પણ રીતે આજે ને અત્યારેજ માર્ગ શોધી કાઢવાનો તેમણે નિશ્ચય કર્યો હતો. દૃઢ નિશ્ચયની રેખાઓ તેમના ચહેરા પર સ્પષ્ટ રીતે તરી આવી હતી. શેઠાણી તેમનો તે નિશ્ચય જાણી શક્યાં અને તેમને સંતોષ થયો.

થોડો સમય ગહન વિચાર વીતાવ્યા પછી મુનિમજી બોલ્યા.

"બહેન! મને એક માર્ગ સૂઝે છે. જો તે આપને યોગ્ય લાગે તો!"

"જે માર્ગ તમને યોગ્ય લાગે; તે મને અયોગ્ય લાગે, મુનિમજી?"

આવતી કાલે અણધારી રીતે તમે જાહેર કરી દો, કે શેઠની તબિયત વધુ નરમ હોવાથી મુનિમજી તેમની પાસે ગયા છે."

પણ લોકો પૂછે કયા ગામ ગયા છે, તો તેનો શો જવાબ આપવો? શેઠાણીએ શંકા વ્યકત કરી.

"એ વાત તમારે ઉડાવી દેવી. પુત્રની બિમારીના અંગે તમને અત્યંત દુઃખ થઇ રહ્યું છે, એવા ભાવો તમારે પ્રકટ કરવા. ચારેય સ્ત્રીઓ પુત્રો અને તે યુવાનને કાને આ વાત ન જાય, એટલી સાવચેતી રાખવી." મુનિમજીએ શેઠાણીની શંકાનું નિવારણ કરતાં કહ્યું.

"અને થોડા દિવસ માટે તમે બહાર ગામ જઇ આવશો. એમને?"

"ના, હું અહીંજ રહીશ."

"તો તમારા ઘેર આ વાત ચર્ચાશે નહિ?"

"પણ હું મારા ઘેર રહેવાનો નથી."

"ત્યારે"

"તમારે ત્યાં મારે થોડા દિવસ માટે એકાન્તવાસ ભોગવવો પડશે." મુનિમજી બોલ્યા.

"તમે અમારા માટે ઘણી તકલીફ ઉઠાવી રહ્યા છો, મુનિમજી."

"મારી ફરજને મારાથી વિસરી ન શકાય બહેન!" મુનિમજી પોતાની નિમકહલાલી વ્યકત કરતા બોલ્યા. "બાલ્યકાળથી હું તમારે ત્યાં રહ્યો છું. શિક્ષણ પણ તમારી સહાય વડે લીધું છે. આ દેહ તમારા અન્ન વડે પોષાયો છે, મારા કુટુંબની ઉન્નતિ તમારા પૈસાવડે જ થઇ છે. મોટા શેઠે મારાં લગ્ન કરાવી આપ્યાં. ને મકાન બંધાવી આપ્યું. એમનો એ ઉપકાર મારાથી કેમ ભુલી શકાય? જેનું

અન્ન ખાધું હોય, તેનો બદલો મરણની અંતિમ ઘડી સુધી વાળી આપવો જોઇએ. એક શ્વાનને રોટલો નાખવામાં આવે છે. તો તે પણ ઉપકાર ભુલતો નથી, જ્યારે હું તો માણુસ છું શું માણુસ એક શ્વાન કરતાં પણ હલકો–ઊતરતા દરજ્જાનો બની શકે?"

મુનિમજીના શબ્દો સાંભળીને શેઠાણીનું હૈયું ભરાઇ આવ્યું. આવા વફાદાર મુનિમો– નોકરો કેટલાને ત્યાં હશે! આટલી નિમકહલાલી જો દરેક નોકર સાચવતો રહે, તો અનીતિને સ્થાન ક્યાં રહ્યું!

"થોડા દિવસ બહાર ગામ ગયાનું બહાનું કાઢયા પછી શું કરવાનો વિચાર છે?" શેઠાણીએ આતુરતાથી પ્રશ્ન કર્યો. તેમને મુનિમજીની બુદ્ધિ પર સંપૂર્ણ શ્રદ્ધા હતી.

"એ પછી થોડા દિવસમાં સમય સાધીને તે યુવકને બીજા ખંડમાં લઇ જવો અને બાળકોના મન પર એવી અસર પાડવી કે તેના પિતા સખ્ત બિમાર છે. બાળકો પિતાને મળવા માટે આતુરતા દર્શાવશે, પણ બિમારને મળવાથી તેમને વધારે ત્રાસ થાય એમ એમને સમજાવવું. બાળકો સમજુ છે. તે તરત જ માની જશે. આઠેક દિવસ પછી બાળકોને કહી દેવું, કે તેમના પિતા ગુજરી ગયા છે. તેમની માતાઓએ પણ સાધારણ તેવો દેખાવ કરીને બાળકો પર તેની અસર પાડવી.

તે પછી બીજેજ દિવસે માતાઓએ બાળકોને કહેવું, 'આજે રાત્રે આપણે આપણા ગામ તરફ જવાનું છે.' રાત્રે બાળકો ઊંઘી જાય એટલે તેમને બીજા ખંડમાં લઈ જવા. સવારે તે ઊઠે એટલે તેમને જણાવી દેવું, કે આપણે આપણા ગામમાં આવી પોહોચ્યાં છીએ. તમે ઊંઘમાં હતા એટલે ખબર ન પડી. પછી હું તેમને મળીશ. આ બધા કાર્ય પછી એક વાત યાદ રાખવાની કે તે યુવકને નજરે પડવા દેશો નહિ. બે સ્ત્રીઓ બાળકો પાસે રહે અને બે સ્ત્રીઓ તે યુવક પાસે રહે એવો બંદોબસ્ત કરવો. એ પછી શું કરવું, તે હજી મેં નક્કી કર્યું નથી. આટલું કાર્ય તો આપણે કરવાનુંજ છે. જો

નાટક આપણે ભજવી રહ્યાં હતાં, તે હવે પૂરૂં કરવાનો સમય આવ્યો છે. તેની શરૂઆત તરીકે મેં ગોઠવેલો વિચાર બરાબર છે." મુનિમજીએ તત્કાળ શોધી કાઢેલી યુક્તિ શેઠાણીને કહી સંભળાવી.

એક વાત તો નિર્વિવાદ હતી, કે મુનિમજી મહાન મુત્સદ્દી હતા. સમયસૂચતા અને તત્કાળ વિચારણા; એ એમની આવડતનાં મુખ્ય લક્ષણો હતાં.

જિનદત્તશેઠના પિતા ધનદશેઠને ત્યાં મુનિમજીના પિતા નોકરી કરતા હતા. તેમની સ્થિતિ બહુ સારી ન હોવાથી તેમના પુત્રના શિક્ષણનો ખરચ શેઠ પોતે આપતા હતા. મુનિમજીનો બાલ્યકાળ બહુ તેજસ્વી હતો. શિક્ષકોની પ્રિતિ સંપાદન કરવાની કૃપા તેમણે સાધ્ય કરી હતી. જ્યારે તેમણે શાળા છોડી ત્યારે શિક્ષકોને પણ તેમનું ગમન સાલ્યું હતું. કોઇ પણ વિદ્યાર્થી શાળા છોડે એથી શિક્ષકોને બિલ્કુલ દુઃખ થતું હોતું નથી. કારણ કે કેટલાક નવા વિદ્યાર્થીઓ આવતા હોય છે અને કેટલાયે જૂના જતા હોય છે. જો તે માટે શિક્ષકો સુખ દુઃખ અનુભવતા થાય, તો તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો સમય પણ ન મળે.

પણ એ સમયે વિદ્યાર્થી જીવન ગાળતા અત્યારના મુનિમજીએ જ્યારે શાળા છોડી ત્યારે ખરેખરજ તેમના શિક્ષકોને દુઃખ થયું હતું. શિક્ષણ બંધ કર્યું કે તરતજ તેમને ધનદ શેઠે પોતાની પેઢીમાં રાખી લીધા અને મુનિમજીના વૃદ્ધ પિતાને આરામ લેવાનું સૂચવ્યું.

મુનિમજી થોડજ સમયમાં આખી પેઢીના દરેકે દરેક ખાતાના જાણકાર થઇ ગયા. નામામાં અને હિસાબ રાખવામાં તે સફળ બની ગયા. તેમના પર શેઠનો સંપૂર્ણ વિશ્વાસ હોવાથી તેમણે ચારેક વરસ બાદ તેમને તિજોરીની ચાવીઓ સોંપી દીધી. તે ઉપરાંત ગૃહકાર્ય પર દેખરેખ રાખવાનું કાર્ય પણ તેમને સોંપવામાં આવ્યું.

તેમની એક નિષ્ઠા અને નિમકહલાલીના કારણે થોડાજ સમયમાં આખી કાર્યવ્યવસ્થા સુધરી ગઇ.

શેઠની ઉંમર પણ થઇ ગઇ હતી. તેમને જિનદત્ત નામનો એકનો એક પુત્ર હતો. પુત્ર અને પેઢીની વ્યવસ્થા અને ઉન્નતિ તેમણે મુનિમજીને સોંપ્યાં. શેઠાણી રૂપવતીને પણ તેમના પર શ્રદ્ધા હતી. શેઠના મૃત્યુ પછી તેમણે કરેલી કદરના બદલામાં મુનિમજી એક નિષ્ઠાથી નાના શેઠની, કુટુંબની અને પેઢીની સેવા કરી રહ્યા હતા.

એકાએક નાના શેઠ મૃત્યુ પામવાથી તેમના માથે મોટી જવાબદારી આવી પડી. તે સમયે એવો કાયદો હતો, કે જે માણસ નિઃસંતાન ગૂજરી જાય, તેની બધી મિલ્કત રાજ્યના ભંડારમાં જાય.

નાના શેઠના મૃત્યુ સમયે તેમને ચાર સ્ત્રીઓ હોવા છતાં એક પણ સંતાન નહોતું તે કારણે શેઠની બધી મિલ્કત રાજ્યભંડારમાં જવાની પરિસ્થિતિ ઊભી થઇ હતી. તેના માટે કંઇક માર્ગ શોધી કાઢવાની આવશ્યકતા હતી. ખૂબ વિચારાન્તે તેમણે એક નવો માર્ગ શોધી કાઢયો અને શેઠની વિધવા માતા રૂપવતીની સલાહથી તેમણે તે અમલમાં મૂક્યો. તે માર્ગનું પરિણામ તો ધાર્યું આવ્યું, પણ તેના માટે જે બાજી ખેલવામાં આવી હતી તેને સંકેલી લેવા માટે નવો માર્ગ શોધવાની આવશ્યકતા પાછી ઊભી થઇ હતી.

અને તેમાં પણ મુનિમજીએ પોતાની બુદ્ધિનો યોગ્ય ઉપયોગ કર્યો.

*

## પ્રકરણ ૩૭ મું

## પિતા પુત્રનો મેળાપ

અરૂણોદયને થોડા સમયની વાર હતી. ધન્યા ઘરના કામમાંથી પરવારીને સ્નાન કરવાની તૈયારી કરી રહી હતી. તેનો પુત્ર કલ્યાણ સવારની કસરત માટે તેના કેટલાક મિત્રો સાથે કસરત શાળામાં ગયો હતો.

શિક્ષણ સાથે તેને શારીરિક શક્તિનો બહુ મોહ જાગ્યો હતો. પ્રત્યેક અવયવ સુદૃઢ અને સુડોળ કેમ બને, તેની તે ખાસ કાળજી રાખતો હતો. જ્યારે તે કસરત માટે પોતાના દેહ પરનાં વધારાંના વસ્ત્રો કાઢી નાંખતો અને કેવળ કસરત સમયે વાપરવામાં આવતી ચડ્ડીજ પહેરી રાખતો, ત્યારે બાળ હનુમાનની સદૃઢ કાયાનો સહેજે ખ્યાલ આવતો. કસરત શાળામાં તેનો નંબર પહેલોજ રહેતો હતો.

આજે કસરત પૂરી થતાં પહેલાંજ તે કસરત શાળામાંથી પોતાના ઘેર જવા નીકળ્યો હતો. તેના શિક્ષકે વહેલા જવાનું કારણ પૂછતાં તેણે જવાબ આપ્યો કે, "મારે જરૂરનું કામ હોવાથી આજે વહેલા ઘેર ગયા સિવાય ચાલે તેમ નથી."

તેના શિક્ષક જાણતા હતા કે, કલ્યાણ ખાસ કારણ સિવાય વહેલો ઘેર જાય નહિ. તેમણે વધુ પૂછ પરછ કરવાનું યોગ્ય માન્યું નહિ.

જ્યારે કલ્યાણ ઘેર પહોંચ્યો ત્યારે તેની માતા ધન્યા સ્નાન માટેની તૈયારી કરી રહી હતી. પુત્રને અચાનક વહેલો ઘેર આવેલો જોઇને તેણે તેને સાશ્ચર્ય પ્રશ્ન કર્યો: " આજે કેમ વહેલો આવ્યો, કલ્યાણ ? "

"માતાજી, આજે એક શુભ સમાચાર આપવા માટે ખાસ વહેલો આવ્યો છું." કલ્યાણે પોતે વહેલા ઘેર આવવાનું કારણ જણાવતાં કહ્યું,

"શા સમાચાર આપવાના છે?"

"તમે કહેતાં હતાં ને, કે મારા પિતાજી એક વણઝારની સાથે બહાર ગામ ગયા છે અને તેજ વણઝારની સાથે પાછા આવશે!"

"હા. પણ આજે એનું શું છે, બેટા?"

"ગઇ મધરાતે એક મોટી વણઝારે ગામ બહાર પડાવ નાંખ્યો છે. એટલે તમે જે વણઝારની વાત કરતાં હતાં, તેજ વણઝાર જો એ હોય તો મારા પિતાજી તેની સાથે જરૂર આવ્યા હોવા જોઇએ." પુત્રે માતાને આનંદના સમાચોર કહી સંભળાવ્યા.

વણઝારના પડાવના સમાચાર સાંભળીને ધન્યા આનંદીત થઇ. તે જાણતી હતી કે મોટામાં મોટી એક જ વણઝાર હતી. અને તે જ વણઝારની સાથે તેનો પતિ મુસાફરીએ ગયો હતો.

જલ્દી જલ્દી તેણે સ્નાન કરી લીધું. સાધારણ ઠીક એવાં વસ્ત્રો પહેરી લીધાં. કલ્યાણ પણ સ્નાનાદિ કાર્યથી પરવારીને કપડાં પહેરી સજ્જ થયો.

માતા અને પુત્ર રાત્રે આવેલી વણઝાર તરફ ચાલ્યાં. તેમની પેઠે કેટલાયે સ્ત્રી પુરૂષો અને બાળકો તે તરફ જઇ રહ્યાં હતાં. કોઇ સ્ત્રી પોતાના પતિને મળવાની આશાએ જલ્દી જલ્દી જઇ રહી હતી, તો કોઇ વૃદ્ધ યા તો પ્રૌઢ પોતાના પુત્રના સામે જઈ રહ્યો હતો. કેટલાક યુવાનો પોતાના પિતાને મળવાને અને તેમને ઘેર લાવવાને જઇ રહ્યા હતા.

આખા નગરમાં વાત પ્રસરી ગઇ હતી, કે ગઇ મધરાતે વણઝાર આવી ચૂકી છે અને તેણે ગામના બહાર પોતાનો પડાવ નાંખ્યો છે.

પ્રાતઃકાળ થઇ ચૂકયો હતો.

ધન્યાના મનમાં અનેક વિચારો ચાલી રહ્યા હતા. પોતે પોતાના

પતિને ઘણા વરસે મળતાં શું બોલી શકશે? પતિ કલ્યાણને જોઇને કેવા આનંદિત થશે! કલ્યાણ પોતાના પિતાને મળશે એટલે તેના હૃદયમાં કેટલો બધો હર્ષ વ્યાપી જશે? બાર વરસે પાછા આવતા પતિનું આરોગ્ય કેવું હશે! તેમણે કેટલો બધો પરિશ્રમ વેઠયો હશે!

વગેરે પ્રકારના વિચારોમાંને વિચારોમાં તે વણઝારના પડાવની પાસે જઇ પહોંચી.

પણ આ શું!

જે ખાટલો, ગોદડી, વસ્ત્રો અને ઓઢવાનું તેણે પતિના જવાના દિવસે જોયાં હતાં, તેજ ખાટલો, ગોદડી, વસ્ત્રો અને ઓઢવાનું આજે પણ તેજ જગાયે અને તેજ સ્થિતિમાં જોવામાં આવતાં હતાં. અને પતિ હજીપણ ખાટલા પર સૂઇ રહ્યો હતો.

પતિનું શરીર આરોગ્યની દ્રષ્ટિએ તો તેને ઠીક લાગ્યું. કલ્યાણને સંબોધીને તે બોલી: "બેટા! આ સામે દેખાય છે, તેજ તારા પિતા."

અને કલ્યાણને લઇને તે ખાટલા પાસે ગઇ.

કૃતપુણ્ય ખાટલામાં પડયો પડયો જાગતો હતો. તેણે એક સ્ત્રીને અને બાર વરસના છોકરાને પોતાની પાસે આવેલાં જોયાં. ધન્યાને ઓળખતાં તેને વાર લાગી નહિ. 'પણ આ છોકરો કોણ હશે!' તેને વિચાર આવ્યો.

એટલામાં કલ્યાણે તેના પિતાને પ્રણામ કરતાં કહ્યું. "પ્રણામ, પિતાજી!"

કૃતપુણ્ય તરતજ ખાટલામાં બેઠો થઇ ગયો, ને ધન્યાને સંબોધીને બોલ્યો:

"ધન્યા........."

તેના બોલવાનો અર્થ સમજી જઇને ધન્યા બોલી: "આપનો પુત્ર કલ્યાણ"

"એમ. બહુ મોટો થઇ ગયો!"

"તમને પાછા આવ્યે બાર વરસ થયાંને!"

"હાસ્તો."

કલ્યાણ તો પોતાના પિતાને જોવામાંજ તલ્લીન બની ગયો હતો. તેના જન્મ પછી આજેજ તેને તેના પિતા જોવા મળ્યા હતા.

કૃતપુણ્ય બંનેને ત્યાં રોકાવાનું જણાવીને ખજાનચી પાસે ગયો. ત્યાં તેના જેવા બીજા કેટલાય માણસો ઊભા હતા. પણ ખજાનચી સ્વભાવે બહુ કડક હતા. સૌને ચોકખા શબ્દોમાં કહી સંભળાવ્યું કે, "જો કોઈ માણસ ગરબડ કરશે તો હિસાબ આપવાનું હું બંધ કરીશ. સૌ લાઈનમાં ઊભા રહો અને એક પછી એક હિસાબ લેવા માટે આવો."

સૌએ તેમના શબ્દો માન્ય રાખ્યા. ઇચ્છા હોય કે ન હોય, પણ તેમનું ફરમાન માન્ય રાખ્યા સિવાય બીજો રસ્તોજ નહોતો.

ખચાનચી એક પછી એક સૌનું નામ પૂછી લેતા અને સહી લઈને તેમનો નક્કી કરવામાં આવેલો પગાર ચૂકવી આપતા. કૃતપુણ્યનું નામ ચોપડામાં નોંધાઈ ગયું હતું એટલે તેને ખાસ વાંધો આવે તેમ નહોતો. તેનો નંબર આવતાં તે ખજાનચીની આગળ જઈને ઊભો રહ્યો. ખજાનચીએ તેનું નામ પૂછ્યું. નામ સાંભળીને તે તેના ચહેરાનું અવલોકન કરવા લાગ્યા. કૃતપુણ્યને લાગ્યું કે જરૂર તેમને શંકા ઉદ્ભવી હોવી જોઈએ. જો શંકા ઉદ્ભવી હશે અને કોઇપણ જાતનો પ્રશ્ન કરશે તો જવાબ આપવો મુશ્કેલ થઇ પડશે. પણ તેના સદ્ભાગ્યે ખજાનચીએ પોતાની નજર તેના ચહેરા પરથી ખેસવી લીધી અને તેની સહી લઇને પગારનાં નાણાં ચૂકવી આપ્યાં.

કૃતપુણ્ય તે નાણાં લઇને પોતાના ખાટલા પાસે આવ્યો. ધન્યા અને કલ્યાણ તેની રાહ જોઇને ઊભાં હતાં. કૃતપુણ્ય તેની નજીક જઇને બોલ્યો. "પગાર લેતાં થોડી વાર થઇ. તમે બંને જણાં આ ખાટલા પર બેઠાં હોત તો ઠીક હતું."

"અમે એટલામાં થોડા જ થાકી જવાનાં હતાં, પિતાજી!"

કલ્યાણ બોલ્યો.

પુત્રનો જવાબ સાંભળીને કૃતપુણ્યને તેની વાચાળશક્તિ અને નમ્રતાનો ખ્યાલ તરત જ આવી ગયો.

ખાટલો અને ગોદડી ત્યાં રહેવા દઇને પોતાનાં વસ્ત્રો તથા ખાવાનો ડબ્બો લઇને તે ધન્યા અને કલ્યાણ સાથે ઘેર જવા નીકળ્યો. ઓઢવાનું અને ઓશિકું પણ ત્યાંજ પડી રહ્યાં.

ઘેર જઇને કૃતપુણ્યે ગરમ પાણીથી સ્નાન કર્યું. આજે લગભગ બાર વરસે તેણે પ્રથમ વાર સૂર્યદેવના દર્શન કર્યાં, ખુલ્લા હવાનો મધુર સ્પર્શ આજે તેના દેહને આહલાદ અર્પવા લાગ્યો. બાર વરસે કારાવાસમાંથી છૂટયા પછી જેટલું નવું નવું એક માણસને લાગે તેટલું, બલ્કે, તેથી પણ વધારે નવું તેને લાગવા લાગ્યું.

બાર વરસે તેણે નવો જન્મ લીધો હોય તેમ નવી દુનિયા નિહાળી. ખુલ્લાં મેદાનો, રાજમાર્ગો, નાનાં મોટાં મકાનો, હાથી, ઘોડા, રથ, વગેરે તેની દષ્ટિએ આજે કુતુહલભર્યાં દેખાવા લાગ્યાં. કામકાજ માટે રસ્તે ચાલતા માનવીઓને જોઇને તેનામાં નવી સ્ફૂર્તિ આવવા લાગી.

સ્નાન કરી રહ્યા પછી નજીકમાં આવેલા દેરાસરમાં જઇને ભગવાન પાર્શ્વનાથનાં દર્શન કરી આવ્યો. ધન્યાએ તેને અને કલ્યાણને ગરમ દૂધ આપ્યું. સાથે થોડો નાસ્તો પણ આપ્યો.

હમેશાં પત્નીની સાથે આનંદ કરતો અને મશ્કરી કરતો કૃતપુણ્ય આજે કલ્યાણની હાજરીમાં બહુજ ગંભીરતા ધારણ કરીને બેઠો હતો. તેણે સામાન્ય રીતે ધન્યાને કહ્યું: " ધન્યા, તું પણ દૂધ પી લે."

'પહેલાં તમે બંને જણા પી લો. પછી હું પીશ." ધન્યાએ જવાબ આપ્યો.

કૃતપુણ્યે ફરીથી તેને આગ્રહ કર્યો નહિ. તેના મગજમાં એક વાત ઠસી જવા પામી હતી કે પોતે બાર વરસના પુત્રનો પિતા થયો

છે. હવે પોતે બાળક નથી રહ્યો.

કલ્યાણને શાળાએ જવાનો સમય થયો. તેણે તેની માતાને કહ્યું: “માતાજી, હું શાળાએ જઉં છું. જો કંઇ ખાવાનું હોય તો આપો.”

પુત્રના શબ્દો સાંભળીને કૃતપુણ્ય બોલ્યો. “કલ્યાણ, લે આ એક લાડવો લેતો જા. તારા મિત્રોને પણ તેમાંથી થોડો આપજે.”

કૃતપુણ્યે પોતાની પાસેના ભાતાના ડબામાંથી એક લાડવો કલ્યાણને આપ્યો. કલ્યાણ તે લાડવો કપડાના એક નાના ટુકડામાં વીંટાળીને લઇ ગયો.

તે ડબામાં ચાર લાડવા હતા. કૃતપુણ્યે તેમાંનો એકપણ વાપર્યો નહોતો. પુત્ર પ્રત્યેના પ્રેમને લઇને તેણે એક લાડવો કલ્યાણને આપ્યો હતો. બાકીના ત્રણ તેજ ડબામાં પડી રહ્યા.

ધન્યાએ પતિના આગમનના શુભ પ્રસંગે મિષ્ટાન ભોજન બનાવ્યું હતું, એટલે તે લાડવામાંથી બીજો લાડવો વાપરવાની આવશ્યકતા ઊભી થઇ નહોતી.

કૃતપુણ્યના મગજમાં એક વિચાર ઘોળાયા કરતો હતો કે, જ્યારે ધન્યા અને કલ્યાણ પૂછશે કે ‘તમે કયાં ફરી આવ્યા ? ત્યારે શો જવાબ આપવો ? જ્યારે બીજી બાજુએ ધન્યા વિચાર કરી રહી હતી. કે, ‘પતિને કેવી રીતે પ્રશ્ન કરવો, કે જેથી તેમને માઠું ન લાગે. અને તે કયાં કયાં ફરી આવ્યા. તે જાણવા મળે,

બંનેના વિચારો આખો દિવસ ચાલ્યા જ કર્યા. ધન્યાએ વિચાર્યું કે, એક બે દિવસ પછી પૂછીશ. કારણકે, આજે જ બાર વર્ષે પાછા આવ્યા છે એટલે થાકી ગયા હશે.

બીજી બાજુ કૃતપુણ્યે વિચાર્યું કે, આજનો દિવસ તો પસાર થઇ ગયો છે. કાલની વાત કાલે.

સાંજે ત્રણે જણાંએ સાથે બેસીને ભોજન કર્યું. ભોજન સાદુ હોવા છતાં, કૃતપુણ્યને તે બહુજ મીઠું લાગ્યું. તેનું મન આજે

ખૂબ ઉલ્લાસમય બની ગયું હતું. પક્ષીઓનો કિલકિલાટ અને માનવોનો ઘોંઘાટ તેના આનંદમાં વધારો કરતા હતા.

રાત્રે પથારીમાં પડયા પડયા તેને પરિમલના વિચાર આવવા લાગ્યા.

બિચારી પરિમલ !

અને બીજાના સુખને ખાતર પોતાના જીવનનો ભોગ આપનાર એ આદર્શવાદી યુવક—અનંતકુમાર !

કેવું સુંદર જોડું હતું !

મારી મુર્ખાઇનાં કારણે તેનું ખંડન થયું.

હંસ ગયો ને હંસલી રહી !

બિચારી પોતાનું જીવન કેવી રીતે વીતાવતી હશે !

પરિમલના મૃત્યુની તેને ખબર નહોતી. ધન્યાને આજે તેના વિષે તે પૂછી શકયો નહોતો. તેના સમાચાર ન પૂછવામાં અને તેને ન મળવામાં પોતે મોટી ભૂલ કરી છે, એમ તેને લાગવા માંડયું. જો ધન્યા જાગતી હોત તો તે અત્યારે જ તેને પૂછી લેત. પણ ધન્યા અને કલ્યાણ, બંને જણા નિદ્રાદેવીને આધિન થઇ ગયાં હતાં તે એકલોજ વિચાર વમળમાં અટવાઇ ગયો હતો.

વિચારતરંગ સમુદ્રતરંગ કરતાં પણ બહુ તોફાની હોય છે. સમુદ્રતરંગ તો અમુક સમયેજ તોફાને ચઢે છે, જ્યારે વિચારતરંગને માટે તો કોઇ સમય કે સ્થાન નકકી હોતાંજ નથી. તે તોફાનને સમાવવાં બહું મુસ્કેલ હોય છે.

કૃતપુણ્યના વિચારતરંગ પણ તોફાને ચડયા હતા. જેમ જેમ તે તોફાનને શમાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો, તેમ તેમ તોફાનનું જોર વધવા લાગ્યું.

અંતે કંટાળીને તે હતાશ બની ગયો. તેની તે હતાશતાનો લાભ લઇને નિદ્રાદેવીએ તેને ઝડપી લીધો.

# પ્રકરણ ૩૮ મું

## તપાસની શરૂઆત

બીજે દિવસ થયો.

ગોવાળો પોતાની ગાયો લઇને જંગલ તરફ જઇ રહ્યા હતા. મજૂરો, નોકરો અને તેમના માલિકો પોતે પોતાના કાર્ય માટે જઇ રહ્યા હતા. સ્ત્રીઓ ગૃહકાર્યમાં ગુંથાઇ ગઇ હતી. વિદ્યાર્થીઓ શાળાઓમાં અધ્યયન કરી રહ્યા હતા. નગરરક્ષકો અને ગુપ્તચર ખાતાના માણસો પોતાના કામ પર ચઢી રહ્યા હતા. રાજમાર્ગો પર રથ, હાથી ઘોડા વગેરે જતા આવતા દેખાતા હતા.

કૃતપુણ્ય પણ સ્નાનાદિ કાર્યથી પરવારીને તૈયાર થઇ ગયો હતો. કલ્યાણ શાળાએ ગયો હતો. ધન્યા ગૃહકાર્યમાં પરોવાઇ હતી. ઘરમાં જોઇતી કેટલીક વસ્તુઓ અને ધન્યા માટે, કલ્યાણ માટે અને પોતાના માટે નવાં વસ્ત્રો ખરીદવાના ઇરાદાથી કૃતપુણ્ય બહાર નીકળ્યો હતો. જ્યારે તે રાજમાર્ગ પર પહોંચ્યો ત્યારે તેની દૃષ્ટિએ એક ટોળું પડયું. તે ઝડપથી ત્યાં તે ટોળા પાસે જઇ પહોંચ્યો.

રાજ્યનો એક માણસ દાંડી પીટી રહ્યો હતો. દાંડીનો અવાજ બંધ થતાંજ તેની સાથેના માણસે બોલવું શરૂ કર્યું.

"આપણા મહારાજાના પ્રિય હાથી સેચનકનો એક પગ ઝુંડ નામના જળચરે પાણીમાં પકડયો છે. પાણીની અંદર ઝુંડનું જોર વધારે હોય છે. એટલે તે પાણીને હઠાવવાની ખાસ આવશ્યકતા છે. જેની પાસે 'જળકાન્ત' નામનો મણિ હોય તેણે તે લઇને મહા-

મંત્રીને મળી જવું. મણીનો ઉપયોગ કરીને તે તેનાં માલિકને પાછો સુપ્રત કરવામાં આવશે અને તેના બદલામાં રાજ્ય તરફથી તેને મોટું ઇનામ આપવામાં આવશે. તેમજ મોટી પદવી પણ તેણે અર્પણ કરવામાં આવશે."

સૌ વિચારમાં પડી ગયા. એવું તે ઝુંડ નામનું કેવું જળચર હશે, કે જે હાથીથી પણ વધુ શક્તિ ધરાવતું હશે? અને જે જળકાન્ત મણિ મહારાજા શ્રેણિકના ભંડારમાં નથી, તે મણિ બીજા કોની પાસે હોય!

—પણ બપોરે મધ્યાહ્ન વીત્યા પછી સૌના જાણવામાં આવ્યું, કે એક મીઠાઇવાળા પાસે જળકાન્ત મણિ છે. તે મણિ પાણીને અડાડતાંજ પાણી ખસી ગયું છે અને ઝુંડ પાણી ખસી જતાં પોતે હાર પામીને હાથીને છોડીને નાસી ગયું છે. હાથીને તેનો મહાવત સુખરૂપ તેના સ્થાને લઇ ગયો છે.

એક મીઠાઇવાળાને ત્યાંથી જળકાન્ત મણિ મળી આવેલો જાણીને પ્રજાજનોની પેઠે મહામંત્રી પણ અશ્ચર્યમુગ્ધ બની ગયા હતા. આવો મહા મોલો મણિ મીઠાઇવાળા સાધારણ માણસને ત્યાં કયાંથી આવ્યો હશે. તે વિષે તે વિચારવા લાગ્યા.

મહામંત્રી અભયકુમાર એટલે બુધ્ધિનો ખજાનો.

સૌથી વધુ આશ્ચર્ય તેમને થયું હતું. એક સાધારણ મીઠાઇવાળા પાસે 'જળકાન્ત' મણિ સંભવેજ નહિ, એવા તેમના મજબૂત વિચારો હતા. મહારાજા શ્રેણિક સાથે તેમણે તે વિષે ચર્ચા પણ કરી. પોતાના—રાજ્યના ગુપ્તચર ખાતાના માણસોને તે વિષે તપાસ કરવાનો હુકમ આપી દીધો. ગુપ્તચર ખાતાએ એ બાબતમાં ખૂબ તપાસ કરી, પણ તત્કાળ તેમને કંઇ સમાચાર મળ્યા નહિ. કોઇપણ પ્રકારની માહિતી મેળવવા માટે સમયની આવશ્યકતા હોય છે, એ વાત મહામંત્રીથી અજાણ નહોતી.

આખી રાત વિચાર કર્યા પછી તેમણે શામ, દામ. દંડ અને

ભેદઃ એ ચારેનો આશ્રય લેવાનું નક્કી કર્યું.

બીજે દિવસે તેમણે તે મીઠાઇવાળાને બોલાવી મંગાવ્યો. પોતે એકાન્ત ખંડમાં બેઠા હતા. તેમની પાસે તેમના ચાર માણસો હતા. તે ચારેને તેમણે કેટલીક વિગતો સમજાવી રાખી હતી..

મીઠાઇવાળો આવ્યો ત્યારે મહામંત્રી એક સારા આસન પર બેઠા હતા. સાદાં વસ્ત્રોમાં તેમનો સુંદર દેહ શોભી રહ્યો હતો. આવનારે તેમની નજીક જઇને તેમને વંદન કર્યું. તેના મનમાં ખાસ ડર નહોતો. તે ખૂબ આશાવંત બનીને આવ્યો હતો. આજે રાજ્ય તરફથી તેને મોટું ઇનામ મળવાનું હતું,

"આ મણિ તમારી પાસે કેટલા સમયથી છે, ભાઇ"? મહામંત્રીએ પ્રથમ પ્રશ્ન કર્યો.

"ઘણો સમય થયો મહારાજ!" મીઠાઇવાળાએ મુંઝાયા સિવાય જવાબ આપ્યો, મહામંત્રીના મીઠા શબ્દોમાં તેને કોઇપણ જાતનો ભેદ ભાસ્યો નહિ. તે એક વાત તો જાણતો હતો, કે મહામંત્રી છે તો મહા બુધ્ધિશાળી. પણ મણિની બાબતમાં તેમણે કંઇપણ બુધ્ધિ ચલાવવાની આવશ્યકતા હોય, તેમ તેને લાગ્યું નહોતું.

"ઘણો સમય એટલે ચાર મહિના, છ મહિના, આઠ મહિના કે તેથી પણ વધારે? મહામંત્રીએ બીજો પ્રશ્ન કર્યો.

"એમ તો કંઈ ખાસ ખ્યાલ નથી, મહારાજ! પણ ઘણો સમય થયો, એમ યાદ છે." મીઠાઇવાળાએ જવાબ આપ્યો. તેના જવાબથી અભયકુમારને શંકાનું કારણ મળ્યું.

"કંઇ વાંધો નહિ. પણ એ તમને તમારા પિતાજી તરફથી તો મળેલો નહિ, ખરૂંને?

ઘણા વખત પહેલાં તે મારી પેટીમાંથી મળી આવેલો. એટલે મને લાગે છે કે તે કદાચ મરા પિતાજી તરફથી મૂકવામાં આવ્યો હોય!"

"આ મણિને સાધારણ પેટીમાં તમારા પિતાજી રાખતા હશે, એટલે એમ માનવાને કારણ મળે છે કે તેમની પાસે બીજા પણ

કેટલાક મણિ હોવા જોઇએ. કેમ, ખરૂંને? જાણે સાધારણ રીતે વાત કરતા હોય, એમ માહામંત્રી બોલતા હતા.

હવે તેમના પ્રશ્નો વિષે મીઠાઇવાળાને ગૂંચવણ ઊભી થવા લાગી હતી. તેને શંકા આવી કે જરૂર મહામંત્રી કંઇક ભેદ જાણી ગયા હોવા જોઇએ. તેના મનમાં સાધારણ ભીતિનો સંચાર થયો.

એ બાબતમાં મને કંઇ ખાસ ખબર નથી, મહારાજ!" તેણે જબાબ આપ્યો. તેના સ્વરમાં ફરક પડી ગયો. મહામંત્રીએ તરત તે પારખી લીધો.

"તમારા પિતાજી ગુજરી ગયા. ત્યારે તેમની પાસે કેટલી મિલ્કત હતી?

"બહુ મોટી તો નહોતી."

"એટલે કે મધ્યમ વર્ગના માણસ પાસે હોય એટલી હશે. ખરૂં ને?"

લગભગ તેમજ."

હવે તેની—મીઠાઇવાળાની મૂંઝવણ વધવા લાગી.

"અને જ્યારે તમારા પિતા ગુજરી ત્યારે તેમની મિલ્કત ક્યાં ક્યાં મૂકવામાં આવી હતી, તે બતાવતા ગયા હતા કે તેમના મૃત્યુ બાદ તમને અવ્યસ્થિત રીતે આડી અવળી જગાએથી મળી આવી હતી?"

"મિલ્કત તો તેમણે તેમના મૃત્યુ સમયે મને બતાવી હતી. મહારાજ!

"અને આ મણિ—કદાચ તેમની દૃષ્ટિએ એની કિંમત કાચના કટકા જેટલી હશે એટલે—બતાવ્યો નહોતો ખરૂંને?

"એમ તો ન કહેવાય. પણ કદાચ મને તે વિષે કહેવું ભૂલી ગવા હશે!

"જુઓ ભાઇ! આવી રીતે તદ્દન અસત્ય બોલવું તમારા જેવા સજ્જન માટે યોગ્ય નથી. " મહામંત્રી હવે તેને તે તદ્દન અસત્યજ બોલતો હોય તેવા પ્રકારે ઉદ્દેશીને સમજાવતા કહેવા લાગ્યા. " આ મણિ

તમારા પિતાના સમયથી તમારા ઘરમાં હોય, એ માનવાને હું તૈયાર નથી. માટે જે સત્ય હકીકત હોય તે કહી દો. જો તમે કોઇ પણ જાતની આનાકાની વિના સત્ય હકિકત જણાવી દેશો તો હું તમને ખાત્રી આપું છું, કે તમારો એક પણ વાળ વાંકો નહિ થાય. તમને કોઈ પણ જાતની સજાયે નહિ થાય. અને તમે રાજ્યને જે મદદ કરી છે, તેના બદલામાં યોગ્ય ઇનામ આપવામાં આવશે."

મહામંત્રીના શબ્દો સાંભળીને મીઠાઇવાળાની હિંમત ભાંગી ગઈ. છતાં તેમણે આપેલી ખાત્રીથી તેને કંઇક આશ્વાસન મળ્યું.

"મહારાજ ! અસત્ય કોઇ દિવસ છૂપું રહી શકતું નથી, એ હું પણ સમજું છું. અને તેમાં પણ આપ તો મહાન બુધ્ધિશાળી છો. આપની પાસે હું શું છુપાવી શકું તેમ છું ?" તેણે નમ્રતાભર્યા સ્વરે કહ્યું.

"જો તમે કંઇ પણ છુપાવ્યા સિવાય સત્ય હકિકત કહી દેશો તો હું મારૂં વચન પાળીશ." મહામંત્રીએ તેને આશ્વાસન આપતાં કહ્યું.

મહામંત્રીના બીજા આશ્વાસનથી તેને કંઈક હિંમત આવી. તે પોતાની પાસેના જળકાન્ત મણિ વિષે ખુલાસો કરવા લાગ્યો.

"પરમ દિવસે બપોરે બે છોકરાઓ મારી દુકાન આગળ થોડી મીઠાઇ ખાતા ઊભા હતા. તેમાંના એકના હાથમાંથી આ મણિ પડી ગયો હતો. મને તે સમયે ખબર નહોતી, કે આ જળકાન્ત મણિ છે. મેં અને તે છોકરાઓએ તેને સાધારણ કાચનો મણિ માની લીધો હતો. પણ તે મણિ મારી દુકાન આગળ ઢળેલા પાણીમાં પડતાં તે પાણીની જગાએ ચોખ્ખી જમીન જણાવા લાગી હતી. એટલે મને તે કોઇપણ પ્રકારની કિંમતિ વસ્તુ હોય એમ લાગ્યું હતું. મેં તે છોકરાઓને સમજાવીને થોડી મીઠાઇ આપી અને તેના બદલામા આ મણિ લઇ લીધો. તે છોકરાના ગયા પછી મેં મારા ઘરમાં જઇને એક મોટા પાણીના ભરેલા વાસણમાં આ મણિ મૂક્યો. મણિનો સ્પર્શ થતાંજ પાણી ખસી ગયું. એટલે મને એની કિંમત સમજાઇ. તે પછી

હું તળાવ પર ગયો. આજુબાજુમાં કોઇ નથી, એની ખાત્રી કરી લઇને મેં આ મણિ ત્યાં જળમાં મૂકયો. ત્યાં પણ જળનો સ્પર્શ થતાં જ જળ ખસી ગયું. એ કારણે રાજ્ય તરફથી થયેલી જાહેરાત માટે મેં આનો ઉપયોગ કર્યો.

હું આ મણિ સાથે આપના હાથી પાસે ગયો. મેં હાથીના મહાવતને સાથે લઇને હાથી પાસેના જળને તેનો સ્પર્શ કરાવ્યો. મણિનો સ્પર્શ થતાં જ જળ ખસી ગયું. જળ ખસી જતાં તે જળચર હાથીને છોડીને નાસી ગયું. હાથી તરતજ જળમાંથી બહાર નીકળી આવ્યો."

તેના મોંએથી સવિસ્તર હકિકત સાંભળીને મહામંત્રીએ ક્ષણાર્ધમાંજ નવો વિચાર કરી લીધો અને બોલ્યા: " તે બે છોકરાઓ કોણ હતા ?"

" તેમાંના એકને હું ઓળખું છું, મહારાજ ! " મીઠાઇવાળો બોલ્યો. "બીજાને ઓળખતો નથી."

" કંઇ વાંધો નહિ. એકને તો ઓળખો છો ને ? "

" હા, જી."

" તે કોણ હતો ? "

" આનંદશેઠનો પુત્ર કમળ "

" કયાં રહે છે ? "

" મારા મકાન પછી ત્રીજા મકાનમાં "

" મકાનનું નામ યાદ છે ?"

" એનું નામ વિશાળ પ્રાસાદ છે."

મહામંત્રીએ એક માણસને મોકલીને આનંદશેઠને તેમના પુત્ર સાથે બોલાવી મંગાવ્યા. પહેલાં તો આનંદશેઠને ભય ઊપજ્યો. પણ તેમને બોલાવવા જનાર માણસે કહ્યું, કે 'આપે ગભરાવાનું કારણ નથી. કોઇ સામાન્ય કામ માટે આપને બોલાવવામાં આવ્યા છે.' પણ શેઠને શંકા આવવાનું કારણ એ હતું, કે 'કમળને શા માટે બોલાવ-

વામાં આવ્યો હશે?'

પરંતુ મહામંત્રીના તેડાનો અમલ તત્કાળ કરવાની તેમની ફરજ હતી. તે પોતાના પુત્રને સાથે લઇને તેડવા આવનાર માણસ સાથે ગયા. મહામંત્રીએ તેમને મીઠાશભર્યો આવકાર આપતાં બેસવા જણાવ્યું.

શેઠ અને તેમનો પુત્ર મહામંત્રીની સામે બેઠા.

"શેઠ!" મહામંત્રી કહેવા લાગ્યા. "આપના પુત્રને એક વાત પૂછવાની છે. આપને વાંધો તો નથી ને?"

"ના ના, મહારાજ! એમાં વાંધો શો હોય?" આનંદ શેઠે કહ્યું.

"કમળ, પરમ દિવસે તું અને તારી સાથે એક છોકરો હતો તે, બંને મળીને આ મીઠાઇવાલાની દુકાન આગળ મીઠાઇ ખાતા ઊભા હતા, ખરૂંને?"

"હા, મહારાજ!" ગભરાતા ગભરાતા કમળે કહ્યું.

"તું ગભરાઇશ નહિ." મહામંત્રી તેમને ફોસલાવીને તેની પાસેથી વાત કઢાવવા લાગ્યા. "તે વખતે તમે બંને મિત્રોએ આ મીઠાઇવાળાને એક કાચનો મણિ આપ્યો હતો ખરૂં ને?"

"હા, મહારાજ!

"તે તમે ક્યાંથી લાવ્યા હતા?"

"મને પેલા કલ્યાણે લાડવાનો કટકો આપ્યો હતો, તેમાંથી તે નીકળ્યો હતો."

"કયા કલ્યાણે તને લાડવાનો કટકો આપ્યો હતો?"

"પેલા કૃતપુણ્ય કાકા વણઝારની સાથે બહાર ગામથી આવ્યા ને, તેમના કલ્યાણે."

'તેં એનું ઘર જોયું છે?"

"હા."

"ત્યારે તું આ માણસ સાથે જઇને તે કલ્યાણ અને તેના પિતા કૃતપુણ્યને બોલાવી લાવીશ?"

"મારા કહેવાથી તે આવે કે ન પણ આવે. હું તો માણસને તેમનું ઘર બતાવી આપું અને તેમને ઓળખાવી આપું." કમળે પોતાની સાદી–બાળક ભાષામાં કહ્યું.

બાળકને મન તો મહામંત્રી, મહારાજા કે સામાન્ય માણસ સર્વે સરખાંજ લાગતા હોય છે.

"ભલે મારા માણસને તેમનું ઘર બતાવીને તેમને ઓળખાવીતો આપીશ ને?

"હાસ્તો. એમાં મને શું નુકશાન છે?"

"ઠીક. ત્યારે આ માણસની સાથે જા."

—કહીને તેને મહામંત્રીએ પોતાના એક માણસ સાથે રવાના કર્યો.

# પ્રકરણ ૩૯ મું

## મહામંત્રી અને કૃતપુણ્ય

એ દિવસમાં તો કૃતપુણ્યના ઘરમાં ઘણો ફરક પડી ગયો હતો. બાર વરસના એક સાથે મળેલા પગારમાંથી તે કેટલીયે વસ્તુઓ ખરીદી લાવ્યો હતો. નવાં નવાં વસ્ત્રો, કલ્યાણ અને ધન્યા માટે તેમને યોગ્ય એવા થોડા અલંકારો અને ઘરના વપરાશ માટે બીજી કેટલીક વસ્તુઓ તેણે ખરીદ કરી હતી.

તેનાં પાડોશીઓ અને સગાં સંબંધીઓ વારંવાર આવવા લાગ્યાં હતાં. બાર વરસ પહેલાં તેને ધુત્કારનારાંઓ અને તેનું અપમાન કરનારાંઓ આજે તેને મોટાભાઇ તરીકે સંબોધવા લાગ્યાં હતાં.

મહામંત્રી તરફથી મોકલવામાં આવેલો માણસ અને કમળ જ્યારે તેને ત્યાં પહોંચ્યા ત્યારે કલ્યાણ, ધન્યા અને તે વાતોનામાં આનંદ વીતાવી રહ્યાં હતાં. કલ્યાણ વારંવાર પિતાના પ્રવાસની હકિકત જાણવાની તત્પરતા દર્શાવતો હતો પણ કૃતપુણ્ય તે વાતને ઉડાવી દેતો હતો.

કમળને એક અજાણ્યા માણસ સાથે આવેલો જોઇને કલ્યાણે તેને પ્રશ્ન કર્યો.

"આ ભાઈ કોણ છે, કમળ ?"

"મહામંત્રીજીએ તને અને તારા પિતાને તેમની પાસે બોલાવ્યા છે. તમને બંનેને તેમની સાથે લઇ જવા માટે આ ભાઇ આવ્યા છે."

કમળનો જવાબ સાંભળીને કલ્યાણ; કૃતપુણ્ય અને ધન્યા

આશ્ચર્ય પામ્યાં.

"અમારૂં શું કામ પડયું છે, ભાઇ ?" સાથે આવેલા માણસને ઉદ્દેશીને કૃતપુણ્યે પ્રશ્ન કર્યો.

"એ બાબતમાં મને ખબર નથી. આપને બંનેને બોલાવવા માટે મને મોકલ્યો છે, એટલુંજ હું જાણું છું." તે માણસે જવાબ આપ્યો.

ધન્યાના મનમાં પાછી ચિંતા થવા લાગી. પણ મહામંત્રીનું આમંત્રણ સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નહોતું.

પિતા પુત્ર તેડવા આવનાર માણસ સાથે રવાના થયા.

જ્યારે તે ત્યાં પહોંચ્યા ત્યારે મીઠાઇવાળો અને આનંદ શેઠ પણ હાજર હતા. મહામંત્રીએ પિતા પુત્રને આવકાર આપતાં મીઠાશથી કહ્યું: "બેસો"

બંને જણા તેમની સામે બેઠા.

કલ્યાણના ચહેરાનું અવલોકન કરતાંજ મહામંત્રી સમજી ગયા કે છોકરો બહુ ચાલાક છે. કૃતપુણ્યનો ચહેરો જોતાં તેના માટે પણ તેમને માન ઊપજ્યું.

"કલ્યાણ ! તું બહુ હોશિયાર દેખાય છે હો !" મહામંત્રીએ કલ્યાણની સ્તુતિ કરતાં કહ્યું.

"મારા જેવા બાળકમાં શી હોશિયારી હોઇ શકે, મહારાજ ! કલ્યાણે પણ એવો જ જવાબ મહામંત્રીને આપ્યો.

મહામંત્રી તેનો જવાબ સાંભળીને વિસ્મય પામ્યા. આટલો નાનો છોકરો કેવો નમ્રતાથી ચાલાકી ભર્યો જવાબ આપી શકે છે ? અને તેની વાણીમાં કેવી સંસ્કારીતા ભરી છે !

"તું મહા પક્કો છે, હોં !" મહામંત્રી બોલ્યા.

કૃતપુણ્ય સમજી ગયો કે, મહામંત્રી કલ્યાણ પાસેથી કંઇક જાણવા માગે છે.

થોડીવાર ત્યાં શાંતિ સ્થપાઇ.

"કલ્યાણ ! પરમ દિવસે તેં આ કમળને લાડવાનો કટકો

આપ્યો હતો, ખરૂં ને ? શાંતિનો ભંગ કરતાં મહામંત્રીએ કલ્યાણને મૂળ મુદ્દાપર આવતાં પ્રશ્ન કર્યો.

"હા, મહારાજ !" કલ્યાણે ગભરાયા સિવાય જવાબ આપ્યો.

"તે લાડવો તને કોણે આપ્યો હતો ?"

"મારા પિતાજીએ."

"શું તમે કલ્યાણને લાડવો આપ્યો હતો. કૃતપુણ્ય શેઠ ? મહામંત્રીએ કૃતપુણ્યને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો.

"હા, મહારાજ ! કૃતપુણ્યે જવાબ આપ્યો.

"એ લાડવો તમે ક્યાંથી લાવ્યા હતા ?"

"કેમ, મહારાજ ! કૃતપુણ્યે સામો પ્રશ્ન કર્યો.

"મારે થોડું કામ હતું."

"આપને અત્યારેજ જાણવું છે ?"

"હા."

"તો એ વિગત હું આપને એકાન્તમાં કહી શકીશ."

"કેમ ? મહામંત્રીએ સાશ્ચર્ય પ્રશ્ન કર્યો.

"જાહેરમાં કહી શકાય તેમ નથી."

"અહીં તો આપણે બેચાર જણા જ છીએ."

"આપ અને હું, એમ બંનેજ માત્ર હોવા જોઇએ."

"એવું તે શું ખાનગી છે ?"

"એકાન્ત સિવાય એ વિષે હું કંઇજ કહી શકું તેમ નથી."

"ભલે."

અને તેમણે મીઠાઇવાળાને, આનંદશેઠને, કમળને અને તેમના માણસોને બીજા ખંડમાં જવા માટે સૂચન કર્યું.

"બોલો. હવે કોઇ નથી." મહામંત્રીએ સૌના ગયા પછી કહ્યું.

"જો આપને કંઇ વાંધો ન હોય તો કલ્યાણને ઘેર જવા દો." કૃતપુણ્યને કલ્યાણની હાજરી પણ ગમી નહિ.

"તે ઘેર જાય તેમાં મને કંઇજ વાંધો નથી, શેઠ !" મહા-

મંત્રી બોલ્યા.

કલ્યાણ પોતાના પિતાના કહેવાનો મર્મ તરત જ સમજી ગયો અને કોઇના પણ કહ્યા સિવાય ત્યાંથી રવાના થયો.

" હં... હવે કોઇ નથી." મહામંત્રી બોલ્યા.

" આપને હવે જે કંઇ પૂછવું હોય તે પૂછી શકો છો, મહારાજ ! "

" તો એ લાડવો ઘેર તો બનાવ્યો નહોતો ને ? "

" ના, જી."

" તમારી પાસે બીજે કયાંયથી આવ્યો હોય એમ લાગે છે."

" હા, જી."

" એ એક જ હતો કે બીજા પણ હતા ? "

" તેની સાથે બીજા ત્રણ હતા."

" તે કયાં ગયા ? "

" ઘેરજ પડયા છે."

" આખા ને આખા જ છે ? "

" હા, જી. "

" કલ્યાણને પાછો બોલાવી મંગાવું તો તેની સાથે તે બાકીના મંગાવી શકશો ? "

" તેમાં મને વાંધો નથી."

અને તરતજ મહામંત્રીએ પોતાના એક માણસને બાજુના ખંડમાંથી બોલાવીને કલ્યાણને બોલાવી લાવવા રવાના કર્યો.

થોડાજ સમયમાં કલ્યાણ આવી પહોંચ્યો. કૃતપુણ્યે તેને બીજા ત્રણ લાડવા જે ડબામાં મૂકવામાં આવ્યા હતા, તે ડબો લાવવાનું સૂચવ્યું. તે ઉપરાંત તેણે તેને સૂચના કરી કે 'આ બાબતમાં કોઇને વાત કરવાની નથી, તેમજ ડબો કોઇને બતાવવાનો નથી.'

કલ્યાણ ચાલાક હતો, એ વાત તો નિર્વિવાદ હતી. પિતાના જણાવ્યા પ્રમાણે તે ગુપ્ત રીતે લાડવાનો ડબો લઇ આવ્યો. તે અને

માણસ બહાર ગયા પછી મહામંત્રીએ કૃતપુણ્યને કહ્યું.

"શેઠ, આ ત્રણે લાડવા તે સાથેનાજ છે ને?"

"હા, મહારાજ!"

"આ ત્રણે લાડવા ભાંગી જોવાની મારી ઇચ્છા છે."

—તરતજ કૃતપુણ્યે તેમાંનો એક લાડવો ભાગ્યો. લાડવો ભાંગતાંજ તેમાંથી એક રત્ન બહાર નીકળી આવ્યું. કૃતપુણ્ય આશ્ચર્ય પામ્યો. રત્નનું તેજ જોઇને મહામંત્રી પણ આશ્ચર્ય પામી ગયા.

કૃતપુણ્યે બીજો લાડવો ભાંગ્યો. બીજામાંથી પણ એક તેજસ્વી રત્ન નીકળ્યું. તેણે ત્રીજો લાડવો ભાંગ્યો. ત્રીજામાંથી પણ એક મહામોલું રત્ન નીકળી આવ્યું.

બંનેના આશ્ચર્યનો પાર રહ્યો નહોતો.

કૃતપુણ્યને તો ખ્યાલ પણ નહોતો કે આ સાદા દેખાતા ત્રણ લાડવામાં ત્રણ કીંમતિ રત્નો છૂપાયાં હશે! ચોથા લાડવામાં પણ રત્ન હોવું જોઇએ એવી તેની પાકી ખાત્રી થઇ.

પોતે આવ્યો ત્યારે મીઠાઇવાળો હાજર હતો. કમળને કલ્યાણે આપેલો લાડવાનો કટકો આ બધાનું મૂળ હતું. એટલે તેણે માની લીધું કે ચોથા લાડવામાંથી જળકાન્ત મણિ નીકળ્યો હોવો જોઇએ.

"કૃતપુણ્યશેઠ," મહામંત્રી કૃતપુણ્યને વિચારમાં પરોવાયેલો જોઇને કહેવા લાગ્યા. "આ ત્રણે રત્નો પર તમારો હક્ક છે. તે ઉપરાંત એક ચોથા રત્ન પર પણ તમારો હક્ક છે."

"કયું ચોથું રત્ન, મહારાજ?"

"જે જળકાન્ત મણિની સહાયથી મહારાજાનો માનીતો હાથી ઝુંડના પંજામાંથી બચી ગયો." મહામંત્રી ખુલાસો કરવા લાગ્યા. "તે મણિ તમે તમારા કલ્યાણને આપેલા લાડવામાંથી નીકળેલો છે. તમારા પુત્રે કમળને તે લાડવામાંનો એક કટકો આપ્યો હતો. તે કટકામાં આ મણિ હતો. મીઠાઇવાળાની દુકાન આગળ તે મણિ લાડવામાંથી નીચે પડી ગયો હતો. મીઠાઇવાળાએ તે છોકરાને થોડી

મીઠાઇ આપીને તે મણિ લઇ લીધો હતો. જ્યારે તેનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે મને શંકા ઉદ્‌ભવી કે ' આવું મહામોલું રત્ન મીઠાઇવાળાને ત્યાં ન હોઇ શકે !' એટલે બધી તપાસને અંતે તેનું મૂળ તમારે ત્યાંથી નીકળ્યું છે. હવે તમારે એ જણાવવાનું બાકી રહે છે, કે તમે આ ચાર લાડવા કયાંથી લાવ્યા હતા ! "

જવાબમાં કૃતપુણ્ય બોલ્યો: " મહારાજ ! હું સત્ય અને નીતિમાં માનું છું. અસત્ય કે અનીતિથી કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની કે તેના પર હક્ક ધરાવવાની મને ઇચ્છા થતી નથી. જીવન અનીતિ, અત્યાચાર કે અસત્ય માટે ઘડાયેલું હોતું નથી. એટલે આપ જે જાણવા માગો છો, તેનો ખુલાસો કરવામાં મને વાંધો નથી. મારી એવી દૃઢ માન્યતા છે, કે કોઇના પણ જીવનમાં કંઇ પણ છૂપું હોવું ન જોઇએ. **જેના જીવનમાં કંઇક પણ છૂપું હોય, તેના જીવનમાં પાપ અને અસત્યની મલિનતા હોવાનીજ !"**

—કહીને તેણે પોતાનો વૃત્તાંત કહેવા માંડયો.

તે કયા સંજોગોમાં વણઝારની સાથે જવા તૈયાર થયો હતો, સવારે તેની સાથે જવા માટે પોતે કયાં અને કેવી સ્થિતિમાં સૂઇ રહ્યો હતો, ત્યાંથી માંડીને પોતે પોતાને ત્યાં બાર વરસે કેવી રીતે પાછો આવ્યો તે કહી સંભળાવ્યું. તે ફક્ત એટલુંજ ન જણાવી શકયો, કે પોતે ઊંઘમાં હતો ત્યારે કેવી રીતે તે ચાર સ્ત્રીઓના મકાનમાં ગયો અને અણધારી રીતે વણઝાર આવી તે રાત્રે કેવી રીતે પોતાની અસલ જગાએ આવી ગયો.

ચારે સ્ત્રીઓ સાથે માણેલાં સુખો તેણે વર્ણવી જણાવ્યાં. ચારે સ્ત્રીઓને એક એક પુત્ર થયાનું પણ તેણે કહી જણાવ્યું. તે સ્ત્રીઓની સાસુ વારંવાર ત્યાં આવ્યા કરતી હતી, તે પણ તેણે કહી જણાવ્યું.

પોતે કયાં હતો, કયા સંજોગોમાં હતો અને કોના પરિચયમાં હતો; એટલુંજ તે સમજાવી શકયો નહિ.

મહામંત્રી કૃતપુણ્યનો આખો વૃત્તાંત સાંભળીને દિગ્મૂઢ બની

ગયા હતા. આવી કોઇ વાર્તા તેમણે કોઇ જગાએ સાંભળી નહોતી કે અનુભવી નહોતી.

કૃતપુણ્યના વૃત્તાંતમાં કંઇક રહસ્ય સમાયેલું હોવું જોઇએ, એવી તેમની દૃઢ માન્યતા થઇ ચૂકી. તેમની બુદ્ધિ અદ્વિતીય હતી. પ્રત્યેક કાર્યમાં તેમણે સફળતા પ્રાપ્ત કરી હતી. આજે પણ આ બાબતમાં તે વિચાર કરવા લાગ્યા. કોઇ પણ પ્રકારે આનું મૂળ શોધી કાઢવાની તેમને ઇચ્છા થઇ આવી.

બાર વરસ સુધી એક મકાનમાં આવો ચાલાક માણસ રહે અને તે કોનું મકાન છે એટલું પણ ન સમજી શકે, એ તેમને અસંભવિત લાગ્યું. પણ કૃતપુણ્યની વાણી તેમને દંભ વિનાની લાગી. તેના વિચારો તેમને ઉચ્ચ કોટિના લાગ્યા.

પળેપળની આવી સવિસ્તર માહિતી આપનારો આવો સંસ્કારી માણસ જૂઠું ન જ બોલે એમ તેમનું હૃદય કહેવા લાગ્યું.

તેમણે કૃતપુણ્યના શબ્દોપર વિશ્વાસ મૂકયો.

卐

## પ્રકરણ ૪૦ મું

## રાજ્યનું ફરમાન

પ્રાતઃકાળના સમયે રાજમાર્ગના મોટા ચોકની વચ્ચે ઊભો રહીને એક રાજ સેવક દાંડી પીટી રહ્યો હતો. તેની આજૂ બાજુમાં મોટું ટોળું જમા થયું હતું. દાંડી પીટવાનો અવાજ બંધ કરીને તેણે ઘોંઘાટ કરતી માનવમેદનીને શાંત રહેવાનું સૂચવ્યું. શાંતિ સ્થપાઇ જતાં તેની સાથેનો એક માણુસ રાજ્યનું ફરમાન મોટેથી કહી સંભળાવા લાગ્યો.

" આવતી કાલે સવારે નગરની બહાર આવેલા યક્ષના મંદિરમાં મહાપૂજા છે. રાજ્યનું ફરમાન છે, કે નગરની પ્રત્યેક વ્યક્તિએ તે મંદિરમાં આવીને આવતી કાલે યક્ષનાં દર્શન કરી જવાં. તેમાં સ્ત્રી પુરૂષ કે નાના મોટાંનો ભેદ રાખવામાં આવ્યો નથી. શ્રીમંત ગરીબનો પણ ભેદ નથી. યક્ષને એક મહાપુરૂષને સ્વપ્નમાં દર્શન દીધાં હોવાથી આ ફરમાન બહાર પાડવામાં આવે છે. જો કોઈપણ વ્યક્તિ યક્ષનાં દર્શન કર્યા સિવાય રહેશે તો તે રાજ્યની અને યક્ષની ગુન્હેગાર ગણાશે. તેના પર રાજ્યનો અને યક્ષનો કોપ ઊતરશે.

રાજ્ય ફરમાન સાંભળીને લોકો અંદરોઅંદર વાતો કરતા વીખરાવા લાગ્યા.

એ સમયે રાજ્યનું કોઇ ફરમાન હોય તો તે દાંડી પીટીને જાહેર કરવામાં આવતું હતું. લોકો યક્ષના નામે સામાન્ય રીતે બીતા પણ ખરા. યક્ષ જો કોઇને સ્વપ્નમાં દર્શન દઇને પોતાની ઇચ્છા

પ્રકટ કરે, તો તેની તે ઇચ્છા પૂર્ણ કરવામાં આવતી હતી.

તે દિવસે રાત્રિના સમયે મહામંત્રી અભયકુમારે કૃતપુણ્યને બોલાવી મંગાવ્યો. બંનેની મુલાકાત તદ્દન ગુપ્ત રાખવામાં આવી હતી. મહામંત્રી કૃતપુણ્યને કહી રહ્યા હતા.

"આજે આઠમા દિવસે તમને અચાનક બોલાવવામાં આવ્યા છે એટલે તમે આશ્ચર્ય તો પામ્યા હશો, ખરું ને શેઠ!"

"આપણી પહેલી મુલાકાત પછી આઠ દિવસ બિન મુલાકાતે વીતતાં મને આશ્ચર્ય ઉદ્‌ભવ્યું હતું, મહારાજ!" કૃતપુણ્યે બીજી રીતે જવાબ આપ્યો.

"કેમ?"

"આવા મહત્ત્વના કાર્યમાં આઠ દિવસમાં આપે મને એકે વખત પણ બોલાવ્યો નહિ, એ આશ્ચર્યજ કહેવાય ને!"

"તમે પણ જબરા છો હોં, કૃતપુણ્ય શેઠ!" હસતાં હસતાં મહામંત્રી બોલ્યા.

સામા માણસ પાસેથી વગર આનાકાનીએ સંપૂર્ણ હકિકત કઢાવવી હોય ત્યારે આપના તરફથી વપરાતી કળા મારાથી અજાણી નથી, મહારાજ!" કૃતપુણ્યે મહામંત્રીના મીઠા શબ્દોને પકડી લઇને પોતે મૂર્ખ નથી, એમ જણાવવાના ઉદ્દેશથી કહ્યું.

મહામંત્રીને લાગ્યું કે આ વાણિયો સામાન્ય માટીમાંથી ઘડાયેલો નથી.

"આજે તમને શા માટે બોલાવવામાં આવ્યા છે, તે જાણો છો?" મુખ્ય મુદ્દાપર આવતાં તે બોલ્યા.

"શા માટે મને બોલાવવામાં આવ્યો છે તે તો જાણતો નથી પણ ખાસ અગત્યના કાર્ય માટે બોલાવવામાં આવ્યો હોવો જોઇએ, એમ તો ખાત્રીપૂર્વક માનું છું." કૃતપુણ્યે કહ્યું.

"તમને બાર વરસ સુધી કોના તરફથી અને કયાં રાખવામાં આવ્યા હતા, તે શોધી કાઢવાના પાસા મેં ફેંકવા માંડયા છે."

"પાસા તો આપણી પહેલી મુલાકાત વખતેજ આપ ફેંકવા લાગ્યા હતા, મહારાજ!" કૃતપુણ્ય કહેવા લાગ્યો "પણ હવે તો બાજી ખરી રંગે ચઢી હોય, એમ મને લાગે છે."

"શા ઉપરથી?" મહામંત્રીએ વિસ્મય પામતાં પ્રશ્ન કર્યો.

"આજે સવારે જે દાંડી પીટાણી એ ઉપરથી." કૃતપુણ્ય બોલ્યો.

તેનો જવાબ સાંભળીને મહામંત્રી તેની બુધ્ધિ પર મોહી પડયા. તેમને લાગ્યું કે જરૂર તેને બાર વરસ સુધી સંતાડી રાખવામાં કોઇ મહાન બુધ્ધિશાળીનો હાથ હોવો જોઇયે, નહિ તો આવા પ્રખર તેજસ્વી માણસ પોતે કયાં પુરાયો છે તેનો પત્તો મેળવ્યા સિવાય ન રહે.

"કૃતપુણ્ય શેઠ! તમારા જેવા મહાન બુધ્ધિશાળી પુરૂષો તો રાજદરબારમાંજ શોભે!"

"અને કાં તો રાજ્યની હદ બહાર શોભે!" કૃતપુણ્યે સામો ફટકો માર્યો.

"હજી એવી દુર્બુધ્ધિ આપણા રાજ્યના ધુરંધરોને સુઝી નથી." મહામંત્રીએ પોતાના વાક્ય પર થતો કટાક્ષ નિવારતાં કહ્યું.

"એટલી આપણા રાજ્યની ચઢતી કળા, મહારાજ!" કૃતપુણ્ય પોતે વધું પડતું બોલી ગયો હોય એમ લાગતાં નમ્રતાપૂર્વક બોલ્યો.

"હં... હવે એ વાત જવા દઇએ, શેઠ!" મહામંત્રી કહેવા લાગ્યા. "આજે ખાસ કાર્ય માટે તમને મેં બોલાવ્યા છે."

"આપની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે." કૃતપુણ્ય પ્રજાજન તરીકે બોલ્યો.

"મારી આજ્ઞા નથી પણ તમારો સહકાર મેળવવાની મારી ઇચ્છા છે."

"મારાથી બનતો બધો સહકાર હું આપને આપીશ."

"તો જુઓ, હું તમને બધી વાત સમજાવું." કહીને મહામંત્રી કૃતપુણ્યને બધું સમજાવવા લાગ્યા.

"જુઓ, તમારી પહેલી મુલાકાત પછી મેં એક સુંદર પૂતળું તૈયાર કરાવ્યું છે. તે છે તમારી આકૃતિ. પ્રથમ દર્શને કોઈ ન કહી શકે કે આ પૂતળું છે. તેના ચહેરા પરના ભાવ હસતા દેખાડયા છે. તમારા જેટલુંજ એનું કદ છે. તમારાં જેવાંજ—જેવાં વસ્ત્રો તમે ત્યાં પહેરતાં હતાં તેવાંજ—વસ્ત્રો તેના પર દર્શાવવામાં આવ્યાં છે. આજે જે દાંડી રાજ્ય તરફથી પીટાવવામાં આવી છે, તેમાં એ અર્થ સમાયેલો છે કે સામાન્ય નગરજનોની પેઠે તમારી તે ચારે સ્ત્રીઓ, ચારે બાળકો અને તે સ્ત્રીઓના સાસુ યક્ષના મંદિરમાં દર્શનાર્થે આવશે.

મંદિરના પૂજારીને મેં ત્યાં કેવી રીતે વ્યવસ્થા કરવાની છે, તે વિગતવાર સમજાવી દીધું છે. એક દરવાજેથી મંદિરમાં પેસવાનું છે અને બીજે દરવાજેથી તેમાંથી બહાર નીકળવાનું છે. યક્ષના દર્શન કરીને બહાર નીકળવાના દરવાજા પાસે એક જગાએ તમારા જેવું બનાવી રાખવામાં આવેલું પૂતળું આજે મોડી રાત્રે ગોઠવાઇ જશે. મંદિરની વ્યવસ્થા માટે મારા માણસો હશે. તમે અને હું વેશ પરિવર્તન કરીને એક બાજુએ બેસીશું અને દર્શને આવનારને નીરખતા રહીશું.

આ બધી વ્યવસ્થા એટલી બધી ગુપ્ત રાખવામાં આવી છે કે મારા કેટલાક માણસો પણ તેથી અજાણ છે. તમારે પણ આ બધી વાત ખાનગી રાખવાની છે. મને ખાત્રી છે કે આપણી આ યુક્તિ નિષ્ફળ નહિ જાય."

"આપની યુક્તિ કોઇ દિવસ નિષ્ફળ જતી નથી, મહારાજ!" કૃતપુણ્ય સમજી ગયો કે મહામંત્રીની રચેલી યુક્તિમાં શું મહત્ત્વ સમાયેલું છે.

તે પણ બુદ્ધિશાળી હતો. સવારે રાજ્ય તરફથી બહાર પાડવામાં આવેલું ફરમાન સાંભળીનેજ એ સમજી ગયો હતો કે આ ફરમાનમાં મહામંત્રીની કંઇક ચાલાકી હોવી જોઇએ. હવે તે નાનો પણ નહોતો રહ્યો. બાર વરસના પુત્રનો તે પિતા હતો. તેનું ગૃહજીવન પણ સુખી

બની ગયું હતું. બાર વરસનો પગાર મળ્યા પછી તેને ખર્ચની પણ બહુ ચિંતા નહોતી. પુત્ર તેમજ પત્ની તરફની તેને કોઇ પણ પ્રકારની ચિંતા નહોતી.

પરિમલ અને તેના સાસુ સસરાનું મૃત્યુ થયેલું સાંભળીને તેના હૃદયને અત્યંત દુઃખ થયું હતું. તેણે વણઝારની સાથે જતાં મનમાં નક્કી કરી રાખ્યું હતું, કે 'પાછા આવ્યા પછી અનંતનાં માતા પિતાને તેમના પુત્રની ખોટ જણાવા ન દેવી. પતિ વિહોણી બનેલી પરિમલને સગી બહેન કરતાં પણ વધુ સારી રીતે સાચવવી અને તેના આખા કુટુંબ પ્રત્યે પોતાની ફરજ અદા કરવી.'

પણ જ્યારે તે બાર વરસે પોતાના ઘેર આવ્યો ત્યારે તેણે નવુંજ સાંભળ્યું. તેના આદર્શ વિચારો મનમાં ને મનમાં રહી ગયા. તે તો એકજ વાત માનવા લાગ્યો કે 'મારા પાપે અનંત હોમાયો અને અનંતના મૃત્યુના કારી ઘાએ આખા કુટુંબનો ભોગ લીધો.'

મહામંત્રીની પહેલી મુલાકાત પછી તેણે ઘેર જઇને પોતાના બાર વરસની વિગત ધન્યાને કહી સંભળાવી હતી. ધન્યા પર તેને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેને ખાત્રી હતી કે પોતાની સુશીલ પત્ની આ વાત ક્યારે જાહેર નહિ કરે. ત્રણે રત્નો પણ તેણે ધન્યાને મૂકવા આપ્યા હતાં. ચોથું રત્ન મહામંત્રીના તાબામાં હતું. ચાર લાડવામાં એક એક રત્ન કેવી રીતે આવ્યું તેની તે તથા ધન્યા કલ્પના કરી શકતાં નહોતાં. પણ તેના મનમાં શંકા ઉદ્‌ભવી હતી કે પોતે ભોગવેલી ચારે સ્ત્રીઓનું આ કાર્ય હોવું જોઇએ.

તેના વિચારોની પરંપરાનો અંતજ આવતો નહોતો. પોતે વણઝારની સાથે જવા તૈયાર થયો ત્યારે ઊપડી ગયો અને વણઝાર પાછી આવી ત્યારે પોતાની અસલ જગાએ પાછો મુકાઇ ગયો, એ આખો વિષય તેને આશ્ચર્ય જનક ભાસતો હતો.

"મેં જે યુક્તિ રચી છે તેમાં સાથ આપવામાં તમને વાંધો તો નથીને?" મહામંત્રીએ પૂછ્યું.

"એમાં મને વાંધો ન હોય પણ ઉત્સાહ હોય, મહારાજ!"

"કારણ કે તમને પણ તેમાં લાભ તો છે જ ને!"

કૃતપુણ્યે જવાબ ન આપ્યો.

થોડી વાર રહીને મહામંત્રીએ તેને કહ્યું: "હવે તમે જઇ શકો છો, શેઠ! વહેલી સવારે તૈયાર થઇને રહેજો મારો માણસ તમને બોલાવવા આવશે."

"હું તૈયારજ હોઇશ."

—એટલું કહીને કૃતપુણ્ય ઊઠયો.

# પ્રકરણ ૪૧ મું

## યક્ષના મંદિરમાં

બીજે દિવસે રાજ્યની આજ્ઞાનો સંપૂર્ણ અમલ થઈ રહ્યો હતો.

યક્ષમંદિરની પાસે મોટી માનવ મેદની જામી હતી. સ્ત્રીઓ, પુરૂષો અને બાળકો, વૃધ્ધાઓ અને વૃધ્ધો, સર્વ યક્ષના દર્શન માટે પડાપડી કરી રહ્યાં હતાં. કોલાહલનો તો કોઈ સુમારજ નહોતો. રાજ્યના સેવકો સૌને સમજાવી સમજાવીને એક હારમાં ઊભા રાખતા હતા.

મંદિરને સરસ રીતે શણગારવામાં આવ્યું હતું. આજુબાજુમાં પાણી છાંટીને હરિયાળી જમીનને વધુ હરિયાળી બનાવવામાં આવી હતી. પુષ્પોના છોડનાં નાનાં કૂંડા ગોઠવવામાં આવ્યાં હતાં. એક બાજુએ ચોઘડીયાં અને બીજી બાજુએ વાજીંત્રો વાગી રહ્યાં હતાં.

અંદરની બાજુએ સંખ્યાબંધ દીપકો ચેતાવવામાં આવ્યા હતા. યક્ષની બાજુમાં બીજા બે ત્રણ મૂર્તિઓ હતી. કેટલાક લોકો મૂર્તિની પાસે ઊભા રહીને મંત્રોચ્ચાર કરી રહ્યા હતા.

સ્ત્રીઓ માટે અને પુરૂષો માટે પ્રવેશદ્વાર જુદા રાખવામાં આવ્યાં હતાં. સૌ અંદર પ્રવેશ કરીને પ્રથમ યક્ષની મૂર્તિના દર્શન કરતાં. તે પછી તેની બાજુમાંની મુર્તિઓનાં દર્શન કરતાં. ત્યારબાદ ત્યાં બેઠેલી એક વ્યક્તિ પાસેથી પ્રસાદ લેતાં અને બાજુમાં તરતનાજ ગોઠવેલા એક બાવલાને નિહાળીને બહાર નીકળી જતાં.

એ રીતનો કાર્યક્રમ ચાલ્યા કરતો હતો.

કેટલાક લોકો તે આવલાને ઓળખતાં હોય, એટલે કે તેવી વ્યકિત જોઇ હોય એવી શંકામાં પડી જતાં અને શંકાના નિવારણ સિવાયજ બહાર નીકળી જતાં.

યક્ષનાં દર્શન કરવા માટે રાજાજ્ઞાને માન આપીને રૂપવતી, તેમની ચાર સ્ત્રીઓ અને ચાર બાળકો પણ આવ્યાં હતાં. રૂપવતીની ઇચ્છા દર્શન કરવા માટે આવવાની હતી નહિ. તેમને મહામંત્રીની ભીતિ હતી. યક્ષનાં દર્શનની આજ્ઞામાં તેમને કંઇક શંકા ઉદ્‌ભવી હતી. એ શંકા એમણે મુનિમજી આગળ દર્શાવી હતી.

"મને રાજાજ્ઞામાં કંઇક ભેદ લાગે છે, મુનિમજી!" શેઠાણીએ મુનિમજીને કહ્યું હતું.

જવાબમાં મુનિમજી બોલ્યા હતા. "મને પણ શંકા આવે છે, બહેન! પણ રાજાજ્ઞાને માન આપ્યા સિવાય ચાલે તેમ નથી. મહામંત્રીનું ગુપ્તચર ખાતું ચાલાક છે. જો આપણે દર્શન માટે નહિ જઇએ તો એ વાત તેમના કાને ગયા સિવાય રહેશે નહિ. અને પરિણામે રાજ્યનો કોપ આપણા પર ઊતરશે."

"અને જો આપણે દર્શન કરવા જઇને ત્યાં ફસાઇ ગયાં, તો શું કરશો? શેઠાણીએ પ્રશ્ન કર્યો.

"એ તો એ વખતે જોઇ લેવાશે. એક મોટો ગુન્હો આપણે રાજ્યનો કર્યો છે. તે ગુન્હો છુપાવવા માટે આપણે બીજો ગુન્હો કરવો પડે તેમ છે. પણ તેવો ગુન્હો કરવાની મારી સલાહ નથી. **જેમ એક અસત્ય છુપાવવા માટે બીજું અસત્ય બોલવું પડે છે. અને બીજું અસત્ય છુપાવવા માટે ત્રીજું અસત્ય બોલવું પડે છે. એ રીતે અસત્યની પરંપરા ચાલ્યા કરે છે.** તેમ એક ગુન્હો છુપાવવા માટે બીજો ગુન્હો કરવો પડે છે. અને બીજો ગુન્હો છુપાવવા માટે ત્રીજો ગુન્હો કરવો પડે છે એ રીતે ગુન્હાઓની પરંપરા ચાલ્યા કરે છે. માટે મારી સલાહ છે, કે **પહેલો ગુન્હો છુપાવવા માટે બીજો ગુન્હો ન કરવો.** મુનિમજી બોલ્યા.

"મુનિમજી! મારો અંતરઆત્મા કહે છે કે જરૂર આપણે આમાં સપડાઇ જઇશું."

"તેમાંથી છૂટવા માટે આપણે માર્ગ શોધી કાઢીશું, બહેન! પણ નવો ગુન્હો કરવાની મારી ઇચ્છા નથી. પહેલો ગુન્હો કરવા માટે પણ હું તૈયાર નહોતો. પણ મેં તમારા કુટુંબનું અન્ન ખાધું છે, ગમે તેવા કપરા સંજોગોમાં તમારી પડખે ઊભા રહીને મારે તમને મદદ કરવી જોઇએ. એ કારણે મેં એક ગુન્હો કરવામાં તમને સાથ આપ્યો હતો. હવે મારાથી બીજો ગુન્હો થઇ શકે તેમ નથી. **રાજ્યદ્રોહ કે દેશદ્રોહ કોઇપણ માનવીથી ન કરી શકાય**. તમે કદાચ નહિ માનો, પણ હું સત્ય કહું છું કે એ ગુન્હો કર્યા પછી મેં ત્રણ દિવસના અન્નજળ વિનાના ઉપવાસ કર્યા હતા. આજસુધી મેં આ વાત તમને કહી નહોતી.

અમુક કાર્ય કરવામાં ગુન્હો છે એમ જ્યાં સુધી જાણતા ન હોઇએ ત્યાં સુધી ગુન્હો બન્યા કરે. પણ જ્યારે આપણે સમજી શકીએ કે જે કાર્ય કર્યું છે તેમાં ગુન્હો સમાયેલો છે ત્યારે આપણે તેનું પ્રાયશ્ચિત કરવું જોઇએ. તેમાં પણ હું અને તમે બધાય જાણતાં હતાં કે આ કાર્યમાં ગુન્હો સમાયેલો છે અને આપણે રાજદ્રોહ કરીએ છીએ. એટલે આપણી બધાંની ફરજ હતી કે આપણે પ્રાયશ્ચિત કરવું જોઇએ. તમે તો પ્રાયશ્ચિત કર્યું છે કે નહિ, તે મને ખબર નથી પણ મેં તો કર્યુંજ છે."

"મેં કોઇપણ જાતનું પ્રાયશ્ચિત કર્યું નથી, મુનિમજી! પણ આજે તમારા મોંએથી સાંભળ્યા પછી મારે પણ તે કરવું પડશે."

"મારો તેમાં કોઇપણ જાતનો આગ્રહ નથી. તે વાત તો તમારી પોતાની ઇચ્છા પર અવલંબે છે. મારી ખાસ સલાહ છે કે આપણે બીજો ગુન્હો ન કરવો. પહેલો ગુન્હો જો દબાઇ જાય તો સારૂં અને જો ખુલ્લો પડી જાય તો ખુલ્લા દિલે એકરાર કરી લેવો. મોટી અને સમજુ સત્તા મોટા ભાગે ગુન્હો કરનારનો એકરાર સાંભ-

ળીને માફી આપતી હોય છે. આપણા મહામંત્રી વિશાળ હૃદયના છે. તે સમજે છે કે ગુન્હેગારને શિક્ષા કરવાથી તે સુધરતો નથી. સારી શિખામણ અને તેના પર કરવામાં આવેલો ઉપકાર તેને સુધારતાં હોય છે. એટલે મને ખાત્રી છે કે કદાચ જો આપણે પહેલાના ગુન્હામાં ખુલ્લા પડી જઈશું તો પણ આપણો ખુલ્લો એકરાર સાંભળીને મહામંત્રી આપણને માફી આપશે."

"જો તમારી એવી સલાહ છે તો અમારે તમારી સલાહ વિરૂદ્ધ જવાનું ન હોય. અમે તો આજ સુધી તમારા કહ્યા પ્રમાણે વર્તતાં આવ્યાં છીએ અને હવે પછી પણ તમારી સલાહ પ્રમાણેજ વર્તવાનાં."

એ પ્રમાણે લાંબી ચર્ચા કર્યા પછી શેઠાણી રૂપવતી તેમની ચાર વહુઓને અને ચાર બાળકોને લઇને યક્ષના મંદિરે દર્શન કરવા ગયાં હતાં. મંદિર આગળ જામેલા ટોળાને રાજસેવકો એક હારમાં ઊભા રહેવાનું સૂચવતા હતા. રૂપવતી, તેમની સાથે આવેલી વહુઓ અને ચાર છોકરાઓ એક હારમાં સાથે ઊભાં રહ્યાં હતાં.

ધીમે ધીમે આગળ જગા થતાં તે પ્રવેશદ્વારની નજીક આવી પહોંચ્યાં. શેઠાણીએ તેમની વહુઓને અને તેમાં પણ ખાસ કરીને છોકરાઓને મૌન સેવવાનું કહ્યું હતું. ખાસ કારણ સિવાય ન બોલવું એવી એમની કડક આજ્ઞા હતી. અને તેમ જલ્દીથી દર્શન કરીને બહાર નીકળી જવાનું તેમણે સૌને સૂચવ્યું હતું.

માર્ગ મળતાં સૌ મંદિરમાં પ્રવેશ્યાં. જલ્દી જલ્દી યક્ષની મૂર્તિનાં દર્શન કરી લઇને તેમણે તેની બાજુની મૂર્તિઓનાં પણ દર્શન કરી લીધાં. તે પછી પ્રસાદી લઇને બહાર નીકળવાના દરવાજા તરફ વળ્યાં.

પ્રસાદ વહેંચનારની બાજુમાં બે વ્યક્તિઓ સાદાં વસ્ત્રો પહેરીને બેઠી હતી. તેમની નજર પ્રત્યેક વ્યકિતનું અવલોકન કરવામાં મશગુલ રહેતી. તે બંનેમાં એક હતા મહામંત્રી અભયકુમાર અને બીજો હતો કૃતપુણ્ય.

. કૃતપુણ્યે તે નવે જણાને ઓળખી લીધાં. તેણે મહામંત્રીને ઇશારતમાં સમજાવી દીધું. મહામંત્રીની દષ્ટિ પણ તે નવ જણ પર ઠરી.

નવે જણાં બહાર જવાના દરવાજા તરફ વળ્યાં કે તરતજ તેમની દષ્ટિ કૃતપુણ્યના બાવલા પર પડી. બધાંય આશ્ચર્ય પામ્યાં અને થંભી-ગયાં. આ માણસ અહીં કયાંથી ?

શેઠાણીએ પૂતળાને સત્ય–સજીવન વ્યકિત નથી એમ માની લીધું. પણ તે સમજી ગયા કે જરૂર પોતે ફસાઇ ગયાં છે. ચારે વહુઓ પણ તે પૂતળાને જોઇને ખમચાઇ ગઇ. સાસુની આજ્ઞા હોવાથી તેમણે તે બાબતમાં વધુ પૂછવાનું સાહસ કર્યું નહિ.

પણ બાળકોની જિજ્ઞાસાને અને તેમના નિર્દોષ બાળપણને કોણ પહોંચી શકયું છે ?

ચારે બાળકો તે પૂતળાને સજીવન વ્યકિત માની લઇને એકી સાથે બોલી ઊઠયાં: " માતાજી ! તમે તો કહેતાં હતાં કે અમારા પિતાજી ગુજરી ગયા છે. તો પછી તે અહીં કયાંથી આવ્યા ? "

શેઠાણીએ એક છોકરાના મોંએ હાથ મૂકયો. પણ બાકીના ત્રણનાં મોં કેવી રીતે બંધ કરી શકે ? તેમણે બધાંની સામે ઘુરકતી આંખે જોયું. છોકરાઓ આગળ કંઇપણ ન બોલતાં તેમની સાથે બહાર નીકળી ગયાં.

મહામંત્રીએ અને કૃતપુણ્યે તે છોકરાઓના શબ્દો સાંભળ્યા હતા. મહામંત્રીને કૃતપુણ્યના શબ્દોપર વિશ્વાસ બેઠો હતો અને તેમાં પણ આ પ્રત્યક્ષ દાખલો તેમની નજર સામે બની ગયો. શબ્દો સ્પષ્ટ રીતે સાંભળ્યા હતા.

તેમણે તરતજ તેમની પાસે વેશ પરિવર્તન કરીને ઊભેલા તેમના એક સેવકને ઇશારત કરી. ત્યાં હાજર રહેલા તેમના અંગત સેવકોને તેમણે સૂચના આપી રાખી હતી. તે સેવકને તે ઇશારત સમજતાં વાર લાગી નહિ.

તેણે શેઠાણીનો પીછો પકડયો.

મંદિરમાંથી બહાર નીકળ્યા પછી શેઠાણી અને તેમની સાથેનાં બધાં તેમની ગાડીમાં બેઠાં. તેમનો પીછો પકડનાર ગુપ્તચર તેમનાથી થોડે દૂર ઊભો રહ્યો. શેઠાણીની ગાડી ચાલવા લાગી એટલે રાજના ત્યાં ઊભેલો તે નોકર એક અશ્વ પર સવાર થયો અને ગાડીથી થોડે અંતરે રહીને ગાડીની પાછળ પાછળ જવા લાગ્યો.

મંદિરમાં કૃતપુણ્યનું પૂતળું જોઈને શેઠાણીના મનમાં ભયનો સંચાર થયો હતો. ચારે વહુઓ પણ ગમગીન બની ગઈ હતી. છોકરાઓ તો બિચારા સમજી શકયા નહોતા કે બધાં આમ શુન્ય-મનસ્કે કેમ બેસી રહ્યાં હશે !

શેઠાણી ખરેખરજ ઘણાં ભયભીત બની ગયાં હતાં. રાજાજ્ઞામાં ઉદ્ભવેલી તેમની શંકા સત્ય ઠરી હતી. હવે શું બનશે તેનો વિચાર કરતાં તે કંપવા લાગ્યાં. " મહામંત્રી હવે જરૂર પકડી પાડશે. પોતે કરેલો ગુન્હો હવે છૂપો રહી શકે તેમ નથી. ગુન્હાનો એકરાર કર્યા સિવાય કોઈ માર્ગ રહ્યો નથી " વગેરે પ્રકારના વિચારો તેમને મૂંઝવી રહ્યા હતા.

તેમની ગાડી રાજમાર્ગ પર થઈને તેમના મકાન તરફ જઈ રહી હતી. તેમની તપાસ માટે નીકળેલો ગુપ્તચર તેમની ગાડીથી થોડે અંતરે રહીને ગાડીને દૃષ્ટિ મર્યાદામાંથી બહાર જવા દેતો નહોતો.

શેઠાણીને શંકા ઉદ્ભવી હતી કે જરૂર પોતાની ગાડીનો પીછો પકડાયેલો હોવો જોઈએ.

ગાડી તેમના મકાનના મોટા દરવાજા અગળ આવીને ઊભી રહી. સૌ તેમાંથા ઊતરીને મકાનમાં પ્રવેશ્યાં. ગાડી ત્યાંથી નીકળીને મોટા ડહેલામાં પ્રવેશી.

ગુપ્તચરે રાજમાર્ગ પરથી એક બાજુએ સરકીને નાના રસ્તાના ચોક આગળ ઊભેલા એક રાજ સેવકને પોતાનો અશ્વ સોંપ્યો. રાજ-સેવક અશ્વ પકડતાં પહેલાં તો ખચકાયો પણ ગુપ્તચરે પોતાના સંકેત કહેતાં તેણે તેની આજ્ઞાનું તત્કાળ પાલન કર્યું.

ત્યાંથી નીકળીને ગુપ્તચર તેટલામાં અને શેઠાણીના મકાનની આજૂબાજૂમાં ફરીને થોડાજ સમયમાં પાછો આવ્યો અને પોતાના અશ્વ પર સ્વાર બનીને મહામંત્રીના મકાને પહોંચી ગયો.

પોતાનો હેતુ પાર પડેલો જોઈને મહામંત્રી મંદિરમાંથી નીકળીને પોતાના ઘેર ગયા હતા. કૃતપુણ્ય પણ તેમની સાથે તેમને ત્યાં ગયો હતો.

ગુપ્તચર મહામંત્રીની રજા મંગાવીને તેમની સમક્ષ હાજર થયો. તેને પોતાની પાસે હાજર થયેલો જોઇને મહામંત્રીએ તેના તરફ પ્રશ્નાત્મક દષ્ટિ કરી.

દષ્ટિમાંથી અર્થ સમજી જવાને કેળવાયેલા ગુપ્તચરે તેમને બાતમી આપતાં કહ્યું:

"મહારાજ ! થોડા સમય પહેલાં સ્વર્ગવાસ થયેલા જિનદત્તશેઠના તે માતુશ્રી હતાં. ચાર યુવાન સ્ત્રીઓ હતી તે તેમની વિધવા પત્નીઓ હતી. જે ચાર છોકરાઓ હતા. તે તેમનાજ પુત્રો હતા."

★

## પ્રકરણ ૪૨ મું

## એકરાર

બપોરના ભોજન પછી મહામંત્રીએ થોડો આરામ લીધો.

મંદિરમાં યક્ષનાં દર્શનાર્થે જવાનું કાર્ય તો નગરજનો તરફથી ચાલુજ હતું. પોતાનું કાર્ય સિધ્ધ થઇ ગયું હોવા છતાં મહામંત્રીએ તે તરફ બેદરકારી બતાવી ન હોતી. શેઠાણી રૂપવતીની બાતમી મળ્યા પછી કૃતપુણ્ય પોતાને ઘેર ગયો હતો.

નમતા પહોરે અભયકુમારે શેઠાણી રૂપવતીને બોલાવી લાવવા માટે પોતાના અંગત માણસને મોકલ્યો. તે માણસે થોડા જ સમયમાં પાછા આવીને સમાચાર આપ્યા કે, "શેઠાણી કહે છે કે મહામંત્રીની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે. પણ હું વિધવા સ્ત્રી છું. મારા પતિના મૃત્યુ પછી અને તેમાં પણ ખાસ કરીને મારા પુત્રના મૃત્યુ પછી હું એકલી ક્યાંય બહાર નીકળતી નથી. એટલે જો આપ આજ્ઞા આપો તો મારા મુનિમજીને સાથે લેતી આવું. છતાં જો મહામંત્રી મને એકલીને જ આવવાની આજ્ઞા કરશે તો તે આજ્ઞાને હું ઉથાપીશ નહિ."

શેઠાણીએ મોકલેલો સંદેશો સાંભળી લઇને થોડો સમય વિચાર કર્યા પછી અભયકુમારે તેમને કહેવરાવ્યું કે, "તમારા મુનિમજી જો તમારી સાથે આવશે તો મને વાંધો નથી.

સેવક પાછો રૂપવતીને ત્યાં ગયો અને તેણે તેમને મહામંત્રીનો સંદેશો કહી સંભળાવ્યો. પહેલી વખતે જ્યારે તે સમાચાર આપવા આવ્યો હતો ત્યારે મુનિમજી હાજર નહોતા. માણસના ગયા પછી

શેઠાણીએ તેમને તરતજ બોલાવી લીધા હતા અને અત્યારના સંદેશા વખતે તે હાજર હતા.

રૂપવતી અને મુનિમજી મહામંત્રીને ત્યાં જવા તૈયાર થયાં. તેમણે સેવકને કહ્યું, કે 'અમે આવીએ છીએ.'

થોડા જ સમયમાં તે બંને જણાં મહામંત્રીના આવાસે પહોંચ્યાં. મહામંત્રીએ તેમને યોગ્ય આવકાર આપતાં બેસવાનું સૂચવ્યું.

બંને જણાં તેમની સામે બેઠાં.

"તમને અહીં આવવામાં થોડી તકલીફ તો પડી હશે, શેઠાણી !" મહામંત્રીએ બોલવાની શરૂઆત કરી.

"આપના આમંત્રણને અમે તકલીફ કેમ માની શકીએ, મંત્રીરાજ !" શેઠાણી બોલ્યાં.

"આ ભાઇ આપણા મુનિમજી છે ?" શેઠાણીની સાથે આવેલા મુનિમજી વિષે અભયકુમારે પ્રશ્ન કર્યો.

"હા જી." શેઠાણીએ ટૂંકો જવાબ આપ્યો.

"તમે કેટલા સમયથી આમને ત્યાં નોકરીમાં છો, મુનિમજી?" મહામંત્રીએ મુનિમજીને પ્રશ્ન કર્યો.

"બહુ વરસો થયાં, મંત્રીરાજ !" મુનિમજી બોલ્યા.

"ત્યારે તો આખા કુટુંબના અને આખી પેઢીના તમે જાણકાર હશો ?"

"હાજી."

"જિનદત્ત શેઠના પિતા ધનદશેઠના સમયથી નોકરીમાં છો ને ?"

"હાજી."

"જિનદત્ત શેઠને ગુજરી ગયે કેટલો સમય થયો ?"

"ચારેક માસ થયા."

"એ ક્યાં ગુજરી ગયા ?"

"પરદેશમાં."

"એ સમયે તેમને પુત્રો હતા ખરા ?"

"હાજી."

"કેટલા હતા?"

"ચાર."

"તેમના મૃત્યુ સમયે તમે ક્યાં હતા?"

"તેમની પાસે."

"અને તેમની સ્ત્રીઓ તથા પુત્રો?"

"તે પણ તેમની પાસેજ હતાં."

"છોકરાઓ છ એક વરસના તો હશે, કેમ?"

"લગભગ છ વરસનાજ છે."

"એટલે તે સમજતા તો કહેવાય ખરૂંને?"

"એટની ઉંમરના પ્રમાણમાં તો તે જરૂર સમજી શકે."

"એમની ઉંમરના બાળકો તેમનાં માતા પિતાને તો ખાત્રીથી ઓળખી શકે."

"એમાં તો શંકા ન હોય."

"આજે તે છોકરાઓ, તેમની ચારે માતાઓ અને આ શેઠાણી યક્ષના મંદિરમાં દર્શનાર્થે ગયાં હતાં?"

"રાજાજ્ઞા હતી એટલે ગયા સિવાય કેમ ચાલે!"

"તે વખતે એક પૂતળાને એ છોકરાઓએ તેમના પિતા તરીકે ઓળખી લેવામાં ભૂલ તો નહિજ કરી હોય."

મહામંત્રીના છેલ્લા શબ્દો સાંભળીને શેઠાણી અને મુનિમજી—બંને ચમક્યાં. મહામંત્રીએ તરતજ તે વસ્તુસ્થિતિ ઝડપી લીધી.

"તમારે ગભરાવાનું કારણ નથી, મુનિમજી!" મહામંત્રી તેમને આશ્વાસન આપતાં બોલ્યા. "આ બાબતમાં જે સાચી બાબત હોય તે કહી દો. હું તમને વચન આપું છું કે જો તમે સત્ય હકિકત વગર આનાકાનીએ જણાવી દેશો, તો આખી વાત ખાનગી રાખવામાં આવશે અને તમે જે ભૂલ કે ગુન્હો કર્યાં હશે તેની માફી આપવામાં આવશે."

મુનિમજીએ શેઠાણી સામે જોયું અને શેઠાણીએ મુનિમજી સામે જોયું.

અભયકુમારે તેમને નયનો દ્વારા વાતચિત કરવા પૂરતો સમય આપ્યો.

"મંત્રીરાજ! આપ જો માફી આપવાનું અને આખી ઘટના ગુપ્ત રાખવાનું વચન આપો છો, તો અમારી ભૂલ કે ગુન્હો–જે કહો તેનો એકરાર કરવામાં અમને વાંધો નથી." મુનિમજી કહેવા લાગ્યા.

"લગભગ બાર વરસ પહેલાં જિનદત્ત શેઠ ગૂજરી ગયા હતા. તેમનું મૃત્યુ અચાનક થયું હતું. આપણા રાજ્યનો કાયદો એવો છે કે કોઇપણ વ્યકિત નિઃસંતાન ગુજરી જાય તો તેની બધી મિલ્કત રાજ્યના ભંડારમાં જમે થાય. એટલે જિનદત્ત શેઠની બધી મિલ્કત રાજ્યના ભંડારમાં જાય તેમ હતું, કારણ કે તેમને સંતાન નહોતું.

તેમના મૃત્યુની વાત ખાનગી રાખી. જે દિવસે તે મૃત્યુ પામ્યા તેને બીજે દિવસે વહેલી સવારે અહીં મુકામ કરીને પડેલી એક મોટી વણઝાર ઉપડવાની હતી. અમે એક યુકિત શોધી કાઢી. શેઠના મૃતદેહને કોઇને પણ ખબર ન પડે તે રીતે અમે દાટી દીધો. રાત્રે એકદમ શાંતિ વ્યાપી ગયા પછી અમે વણઝારના એક ખૂણે પડેલી એક વ્યકિતને ઉપાડી લાવ્યા. તે સમયે તે જાગી ન જાય માટે તેને ઘેન ચઢાવનારી વનસ્પતિ સુંઘાડવામાં આવી હતી. કોઇને વહેમ ન જાય માટે અમે તેનો બધો જ સામાન ખાટલા સાથે ઉપાડી લાવ્યા હતા. સામાન અને ખાટલો એક ખંડમાં છુપાવી રાખવામાં આવ્યાં. જેને ઉપાડી લાવવામાં આવ્યો હતો, તે યુવાન સુંદર હતો. તેને અમે એક ખંડમાં મૂકયો. શેઠની ચારે સ્ત્રીઓને તેની સેવામાં મૂકી. તે સ્ત્રીઓ તેની પત્નીઓ હોય તેવી રીતે તેની સાથે વર્તવા લાગી. બીજે દિવસે સવારે અમે જાહેર કર્યું, કે શેઠ અગત્યના કામ માટે બહારગામ ગયા છે. લગભગ પાંચેક વરસે તે ચારે સ્ત્રીઓને એક એક પુત્ર જન્મ્યો. તે પુત્રો તે યુવકને પિતા તરીકે ઓળખવા લાગ્યા.

જે કાર્યની સિદ્ધ માટે અમે આટલી મહેનત ઉઠાવી હતી. તે કાર્ય સંપૂર્ણ થતાં અમારે એને સંકેલી લેવાની આવશ્યકતા ઊભી થઇ. કોઇ પણ વિસ્તરેલા કાર્યને સંકેલી લેવું, એ વાત સાધારણ નથી. એ વિષે ખૂબ વિચાર કરી જોયો.

એક દિવસે અમે જાહેર કર્યું કે શેઠ ગુજરી ગયા છે.

શેઠના ખરા મૃત્યુના દિવસે અમે યુવાનને ખાનગી રીતે ઉપાડી લાવ્યા અને બીજે દિવસે શેઠ બહારગામ ગયાનું જાહેર કર્યું હતું, તેમાં અમારો એક ઉદ્દેશ સમાયેલો હતો. તે ઉદ્દેશ એ હતો કે શેઠની કોઇ પણ વ્યક્તિ મુલાકાત માગે નહિ. શેઠનું મૃત્યુ બહારગામ થયાનું જાહેર કરવામાં પણ હેતુ સમાયેલો હતો. તે હેતુ એ હતો કે કોઇને તેમનો મૃતદેહ બતાવી શકાય તેમ નહોતું. કારણ કે ખરી રીતે કોઇ મૃત્યુ પામ્યું નહોતું.

એક વખતે મધરાતે અમારા જાણવામાં આવ્યું કે જે વણઝાર-માંથી અમે યુવકને ઉપાડી લાવ્યા હતા, તે જ વણઝાર પાછી આવી ગઇ છે.

મને તરત જ એક યુક્તિ સૂઝી આવી. તે યુવાનને ઊંઘમાં અમે ઘેનની વનસ્પતિ સુંઘાડી દીધી. તેનાં જે વસ્ત્રો, જે સામાન અને જે ખાટલો હતાં તે સાથે તેને રાત્રે અંધારામાં લઇ જઇને તેની અસલ પહેલાંની જગાએ અમે મૂકી આવ્યા.

બાર વરસના સમયમાં અમે બહુજ સાવચેતી રાખી હતી. શેઠ બહારગામ ગયાનું જાહેર કર્યા પછી તેમની મુલાકાત કોઇને મળી શકે તેમ નહોતું, એટલે એ વાતની અમને ચિંતા નહોતી. તે પછી શેઠ લાંબો સમય પરદેશમાં રહેવાના છે માટે તેમની ચારે સ્ત્રીઓને તેમની પાસે મોકલી આપી છે, એમ જાહેર કરીને તે ચારેને અમે ગુપ્ત રીતે રાખી. શેઠ બહારગામ ગુજરી ગયાનું જાહેર કરવાથી કોઇને વધુ શંકા આવી નહિ. ચારે સ્ત્રીઓ તેમના સહવાસમાં હોવાથી તેમના ચારે પુત્રો માટે પણ શંકાને સ્થાન રહેતું નહોતું. જેને અમે ઉપાડી લાવ્યા

હતા તેને તે ક્યાં છે, તેનો જરા પણ ખબર પડવા દીધી નહોતી. તેને અમે તેની અસલ જગાએ મૂકી આવ્યા હોવાથી બીજો કોઇ પ્રશ્ન રહેતો નહોતો.

હવે મોટો પ્રશ્ન એ રહે છે કે તેના ચાર લાડવામાં ચાર રત્નો કેવી રીતે આવ્યાં ?

'જળકાન્ત' મણિ અમારા સિવાય બીજા કોઇને ત્યાં નથી, એ વાત અમે સારી રીતે જાણતા હતા. જ્યારે મહારાજાના હાથીનો પગ ઝુંડ નામના જળચરે જળમાં પકડયો અને તે માટે તે મણિ વિષે રાજ્ય તરફથી દાંડી પીટાવવામાં આવી ત્યારે મેં તે મણિની શેઠાણી પાસે માગણી કરી. શેઠાણીએ તેમની ચાર વહુઓમાંની એક પાસે તે માગ્યો. તે સ્ત્રીએ પહેલાં તો કહ્યું કે જડતો નથી. પણ જ્યારે મેં સમજાવીને કહ્યું કે તમે કોઇને આપ્યો હોય તો વાંધો નહિ, પણ સત્ય હકીકત જણાવી દો. ત્યારે તેણે મને તે વિષેની માહિતી આપી.

જ્યારે પહેલ વહેલો તે યુવક મેં ચાર સ્ત્રીઓને સોંપ્યો હતો, ત્યારે તેમણે પહેલાં તો તેને સ્વીકારવા માટે આનાકાની કરેલી. પણ બીજો કોઇ માર્ગ જ નહોતો. એટલે તેમણે અનિચ્છાએ તેને સ્વીકારેલો, પણ યુવાન બહુ ચાલાક અને વાચાળ હતો. થોડાજ સમયમાં તેણે ચારેય સ્ત્રીઓનાં મન હરણ કરી લીધાં. તેમાં પણ સ્ત્રીઓને પુત્રો જન્મ્યા ત્યારે તો તેને એક ક્ષણ પણ અળગો કરતી નહોતી. પોતાના પતિ કરતાં પણ યુવક તેમને અત્યંત પ્રિય થઇ પડયો હતો. જ્યારે વણઝાર આવી અને રાત્રે તેને ત્યાં મૂકી આવવાનું નક્કી કર્યું ત્યારે ચારે સ્ત્રીઓ અત્યંત રોઇ હતી, તેમનાથી તેનો વિયોગ સહન થઇ શકે તેમ નહોતો. પણ તે સિવાય બીજો ઉપાય નહોતો. તે ચારે સ્ત્રીઓએ ચાર લાડવા બનાવ્યા. તેમાં દરેકે પોતાના પ્રિય પાત્રને માટે એકેક લાડવામાં એકેક રત્ન મૂકયું. તે લાડવા તે યુવકના જૂના ડબ્બામાં જે લાડવા હતા તે કાઢી લઇને તેની જગાએ મૂકવામાં આવ્યા.

એ રીતે ચારે રત્નો યુવકની સાથે ગયાં.

એક મીઠાઈવાળા પાસે જ્યારે તે જળકાન્ત મણિ મળી આવ્યો ત્યારે અમને લાગ્યું કે હવે આ વાતનાં મૂળ શોધાશે. મહામંત્રીની બુધ્ધિ માટે કોઈને શંકા છેજ નહિ.

તે પછી ગઈ કાલે યક્ષના મંદિરમાં દર્શનાર્થે જવાનું રાજ્યનું ફરમાન જ્યારે બહાર પડયું ત્યારે અમે જાણી ચૂકયાં કે એમાં મહામંત્રીનું ચાતુર્ય કામ કરી રહ્યું છે. શેઠાણીની ઈચ્છા દર્શનાર્થે જવાની નહોતી, કારણ કે આ વખતે જરૂર સપડાઈ જવાનાં, એવી એમની ખાત્રી હતી. પણ પહેલો ગુન્હો છુપાવવા માટે રાજ્યનો બીજો ગુન્હો કરવાની મેં સલાહ ન આપી.

મંદિરમાં જે પૂતળું બનાવીને મૂકવામાં આવ્યું છે, તેજ તે વ્યક્તિ હતી. હજી પણ ચારે સ્ત્રીઓ તેને ચહાય છે. મંદિરમાંથી ઘેરે ગયા પછી તેમને તેની યાદ સતાવી રહી છે."

મુનિમજીએ ખુલ્લા દિલે એકરાર કરી લીધો.

મહામંત્રીએ બધું શાંતિથી સાંભળી લીધું.

થોડો સમય તેમણે મુનિમજીના એકરાર પર વિચાર કર્યો અને પછી તે બોલ્યા:

"મુનિમજી! જોકે તમે રાજ્યનો દ્રોહ કર્યો છે, પણ હું તમને માફી આપું છું. તમારા ગુન્હામાંથી મને એક સત્ય હકિકત જાણવા મળી છે. તે હકિકત વિષે હું મહારાજા સાથે ચર્ચા કરી લઈશ. પણ એક વાત હું તમને પૂછવા માગું છુ."

"આપના કોઈ પણ પ્રશ્નનો જવાબ હું સત્ય જ આપીશ, મંત્રીરાજ!" મુનિમજી બોલ્યા.

"તમે તમારી આખી હકિકત છૂપી રાખવા માગો છો. તમારી ઈચ્છા હોય તો તેમ કરવામાં મને વાંધો નથી. પણ તેના કરતાં તમારા સ્વર્ગસ્થ શેઠની જે ચાર સ્ત્રીઓએ જે યુવાનને પતિ તરીકે સ્વીકાર્યો હતો. અને જેની સાથે બાર વરસ પતિ પત્ની તરીકે વીતાવ્યાં

છે. તે ફરીથી જાહેર રીતે એક બીજાંને પતિ પત્ની તરીકે સ્વીકારીને પોતાનો સંસાર ચલાવે તો તે તમે પસંદ કરો કે નહિ!" મહામંત્રીએ પ્રશ્ન કર્યો;

"જો રાજ્ય મંજુરી આપે તો અમે આપની સલાહ સ્વીકારવાને તૈયાર છીયે." મુનિમજીએ તક ઝડપી લેતાં કહ્યું.

"તો આવતી કાલે તમે જાહેર દરબારમાં આવજો. હું તે યુવકને પણ હાજર રહેવાનું જણાવીશ." મહામંત્રી બોલ્યા.

તેમના શબ્દો સાંભળીને શેઠાણી અને મુનિમજીનાં મન હસી ઊઠયાં.

# પ્રકરણ ૪૩ મું

## કુયવન્નાશેઠનું સૌભાગ્ય

મીઠાઇવાળા પાસેથી મળી આવેલા જળકાન્ત મણિ વિષે નગરમાં ચર્ચા થઇ રહી હતી. તેના મણિનો રાજ્યના કાર્યમાં ઉપયોગ થયો હોવા છતાં અને મહામંત્રીએ મોટું ઇનામ આપવાનું જાહેર કર્યું હોવા છતાં, હજી શા માટે તેને ઇનામ અપાયું નહિ હોય?

—એ વિષય પરની ચર્ચા નગરમાં અગત્યની થઇ પડી હતી.

મીઠાઇવાળાને મહામંત્રીએ આશ્વાસન આપ્યું હોવા છતાં તે બિચારો ભયભીત જ રહ્યા કરતો હતો. લોકો તેને કહેવા લાગ્યા હતા કે, 'ભાઇ! શોભે તેટલું કરીએ, પચે તેટલું ખાઇએ અને શક્તિ હોય તેટલું દોડીએ. રાજભંડારમાં જેનું સ્થાન હોય એવો મણિ તારા ત્યાં રહી શકે ખરો? તને તે રસ્તામાંથી તો થોડો જ મળ્યો હશે! અને કદાચ રસ્તામાંથી મળ્યો હોય તો તારે મહામંત્રીને આપી દેવો જોઇતો હતો. તને તેના બદલામાં મોટું ઇનામ મળત! પણ તું તો આખું કોળું ગળે ઉતારવા ગયો, તે ઊતરે ખરું? હશે! હવે જોયા કર શું થાય છે તે.'

આવી રીતે લોકો પોતાના માવન સ્વભાવ પ્રમાણે અનેક પ્રકારની શિખામણો તેને આપી રહ્યા હતા. એવામાં રાજ્ય તરફથી જાહેર કરવામાં આવ્યું કે, 'આવતી કાલે જાહેર દરબાર ભરાવાનો છે.'

બીજે દિવસે જાહેર દરબાર ભરાયો. તેમાં મહારાજા બિમ્બિસાર, મહામંત્રી અભયકુમાર, રાજ્યના મોટા અમલદારો, નગરના પ્રતિષ્ઠિત

આગેવાનો, કૃતપુણ્ય અને તેનો પુત્ર કલ્યાણ, મીઠાઈવાળો અને સ્વર્ગસ્થ જિનદત્તશેઠના મુનિમ સાથે તેમના ચાર પુત્રો હાજર હતા.

દરબારનું પ્રાથમિક કાર્ય પૂરું થવા પછી મહામંત્રીએ પોતાનું ભાષણ શરૂ કર્યું.

"આપણા મહારાજનો પ્રિય હાથી સેચનક જ્યારે જળમાં જળચરના પંઝામાં સપડાયો હતો ત્યારે તેની મુક્તિ જળકાંત મણિના પ્રભાવે થઈ હતી. તે મણિ આપણા નગરના એક મીઠાઈવાળા પાસેથી મળી આવ્યો હતો. તેની ખરી માલિકી આપણા નગરના વિવેકી પુરૂષ કૃતપુણ્યશેઠની છે. તે મણિ મૂળ તો સ્વર્ગસ્થ શેઠ જિનદત્તશેઠનો હતો. પણ તેની સાથે બીજા ત્રણ મણિ જિનદત્ત શેઠને ત્યાંથી તેમના મૃત્યુ પછી કૃતપુણ્ય શેઠને આપવામાં આવ્યા હતા. રાજ્ય તરફથી જાહેર કરવામાં આવેલા ઇનામ પર ખરો હક્ક તેમનો છે, પરંતુ મીઠાઈવાળાને નિરાશ કરવામાં નહિ આવે.

હવે આપણા રાજ્યના કાયદાઓમાંથી એક કાયદો ફેરવી નાંખવાની મહારાજાએ મને આજ્ઞા કરી છે. કોઈપણ માણસ નિઃસંતાન મૃત્યુ પામે ત્યારે તેની સઘળી મિલ્કત રાજ્યના ભંડારમાં જાય, એવો એક કાયદો આપણા રાજ્યનો છે. મહારાજની ઇચ્છા છે કે એ કાયદો બંધ કરવો. એ કાયદાથી અનેક છૂપાં પાપો થતાં હોય છે.

**જે કાયદાના કારણે સમાજમાં-પ્રજામાં ગુન્હાઓ થાય, અત્યાચાર, અનાચાર પાપ, હિંસા અને ડાકાયતી વધે તે કાયદા કોઈપણ રાજ્યમાં હોવા ન જોઇએ.**

**કાયદા એટલે પ્રજાનું રક્ષણ અને તેની ઉન્નતિ.**

કાયદા વડે તો સમાજમાંથી અસંસ્કાર, ચોરી, લૂંટફાટ; અસત્ય અને હિંસા ઘટવાં જોઈએ. તે તત્ત્વો ન ઘટતાં બીજાં એવાં અનિષ્ટ તત્ત્વોનું જોર જો વધતુ જાય, તો તેવા કાયદાઓ એટલે કાયદાઓ નહિ પણ ગુલામી—એક જાતનું બંધન કહેવાય.

એક માણસને ઓછામાં ઓછું દિવસમાં બે વખત ખાવા

જોઇએ. જો તેને કાયદાના બંધનમાં લઇને કહેવામાં આવે કે 'આજથી તારે દિવસમાં એકજ વખત ખાવાનું છે.' તો તે કેટલા દિવસ ચાલી શકે? તે માણસ એક બે દિવસ તેમ કરી શકે, પણ જ્યારે તેનાથી ભૂખ્યા રહેવાય નહિ ત્યારે તે છૂપી રીતે ખાવાનોજ. તે છૂપી રીતે ખાય છે કે નહિ તેનો પૂરાવો બીજો કોઇ ન મળે તો ભલે, પણ તેની તંદુરસ્તી તો કહી આપેજ.

ખોટા કાયદાઓનાં બંધનો પ્રજાપર—સમાજપર નાખીને તેમની પાસે છૂપા ગુન્હાઓ કરાવવા, એનાં કરતાં એવા કાયદાઓ અમલમાં જ ન લાવવા એજ શ્રેષ્ઠ છે, એ કારણે મહારાજા આજે જાહેર કરે છે કે એ કાયદો આજથી બંધ થાય છે.

બીજી મહત્વની વાત એ છે કે સ્વર્ગસ્થ જિનદત્ત શેઠની ચારે સ્ત્રીઓ હયાત છે. તેમની ઇચ્છા છે કે કૃતપુણ્ય શેઠની સાથે પુનર્લગ્ન કરી લેવાં. કૃતપુણ્ય શેઠ પણ તેમાં ખુશી છે. રાજ્યને કંઇ વાંધો નથી. તેમનો સંસાર સુખમય નીવડે તેવી શુભેચ્છા આપણા મહારાજા પ્રકટ કરે છે.

જળકાન્ત મણિના ઉપયોગ માટે રાજ્ય તરફથી એકલાખ સુવર્ણમુદ્રાઓ કૃતપુણ્ય શેઠને અને પાંચ હજાર સુવર્ણમુદ્રાઓ મીઠાઇવાળાને આપવાનું જાહેર કરવામાં આવે છે. તે ઉપરાંત કૃતપુણ્ય શેઠને 'રાજ્ય ભૂષણ' અને 'નગરશેઠનું' બિરૂદ અર્પવામાં આવેછે.

પછી તેમણે ત્યાં હાજર રહેલા મુનિમજીને જિનદત્ત શેઠના ચાર પુત્રો સાથે પોતાની પાસે બોલાવ્યા. તે બધાની ઓળખ આપતાં તેમણે આગળ બોલવા માંડ્યું.

"સ્વર્ગસ્થ જિનદત્તશેઠના આ મુનિમ છે. આખા કુટુંબનો અને પેઢીનો વહીવટ એ સંભાળે છે. એ પોતે હાજર છે એટલે બીજો કોઇ પ્રશ્ન રહેતો નથી. શેઠના ચારે પુત્રો પણ હાજર છે. હં...છોકરાઓ" તે છોકરાઓને ઉદ્દેશીને કહેવા લાગ્યા: "આ શેઠનું નામ તમને આવડે છે?"

"હા" ચારે છોકરાઓ એકી સાથે બોલી ઊઠયા.

"શું?"

"કુત્ કુત..." ચોકખા શબ્દો બોલી શકયા નહિ.

"ઠીક, ચાલો." મહામંત્રી કહેવા લાગ્યા. "આપણે એમનું નામ 'કયવંતા શેઠ.' રાખીએ. હં... બોલો જોઈએ છોકરાઓ, કયવંતા શેઠ.."

છોકરાઓ તેમની કાલી ઘેલી ભાષામાં બોલી ઊઠયાઃ "કયવન્નાશેઠ."

" બહુ ઉત્તમ." મહામંત્રી હર્ષભર્યા સ્વરે બોલ્યા. "આજથી આપણે એમને 'કયવન્નાશેઠ' ના નામે સંબોધીશું. બાળકોની નિર્દોષ ભાષામાં પણ કંઈક ઈશ્વરી સંકેત હોય છે. આજે આપણા મહારાજાએ એક કાયદો ઓછો કર્યો છે. તે કાયદાના મૂળમાં કૃતપુણ્યશેઠનું જીવન સંકળાયેલું હતું. હવે તે કાયદો નીકળી જતાં 'કયવન્નાશેઠનું સૌભાગ્ય' ખુલી ગયું છે.

આજનો પ્રસંગ સદાને માટે યાદ રહે, તે માટે તમે કયવન્નાશેઠની કંઈક યાદગીરી રાખજો."

મહામંત્રીએ પોતાનું ભાષણ પૂરૂં કર્યું.

તે પછી થોડી વારમાંજ દરબાર વિસર્જન થયો.

મહામંત્રીની બુદ્ધિ અને કયવન્નાશેઠના સૌભાગ્યની યાદ કાયમ રાખવા માટે વહેપારીઓએ તે વરસની દિવાળીનું પૂજન કરીને નવી સાલના ચોપડામાં લખ્યું:

" અભયકુમારની બુદ્ધિ હજો ! "

" કયવન્નાશેઠનું સૌભાગ્ય હજો ! "

સમાપ્ત

# ટ્રસ્ટી મંડળ

(૧) માનનીય ગણેશ વાસુદેવ માવલંકર—પ્રમુખ
હિન્દી પાર્લામેન્ટ, ન્યુ દિલ્હી : સલાહકાર

(૨) સર મણિલાલ બાલાભાઇ નાણાવટી—નાઇટ
માજી ડેપ્યુટી ગવર્નર, રીઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયા-મુંબઇ

(૩) શ્રીયુત કુંદનમલજી સૌ. ફિરોદીયા—સ્પીકર
મુંબઈ ધારાસભા—મુંબઇ

(૪) શેઠ શાંતિલાલ મંગળદાસ—પ્રમુખ
મીલમાલિક મંડળ—અમદાવાદ

(૫) રા. સા. શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ—ડાયરેકટર
શેર બજાર—મુંબઇ

(૬) શ્રીયુત અમૃતલાલ દલપતભાઇ શેઠ—સંચાલક
"જન્મભૂમિ" દૈનિક પત્ર—મુંબઇ

(૭) માન, છોટાલાલ ઝવેરભાઇ સુતરીયા
લોકગ્ર—દીવાન—વડોદરા, સ્થાનિક સલાહકાર

(૮) ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ
મેનેજીંગ ટ્રસ્ટી—વડોદરા



સંસ્કૃતિ રક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલય
મહાજન ગલી, રાવપુરા, વડોદરા